ર્તંડ વેદાંત ભટ્ટાચાર્ય પંડિત શ્રીગટ્ટુલાલજી સ્મારક.

અથ

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક બીજું.



વ્યવસ્થાપક

શા૦ ઠાકોરદાસ કેશવરામ દલાલ.

મુંબાઈ "ઈંદુપ્રકાશ" સ્ટીમ પ્રેસમા છાપ્યુ.

ન્યોછાવર ૧ા રૂપીઓ.

શ્રી આર્યધર્મસુધા પુસ્તક ૨ જું.

વિષયાનુક્રમણિકા.

વધારો.

શ્રીહરિ

પ્રકરણ ૨ જું

પિતૃવંશ.

(દોહરો)

" વંશતણી ટોચે ચઢી, એ શોભે ગુણવાન્,
દેવાલય પર ધ્વજ, ને શૂરો મતિમાન " ॥ ૧ ॥

પંડિત શ્રી ગટ્ટૂલાલજી કયા વંશમાં જન્મ્યા છે. એનો વિચાર કરતાં પહેલાં વંશની ટોચ ઉપર ચઢનાર કોણ શોભે છે અને કોણ નથી શોભતો એનો વિચાર કરવો જોઇએ ઉપલા દોહરામાં કવિયે કહ્યું છે કે " વંશ " તો બધાનેજ હોય છે. આખી દુનિયા એપણ બ્રહ્માજીનો વંશજ છે પરંતુ બધામાં કંઇ બ્રહ્મદેવ જેવા ગુણો દેખાતા નથી ત્યારે તેના પૂર્વજનો કે વંશજનો વિચાર શાકામનો ? આના જવાબમાં કવિ ઉપલા દોહરામાં એક જડનો અને એક ચેતનનો એવા બે દાખલા આપે છે અને કહેછે કે વંશની ટોચ ઉપર ચઢવાથી બે ગુણવાનો શોભે છે ૧ દેવાલય ઉપર ધ્વજ (વાવટો). એ વંશ (વાંસ Bamboo) ની લાકડીની ટોચ ઉપર ગુણ (દોરી) વડે ચઢીને શોભે છે અને બીજો જે શૂરવીર અને બુદ્ધિમાન્ પુરુષ હોય, તે પણ સદ્ગુણથી વંશની ટોચ ઉપર ચઢી શોભે છે અર્થાત્ ગમે તેવા ચક્રવર્તીના વંશમાં જન્મે તોપણ જેઓ બાયલા છે, શૂરવીર નથી તે અથવા તો ગમે તેવા ઇશ્વરના અવતારના વંશમાં જન્મે તથાપિ નિર્બુદ્ધ (મૂર્ખ) હોય, તેઓ પણ શોભતા નથી માટેજ એક કવિયે કહ્યું છે —

गुणा सर्वत्रपूज्यन्ते पितृवंशो निरर्थकः ।
वसुदेवं परित्यज्य वासुदेवं भजेज्जनः ॥

સર્વ સ્થળે ગુણોજ પૂજ્ય છે પિતૃવંશ તો નિરર્થક છે, કેમકે ભગવાન્ શ્રીકૃષ્ણ પરમાત્મા વસુદેવજીને ઘેર જન્મ્યા છે, તથાપિ તે વસુદેવજીને છોડીને જનો વસુદેવજીનાપુત્ર વાસુદેવને ભજે છે મતલબકે બધા ભગવાનને પણ તેના ગુણને લીધે ભજે છે માટે પિતૃવંશનો વિચાર શું કામ કરવો જોઇએ? એ વિચાર કરવાનું કારણ એજ છે કે જેવો ગુણ પૂર્વજમાં હોય, તેનો થોડો ઘણોપણ અંશ વંશજમાં સ્વાભાવિકપણે ઉતરે છે તથાપિ દુસંગથી, અજ્ઞાનતાથી તથા અનાચારની પ્રબળ-

તાથી તે ગુણ ઢકાઇ જાય છે આજે પણ જે જે સત્પુરુષો એમ સમજેછે કે હુમે બ્રહ્માના ખરા વશજ છીએ, તેઓ બ્રહ્મ (વેદ) મા કહ્યા પ્રમાણે પોતાનુ બ્રહ્મકર્મ નિત્ય નિસ્સ્વાર્થે કર્યા જાય છે. તેઓ તેમા સુખ કે દુઃખ ગમે તે ફળ મળે તેની પરવા કરતા નથી જો એમ ન હોય તો આ જગત્મા કોણ જન્મમરણ ભોગવતુ નથી ? તથાપિ તેમાથી પણ જેઓ ગુણવાન્ છે, તે જુદા દેખાઈ પડે છે જ્યા સુધી સૂર્ય કે ચદ્ર ઉગ્યા ન હોય, ત્યા સુધી તારાઓનુ તેજ ઝળહળે છે એક કવિ કહે છે —

स जातो येन जातेन याति वंश समुन्नतिम् ।
परिवर्तिनि ससारे मृत को वा न जायते ॥.

આ સસાર ચક્ર પરિવર્તનશાળી છે એ ચક્રમા કોણ મૂઓ નથી અથવા કોણ જન્મતો નથી ? અર્થાત્ પ્રાણીમાત્ર જન્મમરણશાળી છે તથાપિ ખરો જન્મ્યો કોણ ? કે જેના જન્મથી કરીને પોતાના વશની સારી રીતે ઉન્નતિ થાય, તેજ ખરો જન્મ્યો બાકી બધા તો જીવતાજ મરેલા જેવા જાણવા શ્રીમદ્ ભગવદ્ગીતામા ભગવાને પણ કહ્યુ છે કે —

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुव जन्म मृतस्य च
જન્મ્યાનો ધ્રુવ છે મૃત્યુ, મર્યાનો જન્મ છે ધ્રુવ. ૫
(સમશ્લોકીગીતા—પડિત શ્રી ગટૂલાલજી કૃત)

જે જન્મ્યો છે તેનુ મરણ નક્કીજ છે અને જે મૂઓ છે, તેનો જન્મપણ નક્કીજ છે અર્થાત્ જન્મમરણનુ ચક્ર તો આ સસારમા ચાલતુજ છે પરતુ લોકો નજરે જોતા છતા, એ વાતનો વિચાર કરતા નથી એજ એક આશ્ચર્ય છે ધર્મરાજાને યક્ષે અનેક પ્રશ્ન પૂછ્યા હતા, તેમા એ પણ એક પ્રશ્ન હતોકે, આશ્ચર્ય શુ છે ? તેના જવાબમાં યુધિષ્ઠિરે કહ્યુ કે —

अहन्यहनि भूतानि गच्छन्ति च यमालयम् ।
शेषं स्थावरमिच्छन्ति किमाश्चर्यमतःपरम् ॥

દિન પ્રતિદિન ભૂતો (જન તથા જનાવરો બેઉ જાતના પ્રાણીઓ) યમપુરીમાં જાય છે. તથાપિ જેઓ બાકી રહે છે તેઓ સ્થિરતાને ઇચ્છે છે, અર્થાત્ અમે પણ આ રીતેજ કાળના કોળીઆ થવાના છીએ, એવો વિચાર કોઇને આવતો નથી એથી બીજુ તે શુ આશ્ચર્ય ? પ્રતિદિનનો પ્રત્યક્ષ અનુભવ છતે મરણનો વિચાર કોઇ કરતુ નથી એજ મહદાશ્ચર્ય છે. આનો અર્થ એમ નહિ જાણવો કે આપણે તો હવે મરણશાળી છીયે, માટે કઇપણ કર્તવ્ય આપણે કરવાનુ નથી મરણશાળી છીએ માટેજ જે કઇ કર્તવ્ય છે, તે સત્વર કરી લેવુ એજ એમા અભિપ્રેત છે તેના ખુલાસા માટેજ હિતોપદેશમા કહ્યુ છે.—

* સદી.

अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत् ।
गृहीतइव केशेषु मृत्युना धर्ममाचरेत् ॥

જ્યારે વિદ્યા (ખરૂં જ્ઞાન) અને અર્થ (સંપત્તિ) સંપાદન કરવાનું હોય, તે સમયે તો હું અજર છું (ઘરડો થવાનો નથી) અને અમર છું (મરવાનો નથી) એવો વિચાર રાખવો અને ધર્માચરણ કરવું હોય ત્યારે મૃત્યુએ આપણો કેશપાશ પકડ્યો છે, એ ક્રમે કર્યો છોડે તેમ નથી, એમ વિચારીને ધર્માચરણ કરવું તેથીજ કહ્યું છેકે **धर्मस्य त्वरिता गतिः** ધર્મમાં ઢીલ ન કરવી એવા વિચારવંત જે પુરુષો થયા છે તેઓ ધર્મવીર (ધર્માચરણ કરવામાં શરીર) ગણાય છે અને તેમના વંશમાં ત્યારે તેવાજ પુત્રો જન્મે છે, ત્યારે તે વંશની સારી રીતે ઉન્નતિ થાય છે એવાનોજ જન્મ સફળ છે બાકી બધા ભૂમિપર ભારરૂપ છે તેઓ તો **मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥** અર્થાત્ તેવાઓને મનુષ્ય દેહધારી પશુઓજ જાણવા કેમકે " **विद्याविहीनः पशुः** " વિદ્યા વગરના પશુસમાન છે પરંતુ પંડિત શ્રી ગટ્ટૂલાલજીના પૂર્વજો મહાસમર્થ વિદ્વાન્ હતા અને તેવા પૂર્વજોના વંશજો પણ તેવાજ સુપાત્ર વિદ્વાનો થયા, તે કારણથી તેમના પૂર્વજોનો વિચાર આપણે કરીએ છીએ કેમકે એમનું કુલ અદ્યાપિ સુધી આચાર ભ્રષ્ટ થયું નથી તે કારણથીજ એમના કુલની કુલ મહત્તા કાયમ રહી છે કહ્યું છેકે —

अदृढं च हतं ज्ञानं प्रमादेन हतं श्रुतम् ।
सदिग्धो हि हतो मन्त्रो व्यग्रचित्तो हतो जपः ॥
अवैष्णवो हतो देशो हतं श्राद्धमपात्रकम् ।
हतमश्रोत्रिये दानमनाचारहतं कुलम् ॥

(પાદ્મે ભાગવત માહાત્મ્યે)

અસ્થિર જ્ઞાન નકામું છે, પ્રમાદથી કરેલું શાસ્ત્ર શ્રવણ પણ નકામું છે, સંદેહવાળો મંત્ર પણ નકામોજ છે, વ્યગ્રચિત્તે કરેલો જપ પણ નકામો છે, વૈષ્ણવ વગરનો દેશ પણ નકામો છે, અપાત્ર બ્રાહ્મણને બોલાવીને કરેલું શ્રાદ્ધ પણ નકામું છે, અશ્રોત્રિયને આપેલું દાન પણ નકામું છે અને અનાચારથી ભ્રષ્ટ થએલું કુલપણ નકામું છે માટે બ્રાહ્મણનો જે સદાચાર તે એમના મૂળ પુરુષથી પંડિત શ્રી ગટ્ટૂલાલજી પર્યંત નિર્દોષ રહેવાથી એમના પિતૃવંશનો વિચાર આવશ્યક છે.

આ વાતતો સુપ્રસિધ્ધ છેકે ધર્માચાર્યોના પ્રાકટ્ય માટે આ કલિયુગમાં દ્રવિડ દેશ જાણીતો છે અને શ્રીમદ્ વેદવ્યાસેપણ એવી ભવિષ્યવાણી શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ કરી છે —

कृतादिषु प्रजा राजन्कलाविच्छन्ति सम्भवम् ।
कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ॥
क्वचित्क्वचिन्महाराज द्रविडेषु च भूरिशः ॥ ३८ ॥
ताम्रपर्णी नदी यत्र कृतमाला पयस्विनी ॥
कावेरी च महापुण्या प्रतीची च महानदी ॥ ३९ ॥
ये पिबन्ति जलं तासां मनुजा मनुजेश्वर ।
प्रायो भक्ता भविष्यन्ति वासुदेवेऽमलाशयाः ॥ ४० ॥

(શ્રીભાગવત સ્કંધ ૧૧ અ૦ ૫)

હે રાજન! સત્ય, ત્રેતા અને દ્વાપર યુગમાંહેલી પણ પ્રજાઓ કલિયુગમાં પોતાનો જન્મ થાય એમ ઇચ્છા કરે છે. માટે કલિયુગમાં પણ નારાયણ પરાયણ ભક્તો જરૂર પ્રકટ થશે. તેવા ખરા ભક્તો બીજા દેશોમાં કોઇ કોઇ ઠેકાણે થશે પરંતુ દ્રવિડ દેશમાં ઘણા થશે. એ દ્રવિડ દેશ ક્યાં છે? તે જણાવવા કહે છે કે જ્યાં આગળ **તામ્રપર્ણી, કૃતમાળા, પયસ્વિની** તેમજ મહાપવિત્ર **કાવેરી** તથા **પ્રતીચી** નામની મહાનદી છે. હે નરપતિ! એ પાંચ નદીઓના નિર્મળ જળનું જે માણસો પાન કરશે, તેઓ ઘણા ખરા નિર્મળ અંતઃકરણવાળા ભગવાનના ભક્તો થશે. આપણે પણ જાણીએ છીએ કે જે જે ધર્મપ્રવર્તક મોટા મોટા આચાર્યો આ દેશમાં થયા છે, તેઓ ઘણું કરીને એજ દ્રવિડ દેશમાં જન્મ્યા છે.

વૈષ્ણવ ધર્મના છેલ્લા આચાર્ય મહાપ્રભુ **શ્રીમદ્વલ્લભાચાર્યજી**ના પિતા પણ મૂળ ત્યાંનાજ હતા. એ શ્રીમદ્ વલ્લભાચાર્યજી જ્યારે ઉત્તરમાં આવી વસ્યા, ત્યારે પોતાની જોડે કેટલાક પોતાના જ્ઞાતિબંધુઓને તેડી લાવ્યા હતા. તે જ્ઞાતિબાંધવોમાં પણ અગ્રગણ્ય વિદ્વાન શ્રીમાન ગોવિંદભટ્ટ હતા. તેઓ તત્ત્વજ્ઞાનના ઉપાધ્યાય હતા. એ શ્રી ગોવિંદ ભટ્ટના વંશમાં આ ચરિત્ર નાયકનો જન્મ થયો છે. એ (૧) **શ્રી ગોવિંદ ભટ્ટજી**ના, પુત્ર (૨) **શ્રી અલ્લાડ ભટ્ટજી,** જેમનો વિવાહ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના દ્વિતીય પુત્ર **શ્રી વિઠ્ઠલનાથજી** (ગુસાંઈજી) ના ચોથા બેટીજી શ્રી દેવકા બેટીજી જોડે થયો હતો. શ્રી અલ્લાડ ભટ્ટજીના પુત્ર (૩) **શ્રી કૃષ્ણરાયજી,** તેના (૪) **શ્રી નૃસિંહજી** તેના (૫) **શ્રી માધવજી,** તેના (૬) **શ્રી મધુસૂદનજી**

એ શ્રી મધુસૂદનજી સંબંધી એવી વાત કર્ણ પરંપરાથી સાંભળી છે કે, તેઓને તે વખતના તંજાઉર (તાંજોર) ના મહારાજાએ, પોતાને યજ્ઞ કરવો હતો તેમાટે આમંત્રણ કર્યું હતું કે આપ હમારા પરંપરાગત કુલગુરુ છો, માટે આપજ પધારી આ યજ્ઞ કાર્ય પાર ઉતારો. તે કારણથી તેઓ તાંજોર પધાર્યા

હતા અને મહારાજાની મરજી અને અધિકાર મુજબ યજ્ઞ કરાવ્યો હતો. તે યજ્ઞ પૂર્ણ થઇ રહ્યા, બાદ ગુરૂદક્ષિણા માગવાને રાજાએ તેમને વિનંતિ કરી. તેમણે કહ્યુ કે અમારા પૂર્વજોએ આપના પૂર્વજો પાસે ઘણુએ લીધુ છે હવે હું મારા પોતાના માટે રાજ પ્રતિગ્રહ કરવા ઇચ્છતો નથી તમારી ગુરૂદક્ષિણા દેવાની ઇચ્છા માત્ર જોઇ, હુ સતુષ્ટ થયો છુ રાજાએ ઘણો આગ્રહ કર્યો, ત્યારે છેવટે એમ કર્યું કે આપને પોતાને માટે નહિ, તો જેવી આપની ઇચ્છા હોય, તે સત્કાર્યમા વાપરવા માટે પણ કઇ દ્રવ્ય સ્વીકારવા કૃપા કરો ત્યારે શ્રી મધુસૂદનજીએ કહ્યુ કે મને યજ્ઞ કરવા માટે ત્રણ લાખ રૂપીઆ આપો મહારાજાએ તે રૂપીઆ આપ્યા, તથા તેઓને સુખરૂપ વ્રજભૂમિમા પહોચાડવા માટે થોડુ ક સૈન્યપણ જોડે આપવા માડ્યુ તેમણે કહ્યુ કે સેનાની કઇ જરૂર નથી એ ઠાઠ તો રાજાઓને શોભે હમારૂ બ્રાહ્મણોનુ તો શિલ (સાદાઇ) એજ ભૂષણ છે રાજાએ કહ્યુ ઠાઠમાટ માટે આપતો નથી, પરતુ માર્ગમા ભય રહે છે, તેના રક્ષણ માટે સથવારો જોઇએ. શ્રી મધુસૂદનજીએ કહ્યુ અમારા બ્રાહ્મણોના રક્ષક અને નિરતર યોગક્ષેમનુ વહન કરનાર પ્રભુ નિરંતર અમારી જોડેજ રહે છે અમે કદાપિ કુબુદ્ધિથી તેમને છોડીએ, તોપણ તેઓ અમને કદી છોડતા નથી, માટે આપ નિર્ભય રહો અમે અભય છીએ રાજાએ જાણ્યુ કે આ સાત્વિક બ્રાહ્મણને હાલના જમાનાનુ ભાન દેખાતુ નથી તથાપિ જ્યારે એમની મરજી નથી ત્યારે આપણે એમને એકલા જવા દઇ, પાછળથી તેમની પરીક્ષા કરીશુ એમ વિચારી એમને માનપૂર્વક વિદાય કર્યા અને પછીથી પોતાના કેટલાક વિશ્વાસુ લશ્કરી અમલદારોને લુટારાઓના વેશમા તેમની પાછળ મોકલ્યા અને સૂચવ્યુ કે કોઇપણ એમને ઉપદ્રવ ન કરે, તેની સભાળ રાખજો અને જ્યા ભયકર સ્થળ જણાય ત્યા આગળ તમેજ જઇને ગુરુજીનો બધો અસબાબ લૂટી લેજો, પરતુ એમના અગપર કઈ પણ પ્રહાર ન કરતા બને તો એમને પણ પકડીને અહી પાછા લઈ આવજો પરતુ આ યોજના મે કરી છે, એવી તેમને જાણ થવા દેશો નહિ.

તે વેશધારી લૂટારાઓએ લાગ જોઈ તેમના તરફ બે ચાર તીરકામઠા જરા જરા દૂર પડે એમ ફેકયા શ્રી મધુસૂદનજી આથી ચોકયા સાવધ થયા અને સામે નજર કરતા લૂટારાઓ જણાયા એટલે તેમણે થોડુ જળ હાથમા લઈ મત્રભણી તેઓના તરફ ફેકયુ આ અસ્ત્રના જોરથી, તે લૂટારાઓના મુખીઓના શરીર પર છછ છિદ્રો પડયા અને તે જોઇ તેમણે ત્યાથી ભાગી જઇ રાજાને મળી બધી બીના નિવેદન કરી રાજા એ સાભળી ગભરાયો અને બીજા ત્રણ લાખ રૂપીઆ સાથે લઈ શ્રી મધુસૂદનજી પાસે આવી પગે પડયો અને સાચી વાત કહી દીધી કે મહારાજ ! મેજ આપની પરીક્ષા લેવા લૂટારા મોકલ્યા હતા એ મારો અપરાધ ક્ષમા કરો. અને આ બીજી ભેટ લાવ્યો છુ તેનો કૃપા કરી સ્વીકાર કરો તેમણે

કહ્યુ તમે રાજાલોકો દંડ લઇને નાણાથી અપરાધની ક્ષમા કરોછો, તેમ બ્રાહ્મણોથી થતુ નથી માટે મારે તારા પ્રથમના તથા આ બેઉ રૂપીઆ જોઇતા નથી તુ તારા છએ લાખ પાછા લઈજા. આથી રાજા ગભરાયો અને બહુજ દીનતાથી ક્ષમા કરવા વિનવ્યુ તથા રૂપીઆ લેવા કહ્યુ, ત્યારે માડમાડ તે વાત માની અને રાજાને માફી આપી પછી તેઓ **શ્રી કામવન** પોતાને મુકામે આવ્યા અને ત્યા મોટો સોમયાગ કરીને, એ રાજાના આપેલા છ લાખ રૂપીઆ તેમા બધા ખર્ચી દીધા

(૬) એશ્રી મધુસૂદનજીના પુત્ર (૭) **શ્રી મદન ગોપાળજી**, તેના (૮) **શ્રી અનિરૂદ્ધજી**, તેના (૯) **શ્રી મુરલીધરજી**, તેના (૧૦) **શ્રી ગોપીનાથજી**, તેના (૧૧) **શ્રી ઘનશ્યામ ભટ્ટજી**, તેના (૧૨) **શ્રી ગોવર્ધન ઉર્ફે ભાનુદત્ત** અથવા **શ્રી ગટ્ટૂલાલજી** થયા. તથાપિ તેમના પિત્રાઇનો વેલો હજી વિદ્યમાન છે

(૮) મા શ્રી અનિરૂદ્ધજીના, શ્રી વ્રજનાથજી તથા શ્રી રઘુનાથજી બે પુત્રો હતા તે શ્રી રઘુનાથજીના શ્રી પુરષોત્તમજી, તેના શ્રી બાલમુકુંદજી તથા શ્રી દામોદરજી, તેમાના શ્રી દામોદરજીના શ્રી રઘુનાથજી, તેના શ્રી દ્વારકાનાથજી અને તેના શ્રી દામોદરલાલજી ઉર્ફે મન્વાલાલજી જેઓ શ્રી ગિરિરાજવાળા ગોસ્વામિ શ્રી મટ્ટૂજી મહારાજના જમાઇ થાય તે શ્રી **મન્વાલાલજી**એજ આ ચરિત્ર નાયકની સર્વ ઉત્તરક્રિયા શ્રદ્ધાપૂર્વક કરી છે અને અદ્યાપિ પણ સાંવત્સરિક તથા મહાલયાદિ શ્રાદ્ધ કરે છે. આ તેમની વંશાવળી પણ એ શ્રી **મન્વાલાલજી**ના કહેવાથી અમારા જાણવામા આવી છે એ શ્રી દામોદર લાલજીને શ્રી અનિરૂદ્ધજી તથા શ્રી મધુસૂદનજી એ બે પુત્રો થયા. જેમાથી મોટા શ્રી અનિરૂદ્ધજીએ ગોલોક ગમન કર્યુ છે. અને હાલ શ્રી મધુસુદનજી આસરે ૧૦ વર્ષના છે

ઉપર જે પાચ મહાનદીઓ શ્રી ભાગવતમા જણાવી છે, તેમાહેલી મહાપવિત્ર કાવેરી નદી, હાલ તાંજોર આગળ વહે છે તે નદીએ ત્યાથી ૬ કોશપર પાચ વલય લેવાથી એના પાચપટ થયા છે તે કારણથી તે સ્થળને શ્રી પચનદ તીર્થ કહે છે હાલ તે "તીરૂઆદિ" ના નામથી પણ ઓળખાય છે ત્યા એમના મૂળ પુરષનો નિવાસ હતો, તે કારણથી તેઓ પચનદ નિવાસી અર્થાત્ પચનદી એ ઉપ નામથી ઓળખાય છે. અને પંડિત શ્રી એ પણ પોતાના અનેક ગ્રથોના અતમા એ વાત જણાવી છે જેમકે "વેદાંત ચિંતામણી" ની સમાપ્તિમા લખ્યુ છે કે —

य श्रीमद्व्रजवल्लभाभिधगुरोः स्पृष्ट कृपादृष्टिभि-
र्यल्येऽस्मात्रिरिसलाऽऽगमाश्चनिपुण लाताद्धनश्यामतः ।
तूर्णं वर्णयते वहूनियुगपच्छ्रोत्रिष्ट वस्तूनि यो- ।
नानाकाव्यनिवन्धकृत्ससमभूद्गोवर्धनाख्यः कवि ॥

पंचनदान्वय जनुषा तेनायेनापि सत्कृपैकदृशा ।
भूं दंशि दुर्गा शंशि मितविक्रमवर्षेऽत्यथायि पंचदशी ॥

इति श्रीमद्वेदव्यासविष्णुस्वामिमतपुण्डरीकमण्डलमण्डनमार्तण्डश्रीमद्वल्लभाचार्यचरणाब्जचञ्चरीकचित्तेनमोक्षगुरुस्वमातामहगोस्वामिश्रीव्रजवल्लभचरणैकतानेन तैलङ्गवेल्लनाटीज्ञातीयतैत्तिरीयशाखीयापस्तम्बवाधूलसगोत्रोद्भवपञ्चनद्युपनामकघनश्यामभट्टात्मजेन स्वपितृसकाशाल्लब्धविद्येन गोवर्द्धनाशुकविना कृते वेदान्तचिन्तामणौ साधनफलादिविवेको नाम पञ्चदश प्रकरण सम्पूर्णम् ॥

શ્રીમદ્વેદવ્યાસ વિષ્ણુસ્વામી મતરૂપી જે કમળ મંડળ તેનો વિકાશ કરવામાં સૂર્ય-સમાન શ્રીમદ્વલ્લભાચાર્યજી, તેના ચરણકમળ ચંચરીકમાં ચિત્ત રાખનાર અને મોક્ષ-મંત્રોપદેશક ગુરુ અને પોતાના માતામહ એવા ગોસ્વામિ શ્રી વ્રજવલ્લભજી (શ્રી મગનલાલજી મહારાજ જુનાગઢ વાળા) ના ચરણમાં એકતાન, તથા તૈલંગ વેલ્લનાટી જ્ઞાતીના કૃષ્ણ યજુર્વેદની તૈત્તરીય શાખાના આપસ્તંબ વાધુલસ ગોત્રમાં જન્મેલા પંચનદી ઉપનામક ઘનશ્યામ ભટ્ટનાપુત્ર, જેમણે પોતાના પિતા પાસે-થીજ સર્વ વિદ્યાનું જ્ઞાન મેળવ્યું હતું, તે શીઘ્ર કવિ ગોવર્ધન કૃત "સાધનફલાદિ વિવેક" નામક પંદરમું પ્રકરણ સંપૂર્ણ

આ ઇતિશ્રી વાંચતાંજ એમના પિતૃવંશના વેદ, શાખા, ગોત્ર, ઉપનામ વગેરેની આપણને સ્પષ્ટ જાણ થાય છે વળી "સહસ્રાક્ષ" ના ખંડનરૂપે ગોસ્વામિ શ્રી વિઠ્ઠલનાથજી ઉર્ફે શ્રી કહૈયાલાલજી કોટાવાળા એમણે "પ્રાભંજન" નામક ગ્રંથ લખ્યો હતો, તે ઉપર "મારુત શક્તિ" નામની ટીકા લખી છે તેની પ્રસ્તાવનામાં પંડિત શ્રીના પરમ શિષ્ય શીઘ્રકવિ શાસ્ત્રિ શ્યામજી વાલજી એ એમના ચરિત્રનું ટૂંકે દિગ્દર્શન નીચે મુજબ કરાવ્યું છે —

अथ मारुतशक्तिग्रन्थनिर्माता गट्टूलालेतिनाम्ना प्रसिद्धस्तैलङ्गवेल्लनाटीज्ञातीय पञ्चनद्युपाह्वो गोवर्धनशर्मा विक्रमार्कशकस्य विंशशततम्य (?)प्रथमवर्षे लब्धजन्मा सौराष्ट्रदेशे गिरिनार इति प्रसिद्धस्य रैवतकपर्वतस्योपत्यकावर्तिनि (जूनागढ) जीर्णदुर्गपुरे श्रीमद्वल्लभाचार्यवंश्यगोस्वामिश्रीव्रजवल्लभमहाराजस्य स्वमातामहस्य गृहे गर्भाष्टमे वर्षे वैशाखशुक्लपक्षे पित्रोपनीतोपदिष्टसावित्रीकः स्वमातामहादवाप्तब्रह्मसम्बन्धदीक्ष स्वजन्मतो नवमे (१९०९) वर्षे शीतलाख्यरोगेण हृतनयनद्वय स्वपितुः परिश्रमादेवाधीतवेदतदङ्गषड्दर्शनादिको दशमे (१९१०) मुम्बापुरे निवासमिच्छता स्वतातेन सहागत्येह पुरे कृतसद्मा पश्चात्पितृदिवंगतो निजवदनेस्वधनव्ययेन स्थापितविद्याधर्मपाठशालो बहूनन्तेवासिनोऽध्यापितवान्ग्रन्थांश्च निर्मितवान् । अद्यापि स्वयं स्थापितायां विद्याधर्मपाठशालायां स्वतः परतश्चच्छात्राणामन्नादिदानं कुर्वन्नध्यापयमानः स्वमाराध्यहृदस्त श्रीप्रभुचरणात्मज श्रीगिरिधरसेवित श्रीबालमुकुन्दाख्य भगवत्स्वरूपं दि

च्छोपलब्धैरुपचारैः सेव्यमानोऽत्यल्पविभवेऽपि यथोपपत्तिप्राप्तसम्प्रदाय आवश्यकग्रन्थान्निर्मिमाणो देवोरसादितमन्न देवपितृयतिष्यादिभ्यो यथासम्भवं विभज्य शेषमुपभुञ्जान " सन्तुष्टो यर्हि वर्तेत ब्राह्मणो येन केनचित् " इत्यादिशास्त्रमनुसृत्य आस्ते । अद्यापि तत्सदनं महणवारणपट्टभिरटुमि. प्रौढैश्च साहित्यव्याकरणन्यायवेदान्तादिशास्त्रार्थकोलाहलेन मुखरीक्रियते ।

અને એજ ગ્રંથની સમાપ્તિમાં ગ્રંથકાર પોતે લખે છે કે —

श्रीमद्बालमुकुन्दमिन्दुवदनं वृन्दावनानन्दिनं वन्दे सुन्दरमेकमेव नपरान्निन्दामि वृन्दारकान् ॥ वर्तमानचिरन्तनादिविपदोऽनन्तानन्तानलेमतुं तेगणयन्नु मायमितरान्मूर्धानमन्तुक्षम ॥ १ ॥ स्थित्वा रैवतपर्वतस्य पुरतः श्रीजीर्णदुर्गे पुरे श्रीदामोदरकाममोहनविभू संसेवमानान् सदा ॥ श्रीमद्दीक्षितवंशमौक्तिकमणीनेकादशानन्वये स्वाचार्यान्व्रजवल्लभाभिधगुरून्मातामहान्स्वान्भजे ॥ २ मदमपि वेदभागान्सांगान्षट्दर्शनानि मामध्यापितवान्दयया निजजनकृतभजे घनश्याम ॥ ३ ॥ कृष्णयजुःशिखिदिवतरोः सुमनःश्लाघ्यास्ति तैत्तिरीशाखा तासेवतेमधुरवागापस्तम्बद्विजातिकुलम् ॥ ४ ॥ तत्रोद्भूतोमतिमानवाधूलसगोत्रवारिधेश्चन्द्र तैलंगेषु कनाटीशातिर्विट्टलभारत्नम् ॥ ५ ॥ य पचनन्दुपासकगोपीनाथाग्रजोघनश्याम ॥ गोवर्द्धनाभिधोऽतत्सुनुस्तन्मुखाधिगतविद्यः ॥ ६ ॥ गर्भेशोऽस्यामिथिव्रजवल्लभतनुजयापतिव्रतया ॥ लाडोनाम्न्याहिमधृतोगट्टूलालपराभिख्य ॥ ७ ॥ मयाऽर्पितादुसमयाव्रजाल्ल निरस्य दूरेगढुधान्यग्रात ॥ लभजनेसाधयितुविशेषात्सभजनेमारुतशक्तिरेण ॥ ८ ॥ वसुरामनन्दचन्द्रिमितवर्षेनिश्रमासेशाकगेऽसौ मार्गे कृष्णनवम्यांगुरौ श्रीविट्ठलेशतेपूर्णा ॥ ९ ॥ विस्तारोऽभिधाना विद्वत्सारप्रधानदृग्यात ॥ विद्वांसमात्रशक्त्याजनादवारणविचारधारणया ॥ १० ॥ अभ्रान्तोदितमार्तण्डप्रकाशानतम यमम् इत पर चिरराग्रमुदिनमंग्रथेस्यति ॥ ११ ॥ सदाऽलोचनयोश्चिणु सारस्यापारकास्क अदस्यसुदिनदस्यनदमार्तण्डमण्डनम् ॥ ११ ॥ वेदानुगार्थविनिर्णय परभक्तिनिष्ठाविशद्ययामिचरणौपरिशीलनम्रः ॥ उत्तदयागुणदर्शोन्यपरिश्रमभाअनप्रमादगताग्निमगमभ्रमम् ॥ १२ ॥ अन्धीरमहानजकरेणनलेगशत्तस्तदोग्रतनिरिनमेवशरै दोषा ॥ भ्रान्त्यादयोजगतिमानुषबुद्धिधर्मा सर्वाशतोनपरिहर्तुमिमेनशक्याः ॥ १३ ॥ सदाऽविरतम्भश्रीमन्मुकुन्दचरणार्पित धामोदारोचिताश्रगेनाक्पुष्पाञ्जलिरयम्नरः ॥ १४ ॥ इति श्रीमद्वेदव्यासविष्णुस्वामिमतपुन्दरीकमदस्भटनमार्तण्डश्रीमद्वल्लभाचार्यचरणाम्बुजचञ्चरीकश्चिनमो उगुरोगणामिश्रीव्रजवल्लभचरणानुचरेणतैलंगज्ञातीयविट्ठलपचनलयुवन मानघनश्याममट्टात्मजेन वेदान्तचिन्तामण्यादनेकशास्त्रप्रथनिर्मायिणाविमलाचर्यादिविविधव्यप्रवर्धविधायिनागोवर्धनाऽऽत्मजनिनाविरचिताश्रीमज्जनपूर्वभागस्यमाप्तश्चत्तिनार्थीतागममातमगगन् ॥

આથી વિશેષ હકીગત હવે પછીના " ભાતૃચરા " પ્રકરણથી માલમ પડશે.

પ્રભુપ્રાર્થના.

(મહીદીપછંદ, તાલદાદરાની ચાલ.)

જયજય કરૂણાનિધાન ગોવર્ધનધારી,
કૃપાકરી શરણ કરો વિનતિ આ અમારી ॥ જયજય૦ ॥
આર્યમાં અનાર્ય વૃત્તિ જે રહી નઠારી,
તે તમામ દૂર કરી દ્યો શુદ્ધિ સારી ॥ જયજય૦ ॥
આગમની જાગ સદા કરે છે ખુવારી,
ઉદ્યમ શુભ દઈ તે નિવારજો વિચારી ॥ જયજય૦ ॥
ગોકુળમાં રહી હેત ધરી ગાય ચારી,
આજ કેમ કૃષ્ણ કામધેનુ તે વિસારી ॥ જયજય ॥
શાસ્ત્રગુરૂ શસ્ત્રનાશ ધર્મસંચારી,
આર્યલોક કરો આજને ન ખોટખારી ॥ જયજય ॥

નર્મદાશંકર શાસ્ત્રી

વર્ષારંભ.

(દોહરા

જય જય જગકર્તા સગુણ, મંગળમય અપાર,
સુખ જય જન આપજો, શ્રીહરિ સર્વાધાર.

(પંડિત શ્રીગટુલાલજી.)

કરૂણાકર કૃપાપુંજ પરમાત્માની દયા કટાક્ષથી આ પત્રના બીજા વર્ષનો અતિ આનંદ પૂર્વક આરંભ કરીએ છીએ જેથી તેને પ્રથમ વર્ષના નિભાવ

અમને એક સદ્‌ગૃહસ્થે હામ આપી હતી, તેવીજ રીતે આ બીજા વર્ષ માટે પણ અમને હામી આપવામા આવી છે તથાપિ અમારી ઈચ્છા કોઈપણ એકને માથે બોજા રૂપથઇ પડવાની નથી ધર્મમા સર્વ મનુષ્યના સમાન હક છે, માટે સર્વ સનાતન આર્ય ધર્માભિમાની આસ્તિક સદ્‌ગૃહસ્થો ઓછામા ઓછી આ પત્રની એકેક પ્રતના ઘરાક થઇ, આ સ્વધર્મ પ્રચારના કાર્યને ઉત્તેજન આપશે, તથા પોતાના આપ્તવર્ગ તરફથી અપાવશે, એવી અમે આશા રાખીએ, તો તે કોઇપણ રીતે અનુચિત લેખાશે નહિ પછી તો " લાડી અને પાડીના નીવડે વખાણ "

તેમજ જે જે વિદ્વાન્ શાસ્ત્રીઓ, પૌરાણિકો, પંડિતો અને વિદ્યાવિનોદી લેખકોએ અમને પ્રથમવર્ષમા જેવી સહાયતા આપી છે, તેવીજ તેઓ આ વર્ષમા પણ આપતા રહેશે, એવી અમારી ખાત્રી છે

છેવટે અમને અમારૂં કર્તવ્ય બજાવવા માટે પુરતા સાધનો પુરા પાડનાર પરમાત્મા પાસે એજ અભ્યર્થના કરીએ છીએ કે દિન પ્રતિદિન અમોને આ કાર્ય યથાર્થ પાર ઉતારવા યોગ્ય સદ્‌બુદ્ધિ અને આત્મબળ આપો　તથાસ્તુ

પૌષમાસનું વર્ણન.

આ '**શ્રીઆર્યધર્મસુધા**' નો જન્મ ગયા વર્ષની શિશિર ઋતુમા એટલે પૌષ માસમા થયેલો છે　આ પાછી બીજીવાર શિશિરઋતુ આવી, જે અમારા '**શ્રીઆર્યધર્મસુધા**' ની પ્રથમ વર્ષગાંઠ પણ ગણાય　આર્ય લોકો વર્ષગાંઠનો દિવસ એક ભારે ઉત્સવ તરીકે ગણી તેને ઉજમાળો બનાવવાને યથાશક્તિથી ગોઠવણ કરેછે તેવીજ રીતે અમે અમારા સુજ્ઞ વાચકવૃંદો સમક્ષ તેઓના મનોરંજનાર્થે તેમજ અમારા આ પત્રની વર્ષગાંઠનો ઉત્સવ ઉજવવા માટે અમારા જન્મમાસનું કંઇક વર્ણન અત્રે આપીએ છીએ　આ માસમા **સૂર્યનારાયણ** આજકાલના લોભીઆ લોકોની લીલાલઇ બેઠેલા માલમ પડેછે　જુઓ! આજકાલ લોભીઆ લોકો સર્વ ધર્મકર્મ છોડી **ધનરાશી** + ને સેવ્યા કરે છે તો પણ **મકર** પદને છોડતા નથી　એટલે સ્ત્રી પુત્રાદિ જે કાંઈપણ ખર્ચ કરવા ધારે તો તેઓની આગળ, આ કામ ' न कर ' એવુ પદ વાપર્યાવિના રહેતા નથી, તેમ સૂર્યનારાયણ પણ આ માસમાં ઘણા દિવસો સુધી **ધનરાશી** † સેવતા રહેછે, અને આખરે **મકર** પદને ‡ વળગેછે　જેમ લોભીઆઓ પોતાના પૈસા પુત્ર વગેરેના

+ પૈસાના સગ્રહ † ભચક્રની ધનુ ગણી ‡ મકર રાશી

ઉપયોગમાં પણ અગમ્ય પડવા દેતા નથી, અને જો અન્ય ઉપાયે પર્તેવ (અગ્નિ) પાસે વસતા ટાઢનું દુખ દૂર થતું હોય તો, પોતાના શરીર માટે પણ કપડાનો ખરચ કરવા ધારતા નથી એટલે આવી રીતનો લોભ કરવાથી તે લોકો નિસ્તેજ થાય છે, તેમ સૂર્યનારાયણ પણ આજકાલ પોતાની ઉષ્ણતા રૂપ સંપત્તિને સંપૂર્ણ રીતે પ્રજાના ઉપયોગમા આવવા દેતા નથી અને હાલ કાળાકાળ હેમંત કાળમા પણ પોતાના અંગને વસ્ત્રનો સંગ કરવતા નથી કેવળ પૂર્વ-દક્ષિણ વચ્ચેના એક +ખુણામા અગ્નિનો આશ્રય-ધરી દિવસો કાટે છે આવા લોભના લક્ષણોથીજ તેઓનુ તેજ મંદ થયુ હોય એમ લાગે છે વળી આજકાલ એક તરફ તળાવોમા કમળના ફૂલો પણ કરમાય છે તેમ બીજી તરફ ગેહેરોમા પણ વિરહિજનોના મુખડા કરમાયછે ગરીબ અને ધર્મોના પાત્રાઓમાથી ઝાકળના મોતીઓ ખરે છે, તેમ બીજી તરફ ગરીબ પથિક લોકોની આંખોમાથી આસુઓ ઝરેછે તેમજ ઠંડા જળમા નહાનારાઓના દાંતમાંહોમાંહે ભટકાઈને ખટખટે છે, તેનીજ રીતે એકજ ફાટેલા ચીંથરાને ચોતરફથી તાણતા ભીખારીઓના છોકરાં પરસ્પર અથડાઈને ચડભડેછે કારણ કે હાલના કાળ (ઠંડી) મા બેહાલ કંગાળ લોકો ટાઢથી સ્વશરીરના સંરક્ષણાર્થે કપડાને પછી તે ફાટેલુ કાં ન હોય તો પણ તેને પરમેશ્વરની પેઠે પૂજેછે કોઈ એક ગરીબ કવિએ પોતાની હાલત સોચતા એક વખતે પોતાના ધોતીયાની સ્થિતિનો મુકાબલો પરમાત્માસાથે કરતાં કહ્યુ છે કે —

आदिमध्यांतरहित दशाहीनं पुरातनम्।
अद्वितीयमहं वंदे मद्वोत्रसदशं हरिम् ॥

અર્થાત્ જેમ અનાદિ એવા પરાત્પર પરમેશ્વરના આદિ, મધ્ય ને અંત નથી તેમ મારા ધોતિયાના પણ આદિ, મધ્ય અને અંત જડતા નથી, એટલે આગલો છેડો તથા પાછલો છેડો ફાટી થયો છે ને વચ્ચેથી પણ ફાટી ગયુ છે જેમ પરમેશ્વરને સારી નરસી દશા હોતી નથી તેમ આ ધોતિયાને પણ 'દશા' એટલે કોર બિલકુલ નથી. જેમ પરમેશ્વર ઘણા પુરાતન છે તેમ આ મારૂ ધોતિયુ પણ ઘણુ પુરાતન (જૂનું) છે જેમ પરમેશ્વર અદ્વિતીય છે, તેમ મારૂ ધોતિયુ પણ એકજ છે માટે મારા ધોતિયાની સમાન ઉપમાવાળા શ્રીહરિ (પરમેશ્વર) ને હુ વંદન કરૂ છુ

આ દૃષ્ટાંત ગરીબ લોકોની હાલની હાલતનો કંઈક પડછાયો પાડવા સારૂં અત્રે ટાંકવામાં આવ્યુ છે આધુનિક શ્રીમાનોમા જેઓ બાપ કમાઇથી લાડી, વાડી અને

+ પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેના કોણને "અગ્નિકોણ" કહે છે સાં આ વખતે સૂર્ય હોય છે

ગાડીની મૌજ મારવામાં મશગુલ થયેલા છે, તેઓ ગરીબોની સ્થિતિનુ અવલોકન કરવાની ઇચ્છા રાખતા નથી. એટલે તેઓને તેનો અનુભવ ક્યાથી મળે! ધર્મશાસ્ત્રમાં લક્ષ્મીનો ઉપયોગ બે રીતે કરવા કહ્યુ છે ૧ સ્વઉપભોગમા અને ૨ દાનમા. જો તેમ યથાક્રમ ન કરવામા આવે તો તેનો છેવટે નાશ થાય છે અર્થાત્ લક્ષ્મી ચળ હોવાથી બીજી જગ્યાએ જતી રહેછે માટે લક્ષ્મીનો ઉપયોગ યથાક્રમે કરવો જોઇએ આધુનિક સમયમા ઘણા શ્રીમાનો તો ફક્ત સ્વઉપભોગમાજ લક્ષ્મીનો યથાયોગ્ય ઉપયોગ કરવાનો હોય એમ સમજેછે, પણ તે ખરૂ નથી સ્વઉપભોગ પણ નિયમસર કરવો જોઇયે તેમ દાન પણ કરવુ જોઇયે. દાનથી લક્ષ્મી ઘટતી નથી, પરતુ પુણ્યપ્રભાવના જોરે કરીને તેમા વધારો થાય છે, તે આજના સ્વાર્થમય શિક્ષણથી વિભૂષિતોને ભાસતુ નથી એ શોચનીય છે. સ્વસુખના કાર્યમા ખરચાતી લક્ષ્મીનુ સુખ ક્ષણિક હોયછે, પણ દાનમા વપરાતી લક્ષ્મીનુ સુખ જોકે સાદી નજરે જોનારને ક્ષણિક આનદજનક લાગેછે, પણ તે અક્ષય ધામને પહોચાડનારૂ છે માટે સ્વસુખનીસાથે દાન પણ પાત્રાપાત્રનો વિચાર કરી જરૂર કરવુ જોઇએ છે કે જેથી આ મનુષ્ય જન્મ ધારણ કરવાનુ સાફલ્ય થઈ શકે શ્રીમાન્ લોકોના ઘરોમા જેમ ટાઢ ચઢાવી રૂવાડા ઉભા કરનાર શિશુરોને અટકાવવામાટે દરવાજાપર રામોઓ તૈયાર રહેછે અને તે અવશ્યપણ છે, તેમ ટાઢ આપીને રૂવાડા ઉભા કરનાર શીતલ પવનને રોકવા માટ દરેક બારીઓમા આડા પડદાઓ પણ તૈયાર હોય છે વળી આ મોસમનુ વર્ણન પોતાની સ્ત્રીને કહેતા કવિ કાલિદાસે કહ્યુ છે કે —

> पाण्डुतां व्रजति हिमजातशीते ।
> सा धूयमाना सततं मरुद्भिः ॥
> प्रिये प्रियगु प्रियविप्रयुक्ता ।
> विपांडुतां याति विलासिनीव ॥

અર્થ—હે પ્રિયે! ઓગળી થએલી ઘણી ઠડ્ડી પાડીને જાગ્યેક પીળાશ પામેલી, નિરતર પવનોએ કપાવેલી, 'પ્રીયગુ' (કાગ) પોતાના પ્રિયથી વિયોગ પામેલી ઉત્તમ સ્ત્રીની પેઠે કાઇક ગોરી દેખાય છે ઉત્તમ સ્ત્રીને પણ પોતાના પતિના વિયોગ વખતે તેમ થાયછે અને તેથી શરીરની કાંતિ જરા પીળી પડી જાયછે આમ કહેવામા કવિ કાલિદાસનો હેતુ ઉપમામાની ઠડીનુ યથાનુભવ વર્ણન કરવામા સમાયલો દેખાયછે કારણ કે મનુષ્યશરીરમા જ્યારે ઠડીથી કપ થાયછે ત્યારે તે વખતે શરીરની કાંતિ જરા પીળાશપર થઇ જાયછે પ્રિયપાઠકો! આવા વર્ણન રૂપી લેખ લખવામા મુખ્ય હેતુ એ છે કે હાલમા લોકોને કેવળ ધર્મ સબધી લેખોપર

બરાબર રુચિ લાગતી નથી, માટે જેમ નાના બાળકને કડવુ ઔષધ આપતા પહેલા સાકરની કણી આપવામા આવેછે, તેમ લોકોની વલણુને અનુસરી ગદ્ય અથવા પદ્યના આકારમા લખાયલા લેખ મધ્યે ધર્મોપદેશ રૂપી ઔષધનો ઉપયોગ કરવો યથાનુકૂળ લાગવાથી આ રસ્તો ગ્રહણ કરવામા આવ્યોછે આવા વર્ણનો તેમજ સરસ શ્લોકોથી લોકોના ચિત્તમા ચમત્કારની ચટકી ચઢવાથી, ચટપટ ખરાબ ખટપટને દૂર પટકી તેઓની બુદ્ધિ શ્રીહરિ ચરણમા અટકી રહો એવી સર્વેશ્વર પરમાત્મા પ્રત્યે પ્રાર્થનાછે

સ્ટાંડર્ડ ટાઇમ.

સ્ટાંડર્ડ એટલે ઠરાવિક અને ટાઇમ એટલે સમય અર્થાત્ ઠરાવિક સમય એમ સ્ટાંડર્ડ ટાઇમનો અર્થ થાયછે સમય એ એવી અદૃશ્ય વસ્તુ છે કે જેની હાજરી વગર મનુષ્ય પ્રાણી પોતાના ધાર્મિક, સાંસારિક અને વ્યાવહારિક કાર્યો નિયમિતપણે સરળતાથી પાર પાડી શકે નહીં તેથીજ સૃષ્ટિના નિયામકે મનુષ્યને સમય જાણવા માટે એક અનુપમ ઘડિયાળની બક્ષેસ કીધી છે જે સૂર્યના નામથી પ્રસિદ્ધ પણ છે તેના આધારે મનુષ્ય પ્રજા ઘટિકાયંત્ર બનાવી પોતાનાં ધામકાદિ સર્વ કાર્યો સરળતાથી કરતી આવી છે સમયનો સબધ સૂર્ય સાથેજ છે જો કે કોઇ કોઇ વાર નક્ષત્રો તથા ગ્રહોની ગતિને લીધે સૂર્યના ઉદયાસ્તમા થોડો ઘણો ફેરફાર થાય છે, પરંતુ મધ્યાહ્નકાળ એટલે બપોરના બાર વાગે તો સૂર્યનારાયણ મસ્તક પર એટલે મધ્યમા આવ્યા વગર રહેતા નથી

પ્રવૃત્તિપરાયણ પુરૂષો પણ એ કુદરતી ઘડિયાલને આધારેજ પોતાના કૃત્રિમ ઘડિયાલનો વખત રાખે છે, અને તે પ્રત્યક્ષ છે જો મધ્યાહ્ન સમયે સૂર્યનારાયણ બરાબર મસ્તકપર ન આવતા હોય અને તેમાં કાંઈ ફેરફાર થતો હોય તો પ્રવૃત્તિપરાયણ પુરૂષો પોતાની વેધશાળા (ઓબઝરવેટરી) ના કાળમાપકયંત્રને સૂર્યનારાયણના આધાર પર રાખેજ નહિં આ પરથી એટલું તો સિદ્ધ થાય છે કે કૃત્રિમ ઘડિયાલમ દેખાતો સમય સૂર્યનારાયણ સાથેજ સબધ ધરાવે છે એટલે એ કૃત્રિમને ખરો રસ્તો દેખાડનાર સૂર્ય એજ ખરૂં કુદરતી ઘડિયાલ છે. એને આધારે ચાલતો વખત જે અસલ કુદરતી કહેવાય તેને તિલાજલી આપી હાલ્ની હિંદી વાઇસરાયે એક મનસ્વી વખત (Standard

time) આ દેશની પ્રજાને માથે ઠોકી બેસાડયો છે એ ઘણુંજ શોચનીય છે. કારણ કે એથી આર્યાવર્ત નિવાસીઓ પછી ભલે તે હિંદુ હો, પારસી હો, વા મુસલમાન હો, પરંતુ તેઓનાં ધાર્મિક તેમજ સાંસારિક કાર્યોમાં તેઓને આ કૃત્રિમ વખતથી અતિ અડચણ પડ્યા વગર રહેશે નહિ અને તેવિષે નામદાર મુંબાઈ સરકારને કરવામાં આવેલી અરજીના જવાબમાં એ નામદાર કબૂલ પણ કરે છે કે થોડી વખત અડચણ પડશે એ વાત ખરી છે સુષ્ટિપર દરેક સ્થળે કાંઈ એકી વખતે સૂર્યનો ઉદયાસ્ત થતો નથી, તેથી દરેક સ્થળના સમયમાં ફેરફાર હોવોજ જોઈએ. પ્રવૃત્તિપરાયણ પુરુષોએ તો સમયને માટે કહ્યું છે કે "Time is more valuable than money" અર્થાત્ વખત એ પૈસા કરતાં વધુ કીમતી છે અને તેની પ્રવૃત્તિ નગરમાંજ ખરી કીંમત છે. કુદરતના ખરા નિયમને હડસેલી મનસ્વી તરફથી ઉત્પન્ન થતાં વિચારથી કાર્યાકાર્ય તરફ કંઈપણ લક્ષ આપ્યા વગર પાશ્ચાત્યવાસી સત્તાધારીઓમાંના કેટલાક પોતાને અચૂક માનનારા ગમે તેવા સાહસ કર્મો કરવા અચકતા નથી, તેનો દાખલો આ કૃત્રિમ સમય કે જે "સ્ટેન્ડર્ડ ટાઈમ" ના નામથી ઓળખાય છે તેજ પૂરો પાડેછે લંડનની-પાસે "ગ્રીનીચ" નામનું ગામડું છે કે જ્યાં અંગ્રેજ સરકારે એક વેધ-શાળા ઉભી કરીછે. તે વેધશાળામાંથી નૉટિકલ એલમેનેક બહાર પડેછે. તેના ટાઈમસાથે આ કુદરતી ટાઈમનો સંબંધ હોય એમ માલમ પડે છે. પોતાને અચૂક માનનારા પાશ્ચાત્યવાસીઓનો દેશ જે યુરોપ આજે સુધારા વધારામાં બધી રીતે આગળ વધેલોછે, છતાં એ દેશમાં પણ તેઓ રેલ્વે, તાર, ટપાલ સિવાય અન્ય ખાતામાં એક સરખો ટાઈમ રાખી શક્તા નથી, તો પછી આ આર્યાવર્ત જેવો દેશ કેજે ખરા સુધારા વધારામાં પછાત પડેલો છે ત્યાં પ્રજાની મરજી વિરૂદ્ધ એક સરખો ટાઈમ કેમ રાખી શકાય? મુંબાઈના કુદરતી સમયમાં અને ગ્રીનીચના સમયમાં ચાર કલાક ૨૧ મિનિટનો ફેર રાખવામાં આવેલો એટલા પરથી સિદ્ધ થાય છે કે જ્યારે મુંબાઈમાં સૂર્યનારાયણ મધ્યાહ્ન સમયે બરાબર મસ્તકપર આવે છે ત્યારે ગ્રીનીચમાં ચાર વાગીને ૨૧ મિનિટ થઈ હોય છે પરંતુ હાલના મનસ્વી ટાઈમમાં અને ગ્રીનીચના ટાઈમમાં પાંચ કલાકનો ફરક રાખવામાં આવેલો છે આર્યાવર્ત વાસીઓને પોતાના ધાર્મિક તેમજ સાંસારિક કાર્યો કરતી વખતે આ મનસ્વી ટાઈમ અને

કુદરતી ટાઇમનો ફરક શોધવાની હરપળે જરૂર પડશે તેથીજ આ મનસ્વી ટાઇમ બાબતમાં સરકાર પ્રજાને એમ સમજાવી લેવાની તજવીજ કરેછે કે વખતના વહેવાસાથ લોકોએ ગણત્રી કરવાથી, અસલ અને મનસ્વીનો તફાવત બરાબર સમજાશે, એટલે મનસ્વી ટાઇમમાથે તેઓ ટેવાઈ જશે લોકે એ વાત ખરી છે. પરંતુ ગણત્રી કરે કોણ? એવો સ્વાભાવિક પ્રશ્ન એ પરથી ઉત્પન્ન થયા વગર રહેતો નથી. ખરી રીતે જોશો તો ગણત્રી કરવાનું કામ ભણેલા ગણેલાનું છે નહિ કે અભણનુ આ આર્યાવર્ત દેશના બધા લોક કઈ ભણેલા ગણેલા નથી. ખરૂં કહીએ તો કહેવાતા ભણેલાનો સમુદાય પણ સાગરના એક ટીપા સમાન છે તો પછી મોટો ભાગ જે અભણ છે, તેની સ્થિતિ આ મનસ્વી ટાઇમ મબધે કેવી થશે તેનો જો આજી હિંદી વાઇસરાયે વિચાર કીધો હોત, તો આવું ઉચ્છૃંખલ કાર્ય કદીપણ કરતે નહિ. સમયનો અર્થ કાળ એમ થાય છે. આજે આર્યાવર્તવાસીઓ દરેક પ્રસગે કાળને માથે દોષ મૂકતા જરાપણ અચકાતા નથી પરતુ કાળ તો આર્યધર્મ શાસ્ત્રાનુસાર રાજાને આધીન હોયછે, તેથીજ કહ્યુછે કે "राजा कालस्य कारणं" અર્થાત્ રાજા પોતે કાળનું કારણ છે એટલે રાજા જેવો કાળ વર્તાવે તેવો કાળ વર્તે છે ખરી રીતે જોતાં તો પ્રજાના સુખદુ ખાદિ તેમજ અડચણ વગેરેનો ખરો જોખમદાર રાજાજ કહેવાય કેમકે તેના હાથમા કાલને પણ જોઇએ તેમ ફેરવી નાખવાની પોતાની સત્તા ઇશ્વરે આપેલી દેખાયછે

સ્વધર્મ.

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ॥

(શ્રીમદ્ભગવદ્ગીતા ૩, ૩૫)

સ્વ એટલે પોતાનો અને ધર્મ એટલે કર્તવ્યની ધારણાનો આગ્રહ. જગમા માત્ર જે જે પ્રાણી અને પદાર્થો સર્જ્યા છે, તે સર્વમા દરેને દરેક ધર્મ સ્વાભાવિકપણે રાખેલો છે હાલ આપણે જે વિચાર કરીએ છીએ તે કોઈ જડ પદાર્થો કે ચેતન જતુ કે જનાવરના ધર્મ માટે નહિ, પરતુ સર્વથી શ્રેષ્ઠ પ્રાણી જે મનુષ્ય તેના ધર્મનો વિચાર કરીએ છીએ. મનુષ્યના ધર્મમાં પણ સાધારણ અને વિશેષ એવા બે ભેદ હોય છે મનુષ્યના જે સાધારણ ધર્મ છે, તેમા સ્વ અને પર એવો ભેદ જડવો

અશક્ય છે. દાખલા તરીકે સત્ય, ક્ષમા, દયા, દાન, અસ્તેય, શૌચ વગેરે જે સામાન્ય ધર્મો છે, તે અમુકના **સ્વધર્મ** અને અમુકના **પરધર્મ** એમ કહી નહિ શકાય માત્ર તેની જેનામા અધિક્તા હોય, તે અધિક ધર્મિષ્ટ અને જેનામા ન્યૂનતા તે ઓછો ધર્મિષ્ટ કહેવાય. પરતુ જે વિશેષ ધર્મો છે, તેમા સ્વ અને પર એ ભેદ જણાય છે તે ભેદ પડવામા દેશ, કાલ અને પાત્રની અવસ્થા એ મુખ્ય કારણ દેખાય છે અને તે વિશેષ ધર્મો એકના બીજો પાળે તો, તેથી તેનુ અકલ્યાણ થાય અને જે પોત પોતાનો વિશેષ ધર્મ પાળે છે, તેથી તેનુ કલ્યાણ થાય છે એ વાતની અર્જુનને ઉદ્દેશીને આખા આર્યાવર્તના મનુષ્યોને પરમાત્મા શ્રીકૃષ્ણે ઉપલી આજ્ઞા કરી છે, અને તેને મનુષ્યોના ઉપકાર માટે શ્રીમદ્દવેદવ્યાસે શ્રીમહાભારતમા સગ્રહિત કરી છે તે આજ્ઞા જો કે ચાતુર્વર્ણ્ય આર્યોને ઉદ્દેશીનેજ કરવામા આવી છે, તથાપિ તે ભગવદાજ્ઞા હોવાથી આર્ય અનાર્ય ઉભયને તે એકસરખી રીતે લાગુ પડે તેવી છે

ખરૂ કહીએ તો સામાન્ય ધર્મ આર્ય અને અનાર્યના જુદા નથી આર્ય તેને વિશેષતાથી શુદ્ધ હૃદયે પાળે છે અને અનાર્ય તેને સામાન્ય રીતે છતા શુદ્ધ હૃદયે પાળે છે જે હૃદયની શુદ્ધિ રહિત આચરણ તેની ધર્મમા ગણના કરવાનીજ નથી દાખલા તરીકે ભૂખ્યાને ભોજન આપવુ એ સામાન્ય ધર્મ છે અને જેના શુદ્ધ હૃદયમા દયાનો અકુર હોય તે આ સામાન્ય ધર્મ પાળેજ છે હવે જે અનાર્ય છે, તેની પાસે કોઇ જો ભૂખ્યો માણસ અભક્ષ્ય અન્નાદિ માગે તો તે પણ તેને આપવામા હરકત ગણશે નહિ પરતુ જે આર્ય છે તે ગમે તેવા ભૂખ્યાને પણ અભક્ષ્ય અન્નાદિ નહિ આપતા, જે ભક્ષ્ય અન્નાદિ છે, તેજ આપશે તેમા પણ જે વિશેષ સસ્કારી મનુષ્યો છે, તે વિશેષ સત્કાર પૂર્વક તેને ખાવા આપશે દાખલા તરીકે તે ભૂખ્યાને કહેશે કે તુને હુ ખાવા આપુ છુ, પરતુ તુ નાહ્યો છે કે નહિ ? નાહ્યા વગર જે આર્ય ખાય તેને તો દોષ લાગે છે, માટે તુ નાહીને આવ જો તે નહાવાને અશક્ત હોય અથવા તો તેવી સગવડ નહિ હોય, તો તેના હાથ પગ ધોવડાવીને પછી તેને ખાવાનુ આપશે અને તેને ખોરાક ખાધા પછી પણ પાછા હાથ મોઢુ નાખવાની ભલામણ કરશે કોઇ કહે કે, એ તો સ્વચ્છતા (Cleanlyness) માટે સર્વને આવશ્યક છે. તો તેમ નથી જે આર્યના હાથપગ સ્વચ્છ (નિર્મળ) હોય, તેને પણ ખાતા પહેલા તે ધોવાજ જોઇએ એથી વધારે સસ્કારી જે આર્ય હોય, તે તો ગમે તેવો ભૂખ્યો હશે તો પણ ગમે તેના સ્વચ્છ હાથનુ પણ એકદમ ખાશે નહિ. એટલુજ નહિ પણ

જેના હાથનું ખાવા યોગ્ય હશે, તેના હાથનુજ તે ખાવાનુ લેશે અને લઇને પણ તેને પોતાના ઈષ્ટ દેવતાને નિવેદન કરીને, પછી તે મોમાં મૂકશે ભૂખથી એ-આકળો બની ગમે તેના હાથનો ગમે તે ખોરાક ખાય, તે આ આર્ય દેશમા જન્મ્યો હોય કે રહેતો હોય તો પણ તે અનાર્યજ ગણાયછે આ ઉપરથી સમજવાનુ એ છે કે સર્વે મનુષ્ય આકૃતિ જોતા એક સરખા લાગે છે, પરતુ તેના તેના વિશેષ ધર્મથી, તે એકમેકથી જુદા પડેછે તે વિશેષ ધર્મને લઇને તેની જાતિપણ જુદી જુદી બનેછે તે વિશેષમા એકનો જે ખાસ ધર્મ તે તેનો સ્વધર્મ અને બીજાનો પરધર્મ બને છે દાખલા તરીકે આર્યોનુ વેદ નામક જે આર્ષ મત્રમય જ્ઞાનછે, તે ભણવાનો અધિકાર વર્ણિક (બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય)નેજ છે અર્થાત્ વેદ ભણાવવો એ બ્રાહ્મણનો **સ્વધર્મ** અને બ્રાહ્મણ શિવાયનાનો **પરધર્મ** છે આજે જેઓ પરદેશી પ્રોફેસરની પાસે વેદના ટુટક ટુટક મત્રો કોલેજમા ભણેછે, તેઓને અમારી આ વાત વહેમ ભરેલી લાગશે, પરતુ એ જે કોલેજનુ હાલનુ ભણતરછે, તે ધર્મની ખાતર નથી માત્ર બી એ એમ એ ની પદવી મેળવવા પુરતુ છે એ રીતે ભણેલા કોઇને પણ વેદપૂરો આવડતો નથી, એટલુજ નહિ, પણ તે તેને યજ્ઞાદિ પ્રયોગમા પણ ઉપયોગી થતો નથી જેવા રીતે અમારી પ્રાચીન પદ્ધતિયે ગુરૂઘેર રહી બ્રહ્મચર્ય પાળીને વેદ ભણેલા બ્રાહ્મણો વિષ્ણુયાગ, રૂદ્રયાગ વગેરે વૈદિક કર્મોનો પ્રયોગકરી શકે છે, તેવો કોઇપણ બી એ એમ એ થી થઈ શકતો નથી વળી ધર્મકર્મમા જે વેદશાસ્ત્રપર શ્રદ્ધા જોઇએ, તે પણ તેવા પ્રોફેસર પાસે પઢવામા ભાગ્યેજ જડશે દાખલા તરીકે મરહુમ પ્રોફેસર છત્રીવાળા જેઓ આસ્તિક બ્રાહ્મણ હતા, તેમ છતા પરદેશી અનાર્ય પ્રોફેસરપાસે વેદાર્થ ભણવાથી તેઓની બુદ્ધિમા પણ વેદ પૌરૂષેય છે એવો ભ્રમ થયો હતો વળી વૈદિક કામ્યકર્મ કરીને તેનુ યથેચ્છફળ પ્રત્યક્ષ જેવુ પ્રાચીન પદ્ધતિથી વેદ ભણનારા કરી દેખાડવેછે, તેવુ નૂતન વૈદિકોથી થઇ શકતુ નથી દાખલા તરીકે આ મુબઈ શહેરમા સવત્ ૧૯૩૩ મા "**પર્જન્યશાંતિ**" યજ્ઞ કરી પ્રત્યક્ષ વર્ષાદ વર્ષતો, અને સંવત્ ૧૯૫૦ મા **શ્રીકૃષ્ણગઢ** (કીસનગઢ) મા "**પુત્રકામેષ્ટી**" યજ્ઞ કરવી બાર માસની અદર "પુત્રપ્રાપ્તિ" નુ પ્રત્યક્ષ ફળ જેવુ **પડિત શ્રીગટ્ટૂલાલજી**એ લોકોને દેખડાવ્યુ હતું, તેવુ કોઇ બી એ એમ એ થી કદીપણ થઇ શકશે ખરૂ કે ? આમા ખરૂ કારણ **સ્વધર્મનુ** યથાર્થ જ્ઞાન અને તેનુજ સ્વધર્મનુ શ્રદ્ધાપૂર્વક યથાર્થ આચરણ એજ છે.

માટે **સ્વધર્મનો** ખરો અર્થ વર્ણાશ્રમધર્મ એજ છે એક વર્ણના ધર્મકર્મ છે, તે ખરી આપત્તિવિના બીજાવર્ણે કરવા માડવા નહિ કોઇ પૂછેકે સ્વધર્મનો

અર્થ વર્ણધર્મ એમ તમે શા આધારે કહોછો ? તેનો ઉત્તર એજ છે કે તે એજ ગીતાના ૧૮ મા અધ્યાયના શ્લોક ૪૧ થી ૪૫ સુધી ભગવાન્ શ્રીકૃષ્ણે પડે સ્પષ્ટ કરી દેખાડ્યા છે એટલુજ નહિ, પણ આધુનિક જનોની કુકલ્પનાના વારણમાટે મથાળે મૂકેલા શ્લોકની અક્ષરશ પુનરુક્તિપણ ભગવાને કરી કહ્યુ છે કે —

श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम् ॥

સાંગ અને સારેલા અનુષ્ઠાનવાળા વિશેષ ગુણવાળા **પરધર્મ** કરતા, ઓછા ગુણવાળો પણ **સ્વધર્મ** કલ્યાણકારી છે કેમકે દરેક જાતિ (વર્ણ) નો જન્મતજ અમુક એક સ્વભાવ હોય છે, અને તે સ્વભાવને લઇને જે જે કર્મો શાસ્ત્રે નિયત કર્યાછે, તે તે પોતાના સ્વાભાવિક કર્મ કરનારો પાપ ભાગી થતો નથી અર્થાત્ પરધર્મ સ્વીકારનાર પાપ ભાગી થાય છે અને તેજ કારણથી પોતાના ધર્મમા મરવું સારૂ, પરંતુ પરધર્મ ભયકર છે મતલબકે પરધર્મ ગ્રહણ કરવાથી કદાપિ કોઇને આ લોકમા ભય નહિ જણાય તો પણ મરણપછી પરલોકમા તો તેને માથે મોટો ભય છે. પાપભીરૂ સજ્જનોએ ભગવાનની ઉપલી આજ્ઞા જરૂર કાળજામા કોરી રાખવી, તથા પોતાના ઘરમા પણ જે સ્થળપર પોતાની આંખ વારવાર જતી હોય, તે સ્થળે એ શ્લોક મોટા અક્ષરે લખી રાખી નિરંતર તેનુ સ્મરણ કરવુ એજ અમારા આર્ય બાંધવોને ભલામણ છે —

શ્રેષ્ઠ સ્વધર્મ વિગુણ, સુસિદ્ધ પરધર્મથી;
સ્વધર્મે મરણ શ્રેષ્ઠ, ભયો છે પરધર્મથી.

(સમશ્લોકી ગીતા –પંડિત શ્રી ગટ્ટૂલાલજી.)

ચાલુચર્ચા.

પ્રયાગમાં " સનાતન ધર્મ મહાસભા " તેમજ " ભારત ધર્મ મહામંડળ " બેઉના અધિવેશનો જુદા જુદા થયા, પરંતુ બેઉનો ઉદ્દેશ એકજ હોવાથી તથા તેના પ્રમુખ, મંત્રી વિગેરે કારોબાર મંડળમા સ્વકર્તવ્ય કરનાર તથા સ્વપની ખરી કીમત સમજનાર સુજ્જનો હોવાથી, બેઉ મંડળોએ મળીને હવે પછી વિશ્વવિદ્યાલય તથા અધ્યયનાના કર્તવ્યો કરવાનુ ઠરાવ્યુ છે સ્વપ ત્યાજ શાંતિ, શાંતિ ત્યાજ સદ્બુદ્ધિ અને સદ્બુદ્ધિ ત્યાજ વિજય એ નિર્વિવાદ વાત છે, માટે આર્યબાંધવોએ સંપથી સ્વકર્તવ્ય કર્મો કરવા હમેશ તત્પર રહેવુ

ભારતધર્મ અને મહામંડળનું કર્તવ્ય.

(રા. રા. બાળ ગંગાધર તિલકે બનારસમાં ભારત ધર્મ મહામંડળ સમક્ષ કરેલા ભાષણનો સાર)

આપ સમક્ષ મરાઠી અથવા અંગ્રેજી આ બે ભાષાશિવાય અન્ય ભાષામાં ભાષણ કરવા અશક્ત હોવાથી, તે બદલ હું દલગીર છઉં ધાર્મિક વિષયમાં અંગ્રેજી ભાષાને બહિષ્કૃત કરવી જોઇએ, પરંતુ અન્ય ભાષામાં બોલવા અશક્ત હોવાથી મારે અંગ્રેજીમાં બોલવું પડે છે તે બદલ આપ મને ક્ષમા કરશો, એવી મને આશા છે હિંદુધર્મનું મહત્ત્વ, તેની હાલની સ્થિતિ અને તેનું હાસ્ય ન થાય, એ બાબતમાં ચાલતા પ્રયાસ સબંધે હું હાલ બોલવા માગું છું હિંદુ ધર્મ એટલે શું ? તમો હિંદુસ્થાનના દૂર દૂરના ગામોમાં પ્રવાસ કરશો તો હિંદુધર્મ એટલે શું ? આ વિષયમાં જુદા જુદા લોકોના જુદા જુદા વિચાર છે, એમ તમોને ઉપર ટપકે જોતા માલમ પડશે અહીં તમો સર્વ વૈષ્ણવ અથવા શ્રીકૃષ્ણના અનુયાયી છો તમો દક્ષિણદિશા તરફ જોશો તો રામાનુજાચાર્યના વા અન્ય પંથના અનુયાયી દૃષ્ટિગોચર થશે. આવી સ્થિતિ છે, તો હિંદુધર્મ એટલે શું ? આ પરસ્પર ભિન્ન દેખાતા ભાગોનું એકી કરણ કર્યાવગર ભારત ધર્મ મહામંડળને 'મહામંડળ' એ નામ શોભતું નથી હિંદુધર્મના ઝુંડા નીચે હિંદુ ધર્મના જુદા જુદા મત અને પંથોના અનુયાયી એકઠા થયાશિવાય આ નામ સાર્થક થનાર નથી આ પરસ્પર ભિન્ન ધર્મ એકજ વૈદિક ધર્મની અનેક શાખા છે 'સનાતનધર્મ' એમાંના સનાતન એ શબ્દપરથી તો અત્યંત પ્રાચીન (માનવી જાતિના ઇતિહાસના જેટલો પ્રાચીન) છે એમ માલમ પડે છે અતિપ્રાચીનકાળથી વૈદિક ધર્મ એ આર્યોનો ધર્મ છે વૃક્ષની શાખા વૃક્ષના આધાર વગર રહી શકતી નથી, એ તમોને માલમ છે તે મુજબ પરસ્પર સબંધ ધરાવતા ધર્મના ભાગ એકઠા રહીને તેનો હિંદુધર્મ થયો છે. આ સર્વ ભાગોનો હિંદુધર્મસાથે પુત્ર અથવા પુત્રી જેવો સબંધ છે આ વાત આપણે હરહમેશ ધ્યાનમાં રાખવાથી તથા પરસ્પર ભિન્ન એવા ભાગોનું એકીકરણ કીધાથી, તેની એક પ્રચંડશક્તિ થશે જ્યાંસુધી તમો આપસ આપસમાં વિભાગિત છો; તેમજ એક ભાગની બીજાને મળતી સમાનતા અને ઐક્યતાની તેને ખબર નથી, ત્યાં સુધી તમારો (હિંદુઓનો) ઉદય થનાર નથી ધર્મ એ એક રાષ્ટ્રીયપણાનું પ્રધાન અંગ છે ધર્મ એ શબ્દનો અર્થ બંધન એમ છે આ શબ્દની ઉત્પત્તિ ધૃ-ધરવું, ધારણ કરવું એ અર્થના ધાતુપરથી છે હવે એકત્ર ને ધરવાનું અથવા

એકીકરણ કરવાનુ તે રોનું ૧ ધર્મ શબ્દથી એમ બોધિત થાય છે કે આત્માનુ ઇશ્વર સાથે અને મનુષ્યનુ મનુષ્યસાથે ઐકય કરવુ મતલબકે ઇશ્વર માટે તથા આપણા મનુષ્ય બાધવ એઓને સારૂ આપણે આપણુ કર્તવ્ય કરવુ એ ધર્મ શબ્દનો અર્થછે આ મુજબ હિંદુ ધર્મમા નીતિતત્વ દર્શાવેલાછે અને તેવડે સમાજ બધનની ઉત્પત્તિ થએલીછે આ મુજબ ધર્મ શબ્દની વ્યાખ્યા થઈ વૈદિક કાળમા હિંદુસ્થાન દેશનુ ઐકયતાના પાયાપર રચાયલુ એક મોટુ રાષ્ટ્ર હતુ પરતુ હાલ તે ઐકયતાના પાયા ધસીપડવાથી આપણે નીચ (અધમ) દશાને પ્રાપ્ત થયા છીયે એ ખમેલી ઐકયતા ફરી ઉધ્ધૃત કરવાની ખટપટ કરવી, એ દરેક આગેવાન આર્યનુ પવિત્ર કર્તવ્ય છે અહીંના હિંદુમનુષ્યનુ હિંદુત્વ, મદ્રાસ અથવા મુબાઇ તરફના હિંદુ મનુષ્યના હિંદુત્વ જેવુજ છે તેમા કાઈ પણ ફરક નથી બધાની સમાનતા છે તમો જરા જુદી જુદી ભાષા બોલોછો અથવા જુદી તરેહના પોષાક પહેરોછો તોપણ તમારા અતઃકરણમા જે મનોવૃત્તિ વિચરેછે તેમા ફરક નથી **શ્રીમદ્ ભગવદ્ગીતા, રામાયણ** અને **મહાભારત** એ ગ્રથ વાચવાથી સર્વની મનોવૃત્તિપર એક સરખોજ પરિણામ થાયછે અર્થાત્ આ ગ્રથત્રયનુ વાચન વા મનન કરવાથી આપણા અતઃકરણમા ઉચ્ચબળ ઉત્પન્ન કરનારી મનોવૃત્તિ આપણ સર્વમા સર્વ સાધારણ રીતે વિકાસ પામેછે અને જુદા જુદા મતો કે પથોના સૂક્ષ્મભેદ વિસરી જઈ, જો આપણે સર્વ સમાન છીએ એ વાત તરફ લક્ષ્ય દઈને તે મુજબ ચાલશુ, તો ઇશ્વર કૃપાથી આ અનેક મત તથા પથોની ઐકયતા કરી, તેનુ એક બળવાન્ ધાર્મિક રાષ્ટ્ર બનાવતા આપણને ઝાઝો વિલબ લાગશે નહિ પ્રત્યેક ખરા હિંદુ રક્ત ધરાવનારની આજ મહત્વાકાક્ષા હોવી જોઇયે જો તમો આ ઐકયતા કરવા પ્રયત્ન કરવા લાગશો, તો થોડા વર્ષમા તમોને એમ માલમ પડશે કે સર્વ દેશમાના હિંદુના અતઃકરણમા એકજ મનોવૃત્તિ અથવા એકજ વિચારે વાસો કર્યોછે આપણે એ કર્તવ્ય કરવાનુ છે આપણા ધર્મની હાલની સ્થિતિ ઇષ્ટકારક નથી આપણે વિભક્ત થયેલા છીયે, એમ આપણને માલમ પડેછે અને આપણી પ્રગતિના મૂળથી આવેલી જે ઐકય ભાવના તે તદ્દન નષ્ટ થઈ ગઈ છે આપણામા એટલા બધા ભાગ તથા પેટાવિભાગ છે, એ ખરેખર શોચનીય છે નષ્ટ વા વિસ્મૃતિગત થએલી આ ઐકયતાનો પુનઃ પ્રાદુર્ભાવ કરવો, એ ભારતધર્મમહામડળ સરખી સસ્થાનુ પ્રથમ કર્તવ્ય છે જગતના ઉન્નતિ પ્રાપ્ત કરેલા રાષ્ટ્રોની બરોબરી કરવાની યોગ્યતા ઐકયતા કીધાવિના હિંદુસ્તાનમા આવવી અશકયછે ગયા બે સૈકાથી હિંદુસ્થાન જે દશામા છે તેમા કઇપણ ફરક પડયો નથી બૌદ્ધ ધર્મનો ઉદય થવાથી બૌદ્ધ અને જૈન લોકોએ

હદુ બાહ્ય ધર્મપર હલ્લા કીધા. આની માહોમાંહેની, લડાઈની શોચનીય સ્થિતિમા છસો વર્ષ ગયાબાદ પ્રથમ શ્રીશંકરાચાર્યનો અવતાર થયો અને હિંદુધર્મના તત્વજ્ઞાનમાથી સર્વ સાધારણ તત્વોનુ એકીકરણ કરી, તેઓ શ્રીએ એવા પ્રકારે ધર્મોપદેશ કીધો કે જેથી ભરતભૂમીના આંગણમા ફરતી બૌધ્ધ ધર્મની ધ્વજા આપોઆપ પડી ગઈ (બૌધ્ધધર્મનુ જોર આર્યાવર્તમા મંદ થયુ) અને આગ્રહી બૌધોને આર્યવર્તની બહાર જવાની ફરજ પડી.

આપણા દિવ્ય અને સનાતન ધર્મ સ્વરૂપનુ એવુ વચન પરમાત્મા શ્રીકૃષ્ણે આપ્યુ છે કે—**परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥** * આવા પ્રકારના શુધ્ધ વચનનો આપણને આધાર છે જ્યારે સજ્જનને દુર્જનો છળવા માંડે છે, અને તેથી ધર્મની ગ્લાનિ થાય છે, ત્યારે સજ્જનનુ સંરક્ષણ અને દુષ્ટોનો સંહાર કરવા સારૂ તથા સનાતન ધર્મની સંસ્થાપના કરવા સારૂ, હુ પૃથ્વીપર આવિર્ભૂત થાઉછુ એમ શ્રીકૃષ્ણે કહ્યુ છે મતલબ કે જ્યારે જ્યારે મારા અવતારની આવશ્યક્તા લાગે, ત્યારે ત્યારે હુ અવતાર લઇશ આવા દિવ્ય અને આશા આપનાર ઈશ્વરી અભિવચન તમને હિંદુધર્મશિવાય અન્ય કોઇપણ ધર્મમા મળશે નહિ. મહમદ એ મુસલમાની ધર્મના એકલાજ પેગંબર છે તેની પછી બીજો પેગંબર થશે, એવુ કુરાનમા પણ કહ્યુ નથી તે મુજબ ક્રિસ્ચિયન પણ એક વખત આવ્યા, પણ કલ્પની આખરના ન્યાયના દિવસે મધ્યસ્થ તરીકે ફરી આવવાનુ તેમનુ વચન નથી હિંદુધર્મ જેવુ આશાયુક્ત વચન અન્ય કોઈ પણ ધર્મમા મળશે નહિ. અને હિંદુ ધર્મનુ ચિરસ્થાયિત્વ આજ પાયાપર સ્થાપિત થયુ છે હિંદુધર્મ નષ્ટ પામ્યો નથી, તેનુ પણ આજ કારણ છે નાસ્તિક અને પાખંડ મતવાદી લોક ગમે તેમ કહે, પરંતુ તેઓની સાથે આપણુ કંઈ પણ કર્તવ્ય નથી. આપણા ધાર્મિક વિચાર અને હકનુ સાફલ્ય થવાનો વખત ક્યારે પણ આવનોજ આ સંબધમા ભારતધર્મ મહામંડળે બને તેટલો પ્રયાસ કરવા પ્રારંભ કીધો છે, માટે તે ઇચ્છિત ફળ પ્રાપ્ત કરવાના ઉદ્દેશને જોઇને દરેકે અને તેટલી આ સંસ્થાને મદદ કરવી જોઇએ આ વખતે આ પવિત્ર કાર્ય કરવા જો કોઈ તૈયાર નહિ થશે, તો હવે પછી આપણી થનારી પ્રજા આ કાર્ય કર્યા વગર

---

* એકેક પાળવા સાધુ, ને દુષ્ટાશય મારવા,
યુગે યુગે સંભવુ છુ, ધર્મમા ધર્મ ધારવા
(સમશ્લોકી ગીતા અ ૪,શ્લો ૮) (પંડિત શ્રી ગટ્ટૂલાલજી.)

રહેને નહિ એવી આપણે આશા રાખવી આપણો ધર્મ સનાતન છે એનો સિદ્ધાંત અભેદ છે આ ધર્મમા **શ્રીકૃષ્ણના** પવિત્ર વચન છે અને તેનો પાયો સત્યપર સ્થાયેલો છે અને સત્ય તો ત્રિકાળમા નાશરહિત છે સત્ય એ એકજ વ્યક્તિની થાપણ નથી, પણ તે સાર્વત્રિક અને સર્વત્ર છે હિંદુધર્મ એવો છે કે તે પારકા મતોને પણ સહન કરી શકે છે, કેમકે સર્વ ધર્મનો પાયો સત્ય એજ છે પરંતુ સર્વે જણાએ પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવું એવો એનો ઉપદેશ છે '**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह**' આ વાક્યમા ઉપર જણાવેલી વાત કહી છે શ્રી કૃષ્ણ કહે છે કે સર્વ ધર્મ એકજ ઇશ્વરની જુદી જુદી રીતે પ્રાર્થના કરે છે, અર્થાત્ તેઓના અનુયાયીઓને તેથી અધોગતિ પ્રાપ્ત થતી નથી ઇતર ધર્મના અનુયાયીઓને અક્ષય નરકમા પડવુ પડશે, એમ હિંદુધર્મમા કોઈ પણ ઠેકાણે કહ્યુ નથી પારકામતનું સહન કરવાનુ આવુ ઉદાત્ત તત્ત્વ મૂકેલુ, હિંદુધર્મશિવાય અન્ય કોઈ પણ ધર્મમા મળશે નહિ આનુ કારણ એ છે કે અન્ય ધર્મના મૂળમા જે સત્ય સમાયલુ છે તે અશરૂપેજ છે, તે કઇ પૂર્ણ સત્ય નથી હિંદુધર્મ સનાતન પૂર્ણ સત્યના પાયાપર સ્થાયલો હોવાથી છેવટે તેનોજ વિજય થવો જોઇયે શિવાય, સખ્યાવિષયકબળ એ પણ એક મોટી શક્તિ છે એટલે જે ધર્મના અનુયાયી કરોડોની સખ્યામાં છે તે ધર્મ શુ નષ્ટ થશે? કદી નહિ એવો કોઈ અકસ્માત બની આપણા કરોડોની સખ્યાના ધર્મ બાધવો નષ્ટ ન થાય, ત્યાસુધી આપણી ધર્મ ધ્વજા ફરફર ઉડતી રહેવાની અને ત્યાસુધી આપણો ધર્મ નષ્ટ થનાર નથી ઇચ્છિતાર્થની પ્રાપ્તિમાટે આપને એક વાત કહેવી જોઇયે અને તે એકે આપણા સર્વ પથો અને મતો (સપ્રદાયો) નુ એકજ બાબતપર ઐક્ય કરી તેઓના શરીરમા સનાતન ધર્મનો અડગ અને પ્રચડ અસાધારણ વિદ્યુત પ્રવાહ દાખલ કરવો. ભારત ધર્મ મહામડળે આજ કામ કરવુ જોઇએ જુદી ભાષા બોલવામા, જુદી તરેહના વસ્ત્ર પહેરવામા, અને કોઇપણ વિવક્ષિત દેવની પૂજા કરવામા, શુ આપણા દેશબધુત્વના સબધમા અડચણ પડશે? નહિ પડે હિંદુ ધર્મ '**दिक्कालाद्यनवच्छिन्नः**' એવા પ્રકારનો છે તેના સ્વરૂપમા સર્વ પ્રકારનો સમાવેશ થાય છે આપણી ગીર્વાણવાણીજ વિસ્તૃત સ્વરૂપવાળી છે અને તેમા અમૂલ્ય ગ્રથોનો સમાવેશ થયેલો છે **ગીતાના સાતશો** શ્લોકમા જે જ્ઞાન ભરેલુછે, તે અન્યત્ર પાશ્ચાત્ય અથવા કોઇપણ તત્ત્વજ્ઞાનના ગ્રથમા મળશે નહિં હવે આપણને જે પ્રતિકૂલ શક્તિ સાથે યુદ્ધ કરવાનુછે તેનો આપણે વિચાર કરીએ એ શક્તિ **ભૌતિકશાસ્ત્ર** અને **ખ્રિસ્તીધર્મ** એ છે આપણાં

ધર્મપરપ્રતિકૂલ ટીકા આ બે તરફથી થનારો, હવે ભૌતિકશાસ્ત્રવિષે પૂછશો તો હાલ પાશ્ચાત્ય રાષ્ટ્રોના વિચારમાં તેજ દેખાવા લાગીછે પાશ્ચાત્ય લોક જે તત્ત્વનો શોધ કરેછે, તે તત્ત્વ આપણા ઋષિઓને અગાઉથી માલમ હતું, એમ હાલ અનુભવમાં આવવા લાગ્યું છે અધ્યાત્મજ્ઞાનસ શોધક સમાજ (Theosophical Society, થિયોસોફિકલ સોસાયટી) સ્થાપન થઈ ત્યાર પછી અને શાસ્ત્રીય જ્ઞાનનો પ્રચાર થયા પછી, એમ સિદ્ધ થતુ ચાલ્યું છે કે હિંદુ ધર્મના મૂળમાં જણાવેલી આદિતત્ત્વની સત્યતા સિદ્ધ થાય તેમ છે દાખલા તરીકે એકજ વાત લ્યો ચૈતન્યનું અસ્તિત્વ સર્વત્ર છે એ તત્ત્વ હિંદુ ધર્મનું છે આધુનિક શાસ્ત્ર મુજબ જોશો તો એ તત્ત્વ ખરૂં ઠરેછે, એમ ડાક્ટર બોસ એમણે સપ્રમાણ સિદ્ધ પણ કીધું છે દેહવ્યતિરિક્ત આત્માનું અસ્તિત્વ હોઈ શકે, એ તત્ત્વ જો લઇએ તો તેની સત્યતા સિદ્ધ કરવી એ દુષ્કર નથી વળી દેહનાશ થયા બાદ આત્મા રહે છે, એ તત્ત્વ તથા કર્મ તેમજ પુનર્જન્મ એ તત્ત્વ સર્વ પરસ્પર સબંધ ધરાવેછે એપર હર્બર્ટ સ્પેન્સરને વિશ્વાસ નહોતો, પરંતુ ઓલિવ્હરલોજ અને મેયર વગેરે તત્ત્વવેત્તાઓએ હમણા એમ પ્રસિદ્ધ કીધું છે કે દેહના નાશથી આત્માનો નાશ થતો નથી અહીંસૂધી ભૌતિકશાસ્ત્રે આપણા ધર્મતત્ત્વોની સત્યતા સ્થાપિત કીધીછે આધુનિક ભૌતિકશાસ્ત્રમાં જો કે કર્મ માર્ગની વધુ માન્યતા નથી, તો પણ પુનર્જન્મના તત્ત્વને તેઓ સંમત છે પરંતુ ખ્રિસ્તી ધર્મનો આ પર વિશ્વાસ નથી આ ધર્મના લોકનો મત એવો છે કે પ્રત્યેક વખતે ઈશ્વર મનુષ્યને નવો આત્મા આપેછે આ પ્રમાણે પાશ્ચાત્ય વિચારોમાં દર્શાવેલું છે. ભૌતિક શાસ્ત્રના શોધના મૂળમાં આપણા શત્રુ નહિ જેવા હવે થવા લાગ્યાછે તેથી ધીરજ ધરો અને છેવટ ફળ પ્રાપ્તિમાટે અંતઃકરણથી લડો જેમ જેમ તમો ઐકયતા કરતા જશો, તેમ તેમ ભવિષ્ય કાળનો દેખાવ તમોને અધિક સુંદર તથા તેજાળી લાગશે હાલમાં અમેરિકન લોક ફક્ત વેદાંતનું પારાયણ ન કરતાં, મનોભાવથી તેનો અભ્યાસ કરેછે હૃદયના ચાલવાની ક્રિયાબંધ કરી શકાય એમ કોઈ પણ યુરોપીયન વૈદ્યને લાગતું નથી પરંતુ તેઓને અસંભવ લાગતી આ વાત સિદ્ધ થઈછે. વેદાંત અને યોગ એની સત્યતા આધુનિક ભૌતિકશાસ્ત્રે સ્થાપિત કીધીછે અને તેનો ઉદ્દેશ તમારામાં આધ્યાત્મિક ઐકયતા કરવાનો છે અર્થાત્ આ સત્યનો આશ્રય લઈ, તેમજ આપણા ધર્મશાસ્ત્રની પુનરાવૃત્તિ કરી ભૌતિક શાસ્ત્રના પ્રકાશમાં તેની સત્યતા જગતને દેખડાવવી એ આપણું કર્તવ્ય છે પરંતુ હું ફરી બેધડક કહુંછું કે આ કામમાં ઐકયતાની આવશ્યકતા છે સર્વ પંથોના મૂળમાં જે ઐક્ય

છે, તે ઐક્યને વળગી આપણામાના સર્વ ભેદ વિસરી જાઇ, જો તમે કાર્યનો આરભ કરશો નહિ, તો તમે તમારા પોતાના તેમજ આપણા દેશબધુ સબધેનુ કર્તવ્ય કરવા ચૂકી ગયા એમ થને આ બાબતમા સ્વામી **જ્ઞાનાન'દ** વગેરે મડળી પરિશ્રમ કરે છે, પરતુ આપણે માત્ર આલસ્ય નિદ્રામાં ઉંઘતા પડેલા છઇયે આ આલસ્ય નિદ્રા આપણી બુદ્ધિમા આવી છે આપણા ધર્મ ભડારમા લોખડ નથી, પણ સુવર્ણ ભરેલુ છે એમ કહેવાને આપણને પારકાની જરૂર પડે છે આધુનિક ભૌતિકશાસ્ત્ર અને શિક્ષણ આપણને મદદ આપવા તૈયાર છે તેનો લાભ લેવાને તમારે તૈયાર થવુ જોઇયે ખ્રિસ્તી લોકને ખ્રિસ્તિધર્મનો ઉપદેશ કરતા આપણે દેખીએ છીએ, તેમ આપણા સનાતન ધર્મનો ઉપદેશ હિદુ લોક કરશે અને તે આખુ જગત્ જોશે, એવો ખાસ વખત આવનાર છે માત્ર તમારે પોતાની સર્વ શક્તિ એકજ કેદ્રસ્થાનમા એકઠી કરવી જોઇયે ભૌતિકશાસ્ત્રની સાથે સનાતન ધર્મનુ શિક્ષણ આપવા એક હિદુ **વિશ્વવિદ્યાલય**ની સ્થાપના થનાર છે એ ઉત્તમ વાત છે છેવટે મારૂ કહેવુ એ છે કે તમારે સર્વ મત અને પંથોનુ ઐક્ય કરવા પ્રયત્ન કરવો જોઇએ એવી ઐક્યતા કરવાથી તમોને જગતના રાષ્ટ્રોમા પણ ઉંચ સ્થાન મળવા વિલબ લાગશે નહિ, અર્થાત્ તમારી ઉન્નતિ થયા વગર રહેશે નહિ.

[ઇંદુપ્રકાશ તા. ૧૨-૧-૦૬]

ઘરાકોને વિનંતિ.

જે જે સદ્ગૃહસ્થોને આ માસિક પસદ પડ્યુ છે તથા જેઓ એના પ્રથમ વર્ષના ઘરાકો થયા છે, તે ભાઇઓ પ્રતિ અમને આશા છે કે તેઓ પોતે **બીજા વર્ષ** માટે પણ ઘરાક કાયમ રહી, લવાજમ અગાઉથી મોકલી આપવાની મહેરબાની કરશે, એટલુજ નહી પણ એકેક નવુ ઘરાક આ પત્ર માટે મેળવી આપવા તેઓને અમે ખાસ વિનતિ કરીએ છીએ.

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક ૨ જુ. સંવત્ ૧૯૬૨ ફાલ્ગુન માસ અંક ૨ જો.

ॐ नमो भगवते वासुदेवाय ॥

મંત્ર મંગલાચરણ.

દોહરા.

ૐ તત્ ને સત્ એ ત્રિધા, બ્રહ્મતણો નિર્દેશ;
નરનારીના નિયમથી, પ્રકટે પ્રાકૃત વેશ. ૧
મોક્ષાર્થી જે માનવી, તદ્ ઇચ્છા અનુસાર,
ભગવત ધારે નિત નવા, અવનીપર અવતાર ૨
ગર્વ સર્વના ગાળતા, ટાળે નિજજન દોષ,
વદન વચનમાં દાખવે, સત્ય અને સંતોષ ૩
તે પ્રભુને પ્રેમે નમો, વારંવાર સૌ ભાઈ,
વાસો જેનો વિશ્વમાં, તે વણ ન મળે કાંઈ ૪
સુખ દુ:ખે સંગે રહે, જાણો નહિ કંઈ દૂર,
દેખો જ્ઞાનદૃષ્ટે કરી, વસે વિશ્વ ભરપૂર ૫
વાસુદેવ આ વિશ્વમાં, તેમજ અંતર દેહ,
ભજો ભજો સદ્ભાવથી, ટાળી સૌ સંદેહ ૬.

નીતિ.

આર્યશાસ્ત્રકારોએ પુરૂષોના કર્તવ્ય માટે ચાર પુરૂષાર્થો ઠરાવ્યા છે તેમાંના અર્થ પુરૂષાર્થમાં નીતિનો સમાવેશ થાય છે જેમ ધર્મપુરૂષાર્થમાં સાધારણ અને વિશેષ એવો ભેદ છે, તેમ અર્થમાં પણ ભેદ છે સામાન્ય નીતિનું લક્ષણ નીચે પ્રમાણે છે —

ન્યાયે અર્જન ધન તણું, રક્ષણ વર્ધન સાર;
અર્પણ સારા સ્થાનમાં, એ છે નીતિ વિચાર.

(પંડિત શ્રી ગટ્ટૂલાલજી)

ન્યાયે (પ્રામાણિકપણે-કોઈ પણ જાતની દગલબાજી કે વિશ્વાસઘાત કર્યા વિના) ધન કમાવુ, કમાયલા ધનનુ રક્ષણ કરવુ તથા તેમા ધીમે ધીમે સારો વધારો કરવો, પછી તે સચિત ધનને સારા સારા કામોમા વાપરવુ એ ટૂકમા નીતિવિચારનો સાર છે. વિશેષ નીતિમા વર્ણભેદે કેટલાક ફેરફાર થાય છે બ્રાહ્મણો માટે જે નીતિ તેને **ધર્મનીતિ** કહે છે, ક્ષત્રીયોની નીતિને **રાજનીતિ**, વૈશ્યોની નીતિને **વ્યાપારનીતિ** અને શૂદ્રોની નીતિને **કામનીતિ** કહે છે.

ધર્મનીતિનુ સ્વરૂપ એવુ છે કે, પોતાનુ ભલે નુકસાન થાય, તે પોતે સહન કરવુ, પરતુ બીજાનુ બીલકુલ નુકસાન ન થવા દેતા, ઉલટુ જેમ તેનુ ભલુ થાય, તેવુ વર્તન કરવુ. દાખલા તરીકે " પોતે બોલેલુ વચન પાળવુ " એ ધર્મનીતિ છે તથાપિ શ્રીકૃષ્ણપરમાત્માએ પોતાનુ વચન જે " ભારતયુદ્ધમા શસ્ત્ર ન પકડવુ " તે, ન પાળતા ચક્ર હાથ ધર્યું અને પોતાનો ભક્ત જે **ભીષ્મપિતામહ**, તેની પ્રતિજ્ઞા કે તને શસ્ત્ર ધરાવીશ, તે ખરી કરી આપી આ **ધર્મ**નીતિની પરાકાષ્ઠા ગણાય.

રાજનીતિ એટલે પોતાનું થોડુ નુકસાન થાય, પરતુ પ્રતિપક્ષીનું વધારે નુકસાન થઈ, પોતાનો ધારેલો અર્થ પ્રાપ્ત થાય તે જેમ " સાચુ બોલવુ " એ સામાન્ય ધર્મનીતિ અને તે મહારાજા યુધિષ્ઠિર યથાર્થ પાળતા હતા, તે કારણથી તે **ધર્મરાજ** કહેવાતા છતા પણ અશ્વત્થામા નામનો હાથી ભારતયુદ્ધમા મૂઓ, તે વખતે દ્રોણાચાર્યે પોતાનો પુત્ર અશ્વત્થામા મૂઓ એમ જાણી, ધર્મરાજાને પૂછ્યુ કે અશ્વત્થામા મૂઓ કે ? ત્યારે ધર્મરાજાએ કહ્યુ હા, અશ્વત્થામા મૂઓ ખરો, પણ **नरो वा कुंजरो वा ॥** તે નર (દ્રોણપુત્ર) અશ્વત્થામા મૂઓ અથવા અશ્વત્થામા નામક હાથી મૂઓ તેની મને ખબર નથી. આટલું જાણીજોઈને પણ જુઠું બોલવાથી ધર્મરાજાનો રથ જે જમીનથી ઉંચો ચાલતો હતો, તે તરત જમીનપર બેઠો. હાલના કહેવાતા વિદ્યાવિલાસી નાસ્તિકોને આ વાત એક ગપાષ્ટક સરખી લાગ્યા વગર રહેશે નહીં પરતુ ધર્મથી ઉચ્ચ ગતિ રહે છે અને અધર્મથી નીચ ગતિ પ્રાપ્ત થાય છે એ સિદ્ધાત છે. અર્થાત્ ધર્મ છૂટયો અથવા તે જેટલો છૂટે તે પ્રમાણમાં અધોગતિ થાય છે. આનુ નામ **રાજનીતિ.**

વ્યાપારનીતિ એનું નામ છે કે વ્યાપારમાં તોલમા, માપમા કે ઠરાવેલા ભાવના હિસાબમા જરાપણ ઓછુ વત્તું ન લેવુ કે ન આપવુ તે તેમજ એક માલ બતાવવો અને તેને બદલે બીજો બાંધી આપવો એ વ્યાપારમાં પણ **અનીતિ** ગણાય છે તેમા પણ જરા પોતાના સ્વાર્થની છૂટ મૂકવી, અને તે પણ તેમ સ્પષ્ટ કહી દેવું, એ ઉત્તમ **વ્યાપારનીતિ.**

ગણાતા હતા દેવાળુ કાઢવુ એ વૈશ્યોની અથવા વ્યાપારીની વ્યાપાર નીતિજ ન કહેવાય.

કામનીતિને શુદ્રનીતિ પણ કહે છે, અને તે એ કે પોતાના ધણીનુ જે રીતે ભલુ થાય, તે રીતે અગ તોડીને મહેનત કરવી જેનુ અન્ન ખાવુ તે તરફ મન રાખવુ. આજે તો "જ્યા મળી રોટી ત્યા પડ્યા આળોટી" આ શુદ્રનીતિ આ આર્યાવર્તના ઊંચ વર્ણના પુરુષો પણ ગ્રહણ કરવા તત્પર થયા છે એ શુદ્રનીતિ કામમૂલક હોય છે, એમા ધર્મનો વિશેષ વિચાર રહેતો નથી વૈશ્ય અને ક્ષત્રિયો જો એવી નીતિ વાપરે તો તે **કૂટનીતિ** ગણાય છે એટલુજ નહિ, પરંતુ કામમૂલક નીતિ ઊંચ વર્ણે તો કદી પણ નજ વાપરવી જોઇએ આજકાલ તો મોટી મોટી લૌકિક કામના જેવી કે બેરિસ્ટર થવાની, ડાકતર થવાની, ઇજનેર થવાની અથવા તો કેવલ મોજ મારવા માટે ગમે તે પરદ્વીપમા, પછી ભલે ત્યા વર્ણધર્મ સાચવવાની ગોઠવણ હોય કે ન હોય, તો પણ જે જાય અને ત્યા તેણે માસમદિરાનું ખાનપાન કર્યું નથી, એટલુજ ફક્ત ગમે તે ઊંચવર્ણમાં જન્મેલો પોતાને મોઢે બોલી દે, તો તેને માટે જોઇએ તેવુ પ્રાયશ્ચિત્ત (પછી તે શાસ્ત્રથી વિરુધ્ધ કા ન હોય?) કાઢી આપવા માટે શ્રીદ્વારકાની ગાદીના હાલના નવા **શ્રીશંકરાચાર્યજી** જેવા ધર્મગુરુ તૈયાર છે! જ્યારે ધર્મગુરુની ગાદીને દીપાવનાર ધર્માચાર્યો, અને તે પણ **સંન્યાસાશ્રમ** સ્વીકારવાનો સસ્કાર ધરનાર જ્યારે શુદ્રનીતિની છૂટ ઊંચ વર્ણના આર્યો માટે કોઈ પણ જાતના પાકા પુરાવા મેળવ્યા વગર આપી દે, ત્યારે "લોભી ગુરુ અને લાલચુ ચેલા" જેવી દેશની દુર્દશા થાય એમાં શી નવાઇ? આજે તો, તે તે વર્ણોના મૂળ ગુણો અભિવ્યજક નથી થતા તેનુ કારણ બીજુ કાંઈજ નથી પણ તેઓ નીતિમા પણ ઉતરતા છે. લૌકિક લાભ નીતિ વગર કદી પણ પ્રાપ્ત થતો નથી, અને અલૌકિક લાભ તો ધર્મનીતિ વગર કોઇને પણ પ્રાપ્ત થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી રાજનીતિમા પોતાના થોડાક અર્થ કે કામનો ભોગ આપવાનુ હોય છે, પરતુ ધર્મનો ભોગ આપવાનું કોઈ પણ ધર્મનીતિમા મળશેજ નહિ માટે જો આર્ય-ભાઇઓ પોતાની ખરી ઉન્નતિ કરવા ઇચ્છા રાખતા હોય તો, તેમણે ધીમે ધીમે કામચારી કે કામવાદી ન થતા **નીતિ** અને **ધર્મરૂપી** લગામથી પોતાની ઇંદ્રિયોરૂપી ઘોડાને પોતાના કબજામા રાખતાં શીખવાની જરૂર છે નહિ તો એ ઘોડા એવા છીછંછલાં છે કે, તે દેહરૂપી ગાડીને ગમે તે ખાડામાં ઉતારી તેના અકાળે ચૂરેચૂરા કરી નાખશે. પરમેશ્વર પણ નીતિમાનને સહાય કરે છે "નીતીની શીખામણો" એ નાનકડા પુસ્તકને મથાળે એજ અર્થસૂચક નીચલો દોહરો મૂક્યો છે—

"નીતિથી વર્તે જનો, તેની પૂરે આશ,
નીતિ વણ રઝળી મરે, પડે પાપની પાશ."

પરોપકાર.

(પંડિત શ્રી ગટ્ટુલાલજીના ભાષણનો સાર)

મનુષ્યને આ લોક અને પરલોકમા અત્યુત્તમ સુખ સંપાદન કરાવનારૂં ખરૂં સાધન પરોપકારજ છે પરોપકાર તન, મન અને ધનથી કરી શકાય છે જેવી રીતે આપણે પોતાના દુ ખનુ નિવારણ કરવા તત્પર થઇએ છીએ, તેવીજ રીતે આપ ણાથી બની શકે તેમ પારકાના દુ ખનુ નિવારણ કરવા તત્પર થવુ જોઇએ. જે મનુષ્ય પારકાના દુ ખ મટાડે છે, તે પરોપકારી કહેવાય છે તેથી મનુષ્ય માત્રે પોતાના શરીર ઉપરથી પારકાના સુખદુ ખનુ હરહમેશાં અનુમાન કરતા શીખવુ જોઇએ, કારણ કે એવી રીતે વર્તવાથી કોઈ પણ મનુષ્ય અન્ય મનુષ્યના દુ ખાદિ જાણી શકે છે અને તે જાણવાથી તેનો ઉપાય પણ કરી શકે છે દાખલા તરીકે આપણને ભૂખ લાગે છે ત્યારે જેમ ઉદરમા વ્યથા તથા હાથ પગ શિથિલ થઇ જીવ આકુળવ્યાકુળ થાય છે અને બીજુ કાંઈ પણ ન ગમતા કેવળ અન્ન તરફ લક્ષ લાગે છે, તેમ સર્વ પ્રાણીને પણ થાય છે અન્ન જળ મળવાથી તથા ટાઢતડકા વગેરેથી જેવુ સુખદુ ખ આપણને થાય છે, તેવુજ બીજા પ્રાણીઓને પણ થાય છે માટે સર્વને પોતાના શરીરના દૃષ્ટાંતથી સમાન જાણવા જોઇએ, તેથીજ ભગવાને ગીતામાં આજ્ઞા કરી છે કે —

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ।
सुखं वा यदि वा दुःखं स योगी परमो मतः ॥ ૬—૩૨

અર્થ —હે અર્જુન ! જે પુરૂષ પોતાના શરીરના દૃષ્ટાંતથી સર્વ પ્રાણીઓમાં સુખ અને દુ ખ પોતાના સમાન સમજે તેને પરમ યોગી જાણવો

' આવી શ્રીકૃષ્ણપરમાત્માની સરળ આજ્ઞા હોવાથી બુદ્ધિમાન્ પુરૂષે પારકું દુ ખ મટાડવાની ઇચ્છા પોતાના અ ત કરણમા જરૂર રાખવી જોઈયે મનુષ્ય પ્રાણીનુ નીચ્ચ[illegible] મરણ બાદ કઈ પણ ઉપયોગમા આવવુ નથી તે તરફ દૃષ્ટિ કરતા એક કવીએ છૂટે તે કે —

વ્યાપાર परोपकारशून्यस्य धिङ् मनुष्यस्य जीवितम् ।
હિસાબમા જરા यावन्त पशवस्तेषां चर्माप्युपकरिष्यति ॥

અને તેને બદલે ખા[illegible] કાંઈ પણ પરોપકાર ન થાય એવા મનુષ્યના જીવિતને ધિક્કાર તેમા પણ જરા પોતાન શરીર મરણ પામ્યા પછી કઈ પણ ઉપયોગી થતુ નથી પરો એ ઉત્તમ વ્યાપારનીતિ પશુઓને પુણ્યવાન્ ગણવા જોઇયે, કારણ કે તેઓ કેવળ પ્રાચીન આર્યાવર્તના[illegible] સ્વદન વગેરે અનેક લોકોપકારી કામો સિદ્ધ કરી આપે વ્યાપારઅર્થે ગમે તે દેશપે[illegible] ચામડુ પણ મનુષ્યના ઉપયોગમાં આવે છે

આ પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે મનુષ્ય પ્રાણીથી પોતાના આયુષ્ય સુધીજ કાંઈ પણ પરોપકાર થઈ શકે તેમ છે માટે દરેક મનુષ્યની ફરજ છે કે પોતાનાથી બની શકે તેવી રીતે અને તેટલા અંશમા પણ પરોપકાર કરવો જોઇયે, કારણ કે મનુષ્યનુ શરીર તો પાછળથી પશુની માફક ઉપયોગી પણ થતું નથી પશુચર્મથી મનુષ્યના અનેક કાર્યો સિદ્ધ થઈ શકે છે માટે પરોપકાર રહિત પુરૂષને તૃણથી પણ અધિક અધમ ગણવો જોઇયે આ સૃષ્ટિમા લોકો સર્વ પદાર્થોમાં તૃણને ઘણુંજ હલકુ ગણે છે, પરન્તુ એજ તૃણથી ગાય, ભેંશ, બળદ, ઘોડા વગેરે જનાવરોનું જીવન થાય છે અને તે દ્વારાએ લોકોપયોગી ઘણાંક કાર્યો પણ સિદ્ધ થઈ શકે છે, એટલુંજ નહિ પરન્તુ જ્યારે ખરેખરા રણમા તરવારની ઝાઝી ઉડી રહી હોય છે, તે વખતે પણ બીકણ અને કાયર લોકને જીવિતદાન બક્ષાવનાર ખરૂં સાધન તૃણ થઈ પડે છે અગાઉ જો કોઈ પણ કાયર મનુષ્ય મુખમા ઘાસનુ તરણું લઈ શરણ આવતો ત્યારે શૂર પુરૂષો કદિપણ તેને મારતા નહોતા એટલુંજ નહીં, પણ પોતાનાથી બની શકતી દરેક મદદ આપી તેને જીવિતદાન બક્ષતા હતા. આથી તૃણ (ઘાસ) પણ પોતાનાથી બનતો પરોપકાર કરવામા પછાત પડતું નથી એમ સિદ્ધ થાય છે. માટે મનુષ્યોએ પરમેશ્વરની પૂર્ણ કૃપાનું પાત્ર થવા પરોપકારના કામમા બરોબર કમ્મર કસવી જોઇયે છે આર્યધર્મશાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે જેમ કરોળીઓ પોતાના શરીરમાંથી જાળુ ઉત્પન્ન કરે છે, તેમ ઈશ્વર પણ સ્વઇચ્છાનુસાર પોતાનાજ સ્વરૂપમાંથી સંપૂર્ણ જગત પ્રકટ કરે છે જેમ અગ્નિમાંથી છૂટા દેખાતા તણખાઓ અગ્નિનાજ અંશ હોય છે, તેમ જીવ માત્ર ઈશ્વરનો અંશ છે સર્વ પદાર્થને મૂળથી ઉત્પન્ન કરનાર કેવળ ઈશ્વરજ છે, તેથી ઈશ્વરે ઉત્પન્ન કરેલા અન્ન, વસ્ત્ર, દ્રવ્ય વગેરે સર્વ પદાર્થો લોકમા અને ધર્મશાસ્ત્રમા બતાવેલી નીતિ મુજબ ઈશ્વરાંશભૂત સર્વ જીવોના ઉપયોગમા લાવવાને પ્રયત્ન કરવો જોઇયે કારણ કે સત્પુરૂષો સંપત્તિ મળવાનુ મુખ્ય કારણ ધર્મને ગણે છે અને ધર્મ વગર ઐહિક કે પારલૌકિક સુખ પ્રાપ્ત થતુ નથી પરોપકાર એ પણ ધર્મનુ એક પ્રધાન અંગ ગણાય છે તેથીજ એક કવિએ કહ્યુ છે કે —

पिबति नद्य स्वयमेव नांभ स्वय न खादन्ति फलानि वृक्षा ।
नाऽदन्ति सस्य खलु वारिवाहा परोपकाराय सतां विभूतय. ॥

અર્થાત્—નદીઓ જાતે જરા પણ પાણી પીતી નથી, તથાપિ લોકોપયોગ સારૂ હજારો બલ્કે લાખો મણ પાણીને તાણીને ચાલે છે, વૃક્ષો પોતે ફળ ખાતાં નથી, પરંતુ તેથી લોકોની ભૂખ ભાંગે છે વાદળાંઓ પોતે અન્નનો એક પણ દાણો ખાતા નથી પરંતુ જગતના જીવન માટે જળવૃષ્ટિ કરી જનોને જીવાડે છે, સત્પુરૂષોની સમૃદ્ધિ અને કૃતિ સમયાનુસાર પરોપકાર સારૂજ હોય છે કોઇ

પણ મનુષ્ય, માતાના પેટમાથી પૈસાનો પોટલો સાથે બાંધી લાવતો નથી પરતુ જ્યારે અહિથી પાછો જાય છે, ત્યારે તો ઘણુ વર્ષો સુધી અનેક યત્નો કરીને હૃષ્ટપુષ્ટ કરેલા શરીરને પણ છોડી ચાલતો થાય છે, તો પછી ધન, ભવન વગેરે શી રીતે સાથે લઇ જાય ? ખરી રીતે જોતા તો મનુષ્ય પોતાની સાથે પાપપુણ્ય શિવાય બીજુ કઇ પણ લઈ જઈ શકતો નથી તેટલુ છતા પણ મનુષ્ય ઇશ્વિરી નિયમ પ્રમાણે મળેલા ધનાદિને માયા મોહથી મારૂ મારૂ માની બેસે છે અને ખ્યાલી હવાઇ વિચારો કરી મિથ્યાભિમાન છોડતો નથી ખરૂ વિચારી જોતાં સ્પષ્ટ સમજાય છે કે ઇશ્વિરેજ ઉત્પન્ન કરેલા અને તેણેજ આપેલા દ્રવ્ય વગેરે પદાર્થો ઇશ્વિરનાજ ઉત્પન્ન કરેલા સર્વ પ્રાણીઓના ઉપયોગમા આણવા જોઇયે, પણ તેવા વિચારવાળા આજે સૃષ્ટિમા મળવા અતિ દુર્લભ છે મનુષ્યે જેટલું પોતાના પેટમા ખવાય તેટલુજ પોતાનુ સમજવુ જોઇએ છે જો કે ઘરમાં હજારો મણ દાણો અને લાખો રૂપીયા પડ્યા હોય તો પણ તે એકદમ ખાઇ શકાતા નથી, તેમજ અત વખતે પણ સાથે લઇ જવાતા નથી, માટેજ શ્રીમદ્ ભાગવતમા કહ્યુ છે કે—

यावद्भ्रियेत जठरं तावत्सर्वं हि देहिन॰ ।
अधिक योऽभिमन्येत स स्तेनो दण्डमर्हति ॥

અર્થ —જેટલાથી પેટ ભરાય તેટલા ઉપર તે મનુષ્યની સત્તા છે અધિક ઉપર જે વૃથા અભિમાન બાંધે તે ચોર દડને યોગ્ય થાય છે આથી સર્વ મનુષ્યે સમજવુ જોઇયે કે સ્વ ઉદર ભરાય, તેથી અધિક વસ્તુ ઉપર માયાની નજરે જોતા અભિમાન બધાય છે કે આ સર્વનો માલિક હુજ છુ, પરતુ તે સર્વ વૃથા હોવાથી તેવા ખ્યાલી અભિમાન તરફ ન દોરાતા, સ્વશ્રેય માટે ઇશ્વિરી આજ્ઞાનુસાર પરોપકારાર્થે તેનો ઉપયોગ કરવો જોઇયે છે. કારણ કે લક્ષ્મી તથા યૌવન કાળાંતરે જરૂર નાશ થનાના છે તેથી એક કવિએ કહ્યુ છે કે—

धनानि जीवितं चैव पराऽर्थे प्राज्ञ उत्सृजेत् ।
तन्निमित्तो वर त्यागो विनाशे नियते सति ॥

અર્થ —ધન તથા તેવુજ કામ પડે તો જીવન પણ અનેક લોકોના ઉપકાર માટે બુદ્ધિમાન લોકો છોડે છે, કારણ કે એક દિવસે શરીર અને દ્રવ્યનો નાશ તો જરૂર થશે એમ નિશ્ચય છે, તેથી સર્વત્ર ઇશ્વિરરૂપતા જોઇને પરોપકાર માટે દ્રવ્ય વગેરે વાપરવુ ઉચિત છે

આધુનિક શ્રીમાનો તરફથી હાલમા જેટલા ખરી પરોપકારાર્થે દ્રવ્યનો ઉપયોગ થાય છે, તેનાથી અધિકાગે બાવલા, ટી, ઇવનીંગ, અને આફટરલુન પાર્ટીઓ

તથા અક્ષરોના પૃષ્ઠો મેળવવા માટે દ્રવ્યનો વધુને વધુ જે ઉપયોગ થતો જાય છે, એ ઘણુંજ શોચનીય છે, કારણ કે બાવલા વગેરેના ઉપયોગમા વપરાતી લક્ષ્મી કોઈ સ્થિર પરોપકારાર્થે જતી નથી, તેમજ તેથી કંઈ પણ પુણ્ય પ્રાપ્ત થતુ નથી, તે કરતા તો ભૂખ્યાને ભોજન, તરસ્યાને જળ, વસ્ત્રહીન દીનને વસ્ત્ર, વિદ્યારહિતને વિદ્યા, રોગીને દવા આપવાના કાર્યમા લક્ષ્મીનો ઉપયોગ કરવા તરફ આધુનિક આર્ય શ્રીમાનો લક્ષ રાખતા શીખે કે જેથી ગરીબોના દુ ખનુ નિવારણ થઇ તેઓનુ પોતાનુ પણ શ્રેય થાય એવી સન્મતિ આપવા સર્વેશ્વર પરમાત્મા પ્રત્યે અમે પ્રાર્થના કરીએ છીએ

પરમેશ્વર પ્રાપ્તિનાં વેદોક્ત સાધનો.

૨ તપ.

પરમેશ્વર પ્રાપ્તિ (મુક્તિ) મેળવવાનાં જે જે સાધનો વેદમાં કહ્યાં છે, તેમાં સત્ય એ પ્રથમ સાધન છે તેનુ વર્ણન પ્રથમ વર્ષના ચોથા અંકમાં (પૃષ્ઠ ૬૧) આપ્યું છે હવે બીજુ સાધન જે તપ તેનો વિચાર કરીએ કાયિક, વાચિક અને માનસિક ત્રિવિધ તપ છે વેદમાં કહ્યુ છે કે:—

तपसा देवा देवतामग्र आयन्तपस ऋषय' सुवरन्वविन्दन्तपसास-
पत्नान्प्रणुदामारातींस्तपसिसर्वं प्रतिष्ठित तस्मात्तपः परम वदन्ति ॥

કાયિક તપ એટલે કૃચ્છ, ચાંદ્રાયણ, એકાદશી વગેરે વ્રતો વડે ઇંદ્રાદિક દેવતાઓને દેવપણું મળ્યું છે માનસિક તપ એટલે આલોચન વડે મોટા મોટા ઋષિયોએ સ્વર્ગ મેળવ્યું છે હાલ પણ વાચિક તપવડે આપણે શત્રુનો નાશ કરીએ છીએ. માટે તપને આધારે સર્વ રહ્યુ છે. માટે તપને પરમસાધન કહે છે

આનુ વધારે સ્પષ્ટીકરણ શ્રીમદ્ભગવદ્ગીતાના ૧૭ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણપરમાત્માએ પડે કર્યું છે

કાયિક તપ.

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीर तप उच्यते ॥ १४ ॥

દેવતાઓ, દ્વિજો, ગુરૂઓ અને પંડિતોનુ પૂજન કરવું, પવિત્રતા રાખવી, સરલતા, બ્રહ્મચર્ય અને અહિંસા એને કાયિક તપ કહે છે

વાચિક તપ.

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥ १५ ॥

સાભળનારને ઉદ્વેગ ન થાય એવુ, સાચુ, પ્યારૂ લાગે એવું, અને તે પ્રમાણે વર્તન કરે તો તેનુ હિત થાય એવુ જે વચન તે તથા વેદાદિક પોતાને નિત્યપાઠના ગ્રથોનો અભ્યાસ એને વાચિક તપ કહે છે.

માનસિક તપ.

मनः प्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥ १६ ॥

મનની પ્રસન્નતા, સૌમ્યતા, મનન, મનનો વિશેષે કરીને નિગ્રહ અને ભાવની અત્યત શુદ્ધતા એને માનસિક તપ કહે છે

જે રીતે ઉપલા ત્રિવિધ તપો છે, તેજ પ્રકૃતિના ગુણોવડે અને ફળના ભેદથી સાત્ત્વિક, રાજ્ય અને તામસ એમ ત્રિવિધ થાય છે તે પ્રકાર પણ ગીતામાં તેજ સ્થળે દર્શાવ્યો છે

સાત્ત્વિક તપ.

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैः सात्त्विकं परिचक्षते ॥ १७ ॥

કોઈ પણ જાતના ફળની કામનાથી રહિત પુરૂષે પરમ શ્રદ્ધાવડે ઉપર કહેલું (કાયિક, વાચિક, માનસિક) ત્રિવિધ તપ જે તપવુ તે સાત્ત્વિક કહેવાય છે

રાજસ તપ.

सत्कारमानपूजार्थं तपो दम्भेन चैव यत्।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम् ॥ १८ ॥

લોઈ મારો સત્કાર કરે, માન આપે, પૂજ્ય ગણે એવી લાલસાથી નકી દભ (ઢોગ સોગ)થી જે (ત્રિવિધ) તપ આ લોકમા કરે છે, તે રાજસ કહેવાય છે અને તેનુ ફળ ચલિત અને અનિશ્ચિત છે

તામસ તપ.

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।
परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥ १९ ॥

જે પોતાના મડને પશુપેઠે પીડે અને વગર વિચારે મૂઢ બનીને શાસ્ત્ર વિધિથી રહિત, બીજાને પીડા કરવા માટે જે તપ કરે છે, તે તામસ તપ કહેવાય છે

આ ઉપરથી માલમ પડશે કે જે તામસ તપ છે, તેથી તો પોતાને તથા પરને બેઉને આ લોકમા પીડા થાય છે રાજસ વડે આ લોકમાં બીજા અજ્ઞાની જનો છેતરાઇને થોડા વખત સૂધી માનપાન આપે છે અને જ્યારે તેનો ઢોંગ ખુલ્લો થાય છે, ત્યારે તે માનપાન મેળવનારને પાછો ફીટકાર પણ કરે છે પરતુ જે સાત્વિક તપ છે, તેજ ઇશ્વર પ્રાપ્તિનું ખરૂ સાધન છે.

જગતમાં પણ આપણે જોઇએ છીએ કે કોઈ સાવકાર કે દુકાનદારને પોતાનાં ધીરેલાં નાણા, દેવાદાર ધણી વાયદાસર પહોચાડતો નથી ત્યારે તેને બારણે બેસી ગમે તેવા અઘટિત વચનો સભળાવે છે, તેથી પણ નાણાં વસુલ ન થાય, ત્યારે કોર્ટમાં ફર્યાદી કરી વસુલ કરે છે આ રાજસ કર્મ કહેવાય. તેમ કોઇ ભીખારીને ભીક્ષા ન આપે ત્યારે તે તેને બારણે લાંઘવા બેસે છે, તેથી કંટાળીને ઘણા ગૃહસ્થો કે દુકાનદારો ભિક્ષુકને અન્ન, વસ્ત્ર કે ધન આપે છે આ રીતે લેવુ તે તામસ કર્મનુ ફળ છે સાત્વિક તપમાં તો પોતાના શરીરનેજ શાસ્ત્રવિધિ મુજબ તપાવવુ તથા પોતાના મનથી શાસ્ત્ર ઉપર શ્રદ્ધા રાખી આ વિશ્વનુ આલોચન કરવુ તેની ગણના કરી છે. એકાદશી વગેરે વ્રત છે, તે સાત્વિક તપશ્ચર્યામા ગણાય છે તેથીજ કહ્યુ છે કે—

> तप इति तपोनानशनात्पर यद्धि पर तपस्तद्दुर्धर्षं
> तद्दुराधर्षं तस्मात्तपसि रमन्ते ॥

ઇશ્વરપ્રાપ્તિ માટે એકાદશી વગેરેનો ઉપવાસ કરવો કેમકે અનશન (ઉપવાસ) કરતાં ચઢિયાતું બીજુ કાયિક તપ નથી જો કે એ તપમાં ભૂખનું દુખ સહેવુ પડે છે, તથાપિ તે શાસ્ત્રોક્ત હોવાથી મહાત્માઓ આનદ પૂર્વક કરે છે અને બીજાઓ વિકલ્પથી કરે છે એવાં તપથી દેહ શુદ્ધ થાય છે. વૈદિક નજરે જોતા પણ પદર દિવસે આવતી એકાદશીનો ઉપવાસ શરીરની આરોગ્યતામાં અતિ સહાયકારી થઈ પડે છે આજના સ્વાર્થમય શિક્ષણના અભ્યાસીઓએ તો, એકાદશી વ્રતમા " એક પથ ને દો કાજ " જેવો લાભ હોવાથી તે લાભદાયી કાર્ય કરવા તત્પર થવું જોઇએ શુદ્ધ દેહવડે શાસ્ત્રોક્ત કર્મો કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે, શુદ્ધ ચિત્તે શાસ્ત્રોનું આલોચન કરવાથી ખરૂં જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને જ્ઞાનપૂર્વક ભક્તિ કરવાથી પરમાત્માની પ્રાપ્તિ (મુક્તિ) મળે છે, માટે તપ એ ઇશ્વર પ્રાપ્તિનું બીજુ

સાધન વેદમા કહ્યુ છે પરતુ તે શુદ્ધ ભાવથી કરવું જોઇએ. ધર્મમાં ભાવશુદ્ધિ એ મુખ્ય છે. માટેજ શ્રીમહાભારતના પહેલાજ અધ્યાયની સમાપ્તિમાં કહ્યું છે કે—

તપ નિર્મળ સાધન ગણાય છે, વેદાધ્યયન નિર્મળ સાધન ગણાય છે, સ્વાભાવિક વેદોક્ત વિધિ એ નિર્મળ સાધન ગણાય છે, તથા હઠથી શિલોંચ્છવૃત્તિથી આજીવિકા કરવી એ પણ નિર્મળ સાધન ગણાય છે, પરંતુ ઉપર કહેલા તપ વગેરે જો શુદ્ધભાવ રહિત કર્યાં હોય, તો તે શુદ્ધ સાધન ગણાતા નથી, એટલુજ નહિ પણ ઉલટું પાપપ્રદ થઈ પડે છે માટે ધાર્મિક કર્મો કરતાં પણ પરિણામનો વિચાર આવશ્યક છે અને તે માટે સર્વેએ પ્રથમ શાસ્ત્રાધ્યયન કરવુ જોઇએ.

શ્રીમદ્ભાગવતના બીજા સ્કંધના ૯ મા અધ્યાયમાં "તપ" એ મુખ્ય સાધન વિષે કહ્યુ છે કે, જગતના પરમગુરૂ આદિદેવ ભગવાન્ બ્રહ્મા પોતાના કમલાસન ઉપર બેસીને, જગત્ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી વિચાર કરવા લાગ્યા, પરંતુ તેથી જગતની રચના થઇ શકે તેવો કોઈ સત્યવિચાર તેમને સૂઝયો નહિ. આ પ્રમાણે સૃષ્ટિ રચનામાટે વિચાર કરતા કરતાં, એક દિવસ બ્રહ્માએ સ્પર્શ અક્ષરોમાનો* સોળમો (ત) અને એકવીસમો (પ) એ બે અક્ષરો અર્થાત્ તપ પાણીમાથી બે વાર ઉચ્ચારાતા સાંભળ્યા

હે રાજન્! જે તપ નિષ્કિંચન પુરુષોનું ધન કહેવાય છે. "તપ, તપ," આવો શબ્દ પાણીમાંથી આવ્યો, તે સાંભળીને તેનો વક્તા કોણ હશે? તે જાણવા બ્રહ્માએ દિશાઓ તરફ નજર કરી, પણ ત્યાં બીજા કોઇને ન દેખવાથી, તે પોતાના આસન ઉપર બેસીને જાણે કોઇએ પ્રત્યક્ષ તપ કરવા માટે ઉપદેશ કર્યો હોય તેમ, તેમણે "તપ પોતાનું હિતકારી છે" એમ માનીને તપશ્ચર્યા કરવાનો વિચાર કર્યો. પછી તપ શબ્દનો અર્થ જાણવામાં સફળ જ્ઞાનવાળા, પ્રાણ, મન, જ્ઞાનેદ્રિય, અને કર્મેદ્રિયનો વિજય કરનારા, તપશ્ચર્યા કરનારાઓમાં મહા તપસ્વી એવા બ્રહ્માએ મનની વૃત્તિને એકાગ્ર કરી, દેવતાના હજાર વર્ષસૂધી સર્વ લોકોને પ્રકાશ કરનારૂ તપ કર્યું, તેથી તેમને વૈકુંઠલોક તથા શ્રી પુરુષોત્તમનાં દર્શન થયાં માટે તપ એ મુખ્ય સાધન જગદ્ગુરુ બ્રહ્માએ લોકશિક્ષા માટે કરી બતાવ્યું છે.

શાસ્ત્રી વિષ્ણવાચાર્ય વળે

* ક થી મ સૂધીના વ્યંજનો સ્પર્શ અક્ષરો કહેવાય છે

સનાતનધર્મ મહાસભા; પ્રયાગ

પૌષ શુદ ૧૩ સોમવારથી ગાયત્રી પુરશ્ચરણ તથા મંત્ર સ્તોત્ર પાઠ શરૂ થયો અને પૌષ વદ ૭ મહારૂદ્રનો આરંભ, મહામહોપાધ્યાય પંડિત શિવકુમારની અધ્યક્ષતાથી થયો હતો પૌષ વદ ૧૦ "મહાસભા" નું કામ ચાલી, નવ દિવસે પૂર્ણ થયું હતું

પ્રથમદિન--હરિભક્તિ પરાયણ રામચંદ્રબુવા ચાંદવડકરનું પ્રથમ હરિકીર્તન, ગોવર્ધન મઠ (જગન્નાથ પુરી) ના શ્રીશંકરાચાર્યની પધરામણી પંડિત મદન મોહન માલવીયાનું પ્રાથમિક ભાષણ પં માલવીયાએ કહ્યું કે દર ૧૨ વર્ષે થનારા આ કુંભ મેળામાં લક્ષાવધિ સાધુસંતો, વંદનીય સત્પુરૂષો, હજારો વિદ્વાન્ પંડિતો, સેંકડો રાજા મહારાજાઓ, અને અગણિત ધાર્મિક સદ્‌ગ્રહસ્થો અત્રે ત્રિવેણીસ્નાન માટે મળે છે તેઓના મેળાપનો અપૂર્વલાભ સર્વને મળે, વિદ્વાન્ પંડિતો અને મહાનુભાવ સાધુસંતોના દર્શન થાય, અને હાલની આપણી સ્થિતિમાં તેઓ તરફથી ઉપદેશામૃતનું પાન આપણને કરાવાય, એવા અનેક પવિત્ર હેતુથી આ સભા ભરવાનો નિશ્ચય કર્યો હતો તે પ્રમાણે ઈશકૃપાથી આજનો શુભદિન આવી મળ્યો છે પૂર્વકાળનો ઇતિહાસ જોતા આવા પવિત્ર મેળામાં ધર્મોપદેશ કરવાનો ધારો હતો આ પહેલા પણ અનેકવાર આવા કુંભમેળા ભરાયા હશે, પણ આજે હિંદનો ભાગ્યોદય જાણવો જોઇએ, કે આવો યોગ આ વેળાએ આવી મળ્યો છે પૂર્વે આવોજ ધર્મગ્લાનીનો કાળ હિંદપર આવ્યો હતો, પરંતુ તે વખતે શ્રીભગવત્પૂજ્યપાદ શ્રીશંકરાચાર્યજીએ તે વખતે વર્ણાશ્રમ ધર્મનુ સંરક્ષણ કર્યું હતું હાલ એવાજ અધર્મપ્રવર્તક સમયમાં આપણે ફસાયા છીએ એ સ્થિતિ કાયમ રહેશે તો સર્વથા હિંદની વિશેષ અવનતિનું કારણ થશે જેમ થવું શ્રેયસ્કર નથી, માટે અત્રે મળેલા વિદ્વાન, સાધુસંત, આચાર્ય એમની પાસે અમે રોજ ભિક્ષા માગીએ છીએ કે, અમને ધર્મોપદેશ રૂપી અમૃત પાન કરાવો અને અમને ધર્મમાર્ગ દર્શાવો જે રીતે માતાપાસે બાળક માગે છે, તે રીતે અમે અનન્યભાવે યાચીએ છીએ અમારા સુદૈવથી આટલે લગી સુધી, ખરી દક્ષિણમાં મદ્રાસ, મૈસુર, પંજાબ, કલકત્તા, કોલ્હાપુર, શૃંગેરી, પુના, હુબલી, પંઢરપુર મુંબઇ વગેરે અનેક ગામોથી અનેક સંપ્રદાયના મોટા વિદ્વાનો અમારાપર અનુગ્રહ કરવા માટે ખાસ અત્રે આવ્યા છે બીજી આનંદજનક વાર્તા એ છે જે શ્રી શૃંગેરી મઠના શ્રીમાન્ શંકરાચાર્યજીએ સભા ઉપર અનુગ્રહ કરવા માટે એક આશીર્વાદ પત્ર તથા પાદુકા મોકલેલ છે (એ સંસ્કૃત પત્ર સભામાં વાંચી સંભળાવ્યો) અને પછી સભાનું અધ્યક્ષસ્થાન શ્રી ગોવર્ધન મઠના શ્રી શંકરાચાર્યજીને સુશોભિત કરવા વિનંતિ કરી.

એ વિનતિને પડિત શિવકુમાર શાસ્ત્રીએ અનુમોદન આપ્યુ અને અધ્યક્ષે સ્થાનાપન્ન થઈ ટૂકમા ઉપદેશ આપ્યો પછી બીજા વક્તાઓના ભાષણો થઈ રાત્રે ૭ા વાગે સભા બરખાસ્ત થઈ

દિ. ૨ જો.—મહામહોપાધ્યાય પં૰ શિવકુમાર શાસ્ત્રીનુ "ઇશ્વરસ્વરૂપ તેની વ્યાપકતા" એ વિષયપર દોઢ કલાક વ્યાખ્યાન થયુ અને દરેક નગરમા "સનાતન ધર્મસભા" તથા "બ્રહ્મચર્યાશ્રમ" ની સ્થાપના કરવાનો ઠરાવ તેમણે સભામા મૂક્યો તેને પતિયાળાના પંડિત શ્રીકૃષ્ણ શાસ્ત્રી તથા પડિત દીનદયાળુ શર્માએ અનુમોદન આપ્યુ

દિ. ૩ જો— પૂર્વ દિવસનો ઠરાવ પાસ કરવા ભાષણો થયા શ્રીમત્ વિદ્યા નરસિંહ ભારતી સકેશ્વરનુ "શ્રી મચ્છકરાચાર્ય જીવનચરિત્ર" એ વિષયપર સસ્કૃત વ્યાખ્યાન થયુ પછી ગામેગામ સભા સ્થાપવાનો ઠરાવ સર્વાનુમતે પાસ થયો. અને કાશીમા "સાર્વજનિક બ્રહ્મચર્યાશ્રમ" સ્થાપવાનુ ઠર્યું તે માટે એક બ્રહ્મચારીએ તથા જાનકીમાઈએ સો સો રૂપીઆ તત્કાલ આપ્યા

દિ. ૪ થો—પડિત મદન મોહન માળવીએ "રાષ્ટ્રીય હિદુ વિશ્વવિદ્યાલય (University) સ્થાપવાનો ઠરાવ મૂક્યો અને એને અનુમોદક ભાષણો થયા

દિ. ૫ મો—પૂર્વ દિનનો ઠરાવ પાસ થયો અને કેટલાક ગૃહસ્થોએ ટીપમાં નાણાં ભરવાની કબૂલત આપી

દિ. ૬ ઠો—આ બેઠકમા "ભારતધર્મ મહામડળ" ના પ્રમુખ **શ્રીદરભંગા નરેશ** પધાર્યા હતા તે વગેરે વિદ્વાનોના વ્યાખ્યાન થયા. મુબઇના આગાખાને વિશ્વવિદ્યાલય માટે ૫૦૦૦ રૂપીઆ આપવા કબૂલ કરવા સબધી મી ગોખલે એ લખેલો પત્ર વચાયો

મૈસુરના એક શાસ્ત્રીએ હમણા કારણપરત્વે પરદ્વીપગમન કરનારને પ્રાયશ્ચિત્ત આપી જ્ઞાતિમા દાખલ કરવાની છૂટ હોવી જોઈયે, એવો અભિપ્રાય જણાવ્યો તેનુ પ્રાચીન શાસ્ત્રી પડિતોએ ખડન કર્યું. પડિત દીનદયાળે કહ્યુ કે "બ્રાહ્મણથી આ કાળમા પણ પરદ્વીપગમન થઇ શકે નહિ" જયપુરના મહારાજાએ રસ્તો ખુલ્લો કર્યો છે, પણ તેઓ ક્ષત્રી છે. તથા યથાર્થ ધર્મ સાચવીને ગયા હતા, માટે તેનો દાખલો સર્વ સાધારણ મનુષ્યને લાગુ પડતો નથી. તથાપિ આ વિષયનું હાલ કંઇ પ્રયોજન નથી બીજે પ્રસગે એ ખાસ વિષયપર વિચાર ચલાવવામા આવશે એમ જણાવી એ તકરારી વિષયને બધપાડી દીધો

દિ. ૭ તથા ૮ મો—એ બે દિવસ "ભારત ધર્મમહામંડળ" ના તરફથી સભાથઇ ત્યા શ્રી કાશીમા "હિદુ વિશ્વવિદ્યાલય" સ્થાપવાનો ઠરાવ પાસ થયે તથા તેમાટે કેટલુક નાણુ ટીપમા ભરાયુ

દિ. ૯ મો—પ્રતિનિધિ શાસ્ત્રી મંડળીની સભા થઇ, તેમા "સનાતન ધર્મસંગ્રહ" ગ્રંથ તૈયાર કરવા માટે કેટલાક શાસ્ત્રીઓની કમિટિ નીમાઈ આ ગ્રંથનો જે કાચો ખરડો છપાયો છે, તેની એક પ્રત, **મુંબઈ વિદ્યાલક્ષ્મી પાંઠશાળા** તરફના સભાના પ્રતિનિધિ પંડિત હરિદત્તશર્મા મારફત અમને મળી છે જે પંડિત શ્રીગટ્ટૂલાલજી ધર્મપુસ્તકાલયમા મૂકવામા આવી છે

ચાલુ ચર્ચા.

કોટમાં કાગડાની કતલ.

હાલ કેટલોક સમય થયા પાશ્ચાત્યવાસીઓને કંઇ એવું હડખું લાગ્યું છે કે, જો કોઈ વસ્તુ તેઓની નજરમા ઉપદ્રવી ગણાય કે લાગલાજ તેઓ તે વસ્તુ પછી ભલે તે જડ હો વા ચેતન હો પણ તેનો નાશ કરવોજ જોઇએ આવા જડ વિચારથી દોરવાઇ, કોઇ પણ નિર્દોષ પંખી, પશુનો પ્રાણ લેતા બીલકૂલ અચકાતા નથી દાખલા તરિકે ઉંદરને મરકીનું મૂળ સમજી ઉંદરોનો નાશ કરવાનું કાર્ય આ આર્યાવર્તમા ધમધોકાર ચાલુ થયું છે તેવીજ રીતે એક અંગ્રેજ કોરપોરેટરની નજરમા કાગડા ઉપદ્રવી જણાતા તેની સંખ્યા ઘટાડવાનો ઈલાજ લેવાને લગતો રીપાર્ટ કરવા એક કમીટી અત્રે (મુંબઈ) મ્યુનિસિપાલીટી તરફથી નીમાઇ હતી કમીટીએ કીધેલી ભલામણ મુજબના ઇલાજ લેવાની દરખાસ્ત મી આર જે-કે ટે તા ૨૫-૧-૦૬ કોરપરેશનની સભામા મૂકી હતી, પરતુ તે વધુમતે રદ ગઇ હતી આથી **મરીન-લાઇન્સ** તરફ રહેનારા બડેખાઓ તરફથી તા ૨૯-૧-૦૬ ને દિને બંદુકો સહિત કાગડાઓની સામે ચઢાઇ લઈ જવામા આવી હતી એવી ખબર આપતા "મુંબઇ ગેઝેટ" જણાવે છે કે મરીન લાઇન્સ અને રાણીના બાવલાથી ધોબીતળાવ સુધીના આખા એસપ્લેનેડ રોડના દરેક ઝાડ નીચે કાગડાઓ ઉપરાત એક બીલાડીની પણ લાસ પડી હતી. એક પીડા દૂર કરવા જતાં થોડા વખતને માટે બીજી પીડાને કાંગપર ધાડ લઇ જનારાઓએ જન્મ આપ્યો હતો, કારણકે આ નિર્દોષ પંખીઓની લાસો ચોવીસ કલાક ઉપરાત રસ્તા ઉપર સડતી પડી રહેલાથી તે લત્તાપર અતિ દુર્ગંધ ફેલાઇ રહી હતી. આ પંખી કેટલું ઉપયોગી છે તેનો એ ચઢાઇ કરનારાઓએ જરાપણ વિચાર કર્યો હોય એમ અમને તો ભાસતું નથી. સૃષ્ટિના નિયામકે જડ વા ચેતન પદાર્થ કંઇપણ ઉપયોગ વગર પેદા કીધા છે એમ કોઇ પણ કહી શકશે ? હિંદુઓતો છેક પોતાના પિતૃના શ્રાદ્ધને દિને આ પંખીને ખાસ કરીને

ખોરાક (ડાગવાસ) નાખ્યા વગર રહેતા નથી. આ હિંદુસ્થાનની પવિત્ર ભૂમિપર પાશ્ચાત્યવાસિઓ તરફથી પ્રથમ ઝાડપર ધાડ આવી, જંગલો કપાયા ! જેથી વર્ષાદની ઓછપ થવાથી દેશ દુષ્કાળના પંજામા વારેઘડીએ સપડાય છે. પછી કૂતરા અને ઉંદરપર અને હવે કાગપર ધાડ આવી છે. આ રીતે તેઓની દૃષ્ટિમા ઉપદ્રવી જણાતા પ ખીઓ પતી રહેશે એટલે પછી વાઘ વગેરે પશુઉપર અને કદાચ અસાધ્ય કે ચેપી રોગવાળા મનુષ્યને પણ ઉપદ્રવી ગણી તેઓપર પણ આવો જીવઘેણુ પ્રયોગ કરે, તો તેમા નવાઇ ન કહેવાય ! અરે ! ! 'અહિંસા પરમો ધર્મઃ' પોકારનાર આર્યસંતાનોના આર્યાવર્તમા આ કેવો ગજબ વર્તવા લાગ્યો છે ! ! પરંતુ આર્યધર્મ શાસ્ત્રનો એવો સિદ્ધાંત છે કે જે કોઇપણ પશુ આદિ જીવની હત્યા કરે છે, તે પશુઆદિ જીવ બીજા જન્મમાં તેનુ વેર લેવા જન્મે છે, માટે કોઇપણ પ્રાણીએ અન્ય જીવની હિંસા ન કરવી જોઇએ.

* * * * * *

હોટલમાં હોઇયાં—તા. ૩૧–૧–૦૬ ની રાત્રે તાજમહાલ હોટલમાં "મોટાર યુનિયન" નુ દબદબા ભરેલુ ખાણું ખવડાવવાનો તથા મોટાર ગાડીને માટે સખ્ત કાયદાની જરૂર નથી, એવા વિચારો દર્શાવવામાટે એક મોટો મેળાવડો થયો હતો. અમારી જાણ પ્રમાણે હોટલમા પંચપીરીઆના ખાનપાનનો જાહેર મેળાવડો આ પહેલોજ હતો. તે ખાનામા અમારા નીચલા હિંદુ આગેવાન રાજા મહારાજા તથા શેઠીઆઓ પણ સામેલ હતા, એમ તા ૧–૨–૦૬ ના "જામેજમશેદ" પત્રથી માલમ પડે છે.

તીકારીના તથા રાજપીપળાના નામદાર મહારાજા, શેઠ મૂળરાજ ખટાઉ, નારણજી દ્વારકાદાસ, જસ્ટીસ ચંદાવરકર, દ્વારકાદાસ ધરમશી, ગોવરધનદાસ, ગોકળદાસ તેજપાળ, ઓ. વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશી, ગોવર્ધનદાસ ખટાઉ, ધરમશી મુરારજી, નરોત્તમ મુરારજી, એસ એમ. તાગચંદ, દામોદર લખમીદાસ ખીમજી, રૂપસિંગ મથુરાદાસ, લીલાધર સુંદરજી તથા ધરમદાસ ત્રિભોવનદાસ.

આ હોટલમા તેમણે ફળ ફુલ કે મેવા મીઠાઇ શું ખાધુ અને શુ પીધુ અગર એમને એમ જાતિ વાતોના તડાકા મારી પાછા ફર્યા, અથવા ખાનપાન માટે ત્યાં કેવી ગોઠવણ રાખી હતી તે તો ત્યા જનાર જાણે, પરંતુ હિંદુ આગેવાનોનું આ પગલુ ધર્મશાસ્ત્રથી જોતાં પણ અઘટિત છે. હિંદુઓએ કયા સ્થાનમાં ખાનપાન કરવુ અને કયાં સ્થાનમાં ન કરવુ એનો વિચાર રાખવાની બહુ જરૂર છે અને જ્યારે મોટા અને અગ્રેસરોમાં 'યથાતા સદ્ગુરુપો' એવો વિચાર ન રાખે, ત્યારે ગતાનુગત સાધારણ વર્ગનો શો દોષ કહાડવો ?

" મહાજનો યેન ગતા સ પંથ " એ મહાજનો હવે અમારે કોને ગણવા ? હવે હિંદુઓનું હિંદુપણું કેમ ટકશે ? આવા પ્રસંગોથી અમને મરહુમ કવિ કેશવલાલની નીચલી કૃતિ યાદ આવે છે —

(રાગ મરશીયા.)

હાય હાયરે હિંદુપણું જાય હાલ્યું, બૂટ-પાટલૂને ધરબ્યું રે — હાય.
ધર્મ-કર્મ ન શુદ્ધ કોઈ પાળે, ચશ્મા ચાતરી અવળે ચાલે,
અનાચારી થઈ ચિત્ત બાળે રે,— હાય હાય.
પાયખાનામાં બીડીઓ ફૂંકે, પાન ચાવતા ચાવતા થુંકે,
રીત ભાતને માળવે મૂકે રે — હાય હાય
ચડ્યા ચિત્તે વિચાર યુરોપી, તજી પાઘડી પ્હેરી ટોપી,
વરમાળ ઉદ્ધતાએ રોપી રે,— હાય હાય.
જુવો માથે ફિરંગી જેવા, કરે સુંદરીની એક સેવા,
હોય હૈયે હરામના હેવા રે,— હાય હાય.
નથી ચામડી ગોરી થાતી, બન્યું બીજું બધુંય વિલાતી,
ખરી રમ્યતા તો રહી જાતી રે.— હાય હાય
શિખા-સૂત્રતણા થયા વેરી, દુરાચારે લીધા ઘર ઘેરી,
ક્યા પાપના એ ફલ ઝેરી રે,— હાય હાય
ગમે તેવા નવા વેશ ઘાલે, ચાહપાણી વિના નહિ ચાલે,
' ગુડમોર્નિંગ ' કહિકર ઝાલે રે,— હાય હાય
કોટ જાકીટ કાળે રંગે, અંગ તાણીને બાંધે તંગે,
ફરે ફેરવે શ્વાનને સંગેરે,— હાય હાય.
બળે બોલે વિલાયતી બોલી, મળી તેવ તેવડાની ટોળી;
બધા દેશને નાખ્યો ડો'ળી રે,— હાય હાય.
સત્યબોધનું બાવનું બેહું, હડીલાઇનું લાકડું પેહું;
ખાય એક બીજાનું એઠું રે,— હાય હાય.
સ્નાન-ધ્યાનની છે ઘડી છેલ્લી, પ્રીતિ રાગ રંગ સાથે રેલી,
ફરે કામિની સાથે ફેલી રે,— હાય હાય.
પાઠ-પૂજન ક્યા સાંભરે છે ? ગુણ-દોષથી કોણ ડરે છે,—
દેશ મેલીને દૂર ફરે છે રે,— હાય હાય.
કોઇ શોધક થઇને બેસે, કોઇ પારકા પંથમાં પેસે,
કોઈ ઠાકરને દિએ ઠેંસ રે,— હાય હાય

ગઇ આસ્થા સહુની ઊડી, થઇ બુદ્ધિ બધાની બૂડી,
ખરીવાત જણાવે જૂઠી રે,— હાય હાય.
રાજ્ય જેવુ થતા જાયતેવા, નહિ ઓળખાય જાતે કેવા,—
કહ્યુ માને ન અવળા એવા રે,— હાય હાય.
પિએ ખારના ખાટા પાણી, બહુ બાટલીનાં બૂચ તાણી
પંડિતાઈ પર ફેરવે પાણી રે,— હાય હાય.
શબ્દ બોલવામા એક શૂરા, પિંડ પાળવામા માત્ર પૂરા,
સ્નેહ-સંબંધ માહિ અધૂરા રે,— હાય હાય
માત તાતનુ માન ન રાખે, ધન યૌવન નીરમા નાખે,
અમે દીઠું અમારી આખે રે,— હાય હાય
ગમે તેનુ બધુય ખપે છે, બર્ફ શર્બત આઇસ્ક્રીમ લેછે,
દામ દેઈ ... જે રે — હાય હાય
ચીઈ થાવાને આખૂ ચોળે, હાથ પાણીનાર ... —
વાડ એક બીજાપર ઢોળે રે,— હાય હાય
ભીત ભૂલ્યા ન જાણે કોઇ, વાળ ઓળે અરીસા જોઇ,
રીત બાપદાદાની ખોઇ રે — હાય હાય
લોક લાજના તો બાર વાગ્યા, વસ્ત્રપહેરે છતા હોય નાગા;
ભૂલ જાણ્યાવિના જાય ભાગ્યા રે — હાય હાય
આગગાડિઓ અને આગબોટો, દે છે દેશ પરદેશમાં દોટો,
થયો સેળભેળ એથી મોટો રે — હાય હાય
ચીજ હાડકા ચામડાવાળી, ગ્ગરૂપથી જોઈ રૂપાળી,
કોઈ રે'તુ નથી મન વાળી રે,— હાય હાય
દવા દારૂમા દેહ વટલાયાં, દોષ દેખે નહિ દોદડાહ્યા,
સમજાવતા થાય સવાયા રે,— હાય હાય
વેદશાસ્ત્રની વાત ન માને, ભલે હોય કહ્યુ ભગવાને,
જાય મરડાતા અભિમાને રે,— હાય હાય
કર્મયોગે વધે છે કુધારો, મને માની લહે તે સુધારો;—
હદ મેલી ગયા છે હજારો રે — હાય હાય
કહે કેશવ ક્યાં જઈ કહિયે ? હાય હોળી બળે છે હૈયે,
મન મારીને મૂગા રહિયે રે,— હાય હાય.

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક ૨ જું. સંવત્ ૧૯૬૨ મીન માસ. અંક ૩ જો.

श्री रामचन्द्राय नमः

મંત્ર મંગલાચરણ.

(દોહરા.)

શ્રી સીતાપતિ અકલગતિ, વંદુ વારંવાર,
શ્યામવર પરશુરામિયા, યુગાન્તરી અવતાર ૧
મમતા સમતા ન પડે, ભજતા લવ ભવપાર,
ચંદ્ર સૂર્ય વંશે પ્રગટ, થઇ હર્યો ભૂ ભાર ૨
શ્રાવક હૃદય સદય હરિ, અવહર નામોચ્ચાર,
યત્ને ભજે ભાવે સતત, તેનો બેડો પાર ૩
નરવર નટવર નાગરિક, રઘુ વંશ કુલ શૃંગાર,
મસ્તક તત્ચરણે ધરી, ભજું બ્રહ્મ સાકાર ૪

ૐ

ઓંકાર વર્ણન.

આ વિશ્વમાં જે કંઇ દેખાય છે, સમજાય છે, સુણાય છે, ગણાય છે, અનુમાય કે વિચારાય છે તે સર્વનું મૂળ કારણ એકજ પરમાત્મા છે એ પરમાત્માના અનન્ત અદ્ભુત કર્મો (ક્રીડા-લીલા) ઉપરથી, તેના અનન્ત નામો અનેક ભાષામાં ઉચ્ચારાય તથા લખાય છે. તે સર્વ વાણીના વ્યાપારનું મૂળ બીજ ઓંકાર અક્ષર છે તે એકાક્ષર વાચક પરમાત્માનું નામ ગણાય છે તે એકજ અક્ષરમાંથીજ જડ, ચેતન અને તેના સમ્મેલનથી થતો આનંદ એ ત્રણેનો આવિર્ભાવ (દર્શન અથવા જ્ઞાન) થાય છે એજ એક ભગવન્નામ દૃશ્ય તેમજ અદૃશ્ય અનન્ત બ્રહ્માંડમાં

ગાઢ રહ્યુ છે, તેનીજ શક્તિ (વિદ્યુત્—વીજળી) સર્વત્ર વ્યાપી રહી છે, તથાપિ તેનુ યથાર્થ જ્ઞાન આપણને થયુ નથી અને જ્યા સુધી આપણા દેહોમા રહેલા વિકારો દૂર થાય નહિ, ત્યા સુધી આપણે તેને ઓળખવા માટે અધિકારી પણ થઇ શકીએ તેમ નથી તેવો અધિકાર સપાદન કરવા માટે (વિકારી દેહ વડે અવિકારી પરમાત્માનુ સ્વરૂપ જાણવાની યોગ્યતા આવવા માટે) પ્રથમ આપણે આપણા પોતાના સ્વરૂપને ઓળખવુ જોઇએ જે માણસ હુ પોતે કોણ છુ, તે જ્યા સુધી જાણતો નથી, તે માણસ બીજાને કોઇ પણ રીતે જાણી શકતો નથી. અને જે પરમાત્મા છે, તે તો, તે બેથી પણ જુદા ત્રીજાજ છે એટલુજ નહિ પરંતુ બેરૂપ પણ તેજ છે અને બેની અદર રહેલા પણ તેજ છે હવે કોઇ માયાવી મનુષ્ય (જાદુગર) એમ કહે કે હુ ઘરમા છુ, અને હુ ઘરમા નથી (અર્થાત્ ઘરની બાહર છુ) એટલુજ નહિ પણ હુ ઘરમા નથી, તેમ ઘરની બહાર પણ નથી, ત્યારે તે પુરૂપ છે ક્યા ? એનો શો જવાબ આપણે દઈ શકીએ ? કોઇજ જવાબ આપણાથી દઈ શકાય નહિ તેવીજ અથવા તેથી પણ ઘણી ગુચવણ પરમાત્મસ્વરૂપને જાણવામા રહેલી છે તે ગુચવણ કદી પણ આપણે સ્વશક્તિથી દૂર કરી શકીએ એમ નથી ત્યારે તે દૂર કરવા માટે વેદવેત્તા અને સશયછેત્તા એવા સદ્ગુરૂને શરણે જવાની પ્રથમ જરૂર છે જો કે સામાન્ય ગુરૂ પણ સ્વશક્તિથી તેને કહી કે જાણી શકે તેમ નથી, તથાપિ વેદ શાસ્ત્ર વડે સદ્ગુરુ તેને સમજી તથા સમજાવી શકે છે તે કારણથીજ વેદવેત્તા અને સશયછેત્તા એ બે વિશેષણો ગુરૂને લગાડવામા આવે છે વેદ જોકે પરમાત્માની પોતાની વાણી છે અને ખરૂ કહીએ તો વાણીરૂપે શબ્દબ્રહ્મ પરમાત્માજ આપણે સન્મુખ પ્રત્યક્ષ બિરાજે છે, તથાપિ જો તેના શબ્દો તરફ આખ કે કાન લગાડી જોવા કે સાભળવા યત્ન કરીએ તો તેટલા માત્રથી તેનુ સ્વરૂપ ઓળખી શકાય નથી પરતુ એજ વેદમાથી એકાદ મત્ર અધિકારી થઇ, સદ્ગુરુદ્વારા ગ્રહણ કરીએ અને તે મત્રનો જો શ્રદ્ધાપૂર્વક જપ પાઠ કરીએ તો તેથી કરીને ધીમે ધીમે દેહોમાં રહેલા વિકારો ઘસાવા માડે છે અને તે સાથેજ જો ભગવત્સ્વરૂપનુ ધ્યાન ધરવામા આવે તો તેથી એ મત્ર વડેજ તે મત્રમા વર્ણવેલ મત્રમૂર્તિ પરમાત્મા, સર્વ વિકાર દૂર થતા આપોઆપ સર્વત્ર પ્રત્યક્ષ દર્શન આપે છે એમ શાસ્ત્ર અને સદ્ગુરુના વચનોથી આપણે સાભળ્યુ છે આ શાસ્ત્ર અને સદ્ગુરૂના વચનો ઉપર જે શ્રદ્ધા (Faith) તેનેજ આસ્થા અથવા આસ્તિક્ય બુદ્ધિ કહે છે પ્રાચીન કાળે આ આર્યાવર્તમાજ નહિ, પરતુ અખિલ બ્રહ્માડોમાં પણ એવો કોઇ જીવ નહિ હશે, કે જે આસ્તિક્ય બુદ્ધિથી રહિત હોય આજે તે આસ્થાનો આભાસ તો સર્વત્ર દેખાય અને સભળાય છે, પરતુ તેનો પરિભાસ–પ્રકાશ–આપણા દેશમાં

મદ પડ્યો છે તેના અનેક કારણો અનેક વિદ્વાનો અનેક રીતે પ્રતિપાદન કરેછે, પરંતુ તેવા પ્રતિપાદનથી કંઈ, તેઓ આસ્તિક છે, એમ માનવાનું કારણ નથી. કેટલીકવાર એમ દેખાયછે કે જેઓ એ સબધમા એક અક્ષર પણ બોલતા નથી એટલુંજ નહિ પરંતુ જ્યારે તેઓને પૃછના જઈએ, ત્યારે હું તો એ વિષે કંઈજ જાણતો નથી એવો જવાબ આપેછે અથવા તો તેનો કંઈ ઉત્તર પણ આપતા નથી. તેવા મહાપુરુષો ભગવત્સ્વરૂપને ઘણી સારી રીતે જાણતા હોયછે પરંતુ તેવા જ્ઞાની જનોને ઓળખવા એમા પણ સુબુદ્ધિનું કામ પડે છે તેવા પુરુષોને પોતાને કોઈ રીતનો સ્વાર્થ હોતો નથી, તેમ સ્વાર્થને તેઓ કંઈ બતાવતા પણ નથી તેવા મહાપુરુષને ઓળખીને તેમની પાસેથી **ઓંકારનું** સ્વરૂપ જાણવાનો આપણે પ્રયત્ન કરવો જોઈએ તેવા મહાપુરુષનું લક્ષણ શું તે આપણને મહાપુરુષોજ બતાવી શકે છે "જે જેમા ઝાઝો વસે, તે તેમા પ્રવીણ" તેમ મહાપુરુષનું લક્ષણ મહાપ્રભુ **શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ** આ પ્રમાણે બતાવ્યું છે—

कृष्णसेवापरं वीक्ष्य, दम्भादिरहितं नरः ।
श्रीभागवततत्त्वज्ञम् भजेज्जिज्ञासुरादरात् ॥

શ્રીકૃષ્ણની સેવામાં પરમ ચતુર, દભવગેરે દુર્ગુણોથી રહિત, શ્રીમદ્‌ભાગવતનું જે પરમ તત્ત્વ તેને જાણનારને જિજ્ઞાસુ (ભગવત્સ્વરૂપ જાણવાની ઇચ્છાવાળા મુમુક્ષુ) એ આદરપૂર્વક ભજવા

શ્રીકૃષ્ણસેવામાં પરમ ચતુર એ વિશેષણ પ્રથમ આપવાનું કારણ એ છે જે શ્રીકૃષ્ણ એ પરમાત્માજ છે, એવા જ્ઞાનપૂર્વક, તેની સેવા કરવામા અત્યન્ત ચતુરાઈ તે ગુરુમા પહેલી હોવી જોઈએ અર્થાત્ શ્રીકૃષ્ણને લૌકિક પ્રભુ, કે મહારાજાધિરાજ માનીને ભજનારો ન જોઈએ, કેમકે શ્રીમહાપ્રભુ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પોતાના પુત્રો **શ્રીગોપીનાથજી** તથા **શ્રીવિઠ્ઠલનાથજી** (શ્રીગુસાંઈજી) ને અંતીમ આજ્ઞા શિક્ષાશ્લોકમા એજ કરી છે કે

न लौकिकं प्रभु कृष्णमनुते नैव लौकिकम् ।

પ્રભુ શ્રીકૃષ્ણ એ લૌકિકપ્રભુ નથી તેમને લૌકિકપ્રભુ (મહારાજા) નજ માનવા

વળી શ્રીકૃષ્ણની સેવા કરવામા પણ અમુક સમયે અમુક પદાર્થો અમુક રીતે ધરાવવાથીજ તે પ્રસન્ન થાય છે, એમ જાણનાર તે જોઈએ. આજે જુદે જુદે સમયે જુદાં જુદા વસ્ત્રાભૂષણથી જે શ્રીકૃષ્ણની સેવા અનેક ઠેકાણે ભાવપૂર્વક કરવામા આવેછે, તે ભાવનામા કહેલા માહાત્મ્યને કોઇકજ જાણતું હશે માહાત્મ્યથી અજાણ્યુ હોવાને લીધે જે ઘરમા વંશપરંપરાથી ચાલતી આવેલી

પ્રણાલિકા કાયમ હશે, ત્યા "અમારા ઘરની કે કુલની એ રીત છે ' એટલો જવાબ કદાચિત્ મળશે પરતુ તે રીત સકારણ પ્રતિપાદન કરવાની હાલના સમયમા અતિ આવશ્યકતા છે દરેક વિચાર, અને દરેક આચારનુ તત્ત્વ જાણવુ તથા શિષ્યને જણાવવુ એ તો ગુરુનુ કામ છે અને તે ગુરુપાસેથી જાણવાને પ્રયત્ન કરવો એ શિષ્યનુ કર્તવ્યછે માટેજ તત્ત્વજ્ઞાન ગુરુપાસે કેવી રીતે મેળવવુ તેનો ઉપાય અર્જુનને શ્રીકૃષ્ણ ભગવાને પ ડે કહીને આપણને સભળાવી દીધાછે—

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

તત્ત્વદર્શીજ્ઞાની (સદ્ગુરુ) ઓજ તને તે જ્ઞાનનો ઉપદેશ કરશે. તેઓને પ્રણામ કરવાથી, વાર વાર પ્રશ્ન પૂછવાથી અને તેઓની સેવા કરવાથી તે જ્ઞાન તુ જાણ માટે શ્રીકૃષ્ણની સેવામા જે પરમ ચતુર દેખાય તેવા પુરુષને વારવાર પ્રણામ કરીને, પ્રશ્ન પૂછીને તથા યથાશક્તિ તેમની સેવા કરીને, તેમને તે સેવા પ્રકારનુ તત્ત્વ પૂછતા રહેવુ શિષ્યની શકાઓનુ તેના આત્માને સતોષ ઉત્પન્ન થાય તેવી રીતે નિરાકરણ કરી શકે તેવા મહાપુરુષો ગુરુ થવાને યોગ્યછે. જિજ્ઞાસુ શ્રોતાને જે પોતાના વિચાર બરાબર ન સમજાવી શકે તે વક્તાની ખામી ગણાય છે એટલુજ નહિ પણ તેઓમા દભ વગેરે દુર્ગુણો ન હોવા જોઇએ એમ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ બતાવેલા મહાપુરુષના લક્ષણપરથી સ્પષ્ટ સમજાય છે

દભ એટલે ઢોગ અર્થાત્ મનમા એક અને બહારથી જુદુ આચરણ હોય તેને દભ કહે છે તે માટે જેમ પગારદાર પૂજારીઓ માત્ર પેટને ખાતર દભથી સેવા ભગરમેવા કરે છે, તેવા તે ન જોઇએ. જો કે ગુરુ થનાર મહાપુરુષને પગાર તો કોઇ આપતુ નથી, તેમ તે કોઇના પગારદાર નોકર થતા પણ નથી તથાપિ જે કરે છે તે અતઃકરણપૂર્વક કરે છે, તેની ખાત્રી પ્રથમ કરવી જોઇએ. જેમ આ આર્યાવર્તના ઉંચ વર્ણના આપણા આર્ય સસારમા ધણીધણીઆણીનુ જોડુ એકવાર વિવાહસબધથી બધાય, તે મરતા સુધી છૂટી શકતુ નથી, તેમજ ગુરુશિષ્યનો સબધ પણ એકવાર બધાયા પછી આ લોકમા પણ છૂટી શકતો નથી સદ્ગુરુદ્વારા થએલા સસ્કારોની અસર જન્મોજન્મ રહેછે, એટલુજ નહિ પણ મોક્ષ (ભગવત્સાક્ષાત્કાર)પર્યંત તે સબધ જેમનો તેમ કાયમ રહેછે એ તો ઉત્તમ ગતિની વાત થઇ, પરતુ જો દભી ગુરુને જે તેનો દભ જાણ્યા છતા, કોઇપણ પ્રકારની લાલચથી ગુરુ માની બેસે છે તે ગુરુશિષ્ય બેઉની અધોગતિ થાયછે માટેજ લોકોક્તિ પડી છે કે "લોભી ગુરુ અને લાલચુ ચેલા, દોનુ નરકમે ઠેલમઠેલા ' માટે સદ્ગુરુ કરવામા પરમાત્મસ્વરૂપનુ જ્ઞાન અને વિજ્ઞાન મેળવવુ એ ઉપરાત બીજીકોઇપણ જાતની લાલચ શિષ્યે રાખવી નહિ આદિ શબ્દથી કામ,

ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર એ ષડ્રિપુ સમજવા એ છ શત્રુને પણ જે પોતાને વશ રાખે, તેના આવેશને પોતે વશ ન થાય, તે ગુરુ થવા લાયક છે એ બે લાયકાત ઉપરાંત ત્રીજી લાયકાત શ્રીમદ્ભાગવતનુ તત્ત્વ જાણનાર જોઇએ

તત્ત્વ (તત્-ત્વ) એટલે તે પણ. શ્રીભાગવત એ પણ ભગવત્સ્વરૂપ છે એટલે ,જેવુ શ્રીભાગવતમા શ્રીકૃષ્ણનુ વર્ણન છે, તેવાજ આ સેવ્યસ્વરૂપ **શ્રી બાલમુકુંદ** છે એવુ અભેદ માહાત્મ્યજ્ઞાન ગુરુને હોવુ જોઇએ માટે દરેક જીજ્ઞાસુએ ગુરુ સાથે સ બધ કરવા પહેલા શ્રીમદ્વલ્લભાચાર્યજીએ દર્શાવેલા લક્ષણની તપાસ કરવી જોઇએ કે જેવી સ્વશ્રેય આપનાની યોગ્ય તક મેળવી શકાય પરમાત્માના જે અનંત નામો છે, તેમાથી ત્રણ નામો વેદમા ખાસ વાપરવામા આવ્યાછે સર્વ વેદોના પરમ સિદ્ધાતદર્શક ઉપનિષદોમા પણ એ ત્રણ નામો ફરી ફરીને બ્રહ્મવાચક વાપર્યા છે અને તે સર્વ ઉપનિષદરૂપી જે ગાયો, તેના દોહનરૂપ જે ગીતામૃત તેમા તે ત્રણે નામો સ્પષ્ટ કરી દીધા છે —

ओं तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रि विध स्मृत ॥ १७, २३ ॥

ઓ, તત્ અને સત્ એ ત્રિવિધ બ્રહ્મનો નિર્દેશ વેદે કહ્યોછે, તેમા પણ ઓમ્ એ પ્રથમ કહ્યો છે

આચારવિચાર.

આર્યાવર્તનિવાસી આર્ય લોકોનો વેદશાસ્ત્રસિદ્ધ પ્રાચીન ધર્મ **સનાતનધર્મ**ના નામથી પ્રસિદ્ધ છે અને તે અસલથારેથી આ આર્યાવર્તમા ચારે વર્ણો અને ચારે આશ્રમના જનો અગાઉ બરાબર રીતે પાળતા હતા પરંતુ કલિકાલની શરૂઆતમા ત્રિકાળદર્શી ઋષિમુનિયોએ ભવિષ્યની પ્રજાની ધર્મપરની શ્રદ્ધાનો વિચાર પોતાની યોગવિદ્યાના પ્રભાવે જાણી ધર્મશાસ્ત્રોમા કલિના જીવોને ધર્મમા પ્રવૃત્ત કરાવવાને માટે કેટલીક હદ પણ બાંધીછે અને તેને અનુસરીને આર્યલોકોએ સ્વધર્મમા પ્રવૃત્ત થવુ જોઇયે છે ધર્મશાસ્ત્રમા વર્ણવેલા વર્ણાશ્રમ ધર્મમા મુખ્ય પદ આચાર વિચારને આપવામા આવેલુ છે. તેથીજ યોગ્યરીતે આચાર વિચાર રાખનાર ધર્મમા દૃઢ ગણાયછે વળી ધર્મશાસ્ત્રમા આચારવિચારનો પરસ્પર એવો સબંધ રાખવા મા આવેલો છે કે એ બેમાથી એકના ત્યાગથી બનેથી ભ્રષ્ટ થવાય છે જેમ ઝાડની પરીક્ષા તેના ફળથી થાય છે, તેમ વિચારની પરીક્ષા આચારથી થઇ શકે છે માટેજ દરેક ધર્મમા જે આચાર પ્રકરણ હોયછે તે તથા તે તે ધર્મના અનુયાયીઓના વિચાર એ બેને પરસ્પર સરખાવવા જોઇએછે, કારણકે જે ધર્મમા વિચારપર અંકુશ રખાતો નહિ હોય, તે ધર્મમા જે આચારપ્રકરણ હોય છે, તે નકામુ થઇ પડેછે

વિચારને અનુભવ વ્યવહારમા આચારથી તરત થઈ શકેછે આવા કારણથી શૌચ (ચોખ્ખાઈ) શુદ્ધ આહારવિહાર અને સર્વ બાબતમા મિતાહારપણુ રાખવાનુ ધર્મશાસ્ત્રમા કહ્યુ છે પરન્તુ આર્યલોકોના અદૃષ્ટ સ્પષ્ટ દુષ્ટ થઇ ગયેના હોવાથી હાલમા આર્યપુત્રો ભ્રષ્ટ થઇ પરમ દૃષ્ટ શિષ્ટ આચરણ છોડી, ધૃષ્ટ થઇ, આચારની બાબતના ભ્રષ્ટ ચેષ્ટા ભ્રમ કરવા લાગ્યાછે અને તે પ્રમદા દેખાવ આપવા લાગીછે હાલના તરીકે હાલમા વણિક કોમમા પરદ્વીપગમનની ચાલતી ચર્ચામા પણ કેટલાક અગ્રગણ્ય ગણાતા પુરૂષો તથા વિદ્વાન્ તરીકે ઓળખાતા પુરૂષોકે જેઓનુ કર્તવ્ય ઉછરતી વયનાને શિક્ષણ આપવાનુછે, તેઓ તરફથી પણ સ્વધર્મનુ રહસ્ય સમજ્યા વગર વિદ્વત્તા તથા મોટાઈનો જે અસ્થાને ઉપયોગ કરવામા આવેછે તેથી સમજુઓને દીલગીરી ઉપજ્યાવિના રહેશે નહિ કારણકે શિક્ષક તરફથી નીકળતા ઉદ્ગારોની છાપ શિષ્યોના અંતઃકરણપર જલદી પડેછે તેથી શિક્ષક તરફથી વારસામા મળેલા વિચાર પર તે તેઓ દોરવાઇ તેમુજબ વર્તન કરતા શીખે, તો તેમાં કંઇ આશ્ચર્ય જેવુ ન કહેવાય, માટે પોતાના શિષ્યોને સીધી યા આડકત્રી કોઇપણ રીતે તેઓના સ્વધર્મથી આડે રસ્તે દોરવવાનો કદીપણ પ્રયત્ન ગુરૂએ ન કરવો, એવો શિક્ષકધર્મનો સ્પષ્ટ સિદ્ધાંત હોવા છતા પણ શિતકનો ધંધો કરનાર વિદ્વાન્ પુરૂષ જ્યારે પોતાનાજ સ્વધર્મથી વિરૂદ્ધ જઇ, ચાલતી ચર્ચાના ઉહાપોહમા અકાંડ તાડવ જેવા ઉદ્ગાર કહાડતા લખે છે કે "(પરદ્વીપમા) ત્યાં **એવી ઘણી હોટેલો છે કે જેમાં માસ અને મદિરારહિત માત્ર વનસ્પતિનું ભોજન મળેછે."**

આમ લખવામા તેઓનો વિચાર સ્પષ્ટ સમજાય છે કે, આર્યોને એવી હોટેલોનું ભોજન જમવામાં કોઇપણ જાતનો બાધ નડતો નથી. તેમજ આર્યધર્મશાસ્ત્રમાં વર્ણવેલા આચાર વિચારથી પણ એવુ ભોજન વિરૂદ્ધ નથી, પરતુ જો તેવા લેખક શાંત મગજે પ્રથમ વિચાર કરે તો તેઓને સ્પષ્ટ માલમ પડશે કે કોઇપણ આર્ય, પછી તે બ્રાહ્મણ, ક્ષત્રીય વા વૈશ્ય હોય તો, પણ તેનાથી પોતાનાથીઉતરતી વર્ણના હાથનું રાંધેલુ તો શું પણ આ યુગમાં ભોજન ખાઇ શકાય નહિ, કારણકે આવી હોટેલોમાં વનસ્પતિનુ ભોજન કરનાર નથી પરન્તુ સ્વધર્મ માનવુ વિચાર વા ધર્મ તથા આચારવિચારને પાળનારા હોવાથી એવી હોટેલોમા વનસ્પતિનુ ભોજનબનાવનારનો ધર્મ તથા તેના આચારવિચાર જો સ્વધર્મ તથા સ્વઆચારથી થોડે પણ અંશે વિરૂદ્ધ માલમ પડે તો તેઓથી કદીપણ ભોજન કરાય નહિ અને જો કરે તો તે ધર્મશાસ્ત્રનુસાર તો તાનિક વર્ણધર્મ તેમજ આચારવિચારથી ભ્રષ્ટ થયા વગર રહેતો નથી તેથીજ સ્મૃતિમા કહ્યું છે કે "**आचार प्रथमो धर्म**" ધર્મનુ પ્રથમ પગથીયુંજ આચાર છે આચારવિચારનો પરસ્પર એવો તો સબંધ છે કે મનુષ્યના વિચાર આચારથી અને આચારવિચારથી શુદ્ધ રહી શકે છે વિચારની શુદ્ધિથી અકર્તવ્ય કર્મો કરતા બચી

અને છેવટે આચાર વિચારની શુદ્ધતાનેજ પરિણામે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ કરી શકાય છે આચારની ભ્રષ્ટતાથી મનુષ્યનુ અંતઃકરણ મલિન વાસનાઓથી ભરપુર થઇ, છેવટે ધર્માધર્મનો કઇપણ વિચાર કરવા લાયક રહેતુ નથી તેથીજ આર્યોની સાંસારિક રૂઢીઓનુ બંધારણ પણ મોટેભાગે આચારનેજ આભારી હોય, એમ સ્પષ્ટ સમજાયછે માટે દ્વિજ જાતીનુ ખરૂ કર્તવ્ય એ છે કે સ્નેહ માટે વંશપરંપરાથી ચાલતા આવેલા શાસ્ત્રાનુસાર આચારાદિ ધર્મો યથાશક્તિ પાળના વળી આર્યોમાં પણ એવી ઘણી ન્યાતજાત આ આર્યાવર્તમાં છે, કે જેઓ માસ મદિરાનુ ખાનપાન કરે છે, છતા પણ તેઓ પરદ્વીપસ્થ અને પરધર્મીના હાથનુ અન્નજળ લઇ શકતા નથી દાખલા તરીકે બંગાળ પ્રાંતમા કેટલાક બ્રાહ્મણ વર્ગના મનુષ્યોમા આજે માસમદિરાનો આહાર કરનારા વિદ્યમાન છે, તેઓ પણ પરધર્મી અને પરદ્વીપસ્થના હાથનુ ખાવામા પોતાના આર્યત્વની હાનિ સમજેછે એવિષે સંવત્ ૧૯૨૮ ની સાલમા **કલકતાની કોલેજના સંસ્કૃતના પ્રોફેસર મહામહોપાધ્યાય તારાનાથ તર્કવાચસ્પતિએ** આપેલો વિલાયતગમન સંબંધી નિર્ણય જે આ અંકમા બીડેલોછે, તે વાચ્યાથી ખાત્રી થશે અને ગૂજરાતના વણિક વર્ગમા પણ અદ્યાપિ પ્રસિદ્ધ રીતે માસ મદિરાનો ઉપયોગ કરનાર કોઇ દેખાતુ નથી હવે જે બ્રાહ્મણને ઘેર જન્મ લેનારો આચાર ભ્રષ્ટ હોય, તેના હાથનુ આચાર શુદ્ધ વણિકથી પણ ખાનપાન થઇ શકે નહિ તોપણ હાલ મુબાઇની કેટલીક વણિક ન્યાતો કે જેઓનો સુરત સાથે સંબંધ છે તેઓ ત્યાના મહાજનના ધર્મવિરુદ્ધ ઠરાવથી રંગીન, એવા વિચારપર આવેલી જણાય છે કે સુરતમા વિલાયતગતા સાથે જમનારાનો બાધ મુબાઇમા ન ગણવો, પરંતુ આવો વિચાર ધર્મશાસ્ત્રની નજરે જોતા તદ્દન બેનાઅમી છે જો ધર્મનુ બંધન ગણવામા આવે છે, તો તે સુરતમા અને મુબાઇમા અથવા તો ગમે તે ગામમા અવેએક સરખુજ પળાવુ જોઇએ જેઓ મુબાઇમા વિલાયતગતા સાથે બેસી જમવા નથી ઇચ્છતા, તેમણે બીજા કોઇ પણ ગામમા પણ વિલાયતગતા સાથે બેસીને નજ જમવુ જોઇએ આચાર વિચાર વડે બંધાય છે, પણ તે વિચાર ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ ન હોવા જોઇએ

આ ઉપરથી તો મુબાઇમા વિલાયતગતા સાથે જમનાર વટલાય અને સુરતમા ન વટલાય એમ સુરતી વણિકો ધારે છે. પરંતુ ખરી રીતે જોતા તો આવો વિચાર માત્ર મમત સિવાય બીજુ કંઇ પણ દર્શાવી શકતો નથી જ્યા મમતામમતીનો સવાલ ઉત્પન્ન થયો હોય ત્યા ધર્મનુ નામ કે નિશાન પણ રહેવા પામતુ નથી. માટે મમતને ખાતર ધર્મનો ભોગ આપવો ઉચિત ન કહેવાય

પુરુષાર્થસિદ્ધિ.

ધર્મશાસ્ત્રમા સૃષ્ટિના નિયામકે મનુષ્યને માટે આ સૃષ્ટિમાં પુરૂષપણાની પ્રાપ્તિ સાથેજ સ્વશ્રેય સાધનાની ફરજ નાખી છે માટે મનુષ્ય માત્રે સ્વશ્રેયને ખાતર ધર્મશાસ્ત્રમા વર્ણવેલા ચારે પુરૂષાર્થો પ્રાપ્ત કરવા તરફ હરહમેશ લક્ષ આપવું જોઇયે છે કારણ કે એમાંની ત્રણ સિદ્ધિઓને પ્રાપ્ત કર્યાબાદ મનુષ્ય ચોથી સિદ્ધિ પ્રાપ્ત કરવા ટળવળે છે, કારણ કે ચોથી સિદ્ધિની પ્રાપ્તિથી મનુષ્યથી જન્મમરણનો ફેરો ટાળી શકાય છે એ ચાર સિદ્ધિ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ પુરૂષાર્થોના નામથી ઓળખાય છે એની પ્રાપ્તિ કરવી એજ પુરૂષોનો પુરૂષાર્થ કહેવાયછે આમા પ્રથમ ધર્મને મૂકવામા આવેલો છે કારણકે ધર્મ એજ સર્વનું મૂળછે અને ધર્મથીજ આ લોક તથા પરલોકમા સુખ (આનંદ)ની પ્રાપ્તિ કરી શકાયછે, તેમજ બાકીની સિદ્ધિઓનો આધારપણ ધર્મજ હોવાથી ધર્મને સર્વનું મૂળ ગણી, પ્રથમ પદ આપવામાં આવેલું હોય એમ માલમ પડે છે ધર્મ વગેરે પુરૂષાર્થોનું મૂળ શાસ્ત્ર છે પરંતુ હાલમા તે ઉપરની શ્રદ્ધા ઘટવાથી તેમજ એ મૂળ ધર્મ ઉપર પરધર્મિઓ તરફથી થતા લખાણ તથા ભાષણોથી તથા કેટલાક પોતાને " આર્ય " તરિકે ઓળખાવનારાઓ અમારા ભાઇઓના કુસંગથી તથા આર્યશાસ્ત્રના અભ્યાસ અને ઉપદેશકોના અભાવથી તે શ્રદ્ધા દિન પ્રતિદિન ઘટતી જાય છે, જેથી ધર્મ રૂપી વૃક્ષ તેવાઓના અકાંડતાંડવ જેવા કુવચનરૂપી કુહાડાના પ્રહારથી દિનપરદિન છિન્નભિન્ન થવા માંડ્યું છે તેથીજ આજે આર્ય લોકોના ધન, અંગ વગેરે અર્થ પુરૂષાર્થરૂપી પાત્રાઓપણ ખરીજવા લાગી, દેશ નિર્ધનતાને પ્રાપ્ત થવા લાગ્યો છે ત્યારે સુગંધ તથા સુરૂપથી નાક અને નેત્ર વગેરેને આનંદ દેનાર કામ પુરૂષાર્થ એટલે લૌકિક સુખરૂપી ફુલફુલ પણ ખીલકુલ કરમાઈ જાય તેમા નવાઇ ? જ્યા વૃક્ષ સુકાય, પાંદડા ખરી પડે તથા ફુલ કરમાઈ જાય ત્યાં પછી પરમ તૃપ્તિ કરીને પુષ્ટિ આપનાર મધુર મોક્ષ રૂપી ફળની તો નીરાશા ધરવી ? જ્યાં આવી દશા પ્રાપ્ત થયેલી હોય ત્યાં અધર્મ રૂપી કાંટાના ઝાડ જલદીથી ફુલી ફાલી શકેછે અને તે પ્રબળછે દાખલા તરીકે કાંટાનું ઝાડ માટી અથવા માટી કોઇપણ જમીનપર ઝટ ઉગી નીકળે છે માટે આર્ય બાંધવોએ ધર્મ રૂપી વૃક્ષને પોષનાર શાસ્ત્ર રૂપી મૂળને પરધર્મી તથા નાસ્તિકોના વાગ્બાણ રૂપી આતાપથી બચાવવા અભ્યાસરૂપ જળથી શ્રદ્ધાથી સીંચવા કટીબદ્ધ થવું જોઈએ છે કારણ કે શાસ્ત્રાભ્યાસને લીધે અધિકાર દૃઢ થવાથી ધર્મરૂપી વૃક્ષ શ્રદ્ધા સહિત જલદી ફુલે ફળે, તેમાથી અર્થરૂપ પાત્રા, કામરૂપ ફુલ અને મોક્ષરૂપી ફળ મેળવવા સુખ

ચારનો પરમેશ્વર જી
નિયામથી સૃષ્ટ કર્તા

થઈ પડે આથી સ્પષ્ટ સમજાયછે કે એ સિદ્ધિઓનો સાધન એવો તો પરસ્પર સુથાએલો છે કે જો શાસ્ત્રમા બતાવેલી યુક્તિ છોડીને, તેમજ જુદો જુદો સમય નયત કર્યાવગર એમાથી હરકોઈ એકજ પુરુષાર્થનુ અત્યત સેવન કરવામા આવે, તો તે પુરુષાર્થ પોતે બીજા બે પુરુષાર્થનો નાશ કરીને પોતે પણ નાશ પામેછે અત્રે એટલુજ જણાવવુ પુરતુ છે કે પ્રથમ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થની સિદ્ધિકર્યો વિના ચોથી સિદ્ધિ મેળવવાને મનુષ્ય અધિકારી થઇ શકતો નથી માટેજ ઉપર ત્રણ પુરુષાર્થ વિષે જણાવવામા આવ્યુ છે હવે એ ત્રણની ઉત્પત્તિનો ક્રમ શાસ્ત્રાનુસાર તપાસતા માલમ પડેછે કે શાસ્ત્રમા બતાવેલા વિધિનિષેધોને અનુસરીને ચાલવાથી પ્રથમ ધર્મ સિદ્ધ થાયછે ધર્મથી દ્રવ્ય, ભૂમિ, ઘરઆદિ અર્થ સિદ્ધ થઇ શકેછે અને અર્થથી (કામ) વિષયોનો ભોગ સિદ્ધ થઈ કામથી થતા સુખરૂપ ફૂલનો ઉદય થાયછે, પરતુ શાસ્ત્રમા બતાવેલી યુક્તિપ્રમાણે જુદો જુદો સમય નિયત કરી નિરતર એ ત્રણેનુ ક્રમાનુસાર સેવન કરવાથીજ એ ત્રણે પુરુષાર્થો સિદ્ધ થયા ગણાયછે અને જો તેમ ન કરવામા આવે તો તેનો નાશ પણ થાયછે પુરુષાર્થ રહિત મનુષ્યનુ જીવન, મરણતુલ્ય હોવાથી દરેક મનુષ્યની ફરજ છે કે તેણે એ પુરુષાર્થો સિદ્ધ કરવા પ્રયત્ન કરવો જોઇયે

પ્રિય પાઠકો ! એકજ પુરુષાર્થનુ સેવન કરવાથી અન્ય પુરુષાર્થોનો તેમજ સેવન કરેલા પુરુષાર્થનો છેવટે નાશ કેવી રીતે થાય છે, તે અત્રે તપાસવુ યોગ્ય થઇ પડશે માટે ક્રમાનુસાર એ પુરુષાર્થોના સેવન સબધી ટૂક તપાસ કરીશુ જુઓ ! જે મનુષ્ય એકલા ધર્મનેજ વળગી રહે અને ઉદ્યોગ (અર્થ) તથા સુખભોગ (કામ) તરફ જરાપણ લક્ષ રાખે નહિ તે મનુષ્યના તે બાબતના બીનકુન નિરૂદ્યોગપણાથી તેની પાસેના દ્રવ્ય વગેરે અર્થોનો જલદીથી ક્ષય થાય છે અર્થના નાશથી કામનો એટલે સુખભોગનો પણ નાશ થાય છે તેમજ અર્થથી બની શકે એવા દાન, યજ્ઞાદિ ધર્મોનો પણ પરિણામે ક્ષય થાય છે આમ થવાથી અર્થ અને કામ એ બે પુરુષાર્થોનો નાશ થયા પછીની સ્થિતિનુ અવલોકન કરતા, સ્પષ્ટ માલમ પડશે કે જેઓમા દ્રવ્યાદિની કઈપણ ગરજ નથી પડતી એવા ઉપવાસાદિ ધર્મોનુજ સેવન કરવામા આવે, તો તેથી શરીર દિનપરદિન ક્ષીણ થઇ જવાથી છેવટે તેવા વ્રત પણ બની શકે નહિ એટલે ધર્મ પુરુષાર્થનો પણ નાશ થયા વગર રહેજ નહિ આથી એકનુજ સેવન કરવાથી અન્યનો આપોઆપ નાશ થતા માટે

હવે જે મનુષ્ય ધર્મ તથા સુખ ભોગ (કામ) તરફ જરા પણ ન લાગતા એકલા અર્થને વળગી રહે તો તે મનુષ્યથી દાન, યજ્ઞ, ભગવત્સેવાદિક ખર્ચ કરવનારા ધર્મો થઈ શકે નહિ, વળી દ્રવ્યાર્જન ઉદ્યોગોનીના એક ક્ષણ પણ વ્યથા ન ગુમાવવી એવી બુદ્ધિ હોવાથી તેનાથી સ્નાન સધ્યાદિ નિત્ય કર્મો પણ

યથાર્થ રીતે થઈ શકતા નથી તો પછી અન્ય રીતે પણ ધર્મસિદ્ધિ કેમ થઈ શકાય ? અર્થ ઉપાર્જનને ઇષ્ટ ચાહનાર અત્યંત લોભને પરવશ પડી પોતાના પેટે પણ પુરૂ ખાતા નથી તો પછી સુખભોગ (કામ) શી રીતે ભોગવી શકે ? તેવાઓ તો અપને પણ ધર્મ તથા કામ સિદ્ધિ તરફ દૃષ્ટિ કરતા ન હોવાથી સ્વશરીરને ફક્ત મર્યાદાને ખાતર લુગડાંથી ઢાકવા સારૂ ખર્ચ કરતા પણ અતિ કચવાય છે, તો પછી તેના અર્થથી લેણાયતવાળાઓને ધર્મ તથા કામ સિદ્ધિમાટે ખર્ચની જો કોઈ વાત કરે તો તે વાત સાંભળતાંજ તાવ ચઢી આવે તેમાં શી નવાઈ ? ખરી રીતે જોતા એવાઓ ધર્મ તથા કામ એ બે પુરૂષાર્થોનો નાશ કરી પછી, સંચિત કરેલો કેવળ અર્થ તેનો પણ નાશ કરે છે, કારણકે મધમાખીની માફક સંચય કરેલો અર્થ સંચય કરનારને કાંઈ પણ કામ આવતો નથી કેમકે એકઠા થએલા અર્થને ધર્મ પુરૂષાર્થના નાશ થવાની સાથેજ અગ્નિ, રાજા અથવા ચોર કોઈને કોઈ પણ રીતે હરણ કરવા તત્પર રહે છે, તેમજ કામના નાશને લીધે, સંતતી ન હોવાને લીધે હાયભાગી તેને મેળવવા અતિ પ્રયાસ કરતા રહે છે ભોગ જોગે અતિ લોભને લીધે ઓચિંતુ જો નસીબ નાશ પામે તો પછી પેલી જાણીતી કહેવત " જેના હાથમાં તેના મોમાં ", મુજબ થયા વગર રહેતું નથી અને છેવટે એના નાશની સાથે મેળવેલા અર્થ પુરૂષાર્થનો પણ નાશ થાય છે ।

વળી જે મનુષ્ય ધર્મ અને અર્થ એ બે પુરૂષાર્થને તરતછોડી એકલા કામનેજ વળગી રહે તો તે મનુષ્યના અહોરાત્ર, સ્ત્રીની સેવામાં, સ્વઅંગને તેલ ફુલેલ લગાવવામાં તથા કેવળ ખાવા, પીવા અને ઉંઘવામાંજ નીકળી જાય છે એના ફળરૂપ થઈ કરનારાથી સંધ્યા, ભગવત્સેવાદિ અવશ્ય ધર્મો તેમજ અર્થ ઉપાર્જન કાર્યો બની શકે નહિ કામી સ્વશરીરને જોરાવર બનાવવા ખાતર ન ખાવા પીવાની ચીજોનું દવાને નામે ખાનપાન કરતા કદિ પણ અચકાતો નથી ધર્મ અને ઉદ્યોગ (અર્થ) તરફ જરા પણ લક્ષ ન લગાડનારા કામીનું નાણું, ટાણું ન જોતા વાડી, બગીચા અને ગાડી ઘોડાઓની જોડીમાં દોડી જાય છે તેમજ કેટલોક પૈસો સ્ત્રીઓમાં, દૂતિઓમાં, વેશ્યાઓમાં, ગવૈયાભવૈયા, નાટકચેટક તથા અનેક વિહાર, ઘણા શણગારમાં પ્યારથી ઉડાવતા અને છેવટે જુગાર જેવા નાશવંત કાર્યમાં પણ સર્વ સમૃદ્ધિ ખલાસ થઈ જાય છે ધર્માચરણ તથા ઉદ્યોગ કરવામાં સંપૂર્ણ શક્તિ આપનાર જોબન પણ કેવળ કામના કામથી, કામનીની કામનામાં ફસાવાથી નાશ પામે છે સારે શરીર ઉદ્દામ

* આ ઠેકાણે લુગડી શબ્દ દ્વિ અર્થી છે ૧ સ્ત્રી. ૨ માથાપર રાખવામાં આવતા વાળ

રોગોનું ધામ બની તમામ નકામ થઈ જાય છે એટલે કામનું નામ પણ રહેતું નથી અર્થાત્ કામ પુરૂષાર્થનો પણ એના નાશ થવાને લીધે નાશ થાય છે

આવી રીતે એકજ પુરૂષાર્થને વળગી રહેવાથી મનુષ્યની ખરેખરી ખુવારી થાય છે. માટે ધર્મ, અર્થ અને કામનો પરસ્પર વિરોધ ન આવે-તેવી રીતે શાસ્ત્રમાં કહ્યા મુજબ સેવન કરવું જોઈએ અર્થાત્ ધર્મ પુરૂષાર્થના નિયત કરેલા સમયે ધર્મ, અર્થને સમયે અર્થ અને કામને સમયે કામમાં પ્રવૃત્ત થવું પરંતુ એકદમ વિષયોમાં લોલુપ્ત જવું નહિ તેમ સર્વથા વિષય સુખથી રહિત થવું નહિ પણ ઇંદ્રિયોને વશ રાખવી, કારણ કે વાત્સ્યાયન ભાષ્યમાં કહ્યું છે કે—

धर्माविरोधेन काम सेवेत

અર્થ —ધર્મ અને ઉદ્યોગ (અર્થ) ની સાથે વિરોધ ન આવે તેવી યુક્તિથી કામ પુરૂષાર્થનું સેવન કરવું

જ્યા સુધી ધર્મ, અર્થ, અને કામ પુરૂષાર્થો સિદ્ધ થયા ન હોય ત્યા સુધી મોક્ષ પુરૂષાર્થ સિદ્ધ થવો અતિ દુર્લભ હોવાથી, મનુષ્યે શાસ્ત્રમાં બતાવેલી યુક્તિ પ્રમાણે ક્રમાનુસાર જુદે જુદે સમયે પ્રથમ ત્રણ પુરૂષાર્થો સિદ્ધ કર્યા બાદ તેમા વિરક્ત થાય તોજ મોક્ષ પુરૂષાર્થ સિધ્ધ થઈ શકે છે

ભૂકંપ.

ભૂકંપ એટલે ધરતીનો ધ્રુજારો ચાલતા સેંતાલીસ મંગળવારે સવારે પોણા સાત વાગે મુબઈમા ધરતીકંપ થોડીક સેકંડ થયો હતો આ આધિભૌતિક આશ્ચર્ય ગણાય છે. એ થવાના ખરા કારણો શા છે? તેનો વિચાર વિદ્વાનો અનેક રીતે કરેછે આધુનિક ભૂતળવિદ્યા (Physical Geography) ના લેખકો તેના કારણમાં લખે છે કે ભૂગર્ભમા એક પ્રકારની ઉષ્ણતા છે, તે ઉષ્ણતાને લીધે જમીનની અંદરના પદાર્થો ઓગળીને તેની વરાળ બને છે અને તે પદાર્થોનો રસ તથા વરાળ બહાર નીકળવામાટે જોરથી ઉચે ચડેછે, તેથી કરીને ભૂકંપ થાયછે, અને જે ઠેકાણે તે પીગળેલો રસ બહાર પડેછે તેને જ્વાળામુખી કહેછે આ જ્વાળા ક્યે ઠેકાણે ક્યારે નીકળશે અને તેના જોરથી ક્યે ઠેકાણે ક્યારે ધરતીકંપ થશે, તે અગાઉથી સમજવાની શક્તિ હાલના પદાર્થવિજ્ઞાનવાદીઓને અદ્યાપિ પ્રાપ્ત થઇ નથી તે કારણથી એ પણ એક ભ્રાંતિક ભ્રમ કાર ગણાયછે. થોડાક વખતપર ઉત્તર હિંદુસ્તાનમા કાંગ્રાવેલી આગળ મોટો ધરતીકંપનો આચકો લાગી ભારે નુકશાની લાગી છે અને તે તાજો જ થા હોવાથી મુબઇના આ ભૂકંપે લોકોને વિશેષ ચિંતામાં નાખ્યા

૯૮૧. ઇશ્વરકૃપાથી અને મુંબાઈગરાના સારે નસીબે એ ચમત્કાર થોડીક સેકંડમાં પતી ગયો, નહિ તો સાત સાત માળની ઉંચી અટારીઓ, અને તે પણ ખણીખોતરીને પોકળ કરેલી જમીન ઉપર બેધડક ચણવામાં આવીછે, તે આવા ભૂકંપના આંચકા ખમવાને બીલકુલ લાયક નથી જેમ એરણ ઉપર એક ઉભી નાગરને ગણીને તેના એક છેડા ઉપર જોરથી ઘણનો ઘા મારીએ તો, તેનો ધક્કો તે નગારના બીજા છેડા સુધી લાગે છે, તે રીતે પૃથ્વીના જડ દ્રવ્યના પરમાણુમાંથી આ ભૂકંપનો ધક્કો પ્રસરેછે ભૂકંપનું મળ કારણ, જે ઠેકાણે તેનું જોર હોય છે, તેના ઠેકાણે પૃથ્વીના ગર્ભમાં ઘણી ઉંડાઈએ એક મોટો ધડાકો થઈને, તેના ઉપરનું આવરણ ઘણા જોરથી ફૂટેછે, તે હેતુ જોઈએ મોટામોટા ભૂકંપોથી ઘણું નુકશાન થાયછે તેથી ઇમારતોને ઘણું મોટું નુકશાન થાય છે, કેટલીકવાર તેમાં ફાટ પડેછે, કેટલીકવાર તે વાંકી વળી જાય છે અને કેટલીકવાર તો ને જમીનદોસ્ત પણ થાયછે

અર્વાચીન કાળમાં જે મોટા ધરતીકંપો નોંધાયાછે, તેમાં સૌથી ભયંકર ભૂકંપ ઈ. સ. ૧૭૫૫ ના નવેંબર મહિનાની પહેલી તારીખે **લિસબન** શેહેરમાં થયો હતો. પ્રથમ પૃથ્વીના ગર્ભમાંથી વીજળીના ગગડાટ જેવો અવાજ થઈને તરતજ એક મોટો ધક્કો લાગ્યો આ ધકાના જોરથી તે શહેરના સર્વ ઘરો ૬ મીનીટમાં પડીને તેમાં ૬૦૦૦૦ માણસો દબાઈ ગયા તેજ સમયે એજ ભૂકંપના જોરથી સમુદ્રમાં તોફાની પવન છૂટયો, તેથી કિનારાના વહાણો અરસપરસ અથડાઈ તથા વચ્ચેના વહાણો મોજાઓના મોટા ઉછાળાથી અછડાઈ પછડાઈ ચૂર થયા પ્રથમ ઓટની પેઠે પાણી ઉતરી જઈને નદીનો રેતાળ પ્રદેશ કોરો પડ્યો પછી તે પોતાની અમન હદ કરતા ૫૦ ફૂટ ઉંચો ચડયો અને જે ઠેકાણે જળ હતું ત્યાં એક ડુંગર બન્યો આં રીતે ભૂકંપને લીધે જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ થવાના-બન્યાના દાખલા ભૂગોળ તથા ઇતિહાસકારોએ નોંધી રાખ્યા છે

ઈ૦ સ૦ ૧૮૧૯ ના જુન મહિનાની ૧૬ મી તારીખે હિંદુસ્તાનમાં એક મોટો ધરતીકંપ થયો હતો તેનો ધક્કો ઉત્તરમાં નેપાળના કાટમંડુથી તે દક્ષિણમાં **પોંડીચરી** સુધી લાગ્યો હતો, પરંતુ પશ્ચિમ હિંદુસ્તાનમાં કચ્છ પ્રાંતમાં તેનું જોર વધારે જણાયું હતું તેથી ગામડાના ઘરો જમીનદોસ્ત થયા, એટલુંજ નહિ પણ સિંધુનદીના પૂર્વ કિનારાપર **સિંદ્રી** નામનો એક કિલ્લો અને તેજ નામનું એક ગામડું હતું, તે બંને સિંધુ નદીના પાણીમાં ડૂબી ગયા, અને ૨ ફુટનો જે ભાગ હતો તે એટલો નીચો ઉતર્યો, કે તેથી સિંધુનદીના એક જુના વહેળામાં સમુદ્રનું પાણી ભરાઈ જે ઠેકાણે પૂર્વે ખેતી થતી હતી ત્યાં એક ખારૂં સરોવર થયું છે હમણા સિંધુનદીના વ્યયથી તે સરોવર ભરાય છે, તે ઠાકરડી ઋતુમાં વર્ષનાથોડાક મહિના પાણી રહે છે તેજ વખતે ત્યાંની પાસેનો જમીનને

કેટલોક ભાગ ઉપમી આવી એક નાની ટેકરી બની ગયો છે તે ટેકરીને અગ્રાબન છે ધરતીકંપથી આવા અને એથી પણ ઘણા મોટા ફેરફારો નિરંતર બનેછે ભૂકંપથી અકસ્માત્ ભૂમિનો કેટલોક ભાગ ઉંચો થાય છે અને કેટલોક નીચો બને છે તેથી આપણને આશ્ચર્ય લાગે છે, પરંતુ આપણે ન સમજીએ એવી રીતે ધીમે ધીમે જમીન ઉંચી ચઢે છે તથા નીચી ઉતરે છે, તે વિશેષ આશ્ચર્યજનક છે સમુદ્રને કિનારે પાણીની હદ દર્શાવવા માટે જે નિશાનો કરેલા હોય છે, તે કેટલાક વર્ષે સમુદ્રમા ખૂડે છે અથવા સમુદ્રથી ઘણા દૂર જાય છે તેમજ ડૂબેલા વહાણોના લાકડાં, લોખંડ તથા છીપોના ચગે જે સમુદ્રના તળીઆમા હોવા જોઇએ, તે ઉપર આવેલાં મળે છે આવા કારણોથી જમીનના અક્ષાંશ અને રેખાંશમા પણ નજીકરીને ફેરફાર થાય છે, અને તેથી જ્યોતિષચક્રની ગણતરીમા પણ ફેરફાર પડે છે, આ માટે દરેક વિદ્વાનુ અધ્યયન અને પ્રત્યક્ષ અવલોકનથી, તેમા જે ફેરફાર હોય તે દૂર કરવાની વિદ્વાન્ અને શોધક બુદ્ધિવાળાની ખાસ ફરજ છે

ચાલુ ચર્ચા

આર્યસમાજની મહાપૂજા!—ઇટાવામા પ્રકટ થતા "બ્રાહ્મણ સર્વસ્વ" નામક માસિકના સપ્ટેમ્બર ૧૯૦૫ ના અંકમા "નેપાળમા આર્યસમાજીઓની દુર્દશા" એ મથાળા નીચે જણાવ્યુ છે કે "એક નેપાળી મનુષ્ય આર્યસમાજમા ભળી ગયો હતો અને ત્યાર બાદ બે વર્ષસુધી નેપાલમા રહ્યો હતો આ બે વર્ષમ એણે ચોરી છૂપીથી આસરે પચાસ સાઠ મનુષ્યોને આર્યસમાજી બનાવ્યા અધિક સખ્યા થવાથી એ વાત પ્રગટ થઇ અને નેપાલના અધીશ્વર મહારાજા સાહેબને પણ ખબર પડી ચૂકી કે નેપાલમા પણ લોક આર્યસમાજી થવા લાગ્યા છે તે ઉપરથી તપાસ કરતા ગુરુદયાલ નામક દાઢીવાળા માસ્તર સાહેબ દબલ સમાજી અથવા માલમ પડ્યા કે જે પહેલેથી પોતાનુ સ્વરૂપ છૂપાવી બેઠા હતા તેમને અને નેપાળી માધવલાલ વગેરેને મહારાજા સાહેબ હજુર હાજર કરવામા આવ્યા મહારાજા સાહેબે તે લોકોને તેઓના ધર્મસંબંધી પ્રશ્નો કીધા બાદ શ્રીપશુપતિનાથ (મહાદેવજી) શુ છે? એવો પ્રશ્ન કીધો, જેના જવાબમા આર્યસમાજીઓએ જણાવ્યુ કે તે "શાલીક" અર્થાત્ પાષાણ છે આવી અસભ્ય વાણી નેપાલી અમલદારોના સાભળવામા આવી કે લાગલાજ તેઓએ એકદમ ઉશકેરાઈ માસ્તરસાહેબની પંજાબી દાઢીનુ નામનિશાન પણ રહ્યુ નહિ તેવી દુર્દશા કરી માસ્તરસાહેબ તથા માધવલાલના શરીર માર પડવાથી ફૂલી આવ્યા અને લાકડીના ફટકાથી માથામાથી લોહી નીકળ્યું એવી દશામાં જો મહારાજા સાહેબ એ લોકોપર દયા ન કરતે તો ઉક્ત બંને

૧ ગમે તે જીજ્ઞાસુ આર્ય ગૃહસ્થ આર્યધર્મસંબંધી પ્રશ્ન કરવામાં પોતાના નામ ઠામ સાથે લખી મોકલશે, તેને આ પત્રમાં દાખલ કરીશું.

૨ એવા પ્રશ્નો ઉપર ક્રમવાર અંક (Number) મારીશું અને તેનો જે ઉત્તર અમારાથી આપી શકાય એવો હશે, તે અમે આપીશું, નહિ તો તેનો સપ્રમાણ જવાબ કોઇ પણ વિદ્વાન લખી મોકલશે તો તે ઉત્તરને પણ તેજ અંક ટાંકીને દાખલ કરીશું.

૩ આવા પ્રશ્નોત્તર એકવાર છપાઇ ગયા બાદ, તે ઉપર કોઇના પણ ચર્ચાપત્રો દાખલ કરવામાં આવશે નહિ.

ગો૦ શ્રી ઘનશ્યામલાલજીનું ગોલોક ગમન.

મુંબઇનિવાસી ગોસ્વામિશ્રી ચીમનલાલજી (લાલબાવા) ના પુત્ર ગો૦ ઘનશ્યામલાલજી મહારાજનું ચૈત્ર સુદ ૫ શુક્રવારે સવારે ૧૦ વાગે ગોલોકગમન થયું છે. આ વાત સાંભળતા વૈષ્ણવ વર્ગમાં દલગીરી ફેલાઇ હતી. એઓનો જન્મ સંવત ૧૯૨૮ ના શ્રાવણ વદ ૩ ને દિને થએલો હોવાથી તેઓની વય માત્ર ૩૪ વર્ષની હતી. તેઓના ત્રણવાર વિવાહ થયા હતા, છતા પાછળ એક પણ સંતતિ રહી નથી, માત્ર શ્રીજીદ્વારના બહુજી તથા આપકી માતાને શોકસાગરમાં વહેતા મૂકયા છે. તેઓશ્રીની શ્રીનવનીતપ્રિયજીની સેવામાં સદૈવ મનોવૃત્તિ રહે તોજ ભવસાગરના શોકનો આનંદમાં વિનિમય કરનાર તેમ છે. તેવી સદ્વૃત્તિની તેઓના કોમળ હૃદયમાં પ્રેરણા કરો, એજ શ્રીકૃષ્ણ ચરણમાં પ્રણામપૂર્વક પ્રાર્થના. ઘરમાં કોઇ વડિલ માથે બિરાજતું ન હોવાથી, તેઓનો વિદ્યાભ્યાસ થયો નહતો, તેમ જુવાનીમાં જે મનોનિગ્રહ રાખવાની જરૂર તે પણ તેઓથી રહી શકયો નહોતો, તથાપિ છેલ્લા થોડા વર્ષથી તેઓની વૃત્તિ વધુ સુધરી હતી. સંપ્રદાયિક-ગ્રંથો પ્રકટ કરવા માટે પણ તેમની ઇચ્છા તીવ્ર બની હતી. જેને પરિણામે “ શ્રી તત્ત્વબોધિની નામક ગીતાની ટીકા ’ તથા ‘ શ્રી ગાયત્રી ભાષ્ય ’ એ ગ્રંથો શાસ્ત્રી મગનલાલ ગણપતરામ એમણે હાલ પ્રસિદ્ધ કરાવ્યા છે અને શ્રીમદ્ વલ્લભાચાર્યજી વિરચિત શ્રીમદ્ ભાગવતની ટીકા જે **સુબોધિની** તે પ્રકટ કરાવાનો તેમનો બહુ ઉત્સાહ અને આગ્રહ દેખાતો હતો, પરંતુ મંદવાડના કારણથી એ શુભ કાર્યનો આરંભ પણ થઇ શકયો નથી. તેમણે એક સંસ્કૃત પાઠશાળા પણ પોતાના મંદિરમાં થોડો સમય થયા સ્થાપન કરી છે. ભૂતળપર બિરાજતા ગોસ્વામિ બાળકોની સંખ્યા પ્રતિદિન ઘટતી જાય છે, એ ખેદજનક છે. હવે અમારી જાણ મુજબ માત્ર ૪૮ બાળકો ભૂતળમાં બિરાજે છે.

શ્રી આર્ય ધર્મસુધા.

પુસ્તક ૨ જું. સંવત ૧૯૬૨, મેષ માસ. અંક ૪ થો.

श्री नरसिंहायनमः

મંત્ર મંગલાચરણ.

(દોહરા.)

શ્રી નરહરિ એ વિષ્ણુનો, ચોથો છે અવતાર,
નર અર્ધોને અર્ધ હરિ, પેખો સર્વાકાર ૧
રમા ડરે પાસે જતાં, ભાળી ઉગ્ર સ્વરૂપ,
સિંહ ગર્જના સૂણતાં, હિરણ્યકશ્યપ ભૂપ ૨
હાહાકાર કરી રહ્યો, જામ્યો રણ સંગ્રામ,
ચંને હરિએ ફાડિયો, નખથી ઉંમર ધામ ૩
નર નારી સમજો સહ, મરણ અટલ ખચ્ચીત,
મસ્તી મમતા છોડ પર શ્રીહરિ ચરણે ચિત્ત ૪

આહાર.

આહાર એટલે ખાનપાન, हृ ધાતુનો हार આદેશ થઈ તેની આગળ आ ઉપસર્ગ લાગવાથી આહાર શબ્દ બન્યો છે हृ-हार ધાતુનો અર્થ હરણ કરવું અને आ ઉપસર્ગનો અર્થ आसमतात् ચોતરફથી સંપૂર્ણ રીતે જેનું હરણ કરણ કરવું તે **આહાર** કહેવાય છે સંપૂર્ણ હરણ એ કહેવાય કે જે ચીજનો આહાર કર્યો હોય, તે ચીજ ન દેખાતાં, તેનું પરિણામ માત્ર દેખાય છે કોઈ મનુષ્ય બીજા કોઇના રૂપીઆ લે અને તે ફરી પાછા નહિજ આપે, એવી આપનારની ખાત્રી થાય, ત્યારે તે એમજ કહેશે કે ફલાણો મારા રૂપીઆ ખાઇ ગયો (હોઈઆ કરી ગયો). જોકે રૂપીઆ એ ખાવાની ચીજ નથી, તો પણ ફરી તેના દર્શન નહિ થાય એમ લાગે ત્યારે તે ખવાઇ ગયા કહેવાય છે, પરંતુ એ જાહેર રીતે ખાનારને અથવા છુપી રીતે ખાનારને તેનું ફળ ભોગવ્યા વગર છુટકો નથી કોઈ મનુષ્ય કોઇ ન દેખે એવી રીતે ભાગ કે ગાંજો ખાય, અથવા

પીએ, તો તેનું પરિણામ (ફળ) તે પીનારની ઈચ્છા ન હોય તોપણ તેને ભોગવવું પડેજ છે તેવી રીતે ખાનપાન કરનારને તે આહારનું ફળ ભોગવ્યા વગર ચાલતું નથી આ કારણથી કયી વસ્તુ કોણે ખાવી અને કયી કોણે ન ખાવી એનો નિર્ણય વેદાનુકૂળ ધર્મશાસ્ત્રે કર્યો છે, અને તે ક્યારે ખાવાથી કેવું પરિણામ થાય છે, તે પણ દર્શાવ્યું છે. તેમ ખાનપાનના દરેક પદાર્થોના ગુણદોષ તથા તે કેવી રીતે, કયે સમયે, કેવી સ્થિતિનો મનુષ્ય, કેટલા પ્રમાણમા ખાય તો તેની કેવી અને કેટલી અસર થાય તે અથર્વવેદના ઉપવેદ જેને આયુર્વેદ અથવા વૈદક શાસ્ત્ર કહે છે, તેમા દર્શાવેલ છે જેમ આર્યધર્મશાસ્ત્રનું અધ્યયન અધ્યાપન હાલ આર્યાવર્તમા ઓછું થયું છે, તેમ વૈદકનું પણ ઓછું થવાથી, એ બેનો મેળ પાડનાર વિદ્વાનો હાલ દેશમા દુર્લભ થયા છે તેને પરિણામે ગમે તે વસ્તુનું ખાનપાન, ગમે તેવી રીતે, ગમે તે સ્થળે આર્ય લોકો કરવા લાગ્યા છે તેને પરિણામે તેઓની મનોવૃત્તિ અસ્થિર બની છે, તેથી તેઓ પોતાનું શ્રેય શેમા છે, અને અશ્રેય શેમા છે, તેનો વિચાર ભૂલી જઈ, ખાનપાનમા પણ દેખાદેખી કરી દુખી થાય છે "દેખાદેખી સાધે જોગ, પડે પિંડ ને વાધે રોગ" હાલ હિંદુસ્થાનમા જે જન્મ મરણની નોંધ સરકાર તરફથી રહે છે, તેના આંકડા તપાસશો, તો પણ બીજા દેશોના પ્રમાણમા આ દેશમા મરણનું પ્રમાણ વધ્યું અને માણસ કેટલા પડે છે, તેની સંખ્યા, તો વગર ગણેજ સર્વના અનુભવમા આવે તેવી છે હાલ રોગ રોગીની સંખ્યામા પ્રતિ દિન આ દેશમા કેવો જોરથી વધારો થાય છે, તે પણ સૌ કોઈને જાણીતું છે, મનુષ્યના આયુષ્યનો આધાર ખાનપાન ઉપરજ રહેલો છે માટે તેના વિચારના શાસ્ત્રને "આયુર્વેદ" કહે છે. પરમાત્માએ પોતાના અક્ષર બ્રહ્મધામમાથી પ્રથમ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ પ્રકટ કરી છે તે પ્રકૃતિમાથી આ અખિલ વિશ્વ ઉત્પન્ન થયું છે તેથી વિશ્વની વસ્તુ માત્રમા પ્રકૃતિનો અંશ પ્રત્યક્ષ સ્વાભાવિક રીતે રહેલોજ હોય છે તે અંશની ન્યૂનતા તથા અધિકતા જેમા હોય તે પ્રમાણમા તે તે પદાર્થો સાત્વિક, રાજસ કે તામસ ગણાય છે તે રીતે આહાર પણ ત્રિવિધ છે જેની જેવી પ્રકૃતિ હોય, તેવો આહાર તેને ગમે છે અથવા જેને જેવી પોતાની પ્રકૃતિ બનાવવી હોય, તે તેવા આહાર વિહારની ટેવ પાડે છે તેથીજ શ્રીમદ્ભગવદ્ગીતામા ભગવાને પડે તે તે આહારનું સૂક્ષ્મ સ્વરૂપ પણ સ્પષ્ટ દર્શાવ્યું છે —

आहारस्त्वपि सर्वस्य त्रिविधो भवति प्रियः ॥ ७ ॥

आयुःसत्त्वबलारोग्य सुखप्रीति विवर्धनाः ।

रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥ ८ ॥

कट्वम्ल लवणातुल्य तीक्ष्ण रूक्षविदाहिनः ।
आहार राजसस्येष्टा दुःख शोकाऽऽमय प्रदा ॥ ९ ॥
यातयाम गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्ये भोजनं तामस प्रियम् ॥ १० ॥

આહાર પણ સર્વનો ત્રિવિધ છે અને તે તે પ્રકૃતિ વાળાને તેવો આહાર પ્રિય થાય છે આયુષ્ય, અંતઃકરણની શક્તિ, આરોગ્ય, આનંદ અને પ્રેમ આટલી વસ્તુને સારી રીતે વધારનાર આહાર રસવાળો, ચીકણાસવાળો, જેની અસર સ્થિર ટકે એવો, અને જોવાથી આપને પણ ગમે એવો હોય છે તે સાત્વિક વૃત્તિવાળાને ગમે છે

અતિ કડુ (બહુતીખાસવાળો) બહુ ખાટો, ઘણો ખારો, બહુજ ગરમ, અતિ તીક્ષ્ણ (કડવો), સૂકો અને ખાતી વખતે ગળામા બળતરા થાય એવો આહાર રાજસને ગમે છે અને તેને પરિણામે દુઃખ, શોક અને રોગ જન્મે છે

જે પાક તૈયાર થયા બાદ એક પહોર વીતી ગયો હોય તે, જેનો રસ સૂકાઇ ગયો હોય, જેના ઉપર ફુગનળી હોય, જે રાતવાસી રહેલુ હોય, જે ઉચ્છિષ્ટ એટલે બીજાએ ખાધા પછી બચેલુ (છાંડેલુ) હોય અને જે અમેધ્ય (અપવિત્ર) કે નિષિદ્ધ હોય તેવો આહાર તામસી પ્રકૃતિવાળાને ગમે છે

ખોરાકના ષડ્રસ.

મીઠો ખારો તિક્તને, કડવો અને કષાય;

અન્નના પ્રકાર.

જે ચીજ ખાવાપીવામા આવે છે, તે સર્વેને સંસ્કૃતમા અન્ન અથવા અન્નજળ કહે છે તે ચાર પ્રકારનુ હોય છે ૧ ખાદ્ય, ૨ ચોષ્ય, ૩ લેહ, ૪ પેય. એ ચારે પ્રકારનુ અન્ન પચાવવા માટે વૈશ્વાનર નામના અગ્નિનુ રૂપ ધરીને પરમેશ્વર સર્વ દેહમા રહે છે શ્રીમદ્ભગવદ્ગીતામા ભગવાન્ પડે કહે છે કે —

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्त पचाम्यन्नं चतुर्विधम् ॥ १५, १४ ॥

વૈશ્વાનર થઇને હુ, પ્રાણીના દેહમા વસ્યો,
ચતુર્ધા ઉરતુ અન્ન, પ્રાણાપાન ધરી રહ્યો

ઉપર જે ચાર પ્રકારનુ અન્ન કહ્યુ તે જે જઠરાગ્નિ વડે પચે છે, તેને શાસ્ત્રમા **વૈશ્વાનર** કહે છે એ ચારે પ્રકારમા પણ સાત્વિકાદિ ત્રણ ભેદો હોયજ છે વળી તે **આહાર** (ખોરાક) લેવામા પણ નિયમ રાખવાનો છે, અનિયમીત ખોરાક લેવાથી શરીરની આરોગ્યતા સચવાતી નથી તેનો નિયમ પણ આર્યશાસ્ત્રકારોએ બતાવેલો છે —

द्वौ भागौ पूरयेदन्नैस्तोयेनैकं प्रपूरयेत् ।
मारुतस्य प्रचारार्थं चतुर्थमवशेषयेत् ॥

પોતાના પેટના ચાર ભાગ કલ્પવા, તેમાના બે ભાગ તો અન્નથી ભરવા અને એક ભાગ જળથી ભરવો અને ચોથો ભાગ મારૂત (હવા, પવન) ના પ્રચાર માટે શિલક રાખવો આ રીતે આહાર કરવાથી કદી પણ રોગ થતો નથી

જે વાત શરીર સુખાકારી માટે વૈદકશાસ્ત્રમા કહી છે, તેજ વાત ધર્મશાસ્ત્રે બતાવી છે વૈદકશાસ્ત્રકાર તેને સાત્વિક, રાજસ ન કહેતા, પોતાની પરિભાષા (Technical Turms) મુજબ તે અન્નના પરિણામી દોષને દર્શાવવા કફ, પીત અને વાત એ નામ વાપરે છે [જે જે આહાર ધર્મશાસ્ત્રમા સાત્વિક કહ્યો છે, તે જો ઉપર જણાવેલી હદથી વધારે લેવામા આવે તો તેથી કફનુ પ્રાધાન્ય શરીરમાં થાય છે. જે **રાજસ** આહાર કહ્યો છે તે વધારે ખવાય તો **પીત** વધારે છે અને જે **તામસ** આહાર કહ્યો છે, તે વધારે જમાય તો તેથી **વાત** (વાયુ) નો પ્રકોપ થાય છે માટે જુદી જુદી ઋતુમા કયા કયા પદાર્થો ખાવાથી શરીરમા રહેલા વાત, પીત, કફ વગેરે દોષો વિકૃત ન થાય, તે દર્શાવવા માટે શ્રીમદ્ વલ્લભાચાર્ય સપ્રદાયમા ઋતુભેદ પ્રમાણે સામગ્રી પણ જુદી જુદી ધરવાનો પ્રબંધ બાંધ્યો છે એટલુજ નહિ, પણ ચારે પ્રકારના અન્નમાથી પણ જે જે સાત્વિક અન્ન તેજ શ્રી ભગવાનને

ધરાવાય અને રાજસ, તામસ ન ધરાવાય એવી પ્રણાલિકા બાંધી છે અને જે ભગવાનને ધરાય તેજ ખવાય, અણપ્રસાદી કંઈપણ ન ખવાય એવો વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રથમ ઉપદેશ કરવામાં આવે છે આ કારણથી એ નિયમ સાચવનારને ઇંદ્રિય નિગ્રહના પણ શિક્ષણની શરૂઆત આ નિયમ પાળવાથી આપોઆપ થાય છે

વળી મહાપ્રસાદનું માહાત્મ્ય અલૌકિક વર્ણવેલું હોય છે, તે કારણથી ગમે તે વર્ણના હાથનો ગમે તે મહાપ્રસાદ ગમે તે માણસ, ગમે ત્યારે ન લે તે માટે મહાપ્રસાદમાં પણ ધર્મશાસ્ત્રને અનુસરીને ચાર વર્ગ પાડ્યા છે (૧) ફળ, ફુલ, કાચા અથવા લીલા સુકા મેવા અને ખાંડ, સાકર કે ગોળ (૨) દૂધઘરની સામગ્રી, જેમાં દૂધ, દહી, છાસ, માખણ બરફી, પેંડા, બાસુદી, શીખંડ, વગેરેનો સમાવેશ થાય છે (૩) અણસખડી જેમા પૂરી, લાડવા, જલેબી વગેરે ઘૃતપક્વઅન્નનો સમાવેશ થાય છે અને (૪) સખડી કે જેમા દાળ, ભાત, તેલ મીઠાવાળા શાકભાજી, રોટલી, પૂરણપોળી વગેરેનો સમાવેશ થાય છે

આ ચાર વર્ગ ચારે વર્ણની વ્યવસ્થા પાળવા માટેજ ધર્મશાસ્ત્રાનુસાર આચાર્યોએ દર્શાવ્યા છે અને તેનો અમલ અદ્યાપિ પણ શ્રીવલ્લભસંપ્રદાયના સમજુ આસ્તિક વર્ગમાં થાય છે, તેવો બીજામા ભાગ્યેજ થતો હશે

જે પ્રથમ વર્ગની સામગ્રી છે તે ભગવત્પ્રસાદી હોય તો ગમે તે વર્ણના હાથની ચારે વર્ણવાળા ખાઈ શકે જે દૂધ ઘરની વસ્તુ છે તે બ્રાહ્મણ, ક્ષત્રીય, અને વૈશ્ય એકમેકના હાથની ખાઈ શકે, પરંતુ શૂદ્રના હાથના દૂધ, છાસ, દહી, કે ઘી એ બ્રાહ્મણ લઇ શકે પણ તેની બનાવેલી ચીજો બરફી પેંડા વગેરે બ્રાહ્મણથી ખવાય નહિ. અણસખડી છે તે તો પોતાની સવર્ણ કે ચઢતી વર્ણના હાથની ખવાય, પણ ઉતરતી વર્ણના હાથની ન ખવાય એટલે બ્રાહ્મણના હાથની અણસખડી ક્ષત્રીય ઇત્યાદિ ખાય, પણ ક્ષત્રીય વગેરેના હાથની અણસખડી બ્રાહ્મણથી ન ખવાય. અને જે સખડી છે, તે તો જેની તે વર્ણનીજ અથવા ચઢતી વર્ણનીજ ખવાય પણ ઉતરતી વર્ણની નજ ખવાય

વળી તે ખાવામા પણ પંક્તિભેદ ભૂલવો નહિ, તે દર્શાવવા માટે દરેક વૈષ્ણવનું પોતનું (ચોકા, કે જેમા પાતળ મૂકવામા આવે છે) ગમે તો તે સવર્ણ હોય કે અસવર્ણ હોય તો પણ જુદુ જ કરવાનો નિયમ રાખવામા આવ્યો છે આમ કરવાનું કારણ એ છે કે વૈષ્ણવ એટલે વિષ્ણુનો ભક્ત થવાનો પ્રાણીમાત્રને અધિકાર છે પરંતુ જ્યા સુધી જેને ભગવત્સાક્ષાત્કાર થયો નથી, અથવા ભગવત્પ્રેમાવક્તિમા તેનો સર્વ સંસાર છૂટી જઈ તે વિરક્ત થયો નથી, ત્યા સુધી તેનાથી વર્ણાશ્રમ ધર્મની મર્યાદા તોડી શકાયજ નહિ આ કારણથીજ શ્રી વલ્લભ સંપ્રદાયમા યવનો પણ વૈષ્ણવ બન્યાના દાખલા સાંભળાય છે પરંતુ તે યવનોના હાથનો પ્રસાદ હિંદુઓએ ખાધાનો એક પણ દાખલો

રાખ્યો જડતો નથી વર્ણાશ્રમ ધર્મનુ પરિપાલન એજ હિંદુનુ હિંદુપણું છે જેઓને વર્ણાશ્રમધર્મનો આગ્રહ નથી, તેઓ ભલે હિંદુસ્થાનમા જન્મ્યા હોય, અગર પોતાને આર્ય કહેતા હોય તો પણ તેઓ ખરા આર્ય નથી હા, યુગ ધર્મને લઇને તથા સ્વધર્મના અજ્ઞાનને લીધે હાલ વર્ણાશ્રમધર્મ પાળવામા ઘણી હરકતો દેખાય છે, તો તેવા સમયમા જેટલો બને તેટલો વર્ણાશ્રમધર્મ પાળવો, પરતુ તે બહાનુ આગળ કરીને, સ્વચ્છદતાથી ધર્મનો સદાચાર છોડવો નહિ કોઇ પણ કાળે, કોઈ પણ દેશમા કોઇ પણ માણસે ધર્મને બનતા સુધી છોડવાનો નથી જે છોડવાનો છે, તે તો અધર્મ અને વિધર્મજ માટે આહારમા પણ ધર્મવિચાર કાયમ રાખીને આહાર ખાવો એજ સુખી થવાનો માર્ગ છે

દત ધાવન અથવા દાંતણ.

ગયા વર્ષમા નિત્યકર્મ વિષયક ઊઠીને શુ કરવુ, ચિંતન, શૌચ એ વિષયો લખાયા છે. તેમા બ્રાહ્મમુહૂર્તમા ઉઠવુ તે બ્રાહ્મમુહૂર્ત પછી ઉષકાલમા શૌચ વગેરે કરવાનું કહ્યુ છે દક્ષ કહે છે કે

उष काले तु स प्राप्ते शौच कृत्वा यथाविधि ।
तत स्नान प्रकुर्वीत दन्तधावनपूर्वकम् ॥

ઉષ કાલ પ્રાપ્ત થાય ત્યારે વિધિપૂર્વક શૌચ કરીને પછી, દાતણ કરવુ અને તે પછી સ્નાન કરવુ દાતણ કરવાનુ કારણ પણ કહેછે કે –

मुखे पर्युषिते नित्य भवत्यप्रयतो नर ।
तस्मात्पूर्व प्रयत्नेन भक्षयेद्दत धावनम् ॥

ગતવાસી મુખથી મનુષ્ય અપવિત્ર થતો હોવાથી ચિત્તમા ગ્લાનિ પેદા થાય છે, માટે પ્રયત્ન પૂર્વક દત ધાવન કરવુ

કોઇ ધારે કે એ નિત્યકર્મ સર્વે નિત્ય કર્યા જાય છે, એ માટે વિવેચન કરવાની શી જરૂર છે, પરતુ આર્ય અને અનાર્ય વચ્ચેનો તફાવત જાણવા માટે તેનુ વિવેચન જરૂરનુ છે દાતણ કરવુ એ મનુષ્યનુ કામ છે અને મુખશુદ્ધી માટે સર્વે લોકો ગમે તે રીતે દાત સાફ કરે છે પરતુ આર્ય (હિંદુઓ)ના દરેક કર્મમાટે હિંદુધર્મશાસ્ત્રે નિયમો ઠરાવ્યા છે તે રીતે દાતણ પણ નિત્ય વનસ્પતીનુજ કરવુ, તેમા પણ અપવાદ તરીકે અમુક અમુક તિથિયે તે ન કરવુ વળી તે કરતી વખતે અમુક મત્રની ભાવના કરવી કેમકે દરેક અદસ્ય પદાર્થ માત્રમા પરમાત્મા, તે તે પદાર્થના અધિદેવતારૂપે નિયામક તથા વ્યાપક છે, એ વાત પોતાને હિંદુ કે

વેદધર્માનુયાયી સમજનારે દરેક કર્મ કરતા ધ્યાનમા રાખવાની છે. જો કે આજકાલ "આર્ય સમાજ" નુ નામ ધારણ કરી આર્યને નામે અનાર્ય આચારનો પ્રચાર કરવા, તથા "વેદધર્મ"ને નામે વેદ વિરૂદ્ધ વિચાર નો વિસ્તાર વધારવાનું કામ આપણાજ કેટલાક ભાઇઓએ આરમ્ભ્યુ છે તેવા નામધારીથી ન ઠગાવામાટે, ખરા ધર્મશાસ્ત્રનો અભ્યાસ સૌ ભાઇઓએ કરવાની ઘણી જરૂર છે આર્યસમાજના કેટલાકનું બોલવુ અને લખવુ એક પ્રકારનુ હોયછે ત્યારે તેઓનુ વર્તન જુદાજ પ્રકારનુ હોય છે તેઓ વેદનું નામ આગળ ધરીને કહે છે કે, "પરમાત્મા સત્ત છે સર્વ વ્યાપક છે" પરતુ તેઓમાના કેટલાકો ખોટુ લખવામા કે બોલવામા જરા પણ સકોચાતા નથી. એ આ વીશમી સદીનુ વિસ્મય છે! એક સાધારણ અક્કલનો આદમી પણ સમજી શકે કે પરમાત્મા સર્વ વ્યાપક છે. ત્યારે ચર કે અચર પદાર્થ માત્રમા તે હોવોજ જોઇએ પરતુ એ નવી સમાજવાળા આર્યમન્યમાના ઘણા ખરાતો બોલે છે તથા કેટલાક લખે પણ છે કે મૂર્તિ (પ્રતિમા) મા પરમાત્મા નથી, ગગા, યમુનાદિ તીર્થોમા પરમાત્મા નથી, સૂર્યાદિ ગ્રહોમા પરમાત્મા નથી, માટે તેઓની પૂજા કરવાની જરૂર નથી શુ મૂર્તિ તીર્થો, ગ્રહો એ સર્વની બહાર છે? જો સર્વની અન્દર છે, ત્યારે સર્વ વ્યાપક પરમેશ્વર તેમા કેમ ન હોય? આવો વદતો વ્યાઘાત તેમના પ્રત્યેક લેખમા તથા વર્તનમાં જણાયછે ગયા અક સાથે વહેચેલા "પ્રીતિભોજન"ના હસ્તપત્રમા "આર્ય-સમાજ" નાજ પત્રનો ઉતારો આપ્યો છે કે ૧૦૦ માણસો જુદી જુદી ન્યાત જાતના પક્તિભેદ વગર જમ્યા હતા, પણ તે સમાજીઓને છૂટા છૂટા પુછતા કહે છે કે અમે તો ભેગા એક પક્તિયે જમ્યા નથી ત્યારે જમ્યા કોણ? તેના નામ ઠામ કેમ બહાર પાડતા નથી? જો તેઓ **સત્યને** ધર્મ માનતા હોય તો શુ કામ **અસત્ય** બોલેછે તથા લખે છે? ખરા આર્યપુત્રો તો પોતાના દરેક કર્મ કરતી વખતે એવા શ્લોકોથી પરમાત્માની સર્વ વ્યાપકતાની ભાવના હૃદયમા આણતા હતા કે જેથી તેઓને હાથે ધર્મવિરૂદ્ધ વર્તન બુદ્ધિપૂર્વક થવા પામતુજ નહતું

પથારીમાથી ઉઠીને ભોયઉપર પગ માડતાજ તેઓ નીચલા શ્લોકથી પૃથ્વીની અભિમાની દેવતા (સર્વ વ્યાપક પરમાત્મા વિષ્ણુની શક્તિ) ની પ્રાર્થના કરતા હતા કે—

> समुद्रवसने देवी ! पर्वतस्तनमंडिते ।
> विष्णुपत्नि नमस्तुभ्य पादस्पर्श क्षमस्व मे ॥

હે સમુદ્રરૂપ વસ્ત્ર ધારણ કરનાર દેવી પૃથ્વી! હે પર્વતરૂપી સ્તનોથી શોભિતે! હે વિષ્ણુપત્નિ! તમને નમસ્કાર છે હુ મારા પગવડે આપને સ્પર્શ કરુ છું (તે અપરાધ) ક્ષમા કરો.

વિચાર કરેછેકે પૃથ્વી ઉપર પગ મૂકયા વગર મનુષ્યથી કેમ ચાલી શકાય? પૃથ્વી એ પંચમહાભૂતમાહેલી એક વસ્તુ છે, એટલુંજ નહિ પણ એ પૃથ્વીની અભિમાની પૃથ્વી નામની એક દેવતા છે તે દેવતા પરમાત્માની શક્તિ (પત્ની) રૂપે વેદમાં વર્ણવેલી છે, તે કારણથી પૂજ્ય પદાર્થને પાદસ્પર્શ કરવાથી દોષ લાગે, તે દોષમાટે પ્રથમ ક્ષમા માગીને પછી કર્તવ્યમાં લાગવું એ આર્યધર્મનું રહસ્ય છે વળી તેથી પરમાત્મા સર્વ વ્યાપકછે એ તત્ત્વ પણ નજરથી બહાર ન જાય એ એમાં હેતુ સમાયલોછે તે પછી ઉઠીને શું કરવું તે પણ કહે છે —

उत्थाय नेत्रेप्रक्षाल्या शुचिर्भूत्वा समाहितः ।
परिजप्य च मन्त्रेण भक्षयेद् दतधावनम् ॥

ઉઠીને આંખ ધોઇને શુચિર્ભુત તથા શાંતમનવાળા થઇને પરમાત્મસ્વરૂપનું ચિંતન જેથી થાય એવા મંત્રનો જપ કરવો પછી દાતણ કરવું આ જપ કરવાનો તે આંખ ધોયા પછી પોતાના ઇષ્ટ દેવતાનું જે ચિત્ર પોતાના સુવાના ઓરડામાં હોય તેના પ્રથમ દર્શન કરવા, પછી તે ઓરડામાં કે પથારીમાં બેસીનેજ પરબ્રહ્મ પરમાત્મા સબંધી ધ્યાન, ચિંતન થોડીવાર કરવું પછી બહાર આવી ગાય, વગેરે પવિત્ર વસ્તુના દર્શન કરવા પછી સ્વચ્છ હવામાં સહજ ફરીને શૌચ કરવું અને તે પછી દાતણ કરવું એજ રીતે દાતણ કરતી વખતે દાતણ જેમાથી ઉત્પન્ન થયું છે, તે મળ વનસ્પતિ દેવતાની પણ નીચલા શ્લોકથી આર્થના આર્યો કરતા હતા

आयुर्बलं यशोवर्च्च प्रजा पशुन् वसूनि च ।
ब्रह्म प्रज्ञा च मेधा च त्वन्नो देहि वनस्पते ॥

હે વનસ્પતે (દતણાઇ)! તું અમને આયુષ્ય, બલ, યશ, તેજ, પ્રજા, પશુ, ધન, બ્રહ્મજ્ઞાન અને વિવેકવતી બુદ્ધિ આપ

આવી રીતે દાતણની પ્રાર્થના કરવાની શી જરૂર? શું જડ દાતણમાં એ બધી સંપત્તિઓ આપવાની શક્તિ છે? એમ સહજ પ્રશ્ન અર્વાચીન આર્યમન્યો કરવા લાગ્યા છે એનું કારણ એ છે કે તેઓની બુદ્ધિથી પ્રકૃતિ પદાર્થોમાં પરમાત્માનો અંશ માલમ પડતો નથી તેથી તેને જડ પદાર્થ ગણી તેની પ્રાર્થના ન કરાય એમ તેઓનું કહેવું છે અર્થાત્ જડ પદાર્થની પ્રાર્થના ન થાય પરંતુ હાલમા કેટલાક "આર્ય" નામ ધારીઓ તો એવો પણ પ્રશ્ન કરવા લાગ્યા છે કે જ્યારે વૃક્ષાદિ જડ પદાર્થની પ્રાર્થના કરોછો તો જોડા (બુટ) ને કેમ પ્રણામ કરતા નથી આના ઉત્તરમાં એટલુંજ કહેવું જોઇયે છે કે જે મનુષ્ય પરમાત્માને સર્વ વ્યાપક જાણી તેની મહિમા ને જાણતો હશે તેતો પ્રણામ કર્યા વગર રહેશે નહિ કારણ કે તે તે નામ તથા રૂપોમાં જે શુદ્ધ સ્વરૂપ પરમાત્મા વિદ્યમાન છે તેનેજ તે નમસ્કાર કરે છે.

જોડાની પ્રતિષ્ઠા તથા પ્રાર્થના પણ આર્ય ધર્મ શાસ્ત્રમા કરવામા આવેલીછે તેથીજ કહ્યુ છે કે "प्रतिष्ठेस्थो विश्वतो मा पातम्" પારસ્કર ગૃહ્ય સૂત્ર ૨-૬-૩૦ અર્થ હે! ઉપાનહો (જોડા) તમે બને સ્થિતિના હેતુ બનો અને સર્વથી મારી રક્ષા કરો આ મંત્રને "આર્યસમાજ"ના નેતા સ્વા૦ દયાનંદ સરસ્વતી પણ માનતા હતા તેથી તેઓએ પોતાની 'સસ્કાર વિધિ" નામક પુસ્તકના સમાવર્તન પ્રકરણમા ઉક્ત મંત્ર લખી જોડાની પ્રાર્થના કરેલી છે તેટલુ છતા એ સમાજના કેટલાકો ગમે તેમ અત્વા તત્વા કરી અજ્ઞાત વર્ગને આડે રસ્તે દોરવાનો જે પ્રયત્ન કરે છે તે ઘણુજ શોચનીય છે પરતુ આવા શ્લોકો નિત્ય નિયમમા મૂકવામા ઋષિમુનિયોએ લોકોનુ હિત વિચાર્યુછે પ્રથમનો એ દાતણની પ્રાર્થના નથી, પરંતુ તેની ઉત્પત્તિ કરનાર વનસ્પતિની અભિમાની દેવતાની પ્રાર્થનાછે અર્થાત્ એ નામથી સર્વ વ્યાપક પરમાત્માની શક્તિની પ્રાર્થના છે, અને તે શક્તિ સર્વ આપવાને સમર્થ છે વળી પરમાત્મા સર્વજ્ઞ છે તેથી તે વનસ્પતિ રૂપે પણ મારીજ પ્રાર્થના કરે છે, એમ હૃદયસ્થ ભાવ જાણી જાય છે વળી જે પરમાત્મા સર્વ વ્યાપક છે, સર્વ શક્તિમાન છે અને સર્વજ્ઞ છે એવા સદ્ભાવ પૂર્વક ગમે તે સ્થળે ગમે તેની પ્રાર્થના કે પૂજા કરે તો તેથી પરમાત્માનીજ પ્રાર્થના અને પૂજન થાય છે ત્યારે આર્યધર્મશાસ્ત્રના વચન પૂર્વક વર્તન કરનારને તે ભાવ સફળ થાય તેમા શુ આશ્ચર્ય ? આર્યશાસ્ત્રમા સ્પષ્ટ કહ્યુજ છે કે

न देवो विद्यते काष्टे न पाषाणे न मृण्मये ।
भावो हि विद्यते देवो तस्माद् भावो हि कारणम् ॥

દેવ લાકડામા વિદ્યમાન નથી, માટીમા નથી, પથ્થરમા નથી પરંતુ જો ભાવ હોય તોજ દેવ(લાકડામા,પથ્થરમા,માટીમા બધેજ)છે,માટે દેવના હોવામા કે ન હોવામા ભાવ (મનનો નિશ્ચય) એજ કારણ છે જેનો ભાવ એવો છે કે પરમાત્મા આમાં નથી, તેમાં નથી, તે પોતાના હૃદયમા રહેલા પરમાત્માને પણ કદી જાણી શકતો નથી આથી સાફ સમજાશે કે પ્રાચીન કાળના આર્યોના ભાવ શુદ્ધ હતા અને તેથી તેઓ અસરપટ કાપટયથી વર્તન રાખતા નહોતા તેઓના મન, વચન અને તન ત્રણેમાં એકતા દેખાતી હતી તે કારણથી તેઓ નિત્ય દાતણ કરતી વખતે ઉપલો શ્લોક ભણતા હતા અને આજે પણ સ્માર્તો તેમ કરે છે અને જેઓ અનન્ય વૈષ્ણવ છે તેઓ તો કોઇ પણ દેવનીપાસે કોઇ પણ રીત કામનાથી પ્રાર્થના કરતાજ નથી અને કરે છે ત્યારે તેને વિષ્ણુરૂપ માનીને કરે છે, કેમ કે પરાત્પર પરમાત્મા સર્વવ્યાપક છે તેથી તે વિષ્ણુ કહેવાય છે એટલુજ નહિ પણ નીચલા વચન પ્રમાણે અમુક અમુક તિથિએ દાતણ ન કરતા, તેને બદલે બાર કોગળાવડે મુખશુદ્ધ કરતા તથા એક ધાતુ ઉલ (ઉજી) બનાવી રાખતા, તેવડે ઉલપણુ ઉતારતા હતા

प्रतिपद्दर्शे षष्ठीषु नवम्यां रविवासरे ।
दन्तानां काष्ठ संयोगो दहत्यासप्तमं कुलम् ॥
अलाभे दंतकाष्टानां प्रतिषिद्ध दिने तथा ।
अपां द्वादश गंडूषैर्मुख शुद्धिर्विधि यते ॥

પ્રતિપદા, અમાસ, છઠ્ઠ, નોમ એ તિથિયોમાં તેમજ રવિવારને દિવસે વનસ્પતિનું દાતણ કરવાથી સાત કુલ દુઃખી થાય છે માટે એ દિવસોમાં વનસ્પતિનું દાતણ કરવાનું નિષિદ્ધ છે વળી જે દિવસે વનસ્પતિનું દાતણ ન મલી શકે તે દિવસે તથા ઉપર કહેલા નિષિદ્ધ દિવસે દાતણને બદલે બાર કોગળા કરવાથી મુખશુદ્ધિ થાય છે

આ ઉપરથી એમ ધારી શકાય છે કે ઉપર લખેલી તિથિયોએ વનસ્પતિ છેદન કરવાથી દોષ લાગતો હોવો જોઇએ, તે કારણથી એ તિથિઓમાં દાતણનો નિષેધ કર્યો છે એટલુંજ નહિ, પણ તેના બદલામાં બાર કોગળાવડે મુખશુદ્ધિ કરવા કહ્યું છે આજે પણ એ નિયમ જાણનારા તથા પાળનારા એ તિથિયોમાં વનસ્પતિનું દાતણ ન કરતા, તેને બદલે દાતને માટી ઘસી ૧૨ કોગળા કરેછે તથા ધાતુની જીભીથી ઉલ ઉતારેછે. અહિં કોઈ એવી શંકા કરે કે જ્યારે ઉક્ત તિથિયોમાં વનસ્પતિનું દાતણ કરવાનો નિષિદ્ધ કહ્યો છે, તો પછી હમે શને માટે દાતણ ન કરવું એજ અધિક ઉત્તમ કેમ ન કહેવાય આના ખુલાસામાં એટલુંજ જણાવવું બસ થશે કે આર્યધર્મ શાસ્ત્રકારોનો એવો આશય છે કે અમુક કાર્ય અમુક સમયમાં કરવું નિષિદ્ધ ગણાય છે; તેમ અન્ય સમયમાં એ કર્તવ્ય પણ આવશ્યક છે જેમ નિષિદ્ધ સમયમાં કર્તવ્ય કર્યાંથી દોષિત થવાયછે, તેમ વિહિત સમયમાં ન કરવાથી પણ દોષિત થવાય છે. એવીજ રીતે અહિં પણ ઉક્ત નિષિદ્ધ દિવસોમાં દાતણ કરવાથી દોષ લાગેછે, તેમ વિધાન દિવસોમાં દાતણ ન કરવાથી પણ દોષ લાગેછે પ્રયોજન એ છે કે શાસ્ત્રમાં જે કામને માટે જે વિધિ વા નિષેધ કર્યો હોય તેમ કરવું, ન કરવું એનુંજ નામ ધર્મ શ્રદ્ધા તેથીજ શ્રીમદ્ભગવદ્ગીતામાં કહ્યું છે કે **तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्य व्यवस्थितौ** । અર્થાત્ કાર્ય અને અકાર્યના વિચારમાં શાસ્ત્રનેજ પ્રમાણ માનવું જોઇએ

આજકાલ પોતાને સુધરેલા સમજનારા આપણા ભાઇઓએ તો દાતણને બદલે દંતમંજન (Tooth powder) અને વાળની પીંછી (Brush) વાપરવા માંડી છે. વાળને મુખમાં લેવામાં ધર્મશાસ્ત્રે દોષ કહ્યોછે, તે ધર્મશાસ્ત્રથી અજ્ઞાત આપણા એ ભાઇઓ જાણતા નથી. પરંતુ જેમને એઓને એ બ્રશનું માહાત્મ્ય જણાવ્યું છે, તે વિલાયતી ડાકટરો પણ હવે કહેછે કે વાળના બ્રશમાં એક જાતના જંતુઓ ભરાઈ રહેછે કહો સારે આપણો પ્રાચીન દાતણનો નિત્ય નવો

વનસ્પતિનો કુચો (Brush) લાગે કે આ વિનાયતી પ્રશ ? ધર્મશાસ્ત્ર ઉપર જેમની શ્રદ્ધા ન હોય તેમણે પણ ગુણદોષનો વિચાર કરી, ગુણ ગ્રહણ કરી સુખી કા ન થવુ ? તેમજ દંતમંજનમા પણ શી શી ચીજો વપરાયછે, તે દાંતને ગુણકારી છે કે નુકસાનકરતા, તે જાણ્યા વગર અજાણ્યો દૂથ પાઉડર વાપરવાથી ધર્મ, અર્થ અને કામ ત્રણે પુરુષાર્થોમા ખામી આવેછે માટે જેમને દંતમંજનની જરૂર લાગે તેમણે પણ તે મંજન આર્ય વૈદ્યક અનુસાર પોતાને ઘેર બનાવી લેવુ અથવા તો ખાત્રીલાયક દેશી વૈદ કે ડાકટરને ત્યાથી ખરીદવુ, પરતુ પરદેશીના હાથનુ અને પરદેશમા ગમે તે પદાર્થનુ ગમે તેણે બનાવેલુ મંજન, ઉહતા વેત મોમા નાખવુ એ આર્ય ધર્મ નથી આર્યમા અને અનાર્યમા મોટો ભેદ એજ છે કે, આર્ય હોય તેણે દરેક વસ્તુમા દેશ, કાળ, પાત્રનો વિચાર પૂર્વક શાસ્ત્રોક્ત વિધિનડે ઉપયોગ લેવો જોઇએ અનાર્યમા વિધિ નિષેધનો વિવેક હોતો નથી વળી દાતણ કરવામા ગમે તે વનસ્પતિની ડાખળી તોડવી એમપણ નથી અમુક વનસ્પતિના દાતણ લેના અને અમુકના ન લેવા એમપણ નિયમ છે —

खदिरश्च कदवश्च करजश्च वटस्तथा ।
तित्तिणी वेणुपृष्ठ च आम्रनिम्बौ तथैव च ॥
अपामार्गश्च विल्वश्च अर्कश्चोदुम्बरोतथा ।
एते प्रशस्ता कथिता दतधावनकर्मणि ॥
दतकाष्ठस्य वक्ष्यामि समासेन प्रशस्तताम् ।
सर्वे कटकिन पुण्या क्षीरिणश्च यशस्विन ॥

ખેર, કદંબ, કરજ, વડ, આમ્લી, વાસનીઠાલ, આંબો, લીબડો, અઘાડો, બીલી, આકડો, ઉંબરો (ગુલર), એ વૃક્ષના દાતણો ઉત્તમ છે દાતણ માટે સાધારણ એવી પ્રસના છે કે સર્વ કાંટાવાળા ઝાડના દાતણો ઉત્તમ અને દૂધવાળા ઝાડના દાતણ યશસ્વી છે. વળી તે દાતણનુ પ્રમાણ પણ કહ્યુ છે

कनीन्यग्रसम स्थौल्य सकुर्च द्वादशागुलम् ।
प्रातर्भुक्त्वा च यतवाक् भक્ષयेद् दतधावनम् ॥

ટચલી આગળીના અગ્રભાગ જેટલુ જાડુ, અને બાર આગળ લાબુ તેનો કુચ્ચો કરી, મૌન ધારણ કરીને તે દાતણ પ્રાત કાળે કરવુ મૌન ધારણ કરવાનુ કારણ એ કહ્યુછે કે -

अधमवर्णस्यसलापे सुप्त्वे वा दतधावने ।
आचाम्य प्रयतो भूत्वा तत शुद्धो भवेन्नर ॥

દાતણ કરતી વખતે જો પોતાથી ઉતરતી વર્ણના મનુષ્ય સાથે વાતચીત કરવામાં આવે તો મનુષ્ય અપવિત્ર થાય છે, તેથી તે આચમન કર્યા પછી શુદ્ધ બને છે માટે દાતણ કરતા સુધી મૌન રાખવા કહ્યુ છે આ રીતે વિચારપૂર્વક આર્યોએ નિત્યકર્મ કરવાના છે આજકાલ તો કેટલાક પુરૂષોને આજે કયી તારીખ છે તે પૂછશો તો તરત કહેશે, પણ કયી તિથિછે, તે તો પચાગ કે જોશી જાણે પરતુ હાલના ભણેલાઓ જે નિત્ય નોધ (ડાયરી Diary) નુ મહત્વ દેખાદેખી સમજવા લાગ્યા છે, તેમણે જાણવુ કે આપણા પૂર્વજો પ્રથમ પચાગ શ્રવણ કરતા હતા. અને જે દિને જે કર્તવ્ય હોય તેમાથી પ્રથમ નિત્યકર્મ, પછી નૈમિત્તિક કર્મ અને તે બે કર્યાબાદ કામ્ય કર્મોનો વિચાર કરતા હતા આજે તો કામ્ય કર્મોના વિચારમા નિત્ય, નૈમિત્તિક કર્મો લોકો છોડે છે અને તે કારણથી તેમના કામ્ય કર્મો પણ સફળ થતા નથી માટે પ્રથમ નિત્યકર્મ, પછી નૈમિત્તિક અને કામ્ય એ આર્યોનો પ્રાચીન ક્રમ છે

સમુદ્રયાનાદિપ્રાયશ્ચિત્ત.

મે " ગુજરાતી "ના અધિપતિ સાહેબ

આપના અતિ પ્રસિદ્ધ માનવત પત્રમા નીચેના અતિ અગત્યના વિષયને લોકોપકારાર્થે યોગ્ય સ્થાન આપશોજી —

શ્રી શૃગેરી પીઠાધીશ શ્રી સમસ્ત ધર્માચાર્યાવર્ય સચ્ચિદાનદ શિવા ભિનવ વિદ્યાનૃસિંહ ભારતીના શ્રી મુખથી ઉક્ત વિષયમા કેટલાક ખુલાસો જાણીને તેનો સારાશ નીચે મુજબ લખી જણાવીએ છીએ —

પ્રશ્ન—ઇગ્લડાદિ અનાર્ય દેશોમા કોઈ આર્ય જઇ આવ્યા પછી પ્રાયશ્ચિતાદિથી પાવન થઈ, પુન આર્યો સાથે પક્તિ ભોજનાદિ વ્યવહાર કરી શકે કે નહિ ?

ઉત્તર—નહિ

પ્રશ્ન—ત્યા જવાની આપ આજ્ઞા નથી આપતા, તેથી આર્યો જ્ઞાનાદિમા પરિવૃદ્ધિ કેમ કરી શકશે ?

ઉત્તર–ધર્માભિમુખ આર્ય પ્રકૃતિજ બહુધા મૂળેથી એવી રીતે સસિદ્ધ હોય છે કે તેને એ નિમિત્તાદિ માટે તત્ર ગમન માટે જરૂર પડતી નથી.

પ્રશ્ન—ત્યા જવામા હાનિ શુ ?

ઉત્તર.—પ્રથમ તો આર્યોનુ મુખ્ય કર્તવ્ય જે સધ્યાવદનાદિ તેમાથી ભ્રષ્ટ થાય છે સમુદ્રયાનમા સધ્યાવદનાદિ માટે મુખ્યાવશ્યક જે ભૂમિ સબધ તે તત્ર

ગમનથી પ્રાપ્ત નથી તેથી તથા અનાર્ય ભૂમિમા અન્ય સનાતન ધર્મોનુ યથાવિધિ પાલન થઈ શકતું નથી તે કારણથી આર્યમા અનાચારે અનાર્યતા આવી જાય.

પ્રશ્ન—અનાર્ય ભૂમિ કોને કહેવી ?

ઉત્તર —જેમાં વિશેષ અનાર્યોનો નિવાસ હોય તેને

પ્રશ્ન—કોઇ અન્ય આચાર્ય પ્રાયશ્ચિતાદિથી કોઈ અનાર્ય પ્રદેશાગતાને પાવન કરી આર્યો સાથે એક પંક્તિ વ્યવહાર માટે યોગ્યતા આપી શકે કે નહિ ?

ઉત્તર —સનાતન ધર્મ વિમુખ થઈ કોઈ તેવો આચાર્ય આપી શકે તો તેને માટે આ સમયમાં અમે કંઈ કહી શકતા નથી, પણ અમે તો તે નજ આપીએ.

પ્રશ્ન —"સંસ્કૃત ચંદ્રિકા" મા પ્રસિદ્ધ થએલા "અબ્ધિયાનમીમાંસા" જેમા ઉક્ત વિષય સંબંધી નિર્ણય આપેલો છે અને જે આપની આજ્ઞાથી થએલ છે એમ જે તેમા નિર્દિષ્ટ કરવામાં આવ્યુ છે તે આપને સંમત છે કે નહિ ?

ઉત્તર —તે નિર્ણય અમને સર્વાંશ સંમત છે અને અમારી આજ્ઞાથીજ લખાયેલો છે. ઇતિ

કવિ જીવરાજ અંજરામર ગોર તથા લાલજી જેઠારામ મહેતા.

એમણે આ પ્રશ્નોત્તર ઉપલા પત્રમા છપાવ્યા છે

॥ શ્રી શંકરો વિજયતેરામ ॥

[મોહોર મીકો છે]

સ્વસ્તિ શ્રી મુંબઈ બંદર મધ્યે પરમશિવભક્ત તેમ પરૂપ શ્રેષ્ઠ ગણપતિ ચરણારવિંદ મકરંદ મિલિંદ ધર્મ ધુરંધર સર્વ ગુણ સંપન્ન વિવેક સાગર મહાજન તરફથી નિમાયેલી કમિટી તથા રા રા. ભાઈદાસ નરોત્તમદાસ વિગેરે મંડળીને આશીર્વાદ પૂર્વક નારાયણ સાથે લખવાનું કે અત્ર કુશળતનાસ્તુ આપના તરફથી સમુદ્રયાનાદિ શાસ્ત્રાર્થ સિદ્ધાંત સંબંધી નકલ અભિપ્રાય માટે મોકલી તે અમોને પહોંચી તે અક્ષરેઅક્ષર વાંચી છે તેમા જે કાશીના પંડિતોનો તેમજ શૃંગેરી મઠાધિપત્ય આચાર્ય શ્રીનો જે સમુદ્રયાનાદિ શાસ્ત્રાર્થ ધર્મ શાસ્ત્ર પ્રમાણે કરેલો છે તે યોગ્ય છે ને જે વિલાયત ગમનના સંબંધમા ઘણા દીવસથી તકરાર ચાલે છે, તે હમારા જાણવામાં છે પણ હમે બદ્રીનારાયણ તરફ ગયેલા, તેથી તેમ બીજા ધર્મકાર્ય પ્રસંગને લીધે કંઈ ખુલાસો લખ્યો નથી.

વિશેષમા આજ કાલના આચાર્યો માન જ્યારે તે કમિટીના જાણવામા છે, એટલે વિશેષ લખતા નથી. તોપણ જે દ્વારકાના હાલના શંકરાચાર્ય વિલાયત

ગમન માટે જે નિર્ણય આપેછે, તે વિરૂદ્ધ ઘણા વિદ્વાનોના તેમજ શૃંગેરી મઠના આચાર્ય શ્રીનો જે મત છે તે શાસ્ત્રાધારે યોગ્ય છે

વળી દ્વારકાની ગાદી ઉપર પ્રથમ શ્રીમદ્રાજરાજેશ્વર શંકરાશ્રમ હતા તેમનો વિલાયત ગમન વિષે વિરૂદ્ધ મત હતો તે જાહેર છે પણ જે ગુરૂના વચનનુ ને શાસ્ત્રની મર્યાદાનુ ઉલ્લંઘન કરે છે તે ગુરદ્રોહી થાયછે ધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે આજ સુધીમા કોઇ પણ આચાર્યની પરંપરામા તથા વિદ્વાનોમા શાસ્ત્રના પ્રમાણનુ ઉલ્લંઘન કરી ગયા નથી, તો પછી બીજાથી પણ ધર્મ વિરૂદ્ધ કંઇ પણ કાર્ય થઈ શકે નહીં, કદાપિ જો ધર્મશાસ્ત્રનુ તેમજ ગુરના વચનનુ આચાર્યો પોતેજ ઉલ્લંઘન કરે તો પછી શિષ્ય લોકોની ધર્મ ઉપર તેમજ ગુરઉપર આસ્થા રહેજ નહીં

વળી વિલાયતગમનના સંબંધમા તો શૃંગેરી મઠાધિપત્ય આચાર્ય શ્રીના નિર્ણયમા, તેમજ કાશીના વિદ્વાનોના નિર્ણયમા જે પ્રમાણો આપેલા છે, તેમ સ્પષ્ટ છે કે વહાણમા બેશી યાત્રાર્થે જાય તોપણ પ્રાયશ્ચિત કરવુ પડે છે એ ધર્મ કાર્યમા પ્રાયશ્ચિત થઇ શકે છે પણ સહસા સ્વાર્થને માટેજ જાણી બુજીને ધર્મ-વિરૂદ્ધ જે ગુન્હો થાય, તે છુટી શકે નહિ, તે માટે આધાર છે. વિલાયત ગમનને માટેજ મના છે એટલુજ નહી પણ મલેચ્છની સાથે વાત કરવાની પણ મનાઇ છે.

ઉપરના શ્લોકના આધારે તો મલેચ્છ સાથે ભાષણ નહીં કરવુ ને શૂન્યવાદીના મંદિરમા પણ પ્રવેશ કરવો નહીં, તો પછી વિલાયત જવાયજ નહીં એ પણ શાસ્ત્ર-નો નિયમ છે

गुरोर्वाक्यं शास्त्र दाष्टया तृतीयमात्मनिश्चितम्

એ આધારે ગુરૂના વાક્ય ઉપર પણ ભરોસો રાખવો જોઇએ પણ આજ કાલના વખતના આચાર્યો પોતે ગુરૂના વાક્ય ઉપર ભરોસો રાખે નહિ તો પછી શિષ્ય-લોકોના આચાર્યો ઉપર ભરોસો રહેજ નહી એ ખુલ્લુ છે આચાર્યો પોતેજ ધર્મ-વિરૂદ્ધ વર્તન કરશે તો દુનિયા તેથી વધારે કરશે. એથી વિશેષ લખવાની જરૂર રહેતી નથી.

તેમજ જે કાશીના વિદ્વાનોએ તેમજ શ્રી શૃંગેરી મઠના આચાર્ય શ્રીએ વિલા-યત ગમન માટે જે પ્રમાણ આપેલા છે તે પણ યોગ્ય છે, એટલે તે વિષે પણ લખ-વાની જરૂર રહેતી નથી તોપણ આપના તરફથી અભિપ્રાય માટે લખાઈ આવ્યુ છે, તો ઉપર પ્રમાણે અમારો અભિપ્રાય દર્શાવ્યો છે ઇતિ શિવમ્ તા ૨૨ એપ્રિલ સને ૧૯૦૬ રવિવાર

સ્વામિ મધુસુદનાનંદ પર્વત.

(ગુજરાતી તા ૨૪-૪-૦૬)

ચાલુ ચર્ચા

સ્વાર્થને ખાતર દયાનો ભોગ—આધુનિક સમયે સુધારા વધારામાં આગલ વધવાનો બોજ ધરાવનારા પાશ્ચાત્ય જનો કુદરતી વસ્તુને મળતી કૃત્રિમ વસ્તુ બનાવવા લાગ્યા છે, પરંતુ હવે તો તેઓ તેથી પણ આગળ વધી કુદરતી વસ્તુને પણ ઉત્પન્ન થતી અટકાવવાનો પ્રયાસ કરવા લાગ્યા છે યાને કુદરતના કાર્યો તેઓની મહાન્ બુદ્ધિમા ખામીવાળા માલમ પડવાથી તેમા પણ સુધારો કરવા તત્પર થયેલા હોય એમ માલમ પડે છે આ સૃષ્ટિમા પણ જડ વા ચેતન કોઇ પણ વસ્તુની આકૃતિ ઇશ્વરે વગર વિચારે કરેલી નથી, પરંતુ હાલમા મહાન ! બુદ્ધિવાળા પાશ્ચાત્ય પુરુષોની બુદ્ધિમા ગાય, બળદ, ભેંસ તથા બકરાની કુદરતે કરેલી આકૃતિ ડહાપણથી વેગળી માલમ પડતી હોવાથી તેઓ તેમા સુધારો કરવા મેદાન પડ્યા છે આ જનાવરોની આકૃતિમા કુદરતે શીંગડાનો સણગાર સરજેલો દેખાય છે, પણ તે તેઓની બુદ્ધિમા નકામા, પચ્ચાણુ તથા ધાસ્તી ભરેલા લાગવાથી, તેને ઉગતા અટકાવવાનો ઘાતકી ઉપાય કરવા તેઓ તૈયાર થયા છે, જે તેઓની શોધક બુદ્ધિને કદાચિત્ જેબ આપશે, કારણ કે કુદરતે દરેક પ્રાણીને પછી તે મનુષ્ય હો, પશુ હો, વા પક્ષી હો, પણ તેના શરીરની રચનામા એવી તો ખૂબીથી કોઇને કોઇ તરેહની ઇંદ્રિયને વિશેષ શક્તિથી હથીઆર રૂપ રચી છે, કે જેનાથી તેઓ સામાને ભય ઉત્પન્ન કરવાનીજ સાથે આત્મસંરક્ષણ પણ કરી શકે દાખલા તરીકે મનુષ્યને હાથ, શીંગડાવાળા પશુને શીંગડા, કુતરા, હાથી, શીયાળ જેવાને દાંત, વાઘવરૂ જેવાને પંજા ને સર્પ જેવાને દંશ વગેરે હવે શીંગવાળા પશુ જેવા કે ગાય, બળદ ભેંસ તથા બકરા ને ઇશ્વરે શીંગડાની બક્ષીસ એવીજ મતલબથી કરેલી લાગે છે કે જેથી એ પ્રાણી પોતાને દુઃખ દેનારને શીંગડાથી ભય ઉત્પન્ન કરી, પોતાનો બચાવ કરે અને તે આપણે પ્રત્યક્ષ જોઇએ પણ છીયે આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે ઇશ્વરનું કૃત્ય ખુ'લ્લુ ડહાપણ ભરેલુ છે, પરંતુ આયરલેન્ડ દેશના વીસમી સદીના કેટલાક કહેવાતા સુધારકો તેમજ પોતાને અચૂક માનનારા સ્વાર્થી સત્તાવાળાઓની દષ્ટિમા પ્રાણીઓને કુદરતે બક્ષેલા શીંગડા નકામાં, વ્યર્થખરચાળુ તથા ધાસ્તી ભરેલા માલમ પડ્યા છે, તેના કારણમા તેઓ જણાવે છે કે હાલમા ગાય, બળદ વગેરે શીંગડાવાળા પ્રાણી ઘણુ ખરૂં સર્વ ઠેકાણે પાળવામા આવતા હોવાથી, તેમને પોતાના દુશ્મન સાથ લડવાની જરૂર ન હોવાથી, શીંગડાની કંઇ પણ જરૂર નથી અર્થાત્ નકામા છે તેમજ તેઓ છુટા ફરતા હોવાથી કેટલીક વાર રાહદારીને ઇજા પણ કરે છે તેથી એ ધાસ્તી ભરેલા લાગે છે વળી એ

જાનવરને આપવામા આવતા ખોરાકનો થોડોક અંશ શીંગડાના પોષણમા જતો હોવાથી તે વ્યર્થ ખરચાળુ થઇ પડે છે આ ખ્યાલી કારણો દર્શાવી એ પ્રાણીને કુદરતે બક્ષેલા સ્વતંત્ર સાધનનો નાશ કરવા પાછળ શોધક બુદ્ધિનો ઉપયોગ કરવો એ સમજુઓની દૃષ્ટિમા તદ્દન વ્યર્થ ગણાયા વગર રહેશે નહિ. પરંતુ વધુ દલગીરી ભરેલુ તો એ છે કે " જાનવરોપર ગુજરતુ ઘાતકી પણુ અટકાવનારી મંડળી " ના પ્રમુખ તરીકે બિરાજમાન થઇ ચૂકેલા તે સમયના પ્રિન્સ ઓફ વેલ્સ અને હાલના નામદાર શહેનશાહ એડવર્ડ ધી સેવન્થ છે, તેનાજ રાજ્ય અમલમા અને તે પણ તે નામદારની સમીપમાજ આયરલેન્ડ દેશના ખેતીવાડીને લગતા નામદાર શહેનશાહના અમલદારોએ એવો ઠરાવ બહાર પાડયો છે, કે હવેથી ગાય તથા બલદને માથે શીંગડા રહેવા દેવા નહિ અર્થાત્ ઉગવા દેવાજ નહિ અને તેનો ઉપાય મજકુર ઠરાવમાં જણાવ્યો છે કે એક વાછરડુ બે થી પાચ દહાડાનું થાય તેટલામા તેના શીંગડા ઉગવાની જગા ઉપરની ચામડી કાપી કહાડીને તે ભાગ ઉપર " કૉસ્તીક પોટાશ " નામનો પદાર્થ પાચ પાચ મીનીટને અંતરે ચારથી પાચ વખત ઘસવો કે જેથી શીંગડાની જડ બલી જઈને તે કદી પણ ઉગવા પામશે નહિ વળી આવુ ઘાતકી કામ કરવાની સૂચના કરનાર વધુ એવુ જણાવે છે કે આથી શીંગડાની અગવડ દૂર થવા જોડે તેનુ માસ પણ વધારે સ્વાદિષ્ટ રહેશે !

ખરેખર આ ઘણોજ ઘાતકી અને કમ કમાટ ઉપજાવે તેવો ઉપાય છે કેમકે કાપેલી ચામડીપર એક તેજાબ કે જેનામા બાળવાની શક્તિ છે તે ઘસવાથી, જે વેદના ઉત્પન્ન થાય, તે જેને વેઠવુ પડે તેજ જાણી શકે હાલના શોધકોની કેટલીક શોધો સ્વાર્થ પરાયણ હોવાથી તેમા દયાનો જરાપણ અંશ રહેવા પામતો નથી આ શોધ કે સાહસમા સ્વાર્થને ખાતર દયાનો ભોગ આપવા જેવુ છે અને કુદરતના કાર્યની આડે આવનારૂ તેમજ નિર્દોષ વાચા વગરના પ્રાણી ઉપર કમકમાટ ઉપજાવે તેવુ હેવાન્યત પણ ગુજારવા સરખુ કૃત્ય છે આથી અઘટિત બીજુ કાંઇપણ હોય, એમ લાગતુ નથી, કારણકે હાલ કેટલોક સમય થયા, પાશ્ચાત્ય વાસીઓ સુધારાને નામે એવુ તો અઘટિત કરવા લાગ્યાછે કે જેથી સરળ હૃદયના મનુષ્યો ને કોઈક તેઓની શોધક બુદ્ધિ પ્રત્યેક કમકમાટ અને તિરસ્કારની લાગણી ઉત્પન્ન થયા વગર રહેતી નથી

ઘરાકોને સૂચના.

પ્રથમ વર્ષની અનુક્રમણિકા તથા મુખપૃષ્ટ તૈયાર છે જેમનુ લવાજમ મળ્યુ છે, તેમને તે મોકલી આપ્યા છે જેમણે ન મોકલ્યુ હોય તેમને લવાજમ મોકલી

તંત્રી.

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક ૨ જું   સંવત ૧૯૬૨, વૃષભ માસ.   અંક ૫ મો.

ધર્મોપદેશ.

છંદ સવૈયા.

શ્રુતિ... તણી નિત કેળવણીજ ઘણી શુભ સુંદર આદરજો,
નિ... ધર્મ લહી બહુ ઉદ્યમ હૃદય મને ધરજો;
...પ સદા બહુ સંપત સિદ્ધ સહુ કરજો,
...રિના સુખથી મુખથી ગુણ ઉચ્ચારજો.

(પંડિત શ્રી ગટ્ટૂલાલજી)

ગંગા દશપદી.

પદ—રાગ ધન્યાશ્રી.

કર મન શ્રી ગંગા ગુણ ગાન;
ભૂપ ભગીરથ ભાગ્ય ભલાથી, લાવ્યા ભૂતલભાન *   ટેક.
પ્રભુ મુકુંદ ચરણારવિંદની, શુભ મકરંદ સમાન,
કરે સુજસ મુખ મંજુ ગુંજતા, નરવર મધુકર પાન.   કર-મન. ૧
તરણિસુતા સંગ લઇ આપે, સકલ સિદ્ધિનું દાન,
જગ ઉદ્ધાર કરી સુરરિપુનું, પ્રિય કરનાર નિદાન.   કર મન ૨
દરશન માત્રે મહા પાતકો, પુંજ તણું અવસાન,
બળે અગ્નિ તૃણ પેઠે પાપો, પડે નામ પણ કાન.   કર-મન. ૩

---

* ભૂતળભાન=ભૂમિના ભાનુ (સૂર્ય.)

૧ સુજસ ગાનરૂપી સુંદર ગુંજાર કરતા ઉત્તમ મનુષ્યરૂપી ભમરાઓ તે મકરંદ (પુષ્પરસ) નું પાન કરે છે

૨ તરણિસુતા (યમુનાજી) ને ગંગાજી પ્રયાગમાં ભેગા થવાથી તે સકલ સિદ્ધિ દેનાર અને ભગવાનનું પ્રિય કરનાર થએલ છે આ વાત "યમુનાષ્ટક" ના પાંચમા શ્લોકમાં શ્રી મદ્વલ્લભાચાર્યજીએ પણ કહેલી છે.

૩. પુંજ=સમૂહ.

શ્વેતવર્ણ દિનમણી, કુલતણી, ધજા વિજયતું સ્થાન,
મુક્તાહાર મહી મહિલાનો, બહુ શુભ રત્ન નિધાન. કર-મન ૪
રજતમયી સુરસદન નિસરણી, જ્યાં તરંગ સોપાન;
શિવશિર મધુર માલતી માલા, પરમામોદ વિધાન. કર-મન. ૫
મત્સર મોહમદન મદ ગજને, વશ કરવા આલાન;
સદા ભજનકર શુભજનને જે, દિયે ભક્તિને જ્ઞાન. કર-મન. ૬
કાયિક ત્રિવિધ ચતુર્વિધ વાચિક, ત્રિવિધ માનસિક માન;
દશ અઘહરે દશહરા જેષ્ઠે, દશદિન કરતાં સ્નાન. કર-મન. ૭
કપિલ કોપ અતિ પ્રબલ અનલથી, થઈ પ્રાણની હાન;
સગર સુતો સહુ સ્વર્ગ ગયા તે, વાગે અમર નિશાન. કર-મન. ૮
હરિપદરજ તુલસીથી આપે, હરિપદ દેહ વિતાન;
બ્રહ્મદ્રવ જલ રૂપ આપ હરિ, કરે મોક્ષ સંધાન. કર-મન ૯
ચરણાબ્જ ભવા કરુણાથી જો, થાય અખિલ શુભ ભાન;
ગોવર્ધન પ્રભુ ગોવર્ધન ધર, મળે સ્વયં ભગવાન. કર-મન. ૧૦

---

૪ સૂર્યવંશી રાજા ગંગાજીને લાવ્યા છે માટે દિનમણી (સૂર્ય) ના કુલની તે શ્વેત વર્ણ ધજા હશે કે શું ? કે જે ધજા વિજયનું સ્થાન હોય છે. અનેક દ્યુતી એટલે પુન્યરૂપી રત્નો જેમાં જડેલા છે એવો મહી મહિલા (પૃથ્વીરૂપ સ્ત્રી) ને પહેરવાનો મોતીનો હાર. હાર જેમ લાંબોને શ્વેત હોય છે તેવા ગંગાજી પણ છે.

૫. ગંગા એ સ્વર્ગે જવાની રૂપાની નિસરણી અને તેમાં લહેરો એજ સોપાન— પગથિયા જેમ માલતી માલા પરમ આમોદ (સુગંધ) આપનાર છે, તેમ ગંગા પરમ આમોદ (ઇશ્વરસંબંધી અખંડ આનંદ) આપે છે.

૬. આલાન=હાથીને બાંધવાનું સાધન ભજનકર=ભજન કરનાર.

૭ દશ પ્રકારનાં પાપોની ગણત્રી "સ્કંદપુરાણ" માં નીચે મુજબ કહેલી છે.

૮ હાન=હાનિ નુકસાન. નિશાન=નગારાં

૯=ભગવચ્ચરણરેણુથી ભગવદ્ધામનો દેહ મળે છે અને તે તુલસી માત્રથી આપવા ગંગાજી સમર્થ છે અને તેજ શ્રી વલ્લભાચાર્યજીએ "પુરુષોત્તમ સહસ્રનામ", માં કહ્યું છે " वैकुंठदेहहेत्वंबु जन्मकृत् सर्व पावनः " તેમજ " સુબોધિની" ના પ્રથમ સ્કંધના ૧૯ મા અધ્યાયના ૬ ઠા શ્લોકમાં પણ આ વાત જણાવી છે. બ્રહ્મદ્રવ=બ્રહ્મરૂપદ્રવ.

૧૦ ચરણાબ્જભવા=ગંગા. ભાન=સમજણ જ્ઞાન.

अदत्तानामुपादानं हिंसा चैव विधानतः ।
परदारोपसेवा च कायिकं त्रिविधं स्मृतम् ॥ १ ॥
पारुष्यमनृतं चैव पैशून्यं चापि सर्वशः ।
असम्बद्धप्रलापश्च वाङ्मयं स्याच्चतुर्विधम् ॥ २ ॥
परद्रव्येष्वभिध्यानं मनसानिष्टचिन्तनं ।
वितथाभिनिवेशश्च मानसं त्रिविधं स्मृतम् ॥ ३ ॥
एतानि दश नामानि हरत्वं मम जान्हवि ।
दशपापहरा यस्मात्तस्मा दश हरा स्मृता ॥ ४ ॥

સ્નાન.

ष्णा=शौचे આ સ્ના ધાતુનો અર્થ પવિત્ર થવું એ છે. ધર્મ કાર્ય માત્ર પવિત્ર થઈને કરવાના છે. આર્યાવર્તના દ્વિજો પ્રાત કાળે ઉઠતા વેંત ધર્મનાઅનુસાર કર્મો કરતા હતા અને તે છૂટવાથી આ પવિત્ર દેશમા પણ અપવિત્રતાનો પ્રવેશ થવા પામ્યો છે. પ્રાત સ્નાન માટે શ્રીવ્યાસજીએ લખ્યું છે કે.—

अत्यन्तमलिनः कायो नवच्छिद्रसमन्वितः ।
स्रवत्येष दिवारात्रौ प्रातःस्नानं विशोधनम् ॥

આ જે કાયા (દેહ) છે, તે અત્યંત મલિન છે, તેમાથી મલને બહાર કાઢવામાટે નવછિદ્રો પરમાત્માએ રાખેલાં છે, ૨ આંખ, ૨ કાન, ૨ નસકોરા, ૧ મુખ, ૧ ઉપસ્થ અને ૧ ગાડ એ નવેમાથી રાત્રદિવસ મલ નીસર્યાં કરેછે, તે નવેદ્વારને ધોઈને સાફ કરવામાટે પ્રાત સ્નાનનુ શરીરશુદ્ધિ નિમિત્તે ધર્મશાસ્ત્રમા વિધાન કર્યુંછે. શરીરની ચામડી ઉપરથી જોતા સ્વચ્છ હોય તોપણ અંદર ઘણો મેલ રહેલોછે. તે મેલ જેટલો વિશેષ થાય, તેટલા તેની શુદ્ધિમાટે વિશેષ ઉપાય કરવા પડેછે. રોમછિદ્રો માથી પણ પરસેવા રૂપે કેટલુંક મલિન જલ બહાર આવેછે, તો પણ તે છિદ્રો પુરાઈને બંધ ન પડે તે માટે તેને સ્નાન (નહાવા) થી સાફ અને ખુલ્લા રાખવા પડે છે. એ છિદ્રોદ્વારા મલ પોતાની મેળે બહાર પડે એવી શારીરિક યોજના છે. પ્રકૃતિ પોતાની મેળે મેલને બહાર ફેંકે છે, પણ તે મેલ નીકળતા તે દ્વાર ઉપર મેલ ચઢી જાય તે માટે પ્રાતસ્નાન આવશ્યક કર્યું છે.

જેમ ધર્મશાસ્ત્ર સ્નાનની આવશ્યકતા બતાવે છે, તેમજ વૈદકશાસ્ત્ર પણ તેની તેટલીજ જરૂર જણાવેછે —

स्नानं पवित्रमायुष्यं श्रमस्वेदमलापहम् ।
शरीरबलसन्धानं केश्यमोजस्करं परम् ॥

સ્નાનથી પવિત્ર થવાયછે, આયુષ્ય વધે છે, પરિશ્રમ (થાક), સ્વેદ (બફારો) અને મેલને દૂર કરેછે, શરીરને નિરોગી રાખીને બલ વધારે છે, અને કેશ (બાલ) ને તેજસ્વી બનાવે છે દક્ષમુનિ કહે છે કે —

प्रातःस्नानं प्रशंसन्ति दृष्टादृष्टफलं हि तत् ।
सर्वमर्हति पूतात्मा प्रातःस्नायी जपादिकम् ॥

પ્રાતસ્નાનની બધા પ્રશંસા કરેછે, કેમકે તેથી બે ફલ થાય છે આ લોકમાં મલ નિવૃત્તિદ્વારા આરોગ્ય અને પરલોકમા ઉત્તમગતિ મળેછે, પ્રાતસ્નાનથી શુદ્ધ થએલો મનુષ્ય જપ સેવા વગેરે સર્વ ધાર્મિક કર્મોનો અધિકારી બનેછે વળી કહ્યુ છે કે —

अज्ञानाद्यदि वा मोहाद्रात्रौ दुश्चरितं कृतम् ।
प्रातःस्नानेन तत्सर्वं शोधयन्ति द्विजातयः ॥

અજ્ઞાનથી કે આળસાદિ મોહને વશ થઇને રાત્રમા જે કઇ પાપ થયુ હોય, તે દ્વિજો પ્રાતસ્નાનથી દૂર કરેછે જાબાલ કહે છે કે —

आशिरस्कं भवेत्स्नानं स्नानाशक्तौ तु कर्मिनाम् ।
आर्द्रेण वाससा वापि मार्जनं दैहिकं विदुः ॥

સ્નાન હમેશા માથાબોળ કરવુ જોઇએ રોગાદિકથી અશક્ત હોય તે માથાબોળ સ્નાન ન કરે, અને વિશેષ અશક્ત હોય તો ભીના વસ્ત્રથી શરીર લુછી નાખે અને તેથી પણ અશક્ત હોય તો—

आपो हिष्ठामयो भुवस्ता न ऊर्जे दधातन महेरणाय चक्षसे
यो वः शिवतमो रसस्तस्य भाजयतेह नः उशतीरिव मातरः ॥ २ ॥
तस्मा अरङ्गमाम वो यस्य क्षयाय जिन्वथ ॥ आपो जनयथा च नः ॥ ३ ॥

વગેરે મન્ત્રોથી માર્જન માત્ર કરવુ યાજ્ઞવલ્ક્ય ભીનુ વસ્ત્ર તથા મંત્ર વડે માર્જન એ બેઉને સાથે લેછે. જેઓ વેદ ન ભણ્યા હોય તેમણે નીચલા પૌરાણિક મંત્રથી માર્જન કરવુ —

अपवित्रः पवित्रो वा सर्वावस्थां गतोऽपि वा ।
यः स्मरेत्पुण्डरीकाक्षं स बाह्याभ्यन्तरः शुचिः ॥

ઘેર સ્નાન કરતા પહેલા નીચેનો શ્લોક ભણી ગંગાદિ તીર્થનુ સ્મરણ કરવુ —

गङ्गे च यमुने चैव गोदावरी सरस्वती ।
नर्मदे सिन्धु कावेरी जलेऽस्मिन्संनिधिं कुरु ॥

તે પછી નહાતી વખતે મૌન રાખવુ ભવિષ્યત્તર પુરાણમા કહ્યુ છે કે —

स्नातुस्तु वरुणस्तेजो जुह्वतोऽग्निः श्रियं हरेत् ।
भुञ्जानस्य यमस्त्वायुस्तस्मान्न व्याहरेत्त्रिषु ॥

સ્નાન કરતા બીજા સાથે બોલ બોલ કરે તો વરુણ (જલદેવ) તેજને હરેછે, હોમ કરતી વખતે બોલે તો અગ્નિદેવ લક્ષ્મી હરેછે અને ભોજન કરતા બોલે તો યમ આયુષ્ય હરેછે, માટે એ ત્રણ કામ કરતા બોલવુ નહિ જોઇએ. વળી સંપૂર્ણ માથાબોળ નહાવામાટે જે અશક્ત હોય, તેમને માટે શરીરની અશક્તિ તથા દેશકાલ ઇત્યાદિનો વિચાર કરીને જુદા જુદા ૭ પ્રકારના સ્નાન યોગિયાજ્ઞવલ્ક્યે કહ્યા છે —

असामर्थ्याच्छरीरस्य कालशक्त्याद्यपेक्षया ।
मन्त्रस्नानादित सप्त केचिदिच्छन्ति सूरयः ॥
मान्त्रं भौमं तथाग्नेय वायव्यं दिव्यमेव च ॥
वारुणं मानसं चैव सप्त स्नानं प्रकीर्तितम् ।
आपोहिष्ठेति वै मान्त्रं मृदालम्भेस्तु पार्थिवम् ॥
आग्नेयं भस्मना स्नानं वायव्यं गोरजं स्मृतम् ।
यत्तु सातपवर्षेण स्नानं तद्दिव्यमुच्यते ।
वारुणं चावगाह्योयो मानसं विष्णुचिन्तनम् ॥

૧ માન્ત્રસ્નાન, ૨ ભૌમ, ૩ આગ્નેય, ૪ વાયવ્ય, ૫ દિવ્ય, ૬ વારુણ, અને ૭ માનસ,

"આપોહિષ્ઠા" દિ મન્ત્રોભણી માર્જન કરવુ તે **મંત્રસ્નાન** શરીરે ચરણામૃત વગેરે પવિત્ર મૃતિકા લગાડવી તે **ભૌમ** (પાર્થિવ) અગ્નિહોત્રાદિની પવિત્ર ભસ્મ લગાડવી તે **આગ્નેય** ગાય ચાલી જતી હોય તેની પાછળ ચાલવાથી પવનથી જે ગોરજ ઉડે તે તથા ગોપૂછ માથે ફેરવવુ તે **વાયવ્ય** વૃષ્ટિના છાંટા પોતાના શરીર પર પડવા દેવા તે **દિવ્ય** અને જળાશયમા ડૂબકી મારવી અથવા પાત્રથી જળથી નહાવુ તે **વારુણ** સ્નાન. અને ઉપર લખેલા શ્લોકથી વિષ્ણુનુ સ્મરણ કરવુ તે **માનસ** સ્નાન કહેવાય છે

આ નિત્ય સ્નાન પ્રાત, મધ્યાન્હ અને સાયં ત્રણે કાળમા કર્યા બાદ સંધ્યાવંદનાદિ કરવાના છે. હાલ મધ્યાન્હ સંધ્યા પ્રાતસંધ્યા સાથેજ કરવામા આવે છે તે

કારણથી બે વખતે તો સ્નાન આસ્તિક તથા જ્ઞાની જનો કરે છે પરંતુ કૉલેજમાં રહીને વિદ્યાભ્યાસ કરનારા કેટલાક વિદ્યાર્થી તો જમવાનો ઘંટ વાગે એટલે ઝટપટ હાથ પગ ધોઇ જમવા દોડે છે અને જ્યારે ફુરસદ હોય ત્યારે દિવસમાં એકાદ વખત નાહે છે, આવો વ્યવહાર આર્યોને ઉચિત નથી ઇંગ્લંડમાં બારેમાસ શીતકાળ જેવી ઠંડી પડે છે, તે કારણથી તે લોકો ઘણીવાર આપણી પેઠે નહાતા નથી, તેમ જ્યારે નહાય છે, ત્યારે બારણાં ઓરડીથી બંધ કરીને નહાય છે. તેનું અનુકરણ આ ઉષ્ણ કટિબંધમાં આવેલા ભારતવાસીઓએ વગર સમજે ન કરવું જોઇએ આપણામાં પણ જે સંન્યાસી કે યોગીઓ હિમાલયની ગુફામાં વસે છે, તેઓ નિત્ય ન નહાય તો હરકત નથી. તથાપિ તેઓ તો પોતાના શરીરને એવો અભ્યાસ પાડી દે છે કે, તેઓ ગમે તેવી ટાઢમાં ઠંડે જળે સ્નાન કરે છે પરંતુ ગૃહસ્થો કે જેમનાથી ઠંડું જળ ન સેવાય, તેમણે ગરમ પણ પવિત્ર જળથી નિત્ય સ્નાન કરવાની જરૂર છે નૈમિત્તિક અને કામ્ય સ્નાન સંબંધી લેખ બીજી વખતે લખવામાં આવશે

આદિત્ય.

આ ભૂલોકમાં ભારતવર્ષ (ભરતખંડ, હિંદુસ્થાન, આર્યાવર્ત) એ પુણ્યભૂમિ કહેવાય છે ભુવ, સ્વ, મહ, જન, તપ અને સત્ય એ છ લોક આ ભૂલોકની ઉપર છે એ ક્રમેક્રમે અધિકથી ચઢિયાતા છે, અને વિશેષ વિશેષ પુણ્યકર્મો કરવાથી તેની પ્રાપ્તિ થાય છે. એમ છે તથાપિ એ ઉપરના છ એ પુણ્યલોકની પ્રાપ્તિનું સાધન અથવા પ્રથમ પગથિયું આ ભૂલોક છે એ ભૂલોકમાં પણ સાત મહામોટા દ્વીપો છે. તે માહેલા જંબુદ્વીપમાં નવખંડ છે, તે નવખંડમાં પણ આ ભરતખંડ સર્વોત્તમ છે. માટે આ ખંડમાં જન્મ લેનારની દેવતાઓ પણ પ્રશંસા કરે છે.—

गायन्ति देवा किल गीतकानि । धन्यास्तु ते भारतभूमिभागे ।
स्वर्गापवर्गस्य च मूलभूते । भवन्ति भूय पुरुषाः सुरत्वात् ॥

દેવતાઓ પણ ભારતવર્ષની સ્તુતિ કરે છે અને કહે છે કે જેઓ ભારતવર્ષમાં જન્મે છે, તેઓને ધન્ય છે, કેમકે સ્વર્ગ અને મોક્ષ મેળવવાનું મૂળ કારણ ભરતખંડમાં જન્મવું તે છે માટે દેવતાઓ પણ ફરી ફરીને અને પુરુષરૂપે અવતરે છે, મતલબ કે ભારતવર્ષમાં જન્મીને જે જ્યોતિષ્ટોમાદિ યજ્ઞયાગાદિ કરે છે, તેઓ સ્વર્ગને પામે છે અને નિષ્કામ કર્મયોગ, કે આત્મજ્ઞાન કે ભક્તિયોગને સિદ્ધ કરતાં મોક્ષ મેળવે છે માટે જેમણે પૂર્વજન્મમાં દેવતાઈ કર્મો કર્યાં હોય, તેઓનેજ આ ખંડમાં જન્મ મળે છે આપણા ઇતિહાસ પુરાણાદિક ગ્રંથોમાં કયા કયાં કર્મો કરવાથી કયા કયા લોક મળે છે તથા તે તે લોકના દેહ તથા ભક્ષ્ય ભોજ્ય તથા આયુષ્ય

વગેરેનું સવિસ્તર વર્ણન મળે છે માટે એવો રત્નરૂપ દેવદુર્લભ એવો પામીને, પોતાના કલ્યાણના ઉપાયો છોડીને, જે મનુષ્યો પશુની પેઠે ફક્ત ઉદર ભરણ કે લૌકિક ઇંદ્રિયોનુ વિષયસુખ મેળવવામાજ ગરકાવ થઇ રહે છે, તેઓને માટે વિદ્વાનો કહી ગયા છે કે **मनुष्यरूपेण मृगा चरन्ति ॥** માણસની આકૃતિના તે પશુ આજ ચરે છે માટે પશુથી જુદા પડવામાટે આપણે આપણા ઉપાસ્ય દૈવતનો પ્રથમ વિચાર કરવો જોઇયે.

આ પુણ્યભૂમિમા સૌથી શ્રેષ્ઠ ઉપાસ્ય પદાર્થ કયા છે? ઘણા જણા એના ઉત્તરમા એજ કહેશે કે ધર્મ પરતુ ધર્મ તોએ ઉપાસ્યનો સાક્ષાત્કાર કરવાનું એક સર્વોત્તમ સાધન છે પરતુ સૌથી પ્રથમ ઉપાસ્ય અગ્નિ અને પછી ઉપાસ્ય સૂર્ય (આદિત્ય) છે. વ્યાસજીએ કહ્યુ છે કે —

सन्ध्याहीनो द्विजो नित्यमनर्हः सर्वकर्मसु

જે દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) સંધ્યા નહિ કરે, તે કોઈ પણ (વૈદિક) કર્મના અધિકારી રહેતા નથી એટલા માટે દ્વિજોએ ત્રિકાળ સંધ્યા કરવી જોઇએ.

न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद्बहिष्कार्य्यः सर्वस्माद्द्विजकर्मण. ॥

(મનુ અ ૨ શ્લો ૧૦૩)

જે પ્રાત: તથા સાયકાલની સંધ્યાની ઉપાસના કરતો નથી, તેને શૂદ્રની પેઠે દ્વિજોના સર્વ કર્મથી બહાર કરવો જોઇએ મનુ મહર્ષિના ઉપલાવચનથી એ સિદ્ધ થાય છે કે, સંધ્યોપાસન એ આર્યોનુ અત્યાવશ્યક કર્મ છે દિવસ અને રાત્રિની સંધિ (જોડાણ) માજ સંધ્યોપાસન કરવામાં આવે છે કે જે સંધિ શ્રીસૂર્યનારાયણ ભગવાનને અધીન છે એના ઉદયથી દિવસ અને અસ્ત થવાથી રાત્રિ થાય છે એ દિનરાત્રનો આરંભ તેજ સંધ્યા છે એથી એમ સિદ્ધ થાય છે કે સૂર્ય ભગવાનની ગતિથીજ દ્વિજોના મુખ્ય કર્મો સંપાદિત થાય છે બૃહન્મનુ એવુ વચન છે કે —

संकल्प च यथा कुर्यात्स्नानदानव्रतादिके ।
अन्यथा पुण्यकर्माणि निष्फलानि भवन्ति हि ॥

સ્નાન, દાન, વ્રત વગેરે સર્વ ધર્મ કર્મમા સંકલ્પ કરવો જોઇએ, એમ ન કરવાથી પુણ્ય કર્મો નિષ્ફળ નીવડે છે એથી પણ સિદ્ધ થાય છે કે આર્યોના સર્વ કર્મો સૂર્ય ભગવાનના ઉદયને અધીન છે સંકલ્પમા પ્રથમ તિથિવારનો ઉચ્ચાર કરવો પડેછે, તે તિથિવાર પણ સૂર્યોદયથી જ જાણી શકાય છે

આપણા વેદ (સંહિતા, બ્રાહ્મણ, ઉપનિષદ્ આરણ્યક) વગેરે આર્ષ ગ્રંથોમાં

પ્રતિપદમા ભગવાન્ સૂર્યની ગુણાવલિ દર્શાવી છે. વિસ્તાર ભયથી અત્રે માત્ર શુક્લ યજુર્વેદ અ ૩૪ નો મ ૩૧ મો ટાંકીએ છીએ —

आकृष्णेन रजसा वर्तमानो निवेशयन्नमृतन्मर्त्यञ्च ।
हिरण्ययेन सविता रथेना देवो याति भुवनानि पश्यन् ॥

દિન અને રાત્રિનો વિભાગ કરતા અને દેવતા તથા મનુષ્યોને પોતપોતાના કર્મોમાં લગાડતા ભગવાન્ સવિતા (આદિત્ય) લોકોના સાક્ષી આવેછે (ઉદય પામેછે) અથર્વોપનિષદમા કહ્યુ છે કે —

सूर्य आत्मा जगतस्तस्थुषश्च । सूर्याद्वै खल्विमानि
भूतानि जायन्ते । सूर्याद्यज्ञः पर्जन्योऽन्नमात्मा ॥ વગેરે

ભાવાર્થ–સ્થાવર જગમાત્મક વિશ્વના સૂર્ય આત્મા (ધારણ કરનાર) છે. સૂર્યથીજ આ સર્વ પ્રાણી જન્મેછે સૂર્યથીજ યજ્ઞ, મેઘ, અન્ન અને આત્મા (જીવ) બને છે હવે વિચારો કે આ વેદવચનોમા તત્ત્વ શુ છે? યજુર્વેદમન્ત્રમા કહ્યુ કે દેવ અને મનુષ્યોને પોતાના કર્મોમા પ્રવૃત્ત કરતા ભગવાન્ સવિતા ઉદય પામેછે દેવતાઓ સૂર્યના ઉદયથી અસ્ત સૂધી પોતાના કર્તવ્યમા સાવધાન રહેછે, પરતુ આ પવિત્ર આર્યાવર્તના વર્તમાન કાલના મનુષ્યના વર્તનપર નજર કરો કેવો ભયંકર દેખાવ નજરે ચઢેછે? વેદ પ્રતિપાદિત દિવસના જેટલા કર્મોછે, તેમા કેટલા મનુષ્યોની પ્રવૃત્તિ છે? મહર્ષિમનુ કહે છે કે —

पूर्वां सन्ध्यां जपस्तिष्ठेत्सावित्रीमार्कदर्शनात् ।
पश्चिमान्तु समासीनः सम्यगृक्षविभावनात् ॥

સૂર્યોદયથી પૂર્વે *બ્રાહ્મમુહૂર્તમા ઉઠીને શૌચ, દતધાવન, સ્નાન વગેરે નિવૃત્તિ થઇને પ્રાત સધ્યામા સૂર્ય દર્શન થતા સુધી ગાયત્રીનો જપ ઉભો રહીને કરે અને સાય સધ્યા પશ્ચિમ તરફ શાતિથી બેસીને સારી રીતે નક્ષત્ર (તારાઓ) દેખાય ત્યા સુધી ગાયત્રી જપ કરે

અરે દ્વિજો ! જરા વિચાર તો કરો ! જો કોઈ સભાવિત માણસ કોઈ શહેરમાં આવવાની ખબર સાભળાય છે કે મનુષ્યોના હૃદય કેવા ખળભળી ઉઠે છે તેના મુખાવલોકનની ઇચ્છાથી સામે જતા લોકોની ભીડથી ટ્રામ્વેમા બેસવાની જગા જડતી નથી ભાડાની ગાડીઓ પણ મો માગ્યુ ભાડુ આપતા પણ પૂરતી મળી શકતી નથી, રેલ્વેસ્ટેશનોપર પણ દોડધામ થઈ રહે છે રસ્તે પોલિસના પ્રહાર તથા પરસ્પરના ધક્કામુકી ખાતા પણ કેટલાકને તો તેના દર્શન વગર અથડાઈ કુટાઇ પાછુ

* બ્રાહ્મમુહૂર્તનો આ પત્રના પ્રથમ વર્ષના પૃષ્ઠ પાચમે જુઓ.

કેરવું પડે છે. ત્યારે આ તો ત્રિલોકીના કર્મના સાક્ષી પરમ ઉપાસ્ય, અભીષ્ટ સાધક, ભવબન્ધમોચક, ભગવાન્ ભાસ્કરનું પ્રાતઃકાળનું સ્વાગત (Well come) કરવા અને સાયંકાલની વિદાયગિરિ કરવા કેટલા મનુષ્યો પ્રાતઃ તથા સાયંસધ્યામાં તત્પર રહે છે ? હવે કર્મસાક્ષી જગચ્ચક્ષુ સૂર્ય ભગવાન આપણા કર્મોની કેવી સાક્ષી આપશે, તેનો વિચાર વાચનારે પડે કરી લેવો અથર્વ ઉપનિષદ્ના વચનમાં કહ્યુ છે કે સૂર્યથીજ સર્વપ્રાણી જન્મે છે તેનો વિચાર કરો પ્રાણીની ઉત્પત્તિમાં ઉષ્ણતાની કેટલી જરૂર છે ? આવડા મોટા બ્રહ્માંડને માત્ર એક સૂર્યજ જોઈતી ઉષ્ણતા પૂરી પાડી ઉત્પન્ન કરે છે એટલુજ નહિ પણ તેનું અન્ન જલાદિદ્વારા પોષણ પણ તેજ કરે છે તેથીજ કહ્યુ છે કે—

अग्नौप्रास्ताहुतिः सम्यगादित्यमुपतिष्ठते ।
आदित्याज्जायते वृष्टिर्वृष्टेरन्नं ततः प्रजा ॥

વેદોક્ત વિધિથી અગ્નિમાં હોમ કરવાથી, તે સૂર્યને પહોંચેછે સૂર્યથી વર્ષાદ થાય છે, વર્ષાદથી અન્ન પાકેછે, તે અન્ન ખાવાથી દેહમાં શુક્રશોણિત બને છે, તે વડે પ્રજા ઉત્પન્ન થાય છે

જ્યારે વિધિવત્ વેદ ભણેલા ઋત્વિક્ જનો વિશુદ્ધ યજમાનને નિર્દિષ્ટ હવિથી યજ્ઞ કરાવતા હતા, ત્યારે સૂર્ય ભગવાન્ સમયપર જરૂર જોઈતી વૃષ્ટિ કરીને અન્નાદિની સમૃદ્ધિ કરતા હતા તે પવિત્ર અન્ન ખાવાથી મનુષ્યની મનોવૃત્તિ આપોઆપ ધર્મ તરફ વળતી હતી. હાલ તો આ આર્યાવર્તમાં વિધિપૂર્વક કર્મો પણ ઘણે ભાગે થતા નથી, અને ભક્ષ્યાભક્ષ્યનો તો વિચાર પણ જાણે નષ્ટ થવા બેઠો હોય એવા ચિન્હો નજરે ચઢેછે अन्नशुद्धौ सत्त्वशुद्धिः ॥ અન્ન (ખોરાક) ની ઉપરજ અંતઃકરણની શુદ્ધિનો આધાર રહેલો છે આવા વેદવચનથી વિરૂદ્ધ વર્તી અશુદ્ધ ખાનપાન કરનાર મનુષ્યોના અંતઃકરણ કલુષિત થાય એમાં શું આશ્ચર્ય ? એવા અયોગ્ય હૃદયવાળા મનુષ્યો ત્રિલોકપૂજ્ય, મહર્ષિ અને દેવતાઓથી સ્તુતિ કરાતા એવા સૂર્યભગવાનના આધાર કેમ બની શકે ? કલિકાલના અલ્પપુણ્યવાળા મનુષ્યો, પ્રતિક્ષણ પોતાની રક્ષા કરનાર તથા નિરંતર આપણને પવિત્ર કરનાર ભગવાન્ સૂર્ય નારાયણને ન જાણે એ તેમનું કેવું દુર્ભાગ્ય ? આપણા મહર્ષિઓનો તો એવો ઉપદેશ છે કે—

यत्र यत्र च सङ्कीर्णमात्मानं मन्यते द्विजः ।
तत्र तत्र तिलैर्होमो गायत्र्या वाचनं चरेत् ॥

જ્યારે જ્યારે જહાં જહાં દ્વિજો પોતાને હાથે પાપ થયુ એમ જાણે, ત્યાં ત્યાં તેણે તિલથી હોમ અને ગાયત્રીનો જપ કરવો. ગાયત્રીના જપથી ઉત્તમ બીજો જપનથી सावित्र्यास्तुपरं नास्ति ॥ એ મનુ વચનથી તથા બીજા મહર્ષિઓના અનુવાદથી

એ વાત સિદ્ધ થઈ ચૂકી છે એ ગાયત્રીમન્ત્રમા સૂર્યભગવાનનું જ ધ્યાન કહેલું છે. તેટલા માટેજ દેવતા, ગન્ધર્વ, કિન્નરાદિ સર્વ દેવજાતિ અને મહર્ષિ, વિપ્રર્ષિ, રાજર્ષિ, નિત્ય તેનીજ ઉપાસના કરે છે કે અમારી બુદ્ધિને પુણ્ય કર્મોમાં પ્રેરો અથી સિદ્ધ થયુ કે વેદોનુ બીજ ગાયત્રીમન્ત્ર છે. જેમાં ભગવાન્ સવિતા (સૂર્ય)ની ઉપાસના કરેલી છે. આથી વિશેષ કહ્યું પ્રમાણ સૂર્યનારાયણ શ્રેષ્ઠદેવ છે, એ જણાવવા માટે જોઇએ છે? બીજા કોઈ પ્રમાણની હવે જરૂર રહેતી નથી માત્ર વિચાર અને આચારનીજ આવશ્યકતા છે આપણા પૂર્વજ મહર્ષિઓએ જે જે વાતો પોતાના અનુભવ તથા શાસ્ત્રોના પ્રમાણથી લખી છે, તેપર ધ્યાન આપીને તેને આચારમા મૂકવાની હવે આવશ્યકતા છે વળી હાલ આરોગ્યની પણ આ દેશમા ખોટ પડી છે, તેથીજ વૈદ્ય અને દાકતરોની ઘરાકી વધી પડી છે પરતુ તે વૈદ્યોને પણ જોઇતી વનસ્પતિ સૂર્યની ઉપાસના વગર મળી શકતી નથી, તેથી જોઇએ તેવો યશ મળતો નથી. અને આરોગ્યમાટે શાસ્ત્ર તો કહે છે કે

आरोग्यं भास्करादिच्छेत् ॥

સૂર્યથી આરોગ્યની ઇચ્છા કરો મતલબ કે આરોગ્ય જોઇએ તો સૂર્યની ઉપાસના કરો સૂર્યઉપાસકને સમયનુ જ્ઞાન તતકાળ થાય છે તેથી તે પોતાના આહારવિહાર નિયમીત સમયે કરે છે જેથી તે નીરોગી રહે છે અને નીરોગી મનુષ્યોજ પોતાના લૌકિક અલૌકિક કર્મો તતકાલ સિદ્ધ કરી શકે છે

ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રિકાલ વૃત્ત જે જ્યોતિષશાસ્ત્રથી સમજાયછે, તે શાસ્ત્રનો મુખ્ય આધાર સૂર્યજ છે માટે એ નિશ્ચિત જાણવુ કે વર્તમાન સમયે જે શોચનીય સ્થિતિ થઈ પડી છે તેનુ મુખ્ય કારણ પરમ પૂજ્ય દેવની ઉપાસનાની જે શિથિલતા આર્યોમા દેખાય છે તે શિવાય અન્ય નથી. મહર્ષિ યાજ્ઞવલ્કયે ગૃહસ્થોને માટે કહ્યુ છે કે —

आदित्यस्य सदा पूजा तिलकं स्वामिनस्तथा ।
महागणपतेश्चैव कुर्वन् सिद्धिमवाप्नुयात् ॥

નિત્ય સૂર્યની પૂજા, કાર્તિકસ્વામીને તિલક અને મહા ગણપતિનુ પૂજન કરવાથી ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે આદિત્ય હૃદયમા નિત્ય સૂર્યનુ ધ્યાન નીચેપ્રમાણે કરવા કહ્યુ છે —

ध्येयः सदा सवितृमण्डलमध्यवर्ती ।
नारायणः सरसिजासनसन्निविष्टः ॥
केयूरवान्मकरकुण्डलवान् किरीटी ।
हारी हिरण्मयवपुर्धृतशङ्खचक्रः ॥

સૂર્ય મંડળમાં રહેલા નારાયણ, કમલના આસનપર બિરાજમાન, બાજુબંધ, મકરાકૃતિ કુંડલવાળા, કિરીટ મુકુટ તથા મુક્તામાળા ધરનાર હાથમાં શંખ, ચક્રધારી, સુવર્ણમય શરીરવાળા ભગવાન્ સદા ધ્યાન કરવા યોગ્ય છે

અથર્વ ઉપનિષદ્‌માં સૂર્ય ભગવાનનું સ્વરૂપ નીચે મુજબ વર્ણવ્યું છે —

रक्ताम्बुजसंस्थितं सप्ताश्वरथिन हिरण्यवर्णं
चतुर्भुज पद्मद्वयाभयवरदहस्तं कालचक्र-
प्रणेतारं च श्रीसूर्यं नागयणं य एवं वेद स वै ब्राह्मण ॥

અર્થાત્ લાલકમળના આસનપર બિરાજમાન્ સાત ઘોડાના રથમા બેઠેલા, સુવર્ણ સમાન્ તેજસ્વી વર્ણવાળા, ચાર હાથમાં ક્રમથી બે કમળ, અભય અને વરદ ધારણ કરેલા, નિમેષ, કલા, કાષ્ટા, મુહૂર્ત, દિન, પક્ષ, માસ, ઋતુ, અયન, વર્ષ વગેરે કાલચક્રને પ્રકટ કરનાર' એવા શ્રીસૂર્યનારાયણને જે બ્રાહ્મણ રીતે જાણે છે તે બ્રાહ્મણ એ વગેરે અનેક ફળ વેદમા લખેલા છે એ સૂર્યના ઉપનિષદ્‌ને જે સૂર્યની સન્મુખ જોઇને જપે છે, તે કુષ્ટાદિ મહાવ્યાધિથી મુક્ત થાય છે તેની નિર્ધનતા રહેતી નથી મધ્યાન્હ સમયે સૂર્ય તરફ જોઇને જે જપ કરે તેના બ્રહ્મહત્યાદિ પાપો છૂટે છે, પરતુ તેમ કરવાથી તેની આંખનું તેજ ઘટે છે અને કોઈ કોઈ વાર તો અંધત્વપણુ પ્રાપ્ત થાય છે, તેથી તેવા મહાપાપોનુ ફળ પણ તેને જન્માતરમા ભોગવવું પડતુ નથી.

એમનું નામ આદિત્ય કેમ પડયુ છે તથા તેની સંખ્યા કેટલી કહેવાય છે. તેનો ઉલ્લેખ બૃહદારણ્યકના નવમ બ્રાહ્મણમા નીચે પ્રમાણે કર્યો છે —

कतम आदित्या इति द्वादश वै मासाः संवत्सरस्यैत
आदित्या एते हीद९ सर्वमाददाना यन्ति ते ते यदिद९
सर्वमाददाना यन्ति तस्मादादित्या इति ॥

પ્રશ્ન—આદિત્ય કેટલા છે।

ઉત્તર—બાર માસ એક સંવત્સરમાં થાય છે, માટે બાર આદિત્ય કહેવાય છે એ સર્વ વસ્તુને ગ્રહણ કરતા જાયછે, માટે તેમને આદિત્ય કહે છે

કવિરાજ ભર્તૃહરિજીએ પણ કહ્યુ છે કે—

आदित्यस्य गतागतैरहरह संक्षीयते जीवितम् ॥

સૂર્યના આવજાવથી લોકોનું આયુષ્ય ક્ષીણ થાયછે મતલબ કે સૂર્યની એક તિથિ અતીત થતા, તે દિવસના જેટલા કર્મ તે બધા ભૂત (કાલના) થયા તેઓ કર્મને લઈ ગયા જે શુભકર્મો કર્યા તે શુભ અને અશુભ કર્યા તો તેને તેઓ લઈ ગયા અને તેનુ ફલ વ્યાજસાથે તેજ કર્માનુસાર ભવિષ્યમા મળતું રહેશે. આથી

નિત્ય શુભ કર્મો કરવા જેનાથી શુભ કર્મ ન બને, તેમણે પણ અશુભ કર્મ તો નજ કરવા, એ કવિનુ તાત્પર્ય છે. છાદોગ્યોપનિષદ્‌ના પ્રથમ પ્રપાઠકના પાચમા ખડમા પૂછ્યુ છે કે-સામવેદનો સાર શોછે ? તેનો ઉત્તર ઉદ્ગીથ અર્થાત્ ૐ ઓકાર ઓકાર શુ ? ઉત્તર—આદિત્ય આદિત્ય નામ કેમ પડયુ ? તેઓ નિરતર ચાલે છે માટે નિરતર ચાલવાનુ એ આશય છે કે, જ્યા સૂર્ય ભગવાન્ ન જાય, ત્યાં ભયકર રાત્રિ પોતાના અધકારથી લૌકિક ચક્ષુઓને નિર્વીર્ય કરી નાખે છે કે જમણી આખમા સૂર્યનુજ તેજ છે "य एष दक्षिणेऽक्षन्पुरुष" ॥ તથાપિ એ આખમા એક કળા માત્ર છે તે રાત્રિમા પોતાનુ તેજ ચદ્ર અને અગ્નિમાં રાખીને, નિયત સમયે જીવોના ઉપકાર માટે જગત્‌મા પ્રકટ થાય છે

મનુષ્યના પ્રમાદથી પ્રત્યેક કામોમા ભલે વિલમ્બ થાઓ, પણ વિશ્વત્રાતા સૂર્ય એક ક્ષણ પણ વિલમ્બ કરતા નથી એટલુજ નહિ પણ નિરતર સમયસર કામ કરવાની સર્વને શિક્ષા આપતા રહે છે.

વાચનાર ! વિચારો ભગવાન્‌ની આપણાપર કેવી દયા છે ? પોતાના ઉષ્ણ કિરણોથી અખિલ વિશ્વની ટાઢને એકદમ દૂર કરતા ભમ્યા કરે છે જીવોના દુર્ભાગ્યથી કોઈવાર ૫-૭ દિવસ અતિવૃષ્ટિ થાય છે, તો અસખ્ય મનુષ્ય તથા પશુ પખી એ જલમાધાથી મરણ પામે છે લાખો ઉપાય કરવાથી પણ એવો કોઇ પુરુષ દેખાતો નથી કે જે અખિલ વિશ્વતો રહ્યુ પણ એક શહેરના સર્વ મનુષ્યની ટાઢનુ વારણ કરી શકે પરતુ ધન્ય છે ભગવાન્ ભાસ્કરને કે જે પોતાની અભયદાનની મુદ્રાને પ્રકાશ કરતાજ આખા વિશ્વની ટાઢ તથા અધકાર તત્કાલ દૂર થાય છે પશુપખી વગેરે કે જેમનામા વિશેષ બુદ્ધિબળ નથી, તેઓ પોતાના દેહમા ઉષ્ણતા પહોચાડવામાટે ગરમ કપડા પણ પહેરી શકતા નથી તેમને પણ પોતાના ઉષ્ણ કિરણોથી સુખ દેનાર સમસ્ત લોકોના આધાર, આપને લાખો પ્રણામ છે જેમને આપે સુબુદ્ધિ આપીછે, તથા જેમને તેનો સદુપયોગ કરવાની ઇચ્છા છે, જેમની માતાપિતાના પુણ્યના સચયથી પરમદેવતા બ્રહ્મ વિષ્ણુ શિવાત્મક આપના ઉપર દેવ દેવ પરમ પૂજ્ય દેવબુદ્ધિ બની છે, તેઓ આપનો ઉદય થતાજ, અર્ધ્યાદિ પૂજા સામગ્રીથી આપનો ઉપકાર માનતા આપને પ્રણામ કરી, પોતાનુ કર્તવ્ય પાલન કરે છે જ્યારે આ ભારત વર્ષમા ધર્મનુ રાજ હતું, ત્યારે આપના ઉદયથી પૂર્વજ અમારા દ્વિજાતિ પૂર્વજ અનાદિ-પવિત્ર થઇને હાથમાં રક્તથી ચદન (કુકુ), રક્તપુષ્પ તથા અક્ષતાદિ યુક્ત અર્ધ્ય લઇને—

नम' सवित्रे जगदेकचक्षुषे ।
जगत्प्रसुति स्थिति नाश हेतवे ॥

त्रयीमयाय त्रिगुणात्मधारिणे ।
विरञ्चिनारायण शङ्करात्मने ॥ १ ॥
नमः सूर्य ! सहांसशो ! तेजोराशे ! जगत्पते !
अनुकम्पयां भक्त्या गृहाणार्घ्यं दिवाकरम् ॥ २ ॥

ઈત્સાદિ મન્ત્રોચ્ચાર કરી, અર્ધ્ય નિવેદન કરી આપનુ પૂજન કરતા હતા

હે સવિતા ! આખા વિશ્વના એકજ નેત્રરૂપ, વિશ્વની ઉત્પત્તિ સ્થિતિ અને લયના કારણરૂપ, ત્રણમય લોકોપકાર માટે ત્રિગુણાત્મક માયા વડે બ્રહ્મા વિષ્ણુ અને મહેશનુ રૂપ ધારણ કરનાર આપને પ્રણામ હે હજારો કિરણવાળા, તેજપુંજ ! જગનાથ હે દિવસ કરનાર ભક્તિથી મારાપર કૃપા કરો અને આ અર્ધ્યને સ્વીકાર કરો હે સૂર્ય આપને પ્રણામ

પંડિત હરિદત્ત શર્મા.

ચાલુ ચર્ચા.

જીમખાનામાં જમણ.

'ધી ઇન્ડિયન સોસ્યલ રીફૉર્મ' લખેછે કે પ્રેસિડન્સિએ અને હિંદુઓના મોટા ભાગે ત્રણ દિવસ સુધી ભેગા બેસીને ખાધુ, હિંદુઓમા એવા લોકો છે કે જેઓ હૉટેલોમા યુરોપીઅન ભેગા બેસીને વાળુ કરેછે, પણ તેઓ ભેગા જમેછે તે કોણ જાણે કેમ ધોળે દહાડે જોવામા આવતુ નથી. તે ઘણુ ખરૂ રાતની વખતે બને છે અને દિવસનો પ્રકાશ જોતા ડરે છે મુબઇના હિંદુઓએ આ રમત માટેની તેઓની પહેલી મોટામા મોટી ઝુમબેશમા આ અભડાવાના વ્હેમો કાઢી નાખ્યા છે એ જોઈને અમે ઘણા ખુશી છીએ આ બનાવ બીજા હજુ વધારે જરૂરના કારણ માટે હજુ વધારે પ્રખ્યાતછે હિંદુની ધર્મચુસ્ત પદ્ધતિ પ્રમાણે હિંદુની ટીમમા નીચ ને ઉંચ બધી જાતના હિંદુઓ છે હિંદુઓમા ગુજરાતી ને મરાઠીની બન્ને જાત હતી. એક કે બે ખેલાડી સિવાય બીજા બધાઓને માટે આવી મૅચોમા ખુશીની સાથે જમવાને જાણે એક નિયમ થઈ ગયો છે રમનારાઓમા સૌથી ઉંચીને મરજાદી બ્રાહ્મણ (વાણીયા) ની જાત અને (ઉતરતી વર્ણ કે જેના સ્પર્શથી ઉંચ વર્ણના ભ્રષ્ટ થાય તેની વર્ણના) બે ચમાર હતા આવી ખુલ્લી રીતે ભેગુ જમવાનો આ કાંઈ પહેલો પ્રસગ નથી હિંદુ જીમખાનાની ગ્રાઉન્ડ ઉપર હિંદુ અને પુના

જીમખાના વચ્ચેની છેલ્લી મૅચ અને તેની અગાઉ ખેલેલા પ્રસંગોમાં લંચ વખતે યુરોપીઅન ભેગા હિંદુઓ ખુલ્લી રીતે ખાવામાં ભળ્યા હતા આ પાઠે કાંઈ માત્ર રમનારા ઉપરજ અસર કરી નહોતી હજારો હિંદુઓએ યુનિયન જીમખાનાના હૉલમાં કે જેની બધી બારીઓ ખુલ્લી હતી તેમાં બન્ને ટીમોને ભેગા ખાતા જોયા અમે આથી એમ કહેવા નથી માગતા કે માંસ અથવા માછલાં ટેબલ ઉપર બેસીને ખાધાં આવી કાંઈ બાબત બની નથી બધા સંસારી સુધારકોએ એમ પણ જાણવું કે આ મૅચમાં હિંદુ રમનારાઓમાંથી કોઈ જેવી રીતે તેઓ ઘણા વર્ષથી કરતા આવ્યા છે તેવી રીતે કોઈ પણ જાતના દારૂને અડકયા નથી પણ મૂર્ખ મરજાદી, વ્હેમો જે દૂર થવા જોઇએ તે આવા ખાસ દીવસ ઉપર ગેપ થઇ ગયા હતા ખેલાડી અને તમાસગીર જુવાનીઆઓ કે જેઓના ઉપર ભવિષ્યનો આધાર છે તેઓએ આ પંક્તિ ભોજનનું સ્વતંત્ર કામ કરીને ખરેખર પોતાને શોભાવ્યા છે આ ભેગા જમવા ઉપરાંત તેઓના બે ક્રીકેટરો કે જેમાં એક તેઓનો મુખ્ય બૉલર છે તે બેઉ ચમાર છે એ વાતથી જાતની મર્યાદા તોડવામાં બીજો મોટો વધારો કરવામાં આવ્યો છે થોડા વર્ષ ઉપર બાલુ પુનાની યુરોપીઅન જીમખાનામાં બૉલર હતો જે પુનાના હિંદુઓ ઘણે ભાગે ઉંચા વર્ગના હતા તે હિંદુઓને લાગ્યું કે જો કે બાલુ ચમાર છે તો પણ તેના હિંદુ ટીમમાં દાખલ થવાથી મામલો ઘણો સુધરશે. પ્રાચિન નેવુના દશકાના પુનાના હિંદુઓ કે જેઓ ચપળતા અને જુસ્સાવાળા હતા તેઓએ તેને મેમ્બર તરીકે દાખલ કર્યો હતો અને હલકી જ્ઞાતિવાળાને અડકવાથી થતી ભ્રષ્ટતાના સંબંધમાં ચતુર બ્રાહ્મણ યુવાનોએ ધર્માંધપણાને તમાચો લગાવ્યો અલબત તેઓ બાલુ જોડે ભેગા બેસીને જમ્યા તો નહિ તો પણ તેઓએ પુના જીમખાનાને હરાવવા માટેની તીવ્ર હોંશમાં અડકવાથી ભ્રષ્ટ થવાય એવી મૂર્ખાઈ ભરેલી મર્યાદાનો હમેશને માટે નાશ કરવામાં આવ્યો મુંબઇના હિંદુ જીમખાનાએ ધર્માંધ પુનાના આવા દાખલાથી તેને દાખલ કીધો અને જે થોડા મેમ્બરો તેના દાખલ થવાથી કચવાતા હતા તેને શાંત પાડ્યા હિંદુ જીમખાનાએ એથી પણ વિશેષ કરી બતાવ્યું અને મૅચ વખતે મી બાલુ જોડે ખુલ્લી રીતે જમવા મંડ્યા તેનો ભાઇ જીમખાનામાં જોડાયો અને પ્રેસીડન્સિ જોડેની છેલ્લી મૅચમાં હતો, શિવરામ, બાલુનો ભાઈ કાંઇ પણ વાંધા વગર દાખલ થઇ શકયો હિંદુ જીમખાનામાં આ બે ચમાર ભાઇઓના પ્રવેશનો ઇતિહાસ સઘળાને ધન્યવાદ આપવા જેવો છે; અને બીજા વિષયોમાં સઘળા, પ્રયત્નો કરતા હજારો જુવાન હિંદુના મન સ્વતંત્ર કરવાને ઘણું કર્યું છે જો કે ભાષણોના શ્રવણ છે અને તેની જરૂરીઆત છે તોપણ એક ટન વજનના ભાષણો એક પૌંડ વજનના કામ કરી બતાવવાની બરાબર છે અંગ્રેજી ખેલાડીઓ જે દહ જુમ્માંમાં હિંદીઓ જોડે

રમવાને માયાળુ થાય છે અને રમતમા કોઇ દિવસ મૂર્ખાઇ ભરેલો જાતિભેદ ગણતા નથી તેનો દાખલો, કૉલેજમા થતી સ્વતત્રતાની અસર અને એથી પણ વધારે કાઇં નહિ તો ચમારની મદદથી મૅચ છતવાની લાલચ અને ધર્માંધતાને ગુસ્સે કરવાને જોખમે પણ આ ફેરફાર થવા પામ્યો છે

સઘળી જાતના લોકોનુ પક્તિ ભોજન જમવામા ખરાબ સ્વચ્છદી મઝા જાણીને અથવા ચમાર જોડે જમવામા કોઇ મોટી હકીકત હોય તેમ જાણીને અથવા તો અડકવાથી ભ્રષ્ટતાના બધા વિચારો કોરાણે કાઢી નાખ્યા તે એક મોટી બાબત હોય એમ જાણીને અમે આ બનાવ પ્રસિદ્ધ કીધો છે એમ નથી પણ આ બનાવ લોકોને વિભક્ત કરનારા અને પ્રજાની સત્તામાથી દૂર કરનાર જૂના ધારામાથી પ્રજાને સ્વતત્રતા આપનારો પુનામા અને મુબઇના હિંદુઓનો આ એક જાણવા જોગ દાખલો છે એમ અમે ગણીએ છીએ આ ખુશીથી કરેલો ફેરફાર, મર્યાદાવાળી, નીતિવાળી અને નિયમવાળી છૂટ છે રેલ્વેમા પરાણે ફેરફાર થાયછે તેવો નહિ અને તેથી તે નક્કી આવકાર લાયક છે.

(ટાઇમ્સ ઑફ ઇંડિયા તા ૨૪-૩-૦૬.)

* * * *

આજકાલ પંક્તિભેદવિના પ્રીતિ ભોજન કરનારના વખાણના ઉપર પ્રમાણેના અગ્રેજી લખાણો જાહેર વર્તમાન પત્રોમા છૂટથી છપાયછે તે વાચનાર ઉછરતી આર્ય પ્રજા, કે જેને ઘરમા માતાપિતા તરફથી, મદિરોમા ધર્મ ગુરુ તરફથી, નિશાળમા અધ્યાપકો તરફથી સ્વધર્મનુ શિક્ષણ મળતુ દેખાતુ નથી, તે જતે દહાડે કયી સ્થિતિએ પહોચશે, તેનો ખ્યાલ ધાર્મિક આચાર વિચારના જ્ઞાતા મહાજનોએ કરવાની કેટલી જરૂર છે. ચમારને ચાર વર્ણથી પણ બહાર અત્યજમા ગણેલા છે, તેમની જોડે તથા યુરોપીયનો જોડે એક સ્થળે બેસીને જમનાર હિંદુમા હિંદુપણુ શુ રહ્યુ ? તે અમે સમજી શકતા નથી. ક્રિકેટમા હિંદુ છત્યા તેનું ફળ શુ થયુ ? ધર્મને ભોગે રમતમા જય, એ પરિણામે પરાજયજ જાણવો અમે સાંભળ્યુ છે કે એક બે કાઠીઆવાડી ક્રિકેટરોએ આ જમણમા ભાગ લીધો નથી. કાઠીઆવાડીના આચાર અમારા ઉજળા કોકાવાળા જરા જાડો કહે છે અને પોતેપોતાને ચઢીઆતા સમજેછે, પણ આચાર જોતા તો કાઠીઆવાડના રહીશોને ધાર્મિક લાગણી વધારે હોય એમ લાગે છે.

તંત્રી.

સાબુદાણા અથવા સાબુ ચોખા.

સાબુદાણા શેના થાય છે, તેની ખબર બાહુ થોડા મનુષ્યને હોવાનો સભવ છે તે શી રીતે બનાવે છે તે વિષે "એનસાયક્લોપીડિયા બ્રિટાનિકા" માથી મળેલી માહિતી પ્રસિદ્ધ કરીએ છીએ એટલે તે પરદેશી હોઇને ખાવા માટે અપવિત્ર છે, એ સૌ સમજી શકશે

The Palms are the natives of the East-Indian Archipelago the sago forests being especially extensive in the Island of Ceran.

(જે ઝાડના થડમાંથી સાબુદાણા કરવામા આવે છે, તે ઝાડ ઇસ્ટ ઇંડિયન આર્ચિપેલેગોમા થાય છે ઈ)

ઉપલી હકીગત ઉપરથી તે વિદેશી છે, એ તો ઠર્યું, પરંતુ તેમા અપવિત્ર પદાર્થ મેળવેલો હોય છે,, તે નીચલી હકીગતથી સહજ ધ્યાનમા આવશે

The starchy pith is extracted and grated, the powder. That (Powder) intended for exportation is mixed into *Paste* with water and rubbed through seives into small Coriander seed, whence it is grains from the size of a known according to size as peral sago, bullet sago &ca

(પ્રથમ "પામ" નામના ઝાડના થડનો લોટ કરેછે જે લોટ પરદેશમાં મોકલવાનો હોયછે, તેમાં લાહી મેળવેછે અને પછી તેના યન્ત્રના દબાણમા નાના મોટા આકારના દાણા પાડેછે)

Encyclopoedea Britannica 9th
Edition Vol XXI

ઉપર મુજબ સાબુ ચોખા બનાવવાની કૃતિ છે તે બનાવતા તેમાં લાહી (ખળ) જેવો અપવિત્ર પદાર્થ મેળેછે, તેમ છતા તે પદાર્થને આપણા કેટલાક લોકો તો ફરાળમાં પણ ખાય છે!

શ્રી. द. चितळे,

ता. २२-५-०६ (ज्ञानप्रकाश.)

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક ૨ જું. સંવત ૧૯૬૨, મિથુન માસ. અંક ૬ ઠો.

મંગળાચરણ.

રામનામ મહિમા.

(પદ, રાગ—ધન્યાશ્રી.)

રામ નામ ભય જાય, રટ મન રામ નામ ભય જાય,
રામ નામથી પાપી પ્રાણી, મનના મેલ ઉતારે;
રામ નામથી વાનર વીરો, પયમા પથ્થર તારે. રટ ૧

રામ કૃપાથી નૃપ શિવાજી, છત્રપતિ પદ પામ્યા,
રામ સંગથી નારાયણદિયો, ધર્મ ધામે જામ્યા રટ ૨

રામ રટનથી હૃદય તણા મન, આપોઆપ ધસાય,
નિર્મલ હૃદયાદર્શે દર્શન, પુરૂષોત્તમના થાય રટ ૩.

દર્શન થાતાં પ્રસન્ન મન થૈ, વારવાર ચિત્ત ચ્હાય,
રામ ચરણમાં ચિત્ત લાગતાં, વિષ વિષયો વિસરાય રટ ૪

રામ નામથી કાશી વાસી, મુક્તિ મનોરથ પામે,
મુનિ વાલ્મીકિ કવીશ્વર બનિયા, શ્રી દશરથસુત નામે રટ. ૫

શ્રીહરિ

પકકો કકકો.

(ચોપાઈ)

ક કકે શ્રી કૃષ્ણ ચરણને ભજો,
ખ ખખે ખળના ખોટું તજો, .
ગ ગગે ગી ગાયત્રી રખો,
ઘ ઘે ઘટઘટ વ્યાપક લખો

ચ ચ્ચે ચતુર્વેદને ભણો;
છ છછે છએ અંગને છણો,
જ જ્જે શ્રી જગજીવન જપો,
ઝ ઝઝે ઝટપટમા નહિ તપો. ૨
ટ ટટ્ટે ટક ટક ગગઝગ તજો,
ઠ ઠ્ઠે ઠાઠ માઠ નર સજો;
ડ ડ્ડે ડહાપણ દિલે ધરો,
ઢ ઢ્ઢે ઢાકપિછો નહિ કરો, ૩
ત ત્તે તનમન રાખો શુદ્ધ
થ થ્થે થાઓ થીર વિશુદ્ધ
દ દ્દે દયા ધરી દો દાન
ધ ધ્ધે ધરો ધીર થઇ ધ્યાન. ૪
ન ન્ને નિત નટવરને યજો,
પ પ્પે પરોપકારી થજો,
ફ ફ્ફે ફોગટ ફુથલી તજો,
બ બ્બે બહનામી બાળજો. ૫
ભ ભ્ભે ભરો ધર્મ ભંડાર,
મ મ્મે મોત ગણો નિર્ધાર,
ય ય્યે યદુપતિ કરણુ કામ,
ર ર્રે રટો રામનુ નામ, ૬
લ લ્લે લાભ લો તજી લોભ,
વ વ્વે વદો વચન તજી ક્ષોભ,
શ શ્શે શોધ કરો સંસ્કાર,
ષ ષ્ષે ષટ્ દર્શન લ્યો સાર, ૭
સ સ્સે સત્સંગતને સજો,
હ હ્હે હરિ નામ નહિ તજો;
ક્ષ ક્ષ્ક્ષે ક્ષમા સદા રાખજો,
જ્ઞ જ્ઞે જ્ઞાના નુભવી થજો, ૮
આ અષ્ટક શીખે નરનાર,
તે ભવસાગર પામે પાર;
વદો વિચારો વારંવાર,
સકલ શાસ્ત્રનો સાચો સાર. ૯

આદિત્ય.

(સાંધણ પૃષ્ઠ ૭૭ થી)

જેમ મનુષ્યાદિ પ્રાણીની આંખો જોવાનુ કાર્ય કરે છે, તેમ સૂર્યના કિરણ સર્વ પ્રાણીઓના જોવા સબધી વ્યવહારસિધ્ધ કરવાને માટે સૂર્યદેવને આકાશમા પ્રાપ્ત થાય છે સૂર્યદેવ પોતાના કિરણોદ્વારા સર્વને દેખે છે જે શક્તિ દિવસમા સૂર્યકિરણરૂપથી સર્વને દેખાય છે, તેજ શક્તિ રાત્રિમા ચદ્રમા, નક્ષત્ર અથવા દીપકાદિરૂપથી કામ આવે છે. અને એજ સૂર્યની શક્તિ પ્રાણીમાત્રની આંખમા જોવાનુ કાર્ય પણ બજાવે છે અર્થાત્ જોનારી વા જોવડાવનારી જે શક્તિ પ્રાણીમાત્રમા છે તે સૂર્યદેવની શક્તિ છે વળી રૂપ શોભાએ આ સસારમા ધન વા ઐશ્વર્ય છે અને સર્વ પ્રકારના રૂપરગ જે સૃષ્ટિમા છે તે સૂર્યદેવના કિરણોથી પ્રકટ થાય છે આદિત્ય મંડળમાં જે ચૈતન્ય પુરૂષ છે, તેનોજ અંશ સર્વ પ્રાણીઓના હૃદયમાં સ્થિત થઈ સર્વ પ્રકારના જ્ઞાનનો હેતુ થાય છે તે સર્વ જ્ઞાન સૂર્યદેવથી પ્રકટ થાય છે તેથીજ કહ્યુ છે કે "सर्वं ज्ञानं सूर्यदेवादेव प्रादुर्भूतमिति." આ પ્રત્યક્ષ દેખાતા સૂર્યદેવ પરોક્ષ દેવતાઓમા એક મોટા દેવ છે. સૂર્યના ઉપસ્થાનથી સર્વ દેવોનુ ઉપસ્થાન થાય છે એથી ઉપસ્થાન કૃત્યને અસત ઇષ્ટ સાધનતા પ્રાપ્ત થાય છે અગ્નિદેવથી ઋગ્વેદ પ્રકટ થાય છે તેથી ઋગ્વેદમા અગ્નિદેવની પ્રધાનતા છે, વાયુથી યજુર્વેદ પ્રકટ થયા તેથી યજુર્વેદમા મધ્યસ્થાન દેવતા વાયુ વા વરુણની પ્રધાનતા છે અને સામવેદમા મિત્રદેવની પ્રધાનતા છે હવે અગ્નિ શબ્દનો પહેલો અક્ષર અકાર છે વાયુ વા વરુણ શબ્દનો પહેલો અક્ષર વકાર છે. પણ વ્યાકરણના નિયમાનુસાર વકારનો ઉકાર થાય છે, તેમ કોઇક સ્થળે ઉકારનો વકાર પણ બને છે. એ કારણથી વાયુ વા વરુણ શબ્દના પહેલા અક્ષરનો ઉકાર થાય છે અને મિત્ર શબ્દનો પહેલો અક્ષર મકાર છે આમ અગ્નિનો અ, વાયુ વરુણનો ઉ અને મિત્રનો મ એમ આ ત્રણ શબ્દોના પહેલા અક્ષરોનો જે એક શબ્દ થાય છે તે પ્રણવ બને છે અને પ્રણવરૂપ સમસ્ત જગત ત્રણ દેવતારૂપમા છે અને આ સર્વ જગતના આશ્ચર્યરૂપ ચક્ષુ સૂર્યદેવ છે તેથી પ્રાણીમાત્રના સ્થિતિ તથા નાશના કારણરૂપ પણ સૂર્યદેવજ કહેવાય છે કેમકે જે રક્ષક છે તેજ ભક્ષક હોય છે એમ આ સસાર રચનાપરથી સિધ્ધ થાય છે કારણ કે વિધાતારૂપ રક્ષા કરવાને કારણ પ્રજાપતિ અને પ્રલય કરવાને કારણ અત્તા અનાદિ રૂદ્ર કહેવાય છે. જેમ જીવનને સ્થિર રાખનાર અન્ન છે અને અન્ન ન મળે તો કોઇ પણ પ્રાણી જીવી શકે નહિ ને અનુકુળ પથ્યરૂપથી સેવન કરવાથી ચિરકાળ જીવિત રહે અને પ્રતિકૂળ સેવન કરવાથી એજ તાત્કાલિક

જીવનનો અંત થઈ શકે છે તેથીજ કહ્યું છે, કે "अजीर्णे भोजनं विषम्" તેમ સર્વ પ્રાણીઓના પ્રાણદાતા સૂર્યનારાયણ સંધ્યોપાસનાદિથી અનુકૂળ થઈ મનુષ્યને દીર્ઘકાળ સુધી જીવનના હેતુ બને છે અને અનેક ધર્મવિરુદ્ધ આચરણો આચરવાથી પ્રતિકૂળ બની સૂર્યદેવ શીઘ્ર મનુષ્યનો વિનાશ કરવાના હેતુ બને છે. સાંબ પુરાણમાં કહ્યું છે કે વિષ્ણુ ભગવાનનુંજ નામ સૂર્ય છે આદિત્યને માટે વેદમાં કહ્યું છે કે "योऽसावादित्यपुरुषः सोऽसावहम्" વેદમાં આદિત્યને ભર્ગ તરીકે પણ વર્ણવ્યા છે ભર્ગ શબ્દ ભ-ર-ગ એમ ત્રણ અક્ષરોનો બનેલો છે હવે આપણે એ દરેક અક્ષરોનો જે જુદો જુદો અર્થ તપાસીશું તો તેથી પણ સિદ્ધ થયા વગર રહેશે નહિ કે ભર્ગ શબ્દ વેદમાં સૂર્યદેવને માટેજ વાપરવામાં આવ્યો છે. માટે આપણે એ ત્રણે શબ્દોના અર્થનો વિચાર કરીએ ભ શબ્દનો અર્થ ભાસવું અર્થાત્ પ્રકાશવું એમ થાય છે ર શબ્દનો અર્થ પ્રીતિયુક્ત રંજિત કરવું એમ થાય છે અને ગ શબ્દનો અર્થ નિત્ય ગમનાગમન કરવું એમ થાય છે અને એ ત્રણે શબ્દોનો સાથે અર્થ કરતાં એમ માલમ પડે છે કે, સર્વ જગતને પ્રકાશિત કરવું, પ્રીતિ યુક્ત રંજન કરવું અને નિત્ય સર્વ લોકમાં ગમનાગમન કરવું. હવે આવી શક્તિ આદિત્ય શિવાય અન્યમાં દેખાતી નથી, તેથી પણ સિદ્ધ થાય છે કે, ભર્ગ શબ્દ આદિત્યને માટે વાપરેલો છે. ભર્ગ શબ્દ ભ્રસ્જ ધાતુથી બનેલો છે, અને તેનો અર્થ પકાવવું એમ પણ થાય છે. અને તે સૂર્યદેવમાં પ્રત્યક્ષ દેખાય છે તેથી યાજ્ઞવલ્ક્ય ભર્ગ શબ્દનો અર્થ કરતાં કહે છે કે, જે પ્રભુ અગ્નિરૂપ ધારણ કરી સાત રંગના કિરણોવાળા આદિત્ય દેવ સાત તરેહના કિરણોથી સર્વને પ્રકાશના સ્વયંપ્રકાશિત થઈ સર્વને પ્રકાશિત કરે છે, અને અંતમાં સર્વના પ્રલય કરતા પણ થાય છે તથા જે કારણથી પોતાના સ્વ સ્વરૂપથી સર્વને દેખે છે તથા દેખાય છે તેથી એ ભર્ગ કહેવાય છે વળી સર્વનું ભરણ પોષણ કરતા હોવાથી એ ભર્ગ કહેવાય છે કદાચ કોઈ એવી પણ શંકા કરે કે સવિતા દેવ અને ભર્ગમાં ભિન્નતા છે, પરંતુ વાસ્તવિક રીતે ભેદ નથી. કેમકે જેમ પુરુષનું સ્વરૂપ ચૈતન્ય રૂપ પણ પુરુષજ છે પણ ભૂગમાં તો પુરુષ અને ચૈતન્ય બે જુદું નથી, પરંતુ એકજ છે અને એતો વ્યવહારમાં બોલવાની શૈલી છે તેમ સવિતા દેવ અને ભર્ગમાં સમજવું. અર્થાત જે આદિત્ય છે તેજ ભર્ગ છે અને જે ભર્ગ છે તેજ આદિત્ય છે એમ જાણવું, કેમકે ભર્ગ અથવા આદિત્ય સર્વથા સતત સ્થિર છે એમ શ્રુતિથી સમજાય છે. તેથીજ છાંદોગ્ય શ્રુતિમાં કહ્યું છે કે, "आदित्यो ब्रह्मेत्यादेशः" અર્થાત્ આદિત્ય સાક્ષાત બ્રહ્મ છે, વળી સંહિતામાં પણ કહ્યું છે કે એજ અગ્નિ, એજ આદિત્ય અને એજ બ્રહ્મ છે ભવિષ્ય પુરાણમાં કહ્યું છે કે "જે આદિત્યથી આ જગત ઉત્પન્ન થયું અને જેનામાં લીન થશે તે આદિત્ય દેવ ભર્ગ કહેવાય છે" આવા સમર્થ સૂર્ય દેવની સંધ્યોપાસના કરવી જોઈએ

કારણ કે તૈત્તરીયારણ્યકમાં સ્પષ્ટ કહ્યું છે કે "કમેશ નાશાર્યે સાય' પ્રાત· અર્ધ્યદાન સૂર્યાભિમુખ કરી દેવું" જે લોક અર્ધ્યદાનનું ખંડન કરે છે એવા નવા સમાજીઓની સંસ્કાર વિધિમાં ચંદ્રમાની સામે અર્ધ્યદાન આપવાનું લખેલું છે. માટે જે લોકોને વેદનો અધિકાર નથી તેઓએ નીચે લખેલા સ્માર્ત મંત્રથી સૂર્યનારાયણને અર્ધ્યદાન અવશ્ય કરવું જોઇયે એ સ્માર્તમંત્ર નીચે મુજબ છે.—

एहि सूर्य सहस्रांशो तेजोराशे जगत्पते ।
अनुकम्पय मां भक्त्या गृहाणार्घ्यं नमोऽस्तुते ॥

पंडित हरिदत्तशर्मा.

ગાત્રગંત્રી.

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिन्तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥
इन्द्रियाणि हयानाहु विषयास्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिण ॥

અર્થાત્—બુદ્ધિરૂપી સારથીએ મનરૂપી લગામથી બાંધેલા કર્ણ, ચક્ષુ, રસના, ઘ્રાણ અને ત્વચા (ઇંદ્રિયોરૂપી) એ પાંચ ઘોડા દેહરૂપી વિચિત્ર રથમાં જોડેલા છે જીવાત્મા એ દેહરૂપી વિચિત્ર રથનો સ્વામી છે. અને તે એ રથમાં વિરાજમાન થયેલો છે, આ ક્ષણભંગુર શરીરરૂપી વિચિત્ર રથને મત્સરાદિરૂપી પથ્થરોથી બનેલી સંસારરૂપી સડકપર ગતિ આપવાને બે પૈડા તથા પહોંચવાના બે સ્ટેશનો છે અને ત્યાં જવાના માર્ગ પણ બે જુદા જુદા છે

સ્ટેશનો.

૧ પરમાત્મપદ ૨ વિષયગોચર, માર્ગ નિવૃત્તિરૂપી અને પ્રવૃત્તિરૂપી. નિવૃત્તિરૂપી માર્ગદ્વારા જીવાત્મા પરમાત્મારૂપી શાંતપદને પ્રાપ્ત થાય છે અને પ્રવૃત્તિરૂપી માર્ગદ્વારા જીવાત્મા અહંકાર, વિષય, રાગદ્વેષાદિ રૂપી ખાડાઓમાં ચક્કર ખાઈ તેમાંજ તદ્રૂપ બની વારંવાર વિષય ગોચર થઇ, સંસારરૂપી સડકપર આવજાવ કરી મહાન્ દુઃખ ભોગવતો રહે છે જેમ આ સ્થૂળ લોકમાં પણ ઘોડા આદિ પશુપણ પોતાના ચારા ઘાસાદિ દાણા તરફ નજર પડતા બલપૂર્વક ભોગવવાને દોડે છે તેમ શરીરરૂપી રથમાં જોડેલા કર્ણાદિ ઘોડા બલાત્કારે વિષયો તરફ દોડે છે વિષયોના વિષરૂપી ખાડામાં જીવાત્મારૂપી રથના સ્વામીને રથ તથા સારથીસહિત ડુબાડવા સારૂ પ્રબલ વેગથી કર્ણાદિ ઘોડાઓ મનરૂપી લગામ ખેંચી દોડે છે. એ દશામાં,

જીવાત્મા બુદ્ધિરૂપી સારથીને કહે છે કે —અરે સારથી ! રાખ રાખ રથને શીઘ્ર રાખ આ ચંચળ ઘોડા તને અને મને રથસહિત કહા ખેંચી જાય છે તે જો

સારથી —કહા ખેંચી લઇ જાય છે મહારાજ ! બીચારા ઘોડા તો પોતાના માર્ગપર સીધા પાધરા ચાલ્યા જાય છે

જીવાત્મા—અરે ભાઈ! પોતાના માર્ગપર એનુ ચાલવુ તારા અને મારા બાબમાં અતિ દુ ખદાઇ છે એ પશુ છે અને આ પશુઓના માર્ગપર ચાલવાથી પ્રાય રથ સારથી અને બેસનારને નષ્ટ ભ્રષ્ટ કરે છે અને રથી આપત્તિનો યાત્રી વખત આવતા બની જાય છે તેથી એને એના માર્ગથી જેમ બને તેમ ત્વરાએ રોક

સારથી—મહારાજ! યદિ એને એના માર્ગથી જો હુ રોકી દઉં તો પછી એને એનો ચારો નહિ મળે અને તે સમયે એ ભૂખે મરી જાય તો એની હત્યા કોને માથે લાગશે અને એ મરી જાય તો આપ, હુ અને રથ અહીં પડી સડી જઇશુ તો પછી આપત્તિના યાત્રી બની શુ કે અનાપત્તિના ?

જીવાત્મા—અહો ! હવે તો તુ બહુ ધીટ બની ગયો છે અને મારી આજ્ઞાનું પાળન કરતો નથી ને ઘોડાને રોકવાને બદલે ચાપલુસી ભરેલી વાર્તા કરેછે યાદ રાખ. તને એકદમ સારથી પદથી ચ્યુત કરી બીજા વ્યવસાયાત્મિક સારથીને નિયત કરીશ કારણ કે તુ મને મારા ધામ (ઠેકાણા)પર પહોચાડી શકતો નથી.

સારથી—નહીં નહીં સ્વામિન્ ! હુ ધીટ બન્યો નથી એ આપે સત્ય જાણવુ. જો ઘોડાને રોકવામા આવશે તો એ બિચારા વિનાચારે અહીં ભૂખે મરશે તો પછી ન અહીંના કે ન તહીંનાની માફક આપ માગ સહિત અહીં અટકી પડશો ભલા આપ જ્હા પહોચવા ઇચ્છા રાખોછો તે ધામનુ નામ ઠામ શુ છે તે જરા કૃપા કરી બતાવો ભગવન્ ! વ્યવસાયાત્મિક અને અવ્યવસાયાત્મિક એ બેઉ નામ મારા છે રથના અધ્યક્ષનો અધિકાર છે ચાહે એમને વ્યવસાયાત્મિક બનાવે, ચાહે અવ્યવસાયાત્મિક બનાવે

જીવાત્મા—ભાઈ ! મારા ધામનુ નામ **પરમાત્મ** પદ છે જે અખડ અદ્વૈત, અચિંત્ય અને સર્વત્ર એક રસ વ્યાપક છે એ પદને પહોચવાથી જન્મ મરણાદિ મહાન્ દુ ખો ભોગવવા આ સસારરૂપી સડકપર કદાપિ પાછુ આવવુ પડતુ નથી માટે હુ એ નિત્ય અવિનાશી પદને પહોચવા ચહાવુ છું

હુ પોતાને વ્યવસાયાત્મિક અને અવ્યવસાયાત્મિક એમ બને નામ ધારી તરિકે ઓળખાવેછે એમ કહી તુ મને ઠગેછે યદિ તારૂ નામ વ્યવસાયાત્મિક હોય તો તું આ ચચળ ઘોડાને એના કુમાર્ગથી રોકી, મારા ધામ તરફ રથને કેમ ચલાવતો નથી કે જેથી મારૂ અભિષ્ટ સિદ્ધ થાય.

। **સારથી**—કૃપાનિધિ ! જો આપનુ ધામ, સર્વત્ર એક રસ વ્યાપક છે તો પછી એ ધામ, આ ઘોડા અને એના કુમાર્ગ તથા રથ અને સારથી શું તે જુદુ છે? હમારા સર્વમા એના વ્યાપકત્વનો અભાવ છે ? સીધા ચાલવાથી પણ આપ ગુસ્સે થઈ મને મારા પદથી ચ્યુત કરવા ચાહો છો એ તદન ગેરવાજબી છે મહારાજ ! વ્યવસાયાત્મિક અને અવ્યવસાયાત્મિક બને નામ ધારી થવાનો દાવો કરી આપને ફરતો નથી કિંતુ મને દર્પણ સમાન સમજવો કારણ કે રથના સ્વામિ જેવી ભાવના યુક્ત આકૃતિથી મને દેખેછે તેવુ અભિષ્ટ મારીદ્વારા તે મેળવે છે અર્થાત્ જ્યારે જ્યારે જેવી જેવી ભાવના કરી જહા જહાં પહોચવાની ઇચ્છા કરે છે ત્યારે ત્યારે તે તે ધામપર હુ તેને પહોચાડુ છઉં હજુ સુધી આપ આ ઘોડા તથા એના માર્ગાદિયુક્ત ભાવનાની આકૃતિથી મને જોઇ રહ્યા છો, તેથી એવા સ્થાનોમા ફર્તા ફરતો છો. જે સમયે મને આપ આપની ધામરૂપી ભાવની આકૃતિથી દેખશો તે સમયે આપના ખરા ધામપર પહોચી જશો અને આપનુ અભિષ્ટ સિદ્ધ થઇ જશે

જીવાત્મા—અરે સારથી ! આ ઘોડા, એનો કુમાર્ગ, રથ તથા તારા તેમજ મારાથી એ મારૂ પરમ પવિત્ર સર્વત્ર અખડ એક રસ વ્યાપક ધામ જુદુ નથી અર્થાત્ તારા મારા અને આ સર્વમા એનુ વ્યાપકત્વ સમા । છે પરતુ આ ઘોડાની ચપલ ચાલના કારણથી એ દ્રષ્ટિ બહાર લાગે છે અને હુ પહોચી ત્યા સ્થિત થાઉ એ શક જેવુ છે તેથી અહીં તહીં ધકા ખાવા પડશે માટે તને કહુ છુ કે એને એની ચચલ ચાલથી રોકી દે હવે મારી એ ભાવના છે કે હુ મારા ઠીક ધામે પહોચી જાઉ, તેથી કરીને તુ તારા કથનાનુસાર વ્યવસાયાત્મિક બની મારૂ અભિષ્ટ સિદ્ધ કરી દે

સારથી—કૃપાનાથ ! જયા સુધી આપ એના ચારારૂપી વિષયોમા રાગદ્વેષયુક્ત ભાવનાથી સર્વથા મુક્ત થઇ તમારા ધામની ભાવનાપર ઠીક સ્થિત નહીં થાવો ત્યા સુધી આ પ્રમાદી ચચલ ચાલના ઘોડા પોતાની સ્વાર્થમયી ચપલ ચાલથી કદાપિ પણ રોકી નહી શકાય. માટેજ આપે ભાવના સ્થિર કરવી ફક્ત કથન માત્રથી ભાવના સ્થિર થતી નથી એ પણ આપે ધ્યાનમા રાખવુ

જીવાત્મા—ઠીક ! ભાવના કથન માત્રથી સ્થિર નથી થતી, તો એ કેવી રીતે સ્થિર થાય તે મને સમજાવ કે જેથી હુ ભાવનાને સ્થિર કરી મારા પરમ પવિત્ર ધામને પ્રાપ્ત થાઉ

સારથી—આ ઘોડા લગામ સહિત તથા એના ચારો તેમજ હુ એ સર્વ આપનુ છે આપ સર્વના માલિક છો આપની પ્રાણશક્તિ એ આ ઘોડાની ગતિ છે જેના પ્રત્યેક શ્વાસમા અનેક તરેહની કામનાઓ ભરી છે આપની જ્ઞાનશક્તિ એ રગબેરગી ઘોડાઓનો ચારો છે જે સમસ્ત વિષયોના ભડાર

છે. આપના વિવેક વિચારની શકિત એ મારૂં શરીર છે જેમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્ને માર્ગ ઝગમગી રહ્યા છે. જ્યારે આપ અષ્ટાંગ યોગ સાધનાથી પ્રાણ, જ્ઞાન અને વિવેક વિચારને સ્થિર કરશો ત્યારે આપની ભાવના સ્થિર થઈ આપને આપોઆપ એ અનુપમ ધામપર પહોચાડશે કે, જ્યાથી ફરી અહીં વારવાર કદાપિ પણ આવી શકશો નહીં.

જીવાત્મા—ભલા યોગના એ ક્યા આઠ અંગો છે અને તેના નામો શું છે. અને તે કયી રીતે સાધન કરવા ઉચિત છે.

સારથી—યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એ યોગના આઠ અંગો કહેવાય છે. જેમ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન એ પાંચ નિયમ કહેવાય છે. એ સર્વના સાધન સેવનનો પ્રકાર કોઈ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ શરણદ્વારા કરવો ઉચિત છે.

જીવાત્મા—ઠીક છે તો હવે એમજ કરૂં છું કે જેથી હું આપ પરમ પવિત્ર ધામને પ્રાપ્ત થઇ શકું.

આ પ્રકારે જ્યારે જીવાત્માએ બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુનું શરણ લઈ અષ્ટાંગયોગના સાધન સેવનના પ્રકારને પ્રાપ્ત કરીને સાધના કરી ત્યારે એની પ્રવૃત્તિમાર્ગની ભાવનાઓનો સર્વથા અભાવ થઇ, નિવૃત્તિ માર્ગની ભાવનાનો પ્રભાવ સ્થિર થયો તે સમયે એજ રથ ચંચળ ઘોડા સ્વયં પોતાની ચપળ ચાલથી રોકાઇ નિવૃત્તિ માર્ગ તરફ વળ્યા, તેથી તત્કાળ પરમ પવિત્ર સર્વત્ર અખંડ એકરસ વ્યાપક અનેક અવિનાશી સ્વયં પ્રકાશી અક્ષર બ્રહ્મ નામક ધામમાં પહોચ્યા કે જે ધામનો મહિમા પરમાત્મા પંડે ગીતામાં કહે છે.

" यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम "

અર્થાત્—કે જે ધામમાં ગયેલા જીવો આ સંસારમાં ફરી પાછા ફરતાં નથી તે મારૂં પરમ ધામ છે. યથાજે મુકેલા વેદના વચનનો સ્પષ્ટિકરણ, પુરાણોમાં પણ વિસ્તારથી કરેલો છે. શ્રીમદ્ ભાગવતના ૪ સ્કંધના ૨૫ થી ૨૮ મા અધ્યાયમાં પુરંજનના નામથી આજ વાત સ્પષ્ટ સમજાવી છે.

આથી મનુષ્ય માત્રે સંસારરૂપી યાત્રામાં આવાજવાનો ફેરો ટાળવા તથા બ્રહ્માનંદને પ્રાપ્ત કરવા સારૂં નિવૃત્તિ માર્ગ તરફ પોતાની વૃતિ હરહમેશ રાખવી જોઇએ.

કલિપ્રભાવ.

હાલના ચાલતા સમયને આર્યધર્મ શાસ્ત્રમાં કલિયુગના નામથી ઓળખાવ્યો છે અને એ સમયમાં આર્યાવર્તના આર્ય લોકોની ચાલચલગત તથા ધર્મ પ્રત્યે કેવી નિષ્ઠા

રહેશે, તે સબંધમાં પ્રાચીન ઋષિ મુનિયોએ કલિયુગ વર્ણનના કેટલાક શ્લોકો બનાવેલાં છે જે વર્ણન ચાલતા સમયમા આર્યલોકોની ચાલ ચલગત તથા ધર્મનિષ્ઠા જેવી દેખાય છે, તેને આબેહૂબ મળતુ આવતુ હોવાથી પ્રસંગાનુસાર તેનું કંઈક દિગ્દર્શન અમારા વાચકવૃંદોને કરાવવુ યોગ્ય થઇ પડશે. કલિયુગ વર્ણન કરતાં એક કવિ લખે છે કે:—

> न देवे देवत्वं कपटपटवस्तापसजना ।
> जनो मिथ्यावादी विरलतरवृष्टिर्जलधर ।
> प्रसगो नीचानामवनीपतयो दुष्टमतयो ।
> जना भ्रष्टा नष्टा अहह कलिकाल प्रभवति ॥

અર્થાત્—દેવમાં દેવપણુ દેખાતુ નથી, તપસ્વીજનો કપટમા નિપુણ છે, મનુષ્યો મિથ્યાવાદી છે, મેઘ પણ જ થોડુ પાણી આપેછે, નીચ માણસોની સાથે પ્રસંગ આવેછે, રાજાઓ દુષ્ટ મતિ થઈ ગયા છે, જનો (મનુષ્યો) ભ્રષ્ટ થઇને નષ્ટ થયાછે. અરેરે ! કલિકાલનો કેવો પ્રભાવ આવ્યોછે વાચકવૃંદો ! આજકાલ આર્યભાઈઓની ઉપર ટાંકેલા શ્લોકમા વર્ણવ્યા મુજબની હાલત થઈ પડેલી આપણે અનુભવી એ છઈએ. હાલમા દેવમા દેવપણુ પ્રત્યક્ષ દેખાતુ નથી અર્થાત્ દેવતાઈ શક્તિનો અનુભવ તાત્કાલિક થતો નથી તેથી આધુનિક ગેરિકવસ્ત્રધારી, આર્યનામધારી, યથેચ્છ વિહારીઓને, ધર્મશાસ્ત્રના શિક્ષણના અભાવે કરી ભોળા લોકોને ભમાવી મૂકવાને દેવમૂર્તિઓનુ અપમાન, નિંદા આદિ કરવાને મોટી મોકળાશ મળી આવે છે અને તેથી નાસ્તિકતાનો વધારો થવાથી લોકોની ધર્મપ્રત્યે શિથિળતા થતી જાય છે, જેનો પ્રત્યક્ષ અનુભવ વારંવાર આપણી દૃષ્ટિગોચર થાય છે. આનુ મૂળ કારણ અશ્રધ્ધાજ તથા અજ્ઞાનતા છે પરતુ દરેક કાર્યમા શ્રધ્ધાની આવશ્યકતા હોવી જોઈએ. કારણ કે શ્રધ્ધાવગર આ જગતનો કોઈ પણ તરેહનો વ્યહવાર ચાલી શકે તેમ નથી. તેથીજ ધર્મશાસ્ત્રમા શ્રધ્ધાને જ્ઞાનની પ્રાપ્તિનું અચળ સાધન કહ્યુ છે જેમ વૃક્ષની ઉત્પત્તિ માટે બીજની જરૂર છે, તેમ જ્ઞાનની ઉત્પત્તિ માટે શ્રધ્ધાની જરૂર છે કારણ કે આપણે દુઃખાદિ જે અનુભવ પ્રત્યક્ષ ભોગવીએ છઈએ તેનુ મુખ્ય કારણ પરમાત્મા પ્રત્યે આપણી અશ્રધ્ધા યાને અવિશ્વાસ હોવાનુ છે માટે પ્રાણીમાત્રે પ્રહ્લાદ આદિ ઈશ્વરભક્તોની માફક ઈશ્વર પ્રત્યે અચળ શ્રધ્ધા રાખવી જોઈએ અને શ્રધ્ધાથી જેમ તેઓને ફળ મળ્યા છે તેમ દૃઢ શ્રધ્ધા રાખી તદનુસાર વર્તવાથી સર્વ ઇચ્છિત ફળો મેળવી શકાય છે

તપસ્વીજનો કપટમા નિપુણ હોય છે અર્થાત્ ઢોંગી ધર્મગુરુઓ પણ ઘણું કપટ ધ્યાનને સમયે કરે છે, તેઓ ધર્મને બદલે અધર્મનો પણ બોધ કરતા ચૂકતા નથી, એમજ તેઓ પોતાના વર્ણાશ્રમ ધર્મ કર્મ પણ બરાબર પાળતા દેખાતા નથી, અને

ધનના લોભે કરીને પોતાના કપટની ઝપટમાં અજ્ઞાન લોકોને લેવા ઉત્તમ આશ્રમનો વેશધારણ કરે છે

મનુષ્યો મિથ્યા વાદી છે યાને પ્રાણીમાત્ર વાત વાતમા જરા પણ ખોટુ બોલતા અચકાતા નથી, મેઘ ઘણુજ થોડુ પાણી આપે છે અર્થાત્ મેઘ (વરસાદ) કોઈ દેશમા વરસે છે, કોઈ દેશમા વરસતો નથી, તો કોઈ દેશમા અતિ વૃષ્ટિ કરે છે ને કોઈ દેશમા અતિ થોડો વરસે છે તેને પરિણામે જ્યા ત્યા દુષ્કાળના સંકટના વાદળ ઘેરાયલા નજરે ચઢે છે

નીચ માણસોની સાથે પ્રસગ આવે છે અર્થાત્ વ્યાપારાદિ અનેક કાર્યો પરત્વે નીચ વર્ણો, કે જેનો સંસર્ગ કરવાથી પણ દોષિત થવાય તેઓ સાથે વ્યવહારાદિ નિમિત્તે સભાષણ તેમજ સર્વ પ્રકારના સ્પર્શાદિ કાર્યો પણ કરવાની જરૂર પડે છે

રાજાઓ દુષ્ટ મતિના થઈ ગયા છે અર્થાત્ રાજાઓ પોતાની પ્રજા વિષે દુષ્ટ અભિપ્રાય ધરાવી પ્રજાના ધનધાન્યાદિ સર્વ વસ્તુઓને તાબે કરવા પ્રયત્ન કરે છે

જનો ભ્રષ્ટ થઈને નષ્ટ થયા છે, અર્થાત્ અધર્મ નિર્દય ખાનપાન વિગેરેથી ઘણા ખરા મનુષ્યો ભ્રષ્ટ થઈ, દ્રવ્ય, વિદ્યા, તેજ, કીર્ત્તિ, આદિ રહિત થઈ જીવતા છતાં પણ મૃતપ્રાય (શબ) જેવા નષ્ટ થયા હોય એમ પ્રત્યક્ષ દેખાય છે, અરેરે! કલિકાલનો કેવો પ્રભાવ આવ્યો છે! અર્થાત્ અહો!, આ કલિકાલનો કેવો કરાળ મહિમા, મહીમા મોટો માનવાન થઇ પડયો છે કે, જેથી આર્યોની દેવ પ્રત્યેની શ્રધ્ધા ઉઠી જઈ નાસ્તિકતાને પ્રાપ્ત થઈ જવા લાગ્યા છે અને તપસ્વી જનો પણ કપટ કરી ધર્મને બદલે અધર્મમાં પ્રવૃત્ત થવાને ચૂકતા નથી, તેથી મેઘ વૃષ્ટિ પણ બરાબર ન થતા આ આર્યાવર્ત દુષ્કાળના સકટમા વારંવાર સપડાય છે અને મનુષ્યો વર્ણાશ્રમ ધર્મને છોડી ખાનપાનાદિકમા યથેચ્છ વિહારી થવાથી ભ્રષ્ટ થઈ તેજહીન, બલહીન થઇ છેવટે નષ્ટ થઇ જાય એમા શી નવાઇ? આ સર્વનુ મૂળ કારણ ધર્મ પ્રત્યેની અશ્રધ્ધા જ છે માટે દરેક આર્ય ભાઇએ ધર્મ, ગુરુ, ઇશ્વર પ્રત્યે અચળ શ્રધ્ધા રાખી ધર્મશાસ્ત્ર સબધે કુતર્ક કે વિતર્ક કદી પણ કરવો નહિ. કારણ કે કુતર્કના પરિણામે ધર્મશાસ્ત્ર પ્રત્યે અશ્રધ્ધા થયા વગર રહેતી નથી અને તેથી છેવટે શ્રધ્ધાનો લોપ થઈ જાય છે પરતુ શ્રધ્ધા વગર જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તેથી જ ગીતામા કહ્યુ છે કે, "श्रद्धावान् लभते ज्ञानम्" ઇતિ.

પ્રાચીન વૈદ્યક શાસ્ત્ર.

લેખક, भिषग्वर केशवलाल झीणाराम ए. ए. एम्. एस्.

જ્યારથી ભારત સૌભાગ્યનો નિષ્કલંક સૂર્ય અસ્તાચળમા અતર્હિત થયો છે, ત્યારથી પવિત્ર આર્ય ભૂમિમાં કપટ, દુરાચાર, વ્યસન, અને અન્યોઅન્યમા વૈરના

બીજ રોપાયા છે, ત્યારથી આર્ય ઋષિપ્રોક્ત, સમસ્ત હિંદુશાસ્ત્ર પ્રાય લુપ્ત થઈ ગયા છે અને તેની સાથેજ ભારતનુ મોઘુ, રત્ન અને જીવનનો આધાર અમારૂ પ્રાચીન વૈદ્યક શાસ્ત્ર પણ ઘણીજ શોચનીય સ્થિતિમા આવી પડયુ છે.

હિંદુ રાજાઓનાં વખતમા સમસ્તશાસ્ત્રોની ચર્ચા થતી હતી, વિદ્યાની ઉજ્વલ કાન્તી ભારતવર્ષને પ્રકાશિત કરતી હતી. એ વખતમા અમારૂ આયુર્વેદ શાસ્ત્ર, સમસ્ત ચિકિત્સા શાસ્ત્રો કરતા અત્યંત ચઢીયાતુ અને માનીતુ હોવાથી ભારત સંતાનના સ્વાસ્થ્ય રક્ષણ માટે એક માત્ર અવલંબન ગણાતુ હતુ તેમજ આયુર્વેદીય ચિકિત્સા, એ ભારત સંતાનોની માતાની પેઠેજ હિતકારક હોવાથી માત્ર ચિકિત્સા તરીકેજ ઓળખાતી હતી

પ્રાચીન કાળમા અમારા પૂર્વજો આયુર્વેદીય ચિકિત્સાના પ્રભાવથી શારીરિક, અને માનસિક સ્વાસ્થ્ય લાભની સાથે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચાર પુરૂષાર્થ મેળવવાને શક્તિવાન્ થતા હતા, તથા લાંબા વખત સુધી યત્કિંચિત પણ ક્લેશવગર નિયમિત રીતે સંસારનો કારભાર ચલાવી શકતા હતા, તેઓનો આહાર વિહાર પ્રાચીન વૈદ્યક મતાનુસાર હતો, જેથી શરીરે હૃષ્ટ પુષ્ટ હોઈ પ્રાયે નિરોગી રહેતા હતા, કદાચીત દૈવયોગે કોઈ રોગગ્રસ્ત જણાતો તો તેને આયુર્વેદ મતાનુસાર પવિત્ર આર્ય ભૂમિમા ઉત્પન્ન થયેલી વનૌષધીની સહાયતાથી તરતજ સારો કરવામા આવતો હતો

આયુર્વેદ શાસ્ત્રની કેવળ ભારતવર્ષમાજ પ્રતિષ્ઠા હતી એમ ન હતુ પરંતુ સમસ્ત પૃથ્વી મંડલના કોઇ પણ દેશમા તેની સંપૂર્ણ પ્રતિષ્ઠા જામેલી હતી.

આજથી અનુમાને લગભગ તેવીસો વર્ષ પહેલા ભુવન વિજયી ગ્રીક દેશાધિપતિ મહાવીર એલેકઝેન્ડર, અસાધ્ય રોગોને સારાં કરવાની ખંતથી ભારતવર્ષના વૈદ્યોને મોહોટા માન મરતબાથી, બોલાવી યત્નપૂર્વક સેવતો હતો, તેમજ બારસો વર્ષ પહેલા બગદાદ નરેશ ખલીફા હારૂન રશીદે, આયુર્વેદની ચિકિત્સાને પૃથ્વી ભરની સમસ્ત ચિકિત્સામા શ્રેષ્ટ માનીને ભારતીય વૈદ્યોને શરીરના રક્ષણ માટે મોટા સત્કારથી ખાસ પોતાના રાજ્ય મંદિરમા રાખ્યા હતા

"અમુન ઉન" નામના પ્રસિદ્ધ અરબી ભાષાના ગ્રંથમા લખેલુ છે કે—આઠમા સૈકામા ભારતના પંડિત લોકો બગદાદની રાજ સભામા, આયુર્વેદ—અને જ્યોતિષ શાસ્ત્રનું શિક્ષણ આપતા હતા, તે વખતે તેઓ મારફત હિંદુસ્થાનમાંથી **સર**, **સર્લસ** અને **વદાન** નામના ત્રણ ગ્રંથો મગાવવામા આવ્યા હતા, એજ ત્રણ ગ્રંથો આપણા પરમ આદરણીય, ચરક, સુશ્રુત, અને નિદાનના અપભ્રંશ રુપાંતર છે.

હકીમ જાલીનુસ, પોતાના એક લેખમા જણાવે છે કે, આયુર્વેદવિદ્યા, પ્રથમ હિંદુસ્થાનમાંથી મિસરમા આવી ત્યાંથી યુનાન અને અરબસ્તાનમાં ગઇ વિશેષમા

જણાવે છે કે–માગ ગુરૂ અફલાતુને ભારત વર્ષમા જઇ કાલ જ્ઞાનનાં છત્રીશ લક્ષણો અને બીજા કેટલાએક ઉપયોગી ગ્રંથોનો અભ્યાસ કરી તેમનો સાર સાર ભાગ લાકડાની તક્તીપર કોતરી પોતાના પહેરવાના જામાની નીચે દેખાય નહી તેમ ગુપ્ત રીતે દોરી વતી ગળાપર બાંધી રાખતા હતા અને કોઇ પણ ન દેખે તેને માટે સંપૂર્ણ સાવચેતી રાખતા હતા, પરંતુ જ્યારે તેણે પોતાનો અંતકાલ સમીપ આવ્યો છે એમ જાણ્યુ ત્યારે પોતાની વહાલી પત્નીને એકાંતમા બોલાવીને કહેવા લાગ્યા કે, પ્યારી, આ શરીરનો હવે મને ભરોસો નથી; તથાપિ એક ગુપ્તમા ગુપ્ત રાખેલી હકીકત જણાવતા અચકાઉછું. પતિપરાયણ પવિત્ર પત્નીએ મરણ પથારીપર આળોટતા પતિના મુખમાથી નિકળેલા શબ્દો સાભલી કપતે સ્વરે અને ખટકતે હૃદયે ઉત્તર આપ્યો કે પ્રાણપતિ, કઇ પણ સંકોચ રાખ્યાવગર જે કંઈ આજ્ઞા હોય તે કરો હું પ્રતિજ્ઞા કરૂછું કે મારા વહાલાની ગમે તેવી અઘરી આજ્ઞા હશે તો પણ તેને પ્રાણ જતા લગી પાળીશ.

પરસ્પર એપ્રમાણે વાતચિત થયા. પછી દીન સ્વરથી ગુરૂજી બોલ્યા, પ્યારી મારા કંઠમા ગુપ્ત રીતે રાખેલી જે તક્તી તું જુએ છે, તે જીવની માફક જાળવી રાખેલી હિંદની લોકોત્તર વૈદ્યકવિદ્યા છે કે જે વિદ્યાના અદ્ભુત પ્રભાવ વડે સર્વત્ર સ્થળે દેવતાઇ માન મરતબો મેળવી શક્યો છું.

સદરહુ હિંદની મોંઘી વિદ્યા કે જે એક મારા અપર પ્રાણ છે. તેને બીજું કોઈ પણ ન દેખે તેમ મારે માટે કરેલી કબરમા મારા શરીર સાથે જોડીને તેની જાળવાઈ રહે તેમ ગોઠવી દાટજો, કે જેથી જ્યા હુ હઉ ત્યા તે મારાથી અળગી રહે નહી. સ્ત્રીએ તેમના સમજાવ્યા મુજબ તે તક્તી કોઇ ન જાણે તેમ તેમના શબની સાથે કબરમા જેમની તેમ દટાવી દીધી.

શબ દફનાવવાની ક્રિયા વખતે હુ ત્યા હાજર હતો છતા પણ તે વખતે ગુરૂના મરણના હૃદય વેધક દુઃખથી દબાયલો હોવાથી ઉપરની બાબતથી કેવળ અજ્ઞાત રહયો હતો

પરંતુ પાછળથી મને વિચાર થયોકે ગુરૂજી કોઈ ન જાણે તેવી રીતે પોતાના ગળામા જે તક્તી પહેરી રાખતા તેનુ તેમના મરણ પછી શું થયુ હશે ? હિંદની વૈદ્યકવિદ્યાને તેઓ પોતાની જીવનદોરી સમજતા હતા તેથી તેના અત્યંત ઉપયોગીને જાણવા યોગ્ય સાર તો કદાચ તે તક્તીમા નહી ગોઠવ્યો હોય ? આવા વિચારમાંને વિચારમા મધ્ય રાત્રીનો અમલ થવા આવ્યો છતા મને નિદ્રા આવી નહીં, એટલે તરતજ ઉઠી ગુરુજીના હિંદની વૈદ્યકવિદ્યાના ગ્રંથ ગ્રંથો જ્યાં સાચવી રાખવામાં આવતા હતા ત્યા ગયો પણ અફસોસ કે ત્યાય પણ તે તક્તી ફરી મારા જોવામા આવી નહી.

દરેક સ્થળમા શોધ કરવા છતા જ્યારે તક્તીના બીલકુલ પત્તો લાગ્યોજ નહી ત્યારે મને શક પડ્યો કે ગુરૂજીને હિંદની વિદ્યાપર બહુ પ્યાર હતો તેથી પોતાના શબની સાથે કબરમા તે દટાવાની તજવીજ કરી નહી હોય? એનો પકો તપાસ કરવા માટે ગુપચુપ જઇને કોઇ ન જાણે તેમ કબરને મહા મહેનતે ખોલી ગુરૂજીના હાડપિંજરની સાથે પડેલી હિંદની લક્ષ્મી સરખી ગુરૂજીની વહાલી તક્તીને તરત દીઠી, અને તે જોતા મને અફસોસ થયો કારણ કે તેમાના અક્ષરો ન વાચી શકાય તેવી હાલમા હતા, ગુરૂજીનુ આ કૃત્ય મને અસત અયોગ્ય લાગ્યુ કેમકે પોતાના મરણની સાથે હિંદની અમૂલ્ય વિદ્યાના નાશનોજ આ પ્રયત્ન હતો. સાર પછી કબરમંથી મળેલી તક્તીને સાફ કરીને તેમાના અસ્પષ્ટ જેવા ભાગ્યા તુટા અક્ષરોને મહાપ્રયાસે ઓળખી, હિંદના ખજાના તુલ્ય, આયુર્વેદના અદ્ભુત સાગરનો સંપૂર્ણ સ્મરણ રહે તેમ અભ્યાસ કરી તેમાના અપૂર્વ સિદ્ધાંતો મનમા સંપૂર્ણ દૃઢ કર્યા અને તેને બળે દુનિયામા સર્વત્ર સ્થળે મે મારી લોકોપકાર કરવા સબધી ઉભરાતી અંતઃકરણની લાગણી તૃપ્ત કરી, સાર પછી મારી દેખાદેખીએ અરસ્તુ આદિ હકીમો' તથા તેના શિષ્યોએ પણ હિંદુસ્થાનમા જઇ આયુર્વેદ શાસ્ત્રનુ અધ્યયન કર્યુ

આ પ્રમાણે પ્રાચીન ઇતિહાસો ઉપરથી પણ તેના મહત્વની સાબીતિ સુપ્રસિદ્ધ છે. તથાપિ અર્વાચીન, સુપ્રસિદ્ધ, વિદ્વાન ડૉક્ટરોના અભિપ્રાયો ઉપયોગી હોવાથી જણાવવાની રજા લઉ છુ –

શાસ્ત્રદક્ષ ડૉ આયાજ પણ આયુર્વેદચિકિત્સાની બાબતમા વિશેષ વિવેચન કરતા જણાવે છે કે બીજી દરેક ચિકિત્સાનો પાયો આયુર્વેદ ચિકિત્સાજ છે અને તેથી સંપૂર્ણ સંસાર તેનો ઋણી છે

પ્રોફેસર જે એફ રાયલ, ડી આર એલ એમ જી સી. જેઓ પ્રથમ બગાલી સેનાના ડૉક્ટર હતા, અને એસીઆટીક અને મેડીકલ ફીજીકલ સોસાઇટી એડીન-બર્ગ અથવા મેડીકો સર્જીકલ સોસાયટી લંડનના મેમ્બર હતા તેઓ પોતાના વ્યાખ્યાનમા જણાવે છે કે—હિંદુઓનુ આયુર્વેદશાસ્ત્ર ઘણુ પ્રાચીન છે, અરબ અને યુનાનના વૈદ્યક કરતા પણ પ્રાચીન છે, કેટલાએક વર્ષો પહેલા અરબસ્તાનમાં આયુર્વેદ ચિકિત્સાનો બહુ પ્રચાર હતો' મતલબ કે-અરબસ્તાનીઓએ ખાસકરી આયુર્વેદમાથીજ વૈદ્યક સબધી શિક્ષણ મેળવ્યુ હતુ. આજ દિવસ સુધી પણ તે દેશમા શ્વાસ રોગમા ધતુરાના બી અને કૃમિ રોગમા કૌચાનો ઉપયોગ કરવામા આવે છે. તે આયુર્વેદનોજ ઉપચાર છે

પ્રોફેસર હોરેજ વિલસન, એમ, એ, એફ, આર, એસ, પ્રેસિડેન્ટ મેડીકલ સોસાયટી કલકત્તા, અને પ્રોફેસર ઑફ સસ્કૃત યુનિવર્સીટી કાલેજ ઓફ ફોર્ટ કે જેઓ એક સસ્કૃત ભાષામા પારગત મનાય છે તેઓ લખે છે કે હિંદુસ્થાન

ઘણા જૂના વખતથી ચિકિત્સા, જ્યોતિષ્ય, અને પદાર્થ વિજ્ઞાનની પારદર્શી વિદ્વાનોથી પ્રકાયલુ છે

કેટલાએક અર્વાચીન વૈદ્યકના પડિતો પોતાના પુસ્તકોમા નિષ્પક્ષપાત રીતે લખે છે કે અર્વાચીન ચિકિત્સા પણ પ્રાચીન આયુર્વેદ ચિકિત્સાનેજ આભારી છે

એક વખત એવો હતો કે જ્યારે યુરોપ દેશ શારીર વિદ્યા '(અનાટૉમી) આદિ' અગત્ય ના વિષયથી બીલકુલ અજ્ઞાત હતો ત્યારે પણ ભારતવાસીઓ, પ્રાચીન વૈદ્યકની શસ્ત્ર ચિકિત્સા અને ઔષધ ચિકિત્સાથી લોકોત્તર ચમત્કાર બતાવી શકતા હતા

પ્રાચીન વખતમા ભયકર રણસગ્રામમા જ્યારે જ્યારે બાણ, ભાલા, બરછી ખડગ આદિ અનેક ભયકર શસ્ત્રોથી લડવૈયાઓ ઘાયલ થતા ત્યારે ત્યારે **શલ્યાધરણ, વ્રણશોધન, વ્રણ રોપણ,** આદિ ચિકિત્સાથી તત્કાલ પીડા શાત કરવામા આવતી હતી

કદાચ ગદા આદિના પ્રહારથી અસ્થિ, ધમની, સ્નાયુ આદિ વિભાગો છૂટાઇ જતા તો તેને ભગ્નસધાન કારી ઉપયોગથી એકદમ પૂર્વવત્ જેવાને તેવા કરી આપવામા આવતા હતા

હિંદુઓના માનનીય ગ્રથ રામાયણમા લખેલુ છે કે-જ્યારે રાવણે લક્ષ્મણના હૃદયમા શક્તિ શલ્યનોપ્રહાર કર્યો ત્યારે વક્ષસ્થળના અસ્થિ ભગને લીધે ભયકર ક્ષત પડી રૂધિરનો અસત સ્રાવ થવા લાગ્યો આવી મરણ સુચક જોખમ ભરેલી સ્થિતિમા મુર્છિત પડેલા લક્ષ્મણને જોઇ મહાસમર્થ ભિષગ્વર સુષેણ પડિતે તેજ વખતે તત્કાળ ચમત્કાર કરે તેવી વિશલ્ય કરણી,અસ્થિ સહારી (હાડ સાકળી) આદિ અદ્ભુત રોગનાશક ગુણ ધરાવનારી વનૌષધીથી પ્રાણહારી રક્તસ્રાવને બધ કર્યો હતો, અને અત્યત નિપુણતાથી ભાગેલા હાડને એકમેક જોડી નિમેષ માત્રમા અસ્થિમેળન અને વ્રણ રોપણ કરી આપ્યુ હતુ હાલમા પણ ભાગેલા હાડને તરતમા જોડી આપવાની અજબ શક્તિ ધરાવનારી વનૌષધી જોઇએ તો તે માત્ર એક અસ્થિ સહારીજ છે

સાધારણ હાડ સાકળીના નામથી ગુજરાત કાઠીયાવાડમા ઓળખાય છે

ઉપરના અનેક પ્રમાણોથી માનવાને ચોક્કસ કારણ છે-કે-પરાપૂર્વથી અમારૂ પ્રાચીન વૈદ્યક શાસ્ત્ર ઇતર સર્વ ચિકિત્સા શાસ્ત્રો કરતા વધારે શ્રેષ્ઠ હોવાથી આ સ્થાવર જગમાત્મક જગતમા રત્નાકરની પેઠે અનેક અમૂલ્ય જીવન વર્ધક ઉપચાર રૂપી રત્નોનો ભડાર ગણાયુ છે

પરતુ દેશ દુર્ભાગ્યથી આર્યરાજ્યનો નાશ થયા પછી કેટલાએક વખત સુધી, અત્યત અદ્ભૂત પ્રાચીન વૈદ્યક શાસ્ત્રપર વિસ્મૃતિનો ઘોર અધાર પછેડો ઢકાઇ ગયો

---

૧ શરીરમાં ગોળી બાણ અથવા એવાતીણા નાના હથીઆરો પેસી ગયા હોય તેને બાહેર કાઢવાની ક્રિયા, ૨ પડેલા ક્ષતને સાફ કરવાની ક્રિયા, ૩ વ્રણને રૂઝવાની ક્રિયા

હતો તેથી જેવી ઉન્નતિ થયેલી હતી તેનીજ અવનતિના ઉંડા ખાડામા અપડાઇ નષ્ટ થવાનો પૂરો અવસર આવી લાગ્યો હતો, પરતુ ભારતવાસીઓના સુભાગ્યે માયાળુ અગ્રેજ સરકારના સમદર્શી રાજ્યનો અમલ થતા ફરીને સુધારાયુક્ત શાસ્ત્ર શિક્ષણની સીડીદ્વારા દુર્દશાના દુઃખમય ગર્તમાંથી મહા મહેનતે નિકળવા પામ્યુ છે અને ફરી એકવાર વિસ્મૃતિના ઘોર અધકારમાથી છૂટી પોતાના નિષ્કલક કીર્તિ ચદ્ર વડે આર્ય સતાનોને અત્યત શાતિ આપવા લાગ્યુ છે ભારતના પ્રત્યેક ખડમા થોડી ઘણી પણ આયુર્વેદ શાસ્ત્ર સબધી ઉપયોગી ચર્ચા ઉત્પન્ન થવા લાગી છે

આજકાલ કેટલાએક વર્ષો થયા બગાલના સમર્થ વિદ્વાનોએ અર્વાચીન ચિકિત્સાના ડાકડમાકપરનો મોહ છોડી, ભારતના વૈદ્યક શાસ્ત્રને સમસ્ત આર્યોનુ મુખ્ય ચિકિત્સા શાસ્ત્ર બનાવવાનો પ્રયત્ન આરભ્યો છે અને એઓના સદુદ્યોગથી ભારતના અનેક સ્થાનોમા, આયુર્વેદ વિદ્યાલય, આયુર્વેદ શાળા, આર્યચિકિત્સાલય, શિક્ષાલય આદિ અનેક વિદ્યાલયો સ્થાપિત થયેલા છે બગદેશનુ વિદ્વન્મડળ આયુર્વેદનો ઉદ્ધાર કરવાને જેમ કટીબદ્ધ છે તેમ દક્ષિણ મહારાષ્ટ્ર ગુજરાત, મધ્યપ્રદેશ અને પશ્ચિમોત્તર પ્રદેશના લોકો પણ આયુર્વેદ પ્રચાર માટે કમ્મર કસી રહેલા છે તેના ઉત્તમ પરિણામ તરીકે મુબઇમા મરહુમ ન્યાયમૂર્તિ રાનડે, મરહુમ દિનશાજી માણેકજી પીટીટ જેવા પ્રખ્યાત ગૃહસ્થોના અનુમોદનથી સ્વર્ગવાસી વૈદ્યરાજ પ્રભુરામ જીવનરામે સ્થાપેલુ, આયુર્વેદવિદ્યાલય છે જેને તેમના પ્રગલ્ભ પુત્ર ડૉ પોપટ પ્રભુરામે લોક હિતખાતર સર્વ માન્ય સર ભાલચદ્ર સરખા વિદ્વાન ડાકટરો, અને સદ્વૈદ્યોના મતાનુસાર સુધરેલા વૈદ્યકની ગુથણીથી ગૂથી પ્રસશાયોગ્ય બનાવી દીધુ છે.

પ્રાચીન સમયમા આર્યવૈદ્યકની અનેક શીક્ષણ શાળાઓ હસ્તી ધરાવતી હતી, અને તેને શ્રીમત રાજારજવાડા તરફથી અનેક પ્રકારે આશ્રય અપાતો હતો, પરતુ હાલમાં તો જૂનુ અને નવુ એમ બન્ને વૈદ્યક સાથે શીખવાની કોઇ પણ યોગ્ય સસ્થા હોય તો તે માત્ર એક મુબઇ અને દેશાવરોમા લોકમાન્ય થયેલુ આયુર્વેદ વિદ્યાલયજ છે

આજકાલ લોક લાગણી સ્વદેશાભિમાન તરફ વળેલી છે તેવા ઉજ્વળ અવસરમા આયુર્વેદ વિદ્યાલયે લોક સેવા બજાવી લોક હિત સિદ્ધ કરીને જે ફતેહ મેળવી છે તે જોઇને કોઇ પણ ભારત હિતચિતક આર્ય સતાનને આનદ થયા વિના રહેશે નહી

નવા વિચારોના ગાડરીઆ પ્રવાહની માફકપુષ્ટિ આપનારા અને સુધારાનો ઝોકો ધરાવનારા અમારા કેટલાએક આર્ય બધુઓ નવુ એટલુ સારુ અને જૂનુ એટલું કાચુ એમ માની પોતાના પૂર્વજોની માનીતી પ્રાચીન વિદ્યાતરફ અણગમો બતાવે

છે તે તેમની મોટી ભૂલ છે કોઈ પણ બાબતને નમાલી અથવા નિરૂપયોગી ગણી લેવાની પહેલા, તેનું શીક્ષણ અથવા અનુભવ દ્વારા સત્યાસત્ય જાણ્યા પછીજ ચોકસ નિર્ણયપર આવવુ એ સુજ્ઞ પુરૂષોનો ધર્મ છે.

અફસોસ સાથે કબુલ કરવું પડશેકે હાલમા કેટલાએક અભણ વૈદોએ પોતાના અજ્ઞાનને લીધે સામાન્ય વર્ગ ઉપર આર્ય વૈદક સબંધી ઘણી માઠી અસર બેસાડેલી છે તે ખરેખર શોચનીય છે. અને તેથી માઠી અસરને લોકોના અંતઃકરણમાંથી ખસેડવાને વૈદ્ય પ્રયત્નપૂર્વક વૈદકનુ ઉત્તમ જ્ઞાન મેળવ્યા પછીજ પોતાના ધંધાની શરૂઆત કરવી, એમ અમારો અભિપ્રાય છે.

જનસમાજે પણ શીક્ષણ મેળવેલા સાક્ષર ભિષગ્વરોને ઉત્તેજન આપવુ એ પ્રાચીન વૈદ્ય વિદ્યાનો વધારવાનો ખાસ રસ્તો છે.

છેવટ લેખ પૂર્ણ કરવાની પહેલા ફરી એકવાર પ્રિય વાચકોને જણાવવાની રજા લઉછું કે ઉપર જણાવેલા પ્રાચીન વૈદક શાસ્ત્રનો ઉધ્ધાર કરવો એ આપણી ખાસ ફરજ છે જો આપણે આપણા વડીલોની માનીતી વૈદ્ય વિદ્યાનો ઉધ્ધાર કરીશુ અને પોષણ કરીશુ તો, તે સર્વ વિદ્યાઓ આપણુ પોષણ રક્ષણ અને ઉધ્ધાર અવસ્ય કરશે એટલુંજ નહી પણ હિંદની ચાલી જતી લક્ષ્મી ફરી એકવાર આર્યોના ભુવનમાં ચિરસ્થાયિની થશે. (અસ્તુ.)

પરદ્વીપ ગમન વિષે કોચીનના મહારાજાનો મત.

મુબાઈની વિકટોરિયા ટેકનિકલ ઇન્સ્ટીટયુટમાંના મેસર્સ **ટી. ગોપાલન** અને **કે. પી. કૃષ્ણ** એ નામના બે **નાયર** જાતિના વિદ્યાર્થીઓ, મિકેનિકલ ઍન્જીનીઅરિંગની છેલ્લી પરીક્ષાનો અભ્યાસ કરવામાટે, વિલાયત જવાની રજા લેવામાટે કોચીનના મહારાજા પાસે ગયા હતા. મહારાજાએ તેઓને એવો ઉત્તર આપો કે, **શૂદ્રોને પરદ્વીપ ગમન કરવાને હરકત નથી.** તમોને વિલાયત જવામાટે મારી રજા છે, પણ એટલુ ધ્યાનમાં રાખજો કે, આગબોટમા તથા વિલાયતમા તમારા ખાનાપાનની યોગ્ય ગોઠવણ રાખજો. શુદ્રોને માસ ખાવાની રજા છે, પણ ગાય અથવા બળદનુ માસ ખાવાની મના છે, માટે તમે તે ખાતા નહિ. તેમજ પરજાતિના લોકોએ રાંધેલી રસોઈ જમના નહિ એથી વિરૂદ્ધ જો તમે વર્તનો, તો તમોને જાતિ બહાર કરવામા આવશે અને ફરીને જાતિમા લેવામા આવશે નહિ.

કોચીનના મહારાજા પોતાની પ્રજાની ધાર્મિક બાબતોમાં પણ મુખી છે, અને તેમની આજ્ઞા તેમની પ્રજા શાસ્ત્રાજ્ઞાપ્રમાણે પાળે છે

(ઇંદુપ્રકાશ તા ૧૮-૧૨-૦૫)

પુસ્તક ૨ જું સંવત ૧૯૬૨, કર્ક માસ. અંક ૭ મો.

ઘનશ્યામ વર્ણન.

[પદ.—રાગ—સોરઠ.]

ભજ ભજ શ્રીહરિ મેઘ શ્યામ. ટેક
છાયા કરે કૃપારસ વરસે, પોષણ પૂરણ કામ. ભજ ૧
તૃષ્ણા ક્ષુધા હરે સૌ જનની, જન જીવન વિશ્રામ,
ભવ દાવાનળ જ્વાળા ઠારે, દૂર કરે દુઃખ ધામ. ભજ ૨
દુર્બલ દેવ દર્દુરો[1] ડરડે, બોલે ધરિ મન હામ;
ત્યારે અસુર તાપ હરવાને, ગાજે—ચઢે—તમામ. ભજ ૩
ઇંદ્રધનુષ વનમાળ વીજળી, પીતાંબર—અભિરામ,
ગોવર્ધન કવિ મોર ગાય ગુણ, કરી કળાં[2] સુખધામ. ભજ ૪

સુખની શોધ.

વિશ્વ વ્યવહારનું અવલોકન કરતા સર્વને સહજમા અનુભવ થશે કે મનુષ્ય માત્ર સુખ પ્રાપ્તિ અર્થે અનેક પ્રયત્ન કરતા જણાય છે! સુખ મળવા માટે લક્ષાવધિ ઉપાયો સેવતા અનુભવાય છે. પ્રત્યેક પ્રવૃત્તિમા, પ્રત્યેક કાર્યમા, પ્રત્યેક પ્રસંગમા, પ્રત્યેક સંબંધમા, પ્રત્યેક સ્થળમા અને પ્રત્યેક પળમા સુખસંપાદન કરવાનો તેમનો ઉદ્દેશ પ્રાધાન્ય હોય છે દરેક પુરૂષ, સ્ત્રી કે બાળક, રાયકે રંક, શાહકે સંત, જ્ઞાની કે અજ્ઞાની, ઉત્તમ કે કનીષ્ટ સૌ કોઇ સુખની શોધમા મચેલા આપણી નજરે પડે છે સુખની ઉપલબ્ધિ માટે મનુષ્યોજ પ્રયત્ન શીલ છે એમ નથી, પરંતુ પ્રાણી માત્ર તે ઉદ્યોગમાં યથા શક્તિ પ્રવૃત્ત છે તે ઉદ્યોગ સર્વ કોઇને પ્રિય છે, સર્વ કોઇને તે પ્રયત્ન આકર્ષક છે અને સુખ મળવાનો આશા તંતુજ ગમે તેવી દુષ્કર અને દુર્ઘટ ઘટનામા મનુષ્યને દોરે છે

1 દેડકાના અવાજનું અનુકરણ, દેવપક્ષમા ભય ભય.
2 ચાતુર્ય. બીજા પક્ષમા મોરની કળા.

શાસ્ત્રોના બોધનો સારાંશ શું છે ! ભિન્ન ભિન્ન ધર્મના આંતરિક આશય શું છે ? આર્ય ધર્મના તત્વોનું અવલોકન કરશું, કે બૌધ ધર્મના શિક્ષણનો સાર શોધીશું, મુસલમાની ધર્મશાસ્ત્રના આદેશનું મનન કરશું, કે ખ્રીસ્તી ધર્મનો તાત્પર્યાર્થ લક્ષમાં લેશું, ટુંકામાં ગમે તે પ્રાચીન પ્રસિદ્ધ ધર્મોના ગુઢ સિદ્ધાન્ત શાન્તચિત્તે જોશું, તો તેમાં એ રહસ્ય સર્વ સામાન્ય જણાશે, કે દુઃખ નિવૃત્ત કરી સુખની પ્રાપ્તિ કરવી એ મનુષ્ય જીવનનું મુખ્ય કર્તવ્ય છે, એજ મનુષ્ય દેહની સાર્થકતા છે, એજ મનુષ્યત્વના શ્રેષ્ઠ સાધનથી પ્રાપ્ત વ્યવસ્તુ છે.

આ પ્રમાણે સુખની શોધમાં સર્વ કોઈ નિમગ્ન જણાય છે પરંતુ સુખનો પ્રકાર, તે પ્રાપ્ત કરવાના સાધન તથા પદ્ધતિ સર્વ પરત્વે સમાન હોતા નથી કોઈ લક્ષ્મીના લોભથી લલચાઈ, લોકોના ગળારેસી, પૈસાના ગંજાવર ઢગલા ઉપર ઢોલ વગાડતા બેસવામાં સુખ સમજી, તે પ્રવૃત્તિમાં માથા સુધી ડુબેલા જણાય છે, તો કોઈ પરનારીપરાયણ બની તુચ્છ વિષયમાં પુચ્છ વિનાના પશુની પેઠે આચરણ કરવામાં આનંદ માની દુઃખરૂપ સંસાર સાગરના ઉર્મિના ઉછાળામાં સુખની લેહેર શોધતા જણાય છે, કોઈ વૈભવના વિલાસમાં અને અધિકારના અહંકારમાં સ્થાયી સુખ સમજી, તે ઉદ્યોગમાં અધિકાધિક આસક્ત થતા દેખાય છે, તો કોઈ "ચમડી જાય પણ દમડી ન જાય" એ વાક્યના પોતે દૃષ્ટાન્તરૂપ થતા, દ્રવ્યના દૃષ્ટીથીજ ધરાઈ જતા, સુખાવપ્તિએ પોતાને પહોચેલા માને છે, કોઈ પુત્ર પત્નિ કુટુંમ્બ કબીલાના વ્યવહારના ગુંચવાડામાં ગુંચવાતા, તે સુખથીપર અન્ય કોઈ સુખ છે, એવા ખ્યાલને પણ તેમની કલ્પનામાં ફરકવા ન દેવામાં પ્રયત્ન શીલ જણાય છે, તો કોઈ ધંધા રોજગારના ધોરી માર્ગ ઉપર ધમધોકાર પોતાનું ગાડું ગડગડાવતા અને તેમાં જણાતા સુખની ભ્રાન્તિની ભુલવણીમાં ભુલવાતા, એકજ દોરે દોરવાતા દેખાય છે, થોડા કોઈ સંસારના ઉદ્વેગોપથી દૂર કોઈ જંગલમાં મંગલ કરતા, ત્યાજ અખાડો જમાવી પ્રભુસ્મરણમાં આરૂઢ થતા જોવામાં આવે છે, તો તેવા થોડા કોઈ પ્રવૃતિ માર્ગમાં પ્રવૃત્ત છતા જેમ સમુદ્રના મોજા મજબુત સ્ટીમરને ભટકાઈ તેને અસર કર્યાવિના ચાલ્યા જાય છે તેમ આ સંસાર સમુદ્રના ચિત્રવિચિત્ર રંગોવાળા તરંગોના છલંગોમાં ન દબાતાં, આત્માને પરમાત્માના અંશરૂપે અનુભવવાના પ્રયાસમાં સુખમાનતા જણાય છે.

આ પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રકારે સુખશોધતી મનુષ્ય સૃષ્ટી જોવામાં આવે છે અને આપણા આ લઘુલેખમાં આપણે જે ભગીરથ પ્રયત્ન આદર્યો છે તે એ છે કે આ સર્વમાં કઈ શોધ આપણને યથાર્થ સુખની પ્રાપ્તિ કરાવવામાં, અમુલ્ય સહાય કરશે તે નક્કી કરવું

પ્રથમ તો સુખનુ સ્વરૂપ શુ તે આપણે સમજીએ આપણા આત્માને તૃપ્તિ આપવી તે સુખનું સામાન્ય સ્વરૂપ છે અને આપણા આત્માને એવી તૃપ્તિ આપવી કે જે તૃપ્તિમા તેની કોઇ દિવસ અરુચિ કે અભાવ થાય નહિ તથા જે તૃપ્તિનો અંત કોઈ દિવસ દુઃખ કે ક્લેશમા આવે નહિ. તેની સાશ્વત તૃપ્તિ તે યથાર્થ સુખનુ સ્વરૂપ છે ક્ષુધાર્ત મનુષ્યને અન્નની ઇચ્છા પ્રબળ થાય છે, એજ અન્નની પ્રાપ્તિ તેને સુખરૂપ થાય છે, તૃષાતુર મનુષ્ય જળ પ્રાપ્તિ માટે ઝખે છે, એજ જળની પ્રાપ્તિમા તેને સુખ અનુભવાય છે આ સૃષ્ટીમા જે પદાર્થોદ્વારા શરીરને અલ્પ પ્રયાસે સુખ મળે છે તથા ઇંદ્રિયોની તૃપ્તિ તત્કાળ સહજમા થાય છે તે પદાર્થોનુ સેવન કરી લેવાથી સુખ શોધના હરકોઈ મનુષ્ય પ્રથમ સ્થિતિમા પ્રેરાય છે અને શરીર તથા ઇંદ્રિઓને સુખ સંપાદન કરવાના સાધનો તરીકે વાપરવા પ્રથમ સ્થિતિમા મનુષ્ય સ્વાભાવિક રીતે લલચાય છે

સદ્વર્તન અને દુરવર્તન એ બન્ને શરીર અને ઇંદ્રિયોદ્વારા સુખ મેળવવાના ઉપસાધનો છે પરંતુ તે બન્ને ઉપસાધનોદ્વારા પ્રાપ્ત થતા સુખના અંતરમા મોટો ભેદ છે સદ્વર્તનથી પ્રાપ્ત કરેલુ આ વ્યવહારિક સુખ પરિણામે જે સાશ્વત સુખ મેળવવાનુ મનુષ્યનુ કર્તવ્ય છે, તે સાશ્વત સુખ પ્રાપ્ત કરાવવામા સાધનરૂપ થાય છે પરંતુ દુર્વર્તનથી પ્રાપ્ત કરેલી તૃપ્તિ વાસ્તવિક રીતે સુખજ નથી જેવી રીતે એક રાજ્યાધિકારી પાછળ સિપાઇઓ ચાલતા હોય છે તેવી રીતે કેદી પાછળ પણ સિપાઇઓ ચાલતા હોય છે પરંતુ જેમ રાજ્યાધિકારી પાછળના સિપાઈ તેને સુખરૂપ છે, અને કેદી પાછળ પણ તેના તેજ સિપાઈ છે તોપણ તે તેને દુઃખરૂપ છે, તેવી રીતે સદ્વર્તન અને દુર્વર્તનથી તૃપ્તિ મળતી લાગે છે સદ્વર્તનથી મળતુ તાત્કાળ તો સુખ છે પરંતુ દુરવર્તનથી મળતુ સુખ તે વાસ્તવિક રીતે સુખજ નથી તે તો વેશધારી દુઃખજ છે તે તો સિંહનું ચામડું ઓઢેલ શિયાળજ છે તે તો શર્કરાથી મીષ્ટ કરેલ હળાહળ વિષ છે જેવી રીતે અતિ દારૂણ વ્યાધી પીડાતા મનુષ્યને ક્લોરોફોર્મ આપવાથી, જ્યા સુધી તે ક્લોરોફોર્મની અસર રહે છે, ત્યા સુધી તે વ્યાધીની પીડાનુ તેને ભાન થતુ નથી, પરંતુ ક્લોરોફોર્મની અસર દૂર થયે તે પીડા અસહ્ય જણાય છે, જેવી રીતે મદ્યપાનથી બેભાન થયેલા મનુષ્યને માર મારવામા આવ્યો હોય, તેનુ દુઃખ દારૂની ઘેલછા રહે છે, ત્યા સુધી તેને અનુભવાતું નથી, પરંતુ દારૂની અસરથી તે મુક્ત થાય છે કે તુર્તજ તેનુ આખુ શરીર પડેલા મારથી પીડિત જણાય છે તેવી રીતે જ્યા સુધી તુચ્છ વિષયોના ઉપભોગમાં ઇંદ્રિયો લાગી હોય છે, ત્યા સુધી વિષયના કેફથી અંધ બની મનુષ્ય તેના પરિણામરૂપ દુઃખના ભાનથી મુક્ત રહે છે અને આ તૃપ્તિમાં તે સુખ માને છે. પરંતુ પરિણામે તેજ સુખ તેને દુઃખરૂપે અનુભવાય છે. ઇંદ્રિયોને તેના ઇચ્છિત વિષયમાં મગ્ન

રાખવી, તે ઇંદ્રિયો તૃપ્ત કરવાનો ઉપાયજ નથી, તે ઇંદ્રિયોદ્વારા સુખપ્રાપ્તિનો માર્ગજ નથી તે તો અગ્નિમાં ઘૃત નાખી અગ્નિને હારવાના ઉપાય જેવું છે. જેમ જેમ ઇંદ્રિયોને તેના ઇચ્છિત પદાર્થો સેવવા સ્વતંત્રતા આપવામાં આવે, તેમ તેમ તે પદાર્થોમાં તેની આસક્તિ વૃદ્ધિ પામતી જાય છે અને તેમ તેમ તે પદાર્થો સેવવાથી તૃપ્તિને બદલે અધિકાધિક તેમનું સેવન કરવાની ઇંદ્રિયોને પ્રબળ ઇચ્છા થતી જાય છે, અને ઇચ્છિત પદાર્થોની અપ્રાપ્તી થયે, અથવા ઇચ્છિત પદાર્થોના સેવન માટે અશક્તિ થયે, મનુષ્યને મહાન કષ્ટ થાય છે પ્રિય વાચનાર! એતો કહેવાની અગત્ય નથી કે દુરવર્તનથી મળતા માની લીધેલા દુ:ખરૂપ સુખને "સુખની શોધ" આ વિષયમાં ઉભા રહેવા પણ અવકાશ નથી.

સદ્વર્તનથી શરીર તથા ઇંદ્રિયોદ્વારા જે ભૌતિકસુખ મનુષ્યને પ્રાપ્ત થાય છે, તે પણ છે તો ક્ષણિકજ અને જે સુખને માટે સત્શાસ્ત્રો તથા સદ્ગુરુઓ બોધ કરે છે તે સુખ તે નથી પરંતુ મનુષ્યની પ્રાથમિક અવસ્થામાં આ સુખમાં તેની મર્યાદા પુર સર અભિરૂચીની ઉત્તરોત્તર વૃદ્ધિ થવી તે પણ તેના પ્રકટીકરણ માટે આવશ્યક સાધન છે કારણ કે ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ અર્થે મનુષ્ય અધિકાધિક ઉદ્યોગ કરે છે, અને તે ઉદ્યોગદ્વારા તેની નૈસર્ગિક શક્તિ ખીલતી જાય છે પ્રિયબંધુ! આપણે સૃષ્ટી વ્યુહને ટુંકી નજરથી જોઇએ છીએ અને તેથીજ આપણે મનુષ્ય જીંદગીના સંબંધમાં દુઃખ, આપત્તિ, મુશીબતો વિગેરેનો પોકાર કરીયે છીયે પરંતુ પરમાત્માની રચના ઉદ્દેશ રહિત છેજ નહિ મનુષ્યની નૈસર્ગિક શક્તિ પૂર્ણ ઉપાયે પ્રકાશે તે માટે દુઃખ, આપત્તિ વિગેરેદ્વારા તે સંભવવાની જરૂર છે શસ્ત્રને તીક્ષ્ણ કરવા માટે જેમ તેને સરાણ રૂપી કષ્ટાધીન કરવું પડે છે, તેમ મનુષ્યની નૈસર્ગિક શક્તિને તીવ્ર કરવા માટે આપત્તિ તથા દુઃસાધ્ય પ્રસંગોનો અનુભવ બહુ આવશ્યક છે આધુનિક સમયની પ્રવૃત્તિનો ખ્યાલ કરશુ તો જણાશે કે આજે જે અસંખ્ય અદ્ભૂત શોધો થઇ છે, જે જે સુધારાઓ દાખલ થયા છે, જે જે અનેક અદ્ભૂત યંત્રો તથા અજાયબ કારીગીરીનો અલભ્યલાભ આપણે લઇયે છીયે, તે સર્વ સુખની શોધની નીસરણીના પગથીયામાંનું એક પગથીયુ છે પરંતુ એ અમુલ્ય વચન સ્મરણમાં રાખવાનું છે કે આ ભૌતિક સુખ માત્ર ભવિષ્યમાં શાશ્વત સુખ મેળવવાના સાધન તરીકેજ ઇષ્ટ છે. તે ઉદ્દેશથી વિરૂદ્ધ તે પ્રકારના સુખની પ્રાપ્તિમાજ સુખની અવધી માનીયે તો તેમાં આપણે ગંભીર ભુલ કરીયે છીએ અધ્યાત્મ દૃષ્ટિએ જોતા આ ભૌતિક પદાર્થોદ્વારા શરીર તથા ઇંદ્રિયોની તૃપ્તિ કરવી તે પણ વાસ્તવિક સુખ નથી. તેનો અંત દુઃખમાજ છે. ભૌતિક પદાર્થોનો અમર્યાદ રીતે ઉપભોગ લેવાથી, પ્રથમ જે પદાર્થોથી આપણને સુખનું ભાન થાય છે તેજ પદાર્થો દુઃખરૂપ અનુભવાય છે. નિયમિત માપમાં પોષક અનાજને આહાર સુખરૂપ

થાય છે, તેનાથી શરીરને પુષ્ટિ મળે છે. પરતુ જો તે હદ ઉપરાંત ખાવામાં આવે, તો તેનો તે ખોરાક શરીરને વ્યાધિગ્રસ્ત કરે છે અને તેના ઉપર પ્રથમ આપણને રુચી હતી તે બદલાઈ તેના ઉપર અભાવ આવે છે. ટુકામાં કહેવાનુ તાત્પર્ય એ છે કે શરીર તથા ઇંદ્રિયોદ્વારા પ્રાપ્ત થતા દરેક પ્રકારના લૌતિક સુખમા હદ ઉપરાત આસક્તિ થવાથી પરિણામે દુઃખ અને વ્યાધિનોજ અનુભવ થાય છે આપણી શોધ આવા અસાશ્વત સુખને માટે નથી પરતુ શરીર અને ઇંદ્રિયોદ્વારા આ પ્રકારથી ઉચ્ચ પ્રકારનું સુખ મળી શકે, શરીર અને ઇંદ્રિયોની તૃપ્તિમા સાશ્વત સુખ માટે શોધ કરવાનું નથી એમ નકકી થયુ

આગળ ચાલીને આપણે જોઇએ કે મત અને બુદ્ધિના સદ્‌વિલાસ (rich pleasures of mind and intellect) થી ઇચ્છિત શાશ્વત સુખ મળી શકે છે કે કેમ ? ઉત્તર તો નકારમાજ દેવાનો છે, પરતુ સ્થિતિ આશાવાળી છે આ સાધન દ્વારા સુખની શોધ કરવાથી સાશ્વત સુખ' તરફ લઈ જતા રાજ્યમાર્ગની સારી રીતે સમીપ આપણે આવીએ છીએ મત અને બુદ્ધિના સદ્‌વિલાસરૂપી પ્રદેશની રમણિયતામા' રમણ કરતા આપણે સાશ્વત સુખના સુદર શિખરનાં દૂરથી દર્શન કરીએ છીએ તે આહ્‌લાદ જનક પ્રદેશમાં સ્થિત થવાથી નીકટના પ્રદેશમાથી સાશ્વત સુખરૂપી સુદર મનોહર સુવાસિત ગુલાબના પુષ્પની ખુશનમાં ખુશબો અવાર નવાર આપણને આવ્યા કરે છે શરીર અને ઇંદ્રિયોદ્વારા મળતા સુખમા લુબ્ધ ન થતાં મન અને બુદ્ધિના સદ્‌વિલાસમા સુખની શોધ માટે પ્રવૃત્તિ થવી, તે પ્રકટી કરણ (evolution) ના માર્ગમા સારી રીતે આગળ વધ્યાની નિસાની છે માનસિક સદ્‌વિલાસદ્વારા મન કેળવાય છે અને વિચાર શક્તિની ખીલવણીથી બુદ્ધિ તીવ્રતર થતી જાય છે શરીર અને ઇંદ્રિયો જન્ય લૌતિક સુખના વૈભવરૂપી ઉપાધિમાં અમર્યાદ રીતે તલ્લીન થઈ રહેવુ, અને માનસિક નૈસર્ગિક શક્તિને ખીલવવી, તે ઉભયસિદ્ધિ સાથે પ્રાપ્ત થવી કઠીણ છે વૈભવના વિલાસની પાસમા ફસાવવુ અને વિચાર શક્તિ નિર્મળ રાખવી તે બે કાર્ય સાથે બનવા જેવાં નથી ઉત્તમ વિચાર શક્તિની ખીલવણી કરવાનુ સાદી રહેણી કરણીમા સરળ થાય છે મન અને બુદ્ધિના સદ્‌વિલાસદ્વારા જે સુખ પ્રાપ્તિ થાય છે તે સુખ શરીર અને ઇંદ્રિયોદ્વારા પ્રાપ્ત થતા સુખથી હજાર દરજ્જે ઉત્તમ છે તો પણ તે સુખસ્થાયી નથી તેનો અંત આવે છે વૃદ્ધાવસ્થામાં તથા ઉગ્રવ્યાધિમા મન તથા બુદ્ધિના વ્યાપારમા વિઘ્ન આવે છે તે સ્થિતિમાં મન તથા બુદ્ધિ પણ સ્થિરતાથી વિચાર કરવા શક્તિવાન હોતા નથી અને તેથી તેના સદ્‌વિલાસદ્વારા મળતુ સુખ સાશ્વત સુખરૂપે અનુભવાતુ નથી જેથી સાશ્વત સુખની શોધ કરવા માટે હજુ આપણે આગળ જોવાનુ રહે છે

આ પ્રમાણે, શરીર અને બાહ્ય ઇંદ્રિયોદ્વારા મળતા સુખની ક્ષણિકતાના અનુભવથી, તથા મન અને બુદ્ધિના સદ્‌વિલાસદ્વારા મળતુ સુખ ઉત્તમ છતાં, તે પણ શાંત હોવાથી, આખરે મનુષ્યને જણાશે કે બાહ્ય પદાર્થોમા સુખની શોધ કરવી તે આકાશકુસુમવત્ નિષ્ફળ છે આ સાધનોદ્વારા મળતુ સુખ સાશ્વત નથી રહેતુ, તેનુ કારણ ચોખ્ખુ છે કે તે સાધનોદ્વારા આપણે બાહ્ય પદાર્થોમાથી સુખ મેળવવા આશા રાખી યત્ન કરીએ છીએ. પરતુ તે બાહ્ય વસ્તુનો સ્થિતિ લય થયા કરે છે, તેમા ફેરફાર થયા કરે છે અને તેથી તે વસ્તુની જે સ્થિતિ આપણને સુખ આપતી, જે તેની સ્થિતિ આપણને અનુકૂળ હતી તે સ્થિતિ તેવી ન રહેતા, તે વસ્તુ ઉપર આપણને અભાવ આવે છે અને તે વસ્તુ આપણને સ્થિત્યતરને લીધે, સુખરૂપ અનુભવાતી નથી જેથી આટલી ચર્ચાથી આપણે નિર્ણય તરીકે સિદ્ધાન્ત રત્ન એ હાથ આવ્યુ કે, જે પદાર્થો સ્થિતિ, અને લયને, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાને, તથા દેશકાળની મર્યાદાને આધીન છે, તે પદાર્થોમાથી સાશ્વત સુખ મળી શકે નહિ એક ચીમનીમા છ કલાક દીવો બળી શકે તેટલુ દીવેલપુરી, તે દીવાસાથી નિરતર પ્રકાશ મળવાની આશા રાખીએ, તો તે આશા જેવી વ્યર્થ છે, તેવીજ આ મા ચલિત સ્વભાવ, ગુણ અને સ્થિતિ વાળી બાહ્ય ઉપાધિઓદ્વારા સાશ્વત સુખની પ્રાપ્તિની આશા વ્યર્થ છે સાશ્વત સુખ જેમાથી મળી શકે તેની પોતાનીજ સ્થિતિ સાશ્વત, અમર્યાદ, દેશકાળથી અપરિમિત હોવી જોઇએ આવા અચળ સ્વભાવ, ગુણ તથા સ્થિતિ જેના છે, તે માત્ર પરમાત્મા છે તેની શોધ બાહ્ય પદાર્થમા કરવાની નથી તે આપણા પ્રત્યેકમા વિરાજે છે જેમકે —

મૃગ નાભીમે કસ્તુરી, મૃગ ઢુંઢત બનમાહી,
ઘટ ઘટ હર વ્યાપિ રહ્યો, મુરખ શોધત ક્યાહી

પરમાત્મા સુખરૂપ છે, સાશ્વત, અનત સુખનુ પરમ ધામ છે પરમાત્મા સર્વનુ આદિકારણ છે સૂર્યના કિરણો સમાન સર્વ ભિન્ન વ્યક્તિઓ, પરમાત્મામાથીજ ઉદ્‌ભવી છે, ભિન્નતા માત્ર દેખાવમાજ છે આ પરમાત્મા સાથે આપણા અતર આત્માની ઐક્યતા અનુભવવી, તેજ સાશ્વત સુખની પ્રાપ્તિ છે તેજ અખડ અભગ, અનતસુખની પરાકાષ્ટા છે આ સૃષ્ટિની ભિન્ન ભિન્ન વ્યક્તિયો પરમાત્માના ભિન્ન ભિન્ન કીરણો છે અને તેથી એક વ્યક્તિનુ સુખ તે સર્વ વ્યક્તિનુ સુખ અને એક વ્યક્તિનુ દુઃખ તે સર્વ વ્યક્તિનુ દુઃખ એવો **'आत्मवत् सर्वत्र भूतेषु'** ભાવ આપણા મનમા સ્થિર થવાની બહુજ અગત્ય છે કથન સહેલુ છે સિદ્ધિ અતિ દુષ્કર છે. પરતુ સાચી વાત તો એજ છે કે, પરમાત્મા સાથે આપણા આત્માની ઐક્યતા (Unity) અનુભવવા માટે આવો ભાવ આવશ્યક છે આવો ભાવ થશે, ત્યારેજ સાશ્વત સુખ મેળવવાની શોધમા આપણે ફતેહમદ થશુ પ્રિય વાચનાર!

સિદ્ધાન્ત તરીકે સ્મરણમા રાખવાની વાત આપણને એ હાથ લાગી કે સુખની ખરી શોધ સર્વ વ્યક્તિઓની સાથે એટલે, પરમાત્માની સાથે આપણા અંતરાત્માની એૈક્યતા અનુભવવામા છે, પરતુ તેમની વચ્ચે ભિન્નતા છે એ ભાવ મનમા ઠસાવવામા નથી, સુખની ખરી શોધ બાહ્ય પદાર્થોમાં કરવાની નથી, પણ આપણા અંતરમાજ કરવાની છે, સુખની ખરી શોધ, પરમાત્મા સર્વ વસ્તુના અંતરાત્મારૂપ છે અને તેમ સર્વ એકજ છે એ સિદ્ધાંતના સાક્ષાત્કારમા છે, પરતુ આત્મા ને પરમાત્માનો ભેદ માની, સર્વ વ્યક્તિઓમા ભિન્નતા આરોપી વ્યવહાર કરવામા નથી જેવી રીતે નદીઓ, મહાસાગરમા મળવા વેગથી જાય છે, તેવી રીતે આપણો અંતરાત્મા જે પરમાત્મારૂપ મહાસાગરનુ બીંદુ છે તે, તે મહાસાગર સાથે એૈક્યતા માટે ઉત્સુક હોયજ છે, અને તેથી તે એૈક્યતામાજ-તેને શાશ્વત સુખનો અનુભવ થાય છે, તેની સાથે અભેદના અનુભવમાજ આત્મા કે સાશ્વત તૃપ્તિ થાય છે આપણે આપણા આત્માને અનત ભૌતિક સુખનો ઉપભોગ આપીએ છીએ પરતુ તેથી તેને સાશ્વત મળતી નથી અને તે સુખમા અમર્યાદ રીતે તેને સુખ રાખવાથી તે સુખથી તે કટાળે છે અને તે સુખ તેને દુખરૂપ અનુભવાય છે જેવી રીતે આપણે મહાન અને સુન્દર શહેરોમાં પ્રવાસ કરીયે છીયે પરતુ પરિણામે જ્યારે આપણા સ્વદેશમા આપણે મકાને આવીએ છીયે, ત્યારેજ આપણને આરામ થાય છે અને જો કોઈ શહેરમા લાબો સમય રહેવુ પડે છે, તો તે શહેર ગમે તેવુ સુદર હોય છે, તો પણ તેમા રહેવાથી આપણને કટાળો આવે છે અને સ્વદેશમા જવાની ઉત્કંઠા વૃદ્ધિ પામતી જાય છે અને ત્યા જઇયે છીએ, ત્યારેજ આપણને તૃપ્તિ થાય છે, તેની રીતે આપણા આત્માને પણ તેના મૂળ કારણ પરમાત્મા સાથે એૈક્યતા થાય છે ત્યારેજ તેને તૃપ્તિ થાય છે તે શિવાય અન્ય કોઈ પ્રકારે તેને સાશ્વત તૃપ્તિ થતી નથી અને તેમ સુખની ખરી શોધ આત્માની તેના આદિકારણ પરમાત્મા સાથે એૈક્યતા અનુભવમાજ રહેલી છે

જુનાગઢ, } માણેકલાલ કેશવલાલ
બી એ એલ. એલ બી

જ્ઞાની અજ્ઞાનીનો ભેદ.

અસારની અસત્યતા, અહદેહ, અહવર્ણ, અહઆશ્રમ વગેરે દેહાભિમાનને જ્યા સુધી પુરુષ નષ્ટ નથી કરતો તથા જગતને બ્રહ્માકાર દેખતો નથી તેમજ અહતા-મમતાને, હૃદયથી દૂર નથી કરતો તથા ભેદ ભ્રાંતિની નિવૃત્તિ થતી નથી, સતુશાસ્ત્ર

અને મહત જનોની સંગતિ પામતો નથી, તેમજ સતગુરૂને મળતો નથી ત્યાં સુધી પુરૂષને મોક્ષશાંતિ મળવી અતિ દુર્લાભ્ય છે.

જ્ઞાની અને અજ્ઞાનીમાં શો ફરક ?

જ્ઞાની અને અજ્ઞાનીની ક્રિયા વાસ્તવમાં એકજ દૃષ્ટિગોચર થાય છે, પરંતુ તેમાં અંતર એ છે કે જ્ઞાની જનોની ક્રિયા અભિમાન રહિત અને અજ્ઞાનીની અભિમાન સહિત હોય છે અજ્ઞાની દેહાભિમાની જીવ આ જગતને ભિન્ન વસ્તુ જાણી દુ ખી સુખી થાય છે, પરંતુ જ્ઞાની શ્રુતિમાં કહ્યા મુજબ **इदं सर्वं वासुदेवः** સમગ્ર જગતને બ્રહ્મ રૂપ યાને સર્વ વાસુદેવ રૂપ દેખે છે

જ્ઞાની કોણ કહેવાય ?

જેનું હૃદય શીતળ અને સતુષ્ટ, ચિત્ત સ્થિર, ખેદ વા હર્ષને ન માનનાર, રાગ, દ્વેષ ન કરનાર, કિંચિત પણ ક્રોધ ન રાખનાર, સદા આનંદ સ્વરૂપમાં નિમગ્ન રહેનાર, કોઈનું અનિષ્ટ ચિંતન ન કરનાર, દુ ખમાં દુ ખી જેવો, સુખમાં સુખી જેવો, હસતો, રડતો, લેતો, દેતો, ખાતો, ખવડાવતો, પીતો, પાતો, સર્વ જગતને બ્રહ્માકાર દેખનાર, સદા પોતાના આત્મ સ્વરૂપમાં વિહાર કરનાર, પોતાના નિશ્ચયમાં સદા નિર્લેપ થઈ કુલાચારના ધર્મને સમજનાર, અનાયાસે આવી પડેલું કાર્ય કરવામાં સદા તત્પર રહેનાર, સદાચારમાં રહેનાર, પ્રાકૃત આચારને પાળનાર, સદા પ્રસન્ન રહેનાર, સર્વમાં સમભાવ રાખનાર, અક્રિય, અસંગ, અદ્વૈત, અરૂપ નામક નિશ્ચયથી આત્મસ્વરૂપને જાણનાર દ્રઢનિશ્ચય રાખનાર જ્ઞાની કહેવાય છે.

જ્ઞાની અજ્ઞાનીની માફક લેપાતો નથી.

અજ્ઞાનીની માફક જ્ઞાની વ્યવહારમાં કદિ રાગવાન્ યા ખેદવાન્ થતો નથી, પરંતુ હૃદયમાં સદા સતુષ્ટ અને શાંત રહે છે. બહારથી ક્રોધી દેખાય પરંતુ અતઃકરણ શીતળ અને શાંત રાખે છે જેમ આકાશ વાદળીથી ઘેરાયલું હોય છે, પરંતુ સ્પર્શ કરતું નથી, તેમ જ્ઞાની સાંસારિક સર્વ ચેષ્ટાઓપૂર્વક સર્વ શારીરિક ધર્મ ક્રિયાઓ કરે છે જેમ નટ પુરુષ સ્ત્રીના સોગમાં સ્ત્રીના ધર્માનુસાર સર્વ ચેષ્ટાઓ કરે છે પરંતુ તે સ્ત્રી નથી એમ સમજી લેપાતો નથી તેમ જ્ઞાની સોગ સ્વરૂપને અનુકૂળ સર્વ ચેષ્ટા કરે છે પરંતુ પોતાના દ્રઢનિશ્ચયથી ચલાયમાન થતો નથી તેથી તે અજ્ઞાનીની માફક લેપાતો નથી.

જ્ઞાની સર્વને સમાન ગણવાથી સર્વમાન્ય હોય છે.

જ્ઞાની કોઈથી રાગ દ્વેષ કરતો નથી. ઉદાસીનવત્ રહી સ્વાભાવિક ચેષ્ટા નિરભિમાનથી કરે છે સર્વને મિત્રસમાન ગણે છે સર્વમાં સમભાવના રાખે છે. જ્ઞાનીની

સ્વરૂપકાંતિ નિર્મળ હોય છે રાગ દ્વેષમાં ક્ષીણ થતી નથી જ્ઞાની આનંદથી જગતમાં વિચરે છે. તથા અશુભાચાર કદાપિ કરતો નથી, તેથી સર્વ લોક જ્ઞાનીની સ્તુતિ યા પ્રશંસા કરે છે, તથા તેના દર્શનની વાંછા પણ રાખે છે એમ તેવો અતિ દુષ્ટ શત્રુ પણ શીઘ્ર તેનો મિત્ર થઇ જાય છે જ્ઞાની કદિ પણ સમભાવથી ચલાયમાન થતો નથી, તેથી જ્ઞાની સર્વ લોકના સત્કારને પાત્ર થઇ પૂજ્ય જેવો થઇ પડે છે

પ્રારબ્ધ જ્ઞાની અજ્ઞાનીને સમાન હોય છે.

પ્રારબ્ધ ભોગ અજ્ઞાની તેમજ જ્ઞાનીને તુલ્ય હોય છે, અને તેઓ પ્રારબ્ધ ભોગને ભોગવે છે પરંતુ જ્ઞાની પ્રારબ્ધને દૃઢ સમજી તેમાં અજ્ઞાનીની માફક લુબ્ધ અને તપાયમાન થતો નથી જ્ઞાની સર્વ અવસ્થાઓમાં પોતે આત્મસ્વરૂપનો અનુભવ કરે છે અને પોતાના વિચારમાં દૃઢ રહી જે ક્રિયાસ્વાભાવિક કરવી પડે તેજ કરે છે

જ્ઞાની કોઈપણ આશ્રમમાં રહેવાથી ચલાયમાન થતો નથી.

જો બ્રહ્મચર્યાશ્રમમાં જ્ઞાનની પ્રાપ્તિ થાય તો એકનિષ્ઠાથી તે આશ્રમનું પાલન કરે છે, ગૃહસ્થાશ્રમમાં જ્ઞાનની પ્રાપ્તિ થાય તો ગૃહસ્થના ધર્મ કર્મ, વાનપ્રસ્થાશ્રમમાં જ્ઞાન પ્રાપ્ત થાય તો તે આશ્રમના ધર્મકર્મ અને સન્યાસ આશ્રમમાં થાય તો સન્યાસના ધર્મકર્મમાં આચરેછે તેમજ જ્યારે તે બ્રાહ્મણ કુળમાં જન્મ્યો હોય ત્યારે બ્રાહ્મણના ધર્મ, ક્ષત્રીય કુળમાં જન્મે તો રાજધર્મ, વૈશ્યના કુળમાં જન્મે તો વૈશ્યના ધર્મો પાળેછે અને શુદ્ર યોનિમાં જન્મે તો તે જાતિના ધર્મ પાળે છે. પરંતુ જ્ઞાની કદી પણ પોતપોતાના વર્ણાશ્રમધર્મથી ભ્રષ્ટ થતો નથી એવી રીતે જેને જે વર્ણમાં જન્મ અને જે આશ્રમમાં જ્ઞાન પ્રાપ્ત થાય તે તે વર્ણાશ્રમ ધર્મમાં રહે છે એવા ઘણા જ્ઞાની ગૃહસ્થો, રાજ કરતા, વનમાં એકાંતમાં કાળ નિર્ગમન કરતા, સંન્યાસી રૂપે, નગ્ન સ્વરૂપે પર્વતની કંદરા યા ગુફામાં, તીર્થયાત્રા કરતા, અગ્નિહોત્ર કરતા, જપ કરતા, મૂર્તિપૂજા કરતા, અવધૂત (જેવા મસ્ત) રૂપે ફરતા, મૌન ધારણ કરી ફરતા, ભિક્ષાભોજન કરતા, વિદ્યાધ્યયન કરતા, અજ્ઞાનીની માફક ક્રિયા કરતા વિચરેછે પરંતુ સ્વસ્વરૂપથી કદાપિ પણ ચલાયમાન થતા નથી.

---

૫૮. ઉપદેશ

ભવ વાધન તે કર્જ, મુક્તરજ કરજ ન જેને,
સંગ્રહ ચોરો સર્પ, ડસે અવિદ્યા દેહને,
યથા લાભ સંતોષ, વિત ચિત્ત વૃત્તિ જાણે,
નિર્ભય રહેશે આપ, આપમાં આનંદ માણે.

ઇર્ષાને અભિમાન, વૃત્તિમા વ્યાપે જેને,
બંધન બીજું નોય, સ્વાર્થ સાધી કહો તેને,
નગીન નુર નિરખો સદા, વ્યાપક વિશ્વાધાર,
હુ પ્રેકટ કહુ શું બધે, શ્રીવલ્લભ આધાર.

શ્રી વલ્લભ વચનામૃત.

(૧) પ્રમાણ શુ ?

આધુનિક વિદ્યા વિલાસીઓને દરેક વાતમા શંકા ઉત્પન્ન થયા વગર રહેતી નથી, તેથી તેઓ પુરાવો યાને પ્રમાણ માગવા તત્પર થઈ રહે છે પછી તે ભલે લૌકિક સબંધી હો, વા અલૌકિક સબંધી હોય. લૌકિક કાર્યોમા આ કલિકાલને લીધે પુરાવાની ઘણી જરૂર હોય છે પરતુ અલૌકિક કાર્ય એટલે ધર્મસંબધી કાર્યમાં પ્રમાણની કઈ પણ જરૂર હોય નહિ, તોપણ ગીતામા જણાવ્યા મુજબ "तस्माच्छास्त्र प्रमाण" અર્થાત્ શાસ્ત્રને પ્રમાણ ગણવુ જોઇયે પરતુ અસાધારણ રીતે પ્રમાણમા ત્રણ પ્રમાણો ગણાય છે ૧ પ્રત્યક્ષ ૨ અનુમાન અને ૩ શાબ્દ આ ત્રણ પ્રમાણ જગજાહેર છે પ્રત્યક્ષ પ્રમાણનો વિષય દરેક જીવ પોતાની અધિકારી બાહ્ય ઇંદ્રિયોથી સમજી શકે છે અનુમાન પ્રમાણમા બધા અનુમાન કઈ સાચા હોતા નથી, તથાપિ તે પણ દરેક જીવ પોતાના અધિકારી અતઃકરણથી કરે, તેટલાજ સાચા હોય છે અને ત્રીજુ જે શબ્દ પ્રમાણ છે, તે તો જે વિષય ઇંદ્રિયગોચર નથી, તે વિષય માટેજ ઉપયોગી હોય છે મનુષ્યમાત્રને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થો કર્તવ્ય છે તેમાના આદ્યંત (પહેલો અને છેલ્લો) એ બે શાસ્ત્રથીજ સમજાય તેવા છે. જો કે પ્રત્યક્ષ અને અનુમાનથી તેમા કઈક સહાયતા મળે છે, તો પણ તે ગૌણ હોય છે કારણ કે મુખ્ય કરીને અર્થ પુરૂષાર્થજ પ્રત્યક્ષ પ્રમાણનો વિષય છે અને કામ પુરૂષાર્થ એ અનુમાન પ્રમાણનો ખાસ વિષય છે એ અર્થ અને કામની સિધ્ધિની હદ આ લોકપરતીજ હોય છે અને ધર્મ તથા મોક્ષની સિદ્ધિ તો આ લોકમા ગૌણ પરંતુ પરલોકમાં મુખ્ય ઉપયુક્ત હોય છે પરતુ એ ચારે પુરૂષાર્થો એકમેકના વિરોધ વગર, આ કલિકાલમા શી રીતે સિદ્ધ થાય, તેનો દૈવીજીવોને ઉપદેશ આપવા માટે **શ્રીમદ્વલ્લભાચાર્યજીનુ** આ આર્યાવર્તમા અવતરણ થયુ હોય એમ લાગે છે, કારણ કે તેઓના પ્રાગટ્યસમયે પણ આ આર્યાવર્તમા અનેક શાસ્ત્રો પ્રવૃત્ત હતાં, તથાપિ તેમાના વચનોની પરસ્પર વિરૂધ્ધતા દેખાવાથી લોકો સશયમાં પડ્યા હતા લોકોના સશયના નિવારણાર્થે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રમાણ ગ્રંથોની કરી પુષ્ટિ (ભક્તિ) માર્ગ પ્રવર્તાવ્યો

અને તેનો વિશેષ વિસ્તાર એ આ શ્રીના બે પુત્રો **શ્રી ગોપીનાથજી** તથા **શ્રી વિઠ્ઠલનાથજી** જેઓ ગુસાંઈજીના ઉપનામથી ઓળખાય છે, એમણે કર્યો છે તે કારણથી પંડિત શ્રી ગટ્ટુલાલજી પોતાના "વેદાન્ત ચિંતામણી" નામક ગ્રંથના મંગળાચરણમાં નીચે મુજબ તેઓનું સ્તવન ઉચ્ચારે છે—

मायावादतमोहन्ता भक्तिमार्गप्रकाशयो ।
सूर्याचन्द्रमसौ स्तौमि श्रीमद्वल्लभविट्ठलौ ॥

અર્થાત્—માયાવાદરૂપી અંધકારને હણનાર અને ભક્તિમાર્ગરૂપી પ્રકાશનો પ્રચાર કરનાર એવા શ્રી સૂર્યરૂપ શ્રીમદ્વલ્લભાચાર્યજી અને ચંદ્રરૂપ શ્રી વિઠ્ઠલનાથજી એ બેઉની હું સ્તુતિ કરૂં છું. હવે પ્રમાણસંબંધી શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પોતાના નિબંધમાં પરિમાણ કરતા કહ્યું છે કે સર્વ પ્રમાણોમાં અલૌકિક શબ્દ પ્રમાણ એજ મુખ્ય છે અને તેની ગણના કરતા કહ્યું છે કે—

वेदा श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषाव्यासस्य प्रमाण तच्चतुष्टयम् ॥

અર્થ—વેદો (સાંગ ચારે વેદ પ્રમાણ છે કાતીય સૂત્રાદિ આર્ષ ગ્રંથોમાં મંત્રબ્રાહ્મણની વેદસંજ્ઞા કહી છે તેથી એમાં આધુનિક દુર્બલ છલનાર્થ કરેલી કુકલ્પના કરી નહિ, જેમકે સંહિતાજ પ્રમાણ છે અને બ્રાહ્મણ નહિ. આવી કલ્પના કેવળ અજ્ઞાન વિલસિત છે કેમકે બ્રાહ્મણપણ વેદજ છે વધુ ખાત્રી માટે આ પત્રના પ્રથમ વર્ષ પા ૬૫ મા જુવો) શ્રીકૃષ્ણના વાક્યો શ્રીમદ્ભગવદ્ગીતા અને વ્યાસ સૂત્રોને ચતુર્લક્ષણી ઉત્તરમીમાંસા અને ત્યારથી પૂર્વમીમાંસા તથા ભક્તિમીમાંસા પણ પ્રમાણમાં ગણી છે વ્યાસજીની સમાધિભાષા તે શ્રીમદ્ ભાગવત એ ચાર પ્રમાણ ગ્રંથો છે આપરથી એવી પણ શંકા કોઇ કરી શકે કે, શું આ ચાર ગ્રંથો શિવાય અન્ય ગ્રંથો શ્રી મદ્વલ્લભાચાર્યજીને પ્રમાણ નહિ કે? તો તેના ખુલાસામાં શ્રીમદાચાર્યજી એજ નિબંધમાં આગળ વર્ણવે છે કે,

उत्तर पूर्वसन्देहवारकं परिकीर्तितम् ।
अविरुद्ध तु तत्त्वस्य प्रमाणं तच्च नान्यथा ॥
एतद्विरुद्ध यत्सर्व न तन्मान्यं कथञ्चन ॥

દુષ્ટ આહાર વિહારથી મનુષ્યની બુદ્ધિ દોષિત થાય છે. અને બુદ્ધિદોષથી વેદનો ખરો અર્થ ન સમજાતા તેનો સંદેહ ઉત્પન્ન થાય છે તે સંદેહનું વારણ કરવા માટે ઋષિ મુનિયો તથા ઇશ્વરાવતાર દ્વારા નવા શાસ્ત્રો નિર્માણ કરવામાં આવે છે. જ્યારે વેદાર્થમાં સંદેહ ઉત્પન્ન થાય ત્યારે તેનું વારણ શ્રીકૃષ્ણ વાક્ય એટલે શ્રીભગવદ્ગીતાના વચનથી કરવું જો ગીતાના વચનમાં પરસ્પર વિરૂધ્ધતા દેખાય

સંદેહ ઉત્પન્ન થાય તો વ્યાસસૂત્રથી વારણ કરવું અને વ્યાસસૂત્રમા સંદેહ લાગે તો શ્રીમદ્ભાગવતથી વારણ કરવું. અર્થાત્ વેદાદિચારેની એકવાક્યતાથી જે સિદ્ધાંત સમજાય તેજ ખરો વેદાર્થ જાણવો અને તેનેજ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પ્રમાણ કહે છે. માટે ઉપરના શ્લોકમા ઉત્તર ગ્રંથને પૂર્વ ગ્રંથના સંદેહ વારક કહ્યા છે. તેથીજ એમા વિશેષ કહ્યુ છે કે એથી (આ ચાર પ્રમાણની એક વાક્યતાથી) જે કાંઈ અવિરૂદ્ધ હોય તે સર્વ પ્રમાણ ગણવુ. પરંતુ એ વેદાદિથી વિરૂદ્ધ હોય તેજ અપ્રમાણ ગણાય નહિ

એક દેવ.

દેવ શબ્દ દિવ્ય દેહધારી, અગ્નિ નિવાસી પ્રભુત્વ શક્તિધારી ત્રિલોકીના નિયામક અનેક દેવતાને લાગુ પાડવામા આવ્યો છે, તેનુ કારણ એ છે કે અપાર દિવ્ય સામર્થ્યવાળા પરાત્પર પરમાત્માનો દિવ્ય અંશ તે દરેક દેવતાઓમા હોય છે પરંતુ શાસ્ત્રથી અનભિજ્ઞ કેટલાક અમારા નૂતન બ્રહ્મસમાજી ભાઈઓ અગ્રેજી મિશનરી ઓની પેઠે પકડે બોલે છે કે એક દેવ કે તેત્રીસ કોટિ દેવ ? હિંદુઓનુ કંઈ ઠેકાણુ નથી. તેઓ તો અનેક દેવ વા ઇશ્વર માને છે આવો આક્ષેપ જેઓ તરફથી કરવામાં આવેછે તેઓની બુદ્ધિને ધન્યવાદ આપવાની એટલા પરથી જરૂર લાગે છે કે તેઓ પ્રથમ દેવ તથા કોટિ શબ્દનો અર્થ સમજ્યા નથી અને વગર સમજે ઉત્તમ શબ્દોનો દુરૂપયોગ કરી અર્થનો અનર્થ કરે છે કોટિ શબ્દનો અર્થ આ ઠેકાણે જાતિ એવો થાય છે પરંતુ તેઓ જાણી જોઇને અજ્ઞાન વર્ગને અવળે રસ્તે દોરવવા પ્રયત્ન કરતા કોટિશબ્દનો અર્થ કરોડ એમ કરે છે. પરંતુ આગળ પાછળના સંબંધનો વિચાર કરતાં ઝટ માલૂમ પડશે કે દેવ શબ્દની સાથે વપરાતા કોટિ શબ્દનો કરોડ નહિ પણ જાતિ એમ થાય છે જેવી રીતે આપણા મનુષ્યોમા જાતિ (Class વર્ગ) હોય છે, તેમ દેવતાઓમા પણ ૩૩ જાતો છે તેથી દેવતાઓની જાતિને માટે તેત્રીસ કોટિ દેવ એમ વપરાય છે અર્થાત્ દેવતાઓના ૩૩ વર્ગો છે કરોડ સંખ્યા થતો નથી. પરંતુ ગુરૂમુખે ગ્રંથ નભણનારા, તે તેત્રીસકોટિ દેવનો અર્થ ૩૩,૦૦,૦૦,૦૦૦ એટલી સંખ્યા કરે છે, આ ભૂલ છે કોટિશબ્દના બીજા શબ્દોની પેઠે અનેક અર્થો થાય છે, માટે પ્રકરણાનુસાર આગળ પાછળનો સંબંધ વિચારીને, તથા તેને શાસ્ત્રની પરિભાષા (technical terms) સમજીને અર્થ કરવો જોઇએ એટલામાટે જેઓ આર્યવિદ્યા કે આર્ય ધર્મશાસ્ત્રનુ ખરૂ જ્ઞાન મેળવવા ઇચ્છતા હોય, તેમણે સંસ્કૃત ભાષા ગુરૂમુખે ભણવી જોઇએ જેનામાં તે જાતે ભણવાની શક્તિ ન હોય, તેમણે પણ સંસ્કૃત ભણેલાને ઉત્તેજન આપી,

તેમની મારફત સ્વધર્મના ગ્રંથોનો અર્થ જાણવો જોઇએ તથા પોતાના પુત્રપુત્રીને તો જરૂર બાળપણથી સંસ્કૃત ભણાવવાની કાળજી રાખવી જોઇએ કદાચિત્ કન્યાને ન ભણાવશે, તો તે સાસરે જઇને પતિપાસે ખપ જેટલું શીખશે, પરંતુ પુત્ર ક્યાંથી શીખશે? પુત્રને પરણાવવાની જેટલી કાળજી હાલના સમયે મા બાપો રાખે છે, તેનાથી હજાર ગણી ભણાવવાની રાખવી જોઇએ. નહિ તો પંડિત નવલરામ લક્ષ્મીરામે "બાળ લગ્ન બત્રીસી"માં કહ્યું છે, "ભાઈ ભણ્યા? તો કહે પરણ્યા છીયે" આવોજ ઉત્તર છોકરાઓ તરફથી જરૂર મળતો રહેશે

આપણે ઉપર જોઇ ગયા છીએ કે દેવ શબ્દ દિવ્યદેહધારી, પ્રભુત્વ શક્તિવાળા દેવતાનેજ લાગુ પાડવામાં આવેલો છે. તેથી એ બધા દેવતાઓ કોઇ પરમાત્મા નથી, પરંતુ તે પરમાત્માની સત્તાનો અંશ પામેલા જુદા જુદા સ્થાન તથા કર્મના અધિકારીઓ છે જેમ આ લોકનું રાજતંત્ર ચલાવવા માટે એક રાજા પોતાના હાથમાની અમુક અમુક સત્તા અમુક અમુક અમલદારોને સોંપે તેથી તે અમલદારો તે રાજાના અંગભૂતો કહેવાય, પરંતુ રાજા ન કહેવાય, તેવીજ રીતે આ સૃષ્ટિનું રાજ્ય ચલાવનાર પરમાત્માએ પાપ પુણ્યરૂપી કર્મોનું યથાશાસ્ત્ર ફળ દાતા તરિકે અનેક દિવ્ય દેહધારી દેવતાઓને અધિકાર સોંપેલો છે તેથી તેઓ પરમાત્માના અંગભૂતો કહેવાય, નહિ કે પરમાત્મા કહેવાય, કારણકે પરમાત્મા તો એકજ છે. અને તેની સત્યતા બતાવતા વેદ પણ જ શ્વેતાસ્વેતરોપનિષદમાં કહે છે કે,

एको देव सर्वभूतेषु गूढः सर्वव्यापी सर्वभूतान्तरात्मा।
कर्माध्यक्षः सर्वभूताधिवासः साक्षीचेता केवलो निर्गुणश्च॥

અર્થ.—અદ્વિતીય દેવ સર્વભૂત પ્રાણિઓની અંદર ગૂઢરૂપે રહેલો છે અને તે સર્વત્ર વ્યાપક છે સર્વ ભૂતોના અંતરાત્મા છે, પ્રાણિઓના કર્મનો માલીક **છે.** (અર્થાત્ કર્મ પ્રમાણે ફલનો આપનારો છે.) સર્વ ભૂતોના આધાર છે સાક્ષી અને ચૈતન્યરૂપ છે કેવલ એટલે સજાતીય, વિજાતીય અને સ્વગત ભેદથી રહિત છે,

આથી એમ સિદ્ધ થાય છે કે ચરાચર પ્રાણીમાત્રની અંદર વ્યાપી રહેલો અંતરાત્મા તથા સર્વ ભૂતોનો આધાર તેમજ કર્મ પ્રમાણે ફલને આપનારો, સાક્ષી અને ચૈતન્યરૂપ કેવલ અદ્વિતીય (એકજ) દેવ છે.

નિરુક્તકારના મત મુજબ 'ત્રણ લોકમા ત્રણ' દેવતા પ્રધાન વા અંગીરૂપ છે, બાકી સર્વ દેવતા એના અંગરૂપ છે વળી શતપથ બ્રાહ્મણમા કહ્યું છે કે, **"कतम एको देव इति"** એ એક દેવતાનું નામ પ્રાણ વા બ્રહ્મ છે, અને એ અતિ સૂક્ષ્મ તથા વ્યાપ્ત હોવાથી પરોક્ષ છે, **અર્થાત્** ઇંદ્રિયોથી એનું ગ્રહણ થઈ

શક્તું નથી. અહિં જે પ્રાણ શબ્દ વાપરવામાં આવ્યો છે, તે જે પ્રાણોના પણ પ્રાણ છે, સર્વેના જીવનના હેતુ છે અને જેનું નામ મહદ્બ્રહ્મ, અક્ષરબ્રહ્મ વગેરે છે એવાં સૂત્રાત્મારૂપ પ્રાણ કે જે સર્વત્ર વ્યાપી રહ્યા છે અને તે એકજ છે, કે જેના વિના દેવતા, પિતૃ, મનુષ્ય, પશુ, પક્ષી આદિની સ્થિતિ નથી એવા પરમાત્માનુ નામ પ્રાણ વા બ્રહ્મ તરિકે જણાવ્યુ છે કારણ કે જેના હોવાથી જે હોય વા જેના ન હોવાથી ન હોય એવો ગુણ જેનામા હોય તેજ બ્રહ્મ કહેવાય છે અર્થાત્ આધિદૈવિક અને અધ્યાત્મ ભેદથી એના અનેક નામ વા રૂપ થાય છે પરંતુ વાસ્તવમા તો તે સર્વ એકજ કહેવાય છે પ્રયોજન એ છે કે પ્રાણ અને સૂત્રાત્મા એ એકજ છે, જેમ રસથી ભિન્ન જલ કાંઇ ગણાતું નથી તેમ પરમાત્માથી ભિન્ન સૂત્રાત્મા નથી, તેથીજ વેદમા અસાર વસ્તુ માની નથી પણ અગ્નિ, વાયુ, ઈંદ્ર, વરૂણાદિ નામ રૂપથી પરમાત્માને સાક્ષાત્ વેદે પંડેજ બતાવ્યા છે તેથીજ કહ્યુ છે કે

तदेवाग्निस्तदादित्यस्तद्वायुस्तदु चन्द्रमा

વળી એજ વાતનો વિશેષ ખુલાસો કરતા વેદ પંડેજ કહે છે કે —

इन्द्रं मित्रं वरुणमग्निमाहु रथो दिव्य स सुपर्णो गरुत्मान् ।
एक सद्विप्रा वहुधा वदन्त्यग्निं यमं मातरिश्वानमाहु ॥

અર્થ — ઈંદ્ર મિત્ર વરૂણ એવા નાના પ્રકારના નામોથી લોકો બોલાવે છે, તે પ્રકાશક સુવર્ણ અને ગરૂત્માન્ સર્વ એકરૂપે છે તો પણ વિપ્રો તેને ઘણારૂપે બોલે છે અગ્નિ યમ માતરિશ્વા (વાયુ) એ પ્રકારે ઘણા નામોથી બોલાવે છે.

આથી એમ સિદ્ધ થાય છે કે પરમાત્મા અર્થાત્ દેવતો એકજ છે પરંતુ જેમ એક ઝાડની ડાળીઓ અનેક હોય છે, પણ મળ તો એકજ હોવાથી ઝાડ તો એકજ કહી શકાય છે, તેમ પરમાત્માના અંગભૂતો તરિકે દેવની અનેક સખ્યા ભલે હોય પરંતુ પરમાત્મા તો એકજ કહેવાય. કારણ કે વેદમા, જેને દેવ વા ઇશ્વર તરિકે વર્ણાવ્યા છે, તેજ વેદોક્ત પરાત્પર પરમાત્મા શ્રી મહાવિષ્ણુ એકજ છે, અને જેને વૈષ્ણવો શ્રી પૂર્ણ પુરૂષોત્તમ રૂપે કથે છે, તેજ શ્રી પૂર્ણ પુરૂષોત્તમ દ્વાપર અને કલિયુગની સંધિસમયે શ્રીકૃષ્ણરૂપે પ્રકટયા હતા, તેથી તેનેજ પરમાત્મારૂપે સેવે છે એજ પરાત્પર પરમાત્મરૂપ શ્રીકૃષ્ણે પંડે વેદની પેઠે સ્વમુખે ઉચ્ચારેલી શ્રીગીતા છે અને પ્રમાણ ગ્રંથોની એકવાક્યતા કરનાર વૈષ્ણવ સંપ્રદાયના છેલ્લા આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યજીએ શ્રીજગન્નાથપુરીમા કરેલા શાસ્ત્રાર્થ સમયે શ્રીજગદીશે (શ્રીકૃષ્ણ પરમાત્મા) એક દેવ દેવકી પુત્ર છે એમ માન્ય કરેલું છે તેજ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પોતાના નિબંધમાં જણાવ્યુ છે કે —

एकं शास्त्रं देवकीपुत्र गीतम् । एकोदेवो देवकी पुत्रएव ॥
मंत्रोप्येकस्तस्य नामानि यानि। कर्माप्येकं तस्य देवस्य सेवा ॥

અર્થ—સર્વ શાસ્ત્રના સારરૂપે શ્રી દેવકીના પુત્ર (શ્રીકૃષ્ણે) ગાએલી ગીતા એ એક શાસ્ત્ર, અને સર્વ દેવસ્વરૂપી શ્રીદેવકીના પુત્ર (શ્રીકૃષ્ણ) એ એકજ દેવ, તેનાં નામો એજ મંત્ર, અને તેની સેવા એજ એક સર્વોત્કૃષ્ટ કર્મ છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પરમાત્મા એકજ છે પરંતુ તેના અંશ ભૂતો તરીકે અનેક દિવ્ય દેહધારી પ્રભુત્વ શક્તિધારી દેવો છે તેથી ભગવાન પોતે કહે છે કે—

नान्तोऽस्ति मम दिव्यानां विभूतीनां परंतप ॥

* હે પરંતપ! મારી દેવતાઈ વિભૂતિયોનો પાર નથી

હવે આ ઉપરથી અમારા વાચકવૃંદોની ખાત્રી થયા વગર રહેશે નહિ કે જે આરોપ નૂતન સમાજીઓ તરફથી હિંદુભાઈઓપર મૂકવામાં આવે છે, તે તદ્દન વેદ તથા યુક્તિ વિરુદ્ધ હોવાથી લેશમાત્ર પણ ટકી શકતો નથી. આ સર્વનું મૂળ કારણ હાલમાં આર્યબાંધવોની સ્વધર્મના સંબંધી જે અજ્ઞાનદશા દૃષ્ટ થયેલી છે, તે સિવાય અન્ય નથી. માટે આર્યબાંધવોએ સ્વધર્મના શિક્ષણ પ્રત્યે લક્ષ આપી, પોતે તથા પોતાની પ્રજાને ધર્મશિક્ષણ આપવું જોઈએ કે જેથી એવા વિતંડવાદીઓને આક્ષેપ કરતા અટકાવી શકાય.

વિશ્વંભર

सत्त्वं रजस्तम इति प्रकृतेर्गुणास्तैर्युक्तः परः पुरुष एक इहास्य धत्ते ।
स्थित्यादये हरिविरिञ्चिहरेति संज्ञाः श्रेयांसि तत्र खलु सत्त्वतनोर्नृणां स्युः ॥

(શ્રી ભાગવત ૧, ૩, ૨૩.)

પરાત્પર શ્રીપુરુષોત્તમ એ નિર્ગુણ છે, માયાતીત છે, તથાપિ જ્યારે તેઓ વિશ્વ રચના કરવા ઇચ્છે છે, ત્યારે પોતેજ એકમાંથી બે બને છે ૧ પુરુષરૂપ અને ૨ પ્રકૃતિરૂપ. તેમાં પુરુષ નિર્ગુણ અને પ્રકૃતિ સત્ત્વ, રજ અને તમ ત્રિગુણાત્મક હોય છે. એ પુરુષ પ્રકૃતિના ગુણથી યુક્ત થઈને આ વિશ્વની સ્થિતિ, ઉત્પત્તિ અને લય કરે છે અને તે વખતે જ્યારે વિશ્વની સ્થિતિ કરવી હોય, ત્યારે પોતે સત્ત્વગુણનો આશ્રય ધરે છે અને હરિ એવું નામ ધારણ કરે છે, ઉત્પત્તિ કરવી હોય ત્યારે રજોગુણ યુક્ત થઈ વિરિંચિ (બ્રહ્મા) એ સંજ્ઞા ધરે છે અને લય કરવો હોય ત્યારે તમોગુણનો આધાર લઈ હર (શંકર) એ અભિધાન ધારણ કરે છે. એ ત્રિમૂર્તિ એકજ પુરુષની છે પ્રકૃતિના ગુણને લીધે એકજ કારણ પરત્વે ત્રણરૂપ ધરે છે એ ત્રણરૂપમાં પણ જેઓ શ્રેયને ઇચ્છનાર છે, તે મનુષ્યો સત્ત્વતનુ (શ્રી વિષ્ણુ) ની ઉપાસના કરે છે અને પ્રેયને ઇચ્છનાર બ્રહ્મા તથા મહાદેવને સેવે છે આથી માલમ પડે છે, કે બ્રહ્મા

શંકર એ સંહારક પરમાત્મા છે

પ્રજારક્ષક જે પરમાત્મરૂપ શ્રીવિષ્ણુ તેના જે સેવકો, ઉપાસકો તે વૈષ્ણવો છે, અને તેજ કારણથી તેમણે પોતાના ઇષ્ટની પ્રસન્નતા માટે આહાર, વિહાર, વિચાર અને આચાર સાત્વિક રાખવા જોઇએ કોઈ કહે આ કલિકાલ હોવાથી સાત્વિક વૃત્તિ રાખનારને તો ભુખે મરવાનો વખત આવે તેમ છે આ તેમનુ ધારવુ ભૂલ ભરેલુ છે તેઓએ પોતાના ઇષ્ટનુ સ્વરૂપ જાણ્યુજ નથી સાત્વિક મનુષ્ય રાજસ વૈભવોની, કે તામસ, અસ્ત્રશસ્ત્રોની પરવા કરતો નથી, તે તો અન્નવસ્ત્ર માત્રમાં સંતોષ માને છે સંતોષ એ સત્વગુણનુ ફળ છે, તેથી જ્ઞાન ઉપજે છે રજથી લોભ અને તમથી મોહ ઉપજે છે જે વિષ્ણુએ આખા વિશ્વનુ ભરણ પોષણ કરવાનુ માથે રાખ્યુ છે, તેજ કારણથી તેને પોતે અજન્મા છતા, યુગે યુગે વારવાર અવતાર ધરવા પડે છે. તે પરમાત્મા પોતાના ભક્તોને ભૂલી જાય એ જરા પણ સભવિત નથી માત્ર જેઓ પોતાને વૈષ્ણવ કહે છે, તેમને પોતાના ઇષ્ટ શ્રીવિષ્ણુઉપર વિશ્વાસ (શ્રધ્ધા) નથી અથવા તો તેના સ્વરૂપનુ જ્ઞાન નથી, આથીજ તે ચિંતાતુર રહે છે કહ્યુ કે —

भोजनाच्छादने चिन्ता वृथा कुर्वन्ति वैष्णवा ।
योऽसौ विश्वभरो देव स भक्तान् किमुपेक्षते ॥

એજ શ્લોકનો ભાવાર્થ કવિ દયારામ ભાઇ નીચે પ્રમાણે વર્ણવે છે —

ભોજન વસનની ચિંતા કરી, વૈષ્ણવે ના થાવુ ઉદાસ,
વિશ્વભર પૂરે વિશ્વને, તે કેમ ભૂલે નિજદાસ,
દાસ આસ પૂરે સહુ વણમાગે, વણ કહે સહાય કરે અનુરાગે,
હર ભજ કાઇ નવ રહેખામી, નથી અજાણ્યા અતરજામી. ૬૯
(ભક્તિપોષણ)

માટે જેઓ ખરા વૈષ્ણવો હોય છે, તેઓ અન્નવસ્ત્રની ચિંતા રાખતાજ નથી તેઓ તો કહે છે કે —

का चिन्ता मम जीवने यदि हरिर्विश्वभरो गीयते ।
नोचेदर्भकजीवनाय जननी स्तन्य कथं नि.सरेत् ॥

જો હરિ (વિષ્ણુ) ને લોકો વિશ્વભર એ નામથી ગાય છે, ત્યારે મારા જીવન માટે શાની ફીકર ? કોઇ કહે કે તે વિશ્વભર નથી, તો હુ પૂછુ છુ કે શિશુના જીવન માટે માતાના થાનમાંથી દૂધ કેમ નીકળે છે ? મતલબ કે એ પરમાત્મા શ્રીવિષ્ણુ પોતાનુ વિશ્વભર એ વિશેષણની સાર્થકતા માટે બધાને જન્મથીજ અન્નવસ્ત્ર જેવુ જોઇએ તેવુ પૂરૂ પાડે છે માત્ર જે તેની આજ્ઞા (શાસ્ત્ર) ને માનતો નથી, તેને કષ્ટથી આપે છે, માને છે તેને સુખથી આપે છે

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક ૨ જું   સંવત ૧૯૬૨, સિંહ માસ.   અંક ૮ મો.

મંગળાચરણ.

સદુપદેશ

(દ્રુતવિલંબિત)

નવ કરી વકરી મતિ હાથમાં,
અમર હેમ રહે નહિ સાથમાં,
નર સદા રસદાયક દેવને,
નિરખ મૂર્ખ મૂરતિ સેવને.

(પંડિત શ્રીગટ્ટુલાલજી કૃત.)

અર્થઃ—હે નર! વિકાર પામેલી બુદ્ધિને તેં પોતાના હાથમાં, નવ કરી, અર્થાત્ બુદ્ધિને વશ નહિ કીધી, સુવર્ણ વગેરે વૈભવો અમર થઇ સદાસાથે રહેનાર નથી, તેથી (સદા રસદાયક) અખંડ ભક્તિરસ આનંદ આપનાર દેવને સદા નીરખ (જો) અને તે દેવની મૂર્તિને સેવ, કેમકે સુવર્ણ વગેરે પ્રત્યક્ષ અમર જેવા લાગતા પરંતુ પરિણામે મહા ક્લેશને આપનારા આ સંસારની માયારૂપ પદાર્થ હોવાથી તે મરણ બાદ સંગાથે આવનાર ન હોવાથી તેને તુચ્છ સમાન ગણી ભક્તિરૂપી સુવર્ણ કે જે પ્રત્યક્ષમાં કષ્ટ વગર પ્રાપ્ત થતું નથી ને પરિણામે મહદ્ આનંદ આપનારું ને મરણ બાદ સંગાથે આવનાર હોવાથી તેને સેવ, કે જેથી આ સંસારરૂપી સાગર તરી શકાય.

• આ કવિતાના ચારે ચરણમાં પહેલો અક્ષર મૂકીને ત્રણ અક્ષરો તેના તેજ બીજી વખતે આવે છે જેમ કે પહેલા ચરણમાં વકરી વકરી એમ બે વખત આવે છે તેમ ચારે ચરણમાં છે સંસ્કૃત ભાષામાં રઘુવંશનામના મહાકાવ્યના નવમાં સર્ગમાં મહાકવિ કાલિદાસે આ જાતનું યમક કર્યું છે, પણ તે તો ફક્ત ચોથા ચરણમાંજ છે અને આમાં ચારે ચરણમાં યમક છે

અચ્યુત.

અચ્યુત એટલે न च्यवते स्वरुपता न गच्छतियः नित्य इत्यर्थः અર્થાત न + च्यु + क्त એટલે જે પોતાના સ્વરૂપથી કદી પણ રહિત નથી થતો તેજ અચ્યુત કહેવાય છે, વળી નિત્યજ્ઞાન, દયા, દમ, શાંતિ ઇત્યાદિ અનેક દિવ્ય ગુણોથી જે કદી પણ વિચલિત ન થાય તે અચ્યુત કહેવાય, તેમજ જેની ચ્યુતિ (ક્ષય) કદી પણ થાય નહિ, તે અર્થાત જેનો કદીપણ નાશ થતો નથી તેજ અચ્યુત કહેવાય. એ પરમાત્માનુ નામ છે કેમકે પરમાત્મા કદીપણ સ્વસ્વરૂપથી રહિત તેમજ દિવ્યગુણોથી વિચલિત થયા નથી, થતા નથી તેમ થનાર નથી વળી એનો ક્ષય પણ કદી થયો નથી, થતો નથી તેમ થવાનો પણ નથી. તે કેવડા છે, તે તેના સિવાય બીજુ કોઇ જાણતુ નથી તે કેટલા છે? તેનો જવાબ સૌ કોઇ જાણે છે કે તે એક છે ગુજરાતી ત્રીજી ચોપડી ભણનાર પણ બોલે છે કે

"આ ઇશ્વર તુ એક છે, સરજ્યો તે સસાર" અને વેદવેદાંતના આચાર્યો પણ કહે છે કે—

एकमेव अद्वितीयम् એકજ, બીજો નહિ. એવા પરમાત્મા છે. જેમ હાલ ઇહલૌકિક અગ્રેજી રાજ્યનો રાજા એકજ શહેનશાહ એડવર્ડ ધી સેવન્થ છે, તેમ અખિલ વિશ્વના નિયતા અને કર્તા એકજ પરમાત્મા છે, લૌકિક રાજા કાળેકરીને બદલાય છે, અથવા તો રાજ્ય તેના હાથમાથી જતુ રહે છે, ત્યારે તે ચ્યુત કે પદચ્યુત થયો ગણાય છે પરમાત્માનુ રાજ્ય કદી જતુ નથી તેથી તેઓ અચ્યુત કહેવાય છે જેમ રાજને ચલાવવામાટે શહેનશાહને અનેક અમલદારોને પોતાની સત્તા અમુક હદમા સોપવી પડે છે, તે બધા અમલદારો સરકાર કહેવાય છે. તેમજ પરમાત્માને આવા અનેક બ્રહ્માડોની વ્યવસ્થા બરાબર ચલાવવામાટે અનેક દેવતાઓને પોતાની સત્તા સોપવી પડી છે અને તે બધા દેવતા પરમાત્માની આજ્ઞા મુજબ આ સૃષ્ટિચક્ર ચલાવ્યા જાય છે તે જુદા જુદા દેવને, તેમને વિષે રહેલી દિવ્યશક્તિને લીધે દેવ કહે છે તે ઉપરથી હિંદુઓ તો અનેક ઇશ્વર માને છે, એવો આરોપ અજ્ઞાની જનો તરફથી કરવામા આવે છે તે લોકો દેવ, ઇશ્વર વગેરે શબ્દોનો અર્થ સમજતા નથી અથવા તો જાણીજોઇને અજ્ઞાનવર્ગને અવળે રસ્તે દોરવવામાટે પણ કેટલાક એવા ઉટપટાગ લેખ લખે છે તથા ભાષણો કરે છે પરતુ તે ઉપર લક્ષ ન આપતા અચ્યુત પરમાત્મા એકજ છે, એમ સમજીને તેઓને નિરંતર ગમે તે એક કે અનેક નામે ભજવા, તેમાંજ પ્રાણીનુ શ્રેય છે પરમાત્માનુ માહાત્મ્ય કોઇ એક શબ્દ કે અક્ષરથી કદી પણ કરી શકાતુ નથી, તેમ અનેક શબ્દોથી પણ થઇ શકતુ નથી, કેમ કે તે વાણીનો વિષયજ નથી વેદમાં કહ્યુ છે કે यतो वाचो

નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ જ્યાથી વાણી, તેને પામ્યા વિના મન સહિત પાછી ફરે છે, એવુ પરમાત્મસ્વરૂપ છે માટે અલૌકિક વાણીથી તેની દિશા માત્ર સૂચવી શકાય છે. અચ્યુત શબ્દ માંહેલા અકારનો **અકારો વાસુદેવ** તેમજ અલૌકિક એવો પણ અર્થ થાય છે, એટલે પરમાત્મા પોતાની ઇચ્છાથી પોતામા રહેલા ગુણોનો પોતાની ઇચ્છાથી આવિર્ભાવ તિરોભાવ કરે છે તે પ્રાકૃત ચ્યુતિ નથી પણ અપ્રાકૃત ભગવલ્લીલા છે એમ જાણી નિરતર અચ્યુત પરમાત્માને ભજો

ભક્તિ

ઇશ્વર સર્વત્ર વ્યાપ્ત છે ને તેના તત્વનો જેમા યોગ્ય રીતે વિચાર કરેલો છે તેને સનાતન ધર્મ કહે છે ભક્તિ માર્ગ એ વૈદિક સિદ્ધાતનો માર્ગ હોવાથી તે વેદાનુકૂલ કહેવાય છે બીજા ધર્મવાળા તેમજ આધુનિક સુધારવાળાઓ ભલે ગમે તેવી રીતે એને વખોડે પરંતુ ઇશ્વરની વ્યાપકતાનુ ખરૂ રહસ્ય સનાતન ધર્માવલબિઓજ સમજે છે સનાતનધર્મમા ભક્તિને પરમતત્વ તરિકે માનેલી છે. ભક્તિ શબ્દ **भजन भक्तिः** અર્થાત્ ભજસેવાયામ્ ધાતુને ક્તિન્ સ્ત્રી પ્રત્યયાન્ત લાગવાથી ભક્તિ શબ્દ સિદ્ધ થાય છે. જેનો સેવા કરવી એવો સ્પષ્ટ અર્થ થાય છે ભક્તિ શ્રદ્ધા અને ભાવનાવિના પૂર્ણ થઈ શક્તિ નથી ભક્તિના બે પ્રકાર હોય છે ૧ અનન્ય અને ૨ સાર્વત્રિક શ્રદ્ધા અને ભાવનાવાળી ભક્તિને સજીવ ભક્તિ પણ કહે છે. સજીવ ભક્તિ ભકતને સજીવ સ્વરૂપ થઈ ઉપાસકને અલભ્ય અલૌકિક ફળ પ્રદાન કરાવે છે શ્રદ્ધા અને ભાવના રહિત ભક્તિને મૃતક ભક્તિપણ કહે છે મૃતક ભક્તિ મૃતક સમાન હોવાથી કોઇપણ પ્રકારે ઇષ્ટ સાધક થતી નથી અનન્ય ભક્તિનું ફળ અલૌકિક હોય છે અનન્ય ભક્તિથી ઇશ્વર પ્રસન્ન થઇ સકટ સમયે પોતાના ભક્તની રક્ષા કર્યાવગર રહેતા નથી તેના દાખલા મહાભારતાદિ અનેક સ્થળે મોજુદ છે અનન્ય ભક્તિ ભકતને પરમેશ્વરની અલૌકિક અને સત્વાદિક ગુણના વિકારવાળી અતિ દુસ્તર માયાથી પણ બચાવી મોક્ષનો ભાગી બનાવે છે તેથીજ ગીતામા કહ્યુ છે કે "**मद्भक्ता यांति मामपि**" અર્થ મારા ભક્તો આદિ અત રહિત મને પ્રાપ્ત કરે છે સાર્વત્રિક ભક્તિ અનેક દેવદેવતાઓની આરાધનાને કહે છે અને તેનું ફળ અતિ અલ્પ મળે છે

શ્રદ્ધા અને ભાવના.

श्रत् અવ્યય પૂર્વક **डुधाञ् धारणे** ધાતુથી શ્રદ્ધા શબ્દસિદ્ધ થાય છે શ્રદ્ધા એટલે નિરતર ધારણા (નિશ્ચય faith) જે ધારણા (પ્રજ્ઞાવદ્) ઇંદ્રિય, અત-

કરણાદિમા ઉત્સાહ ઉમંગ સાથે પ્રત્યેક સમયે લાગી રહે, અને કોઇ પણ પ્રકારે સ્વમહિમાં પણ વિભ્રમણ ન થાય તેવી ધારણાને શ્રદ્ધા કહે છે જે ભક્તિમાં એવી દઢ શ્રદ્ધા હોય છે તેને શ્રદ્ધાવાલી ભકિત યાને સેવા કહે છે. શ્રદ્ધા, ભકિત અને ભક્તને હંગ ભરા યાને પ્રફુલિત બનાવી રાખે છે તેથીજ કહ્યુ છે કે — **श्रद्धा वीर्य्य स्मृति०** પાત. યોગદર્શ. ૧૨૦ આ સૂત્ર પર મહર્ષિ વ્યાસજી એ લખ્યુ છે કે —**श्रद्धा चेतस सम्प्रसादः साहिजननीं व कल्याणी योगिनं पाति।** અર્થાત્ શ્રદ્ધાજ ચિત્ત પ્રસન્તાનો હેતુ હોવાથી યોગી (ભક્ત) ની માતા સમાન કલ્યાણકારી રીતે સર્વ પ્રકારથી રક્ષક કહેવાય છે ગીતામા પણ શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે —**श्रद्धा वॉल्लभते ज्ञानं तत्परः संयतेंद्रिय । ज्ञानं लब्ध्वा परां शांतिमचिरेणाधिगच्छति** ॥ ભ ગી અ ૪-૩૯. અર્થ ઇંદ્રિયોને વશ કરવામા તત્પર એવો જે શ્રદ્ધાવાન ભક્તજ જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે અને જ્ઞાન પ્રાપ્ત કીધા પછી મુકિતસબધીની પરાશાતિને પ્રાપ્ત થાય છે. આથી એટલુ તો સિદ્ધ થાય છે કે શ્રદ્ધા વગર કંઇ પણ પ્રાપ્ત થઇ શકતુ નથી માટે સદ્ગુરુએ કરેલા ઉપદેશ ઉપર શ્રદ્ધા રાખી જીતેન્દ્રિય થવુ જોઇએ જ્ઞાન પ્રાપ્તિ પહેલા મનની શુદ્ધિમાટે શ્રદ્ધાથી ભક્તિ કરવી જોઇયે ભક્તિવગર જ્ઞાન પ્રાપ્ત થતુ નથી અને જ્ઞાનવગર મોક્ષની પ્રાપ્તિ થતી નથી માટે અવશ્ય કરીને શ્રદ્ધાસહિત ઇશ્વર ભક્તિ કરવી. તેથીજ ગીતામા શ્રીકૃષ્ણ ભગવાન કહે છે કે **श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मतः** ॥ ભ ગી અ ૧૨ ૨ .અર્થ જે ભક્ત મને મનમા ધારણ કરીને શ્રદ્ધાથી મારી ઉપાસના (ભક્તિ) કરે છે તેને હુ ઉત્તમ યોગી (ભક્ત) માનુ છે શ્રદ્ધા પૂર્વક ચિત્તવૃત્તિયોને રોકી પ્રત્યેક ઇંદ્રિયો ને કાબુમા રાખી અત કરણમા સર્વ પ્રકારથી જેમા નિશ્ચય કરવો તથા તેમા કોઇ પણ વખતે કોઇ પણ ઇંદ્રિયદ્વારા અવિશ્વાસ ન ઉત્પન્ન થાય તેવા નિશ્ચયને ભાવના કહે છે તેથીજ ગીતામા કહ્યુ છે કે **नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना । न चाभावयतः शांतिरशांतस्य कुत सुखम्** ॥ ભ ગી અ. ૨ ૬૬ અર્થ જેણે ચિત્તવૃત્તિનો નિરોધ નહી કીધો તથા ચક્ષુ આદિ ઇંદ્રિયોદ્વારા જેનુ ચિત્ત ચચળ થાય છે, એવા અયુક્ત અયોગી મનુષ્યની બુદ્ધિ નષ્ટ થઇ જાય છે તેથી એવાની ભાવના (નિશ્ચય) પણ ઠીક રહેતી નથી અને એવા ભાવના (નિશ્ચય) રહિત પુરૂષની શાતિ બગડવાથી તેને સુખ મળવાનો કયા સભવ છે? ઇંદ્રિય તથા અત-કરણમા ઇષ્ટનો નિશ્ચય ન હોય એવા ભક્તો કદાપિ પણ ભક્તિ કરી શકતા નથી. કારણ કે ચિત્તની ચચળતાને લીધે એક વખતે એકને અને બીજી વખતે બીજાને ઇષ્ટ માને છે એવી દશામા તેની ભાવના સ્થિર રહેતી નથી તેથી તેને સર્વ પર અવિશ્વાસ ઉત્પન્ન થાય છે અને સંકટ સર્વ વ્યાપક પરમાત્માપર પણ તે અવિ

ઘાસી બની જાય છે અને એવી દશામા જેનુ ફળ મળવાનો કંઈ પણ સભવ નથી તેવા વ્યર્થ કાર્યોમા ફક્ત કહેવાને સારૂજ સેવા (ભક્તિ) ના નામથી ફોકટનો વખત ગુમાવે છે. કદિ કોઈ ઇંદ્રિય કોઇ પ્રકારથી ભક્તિ કાર્યથી ચ્યુત થઇ ડગમગતી દશામાં જાય નહી તે સારૂ ભક્તે મન તથા બુદ્ધિને પ્રથમ સ્થિર કરતા શીખવુ જોઇએ શ્રદ્ધા અને ભાવના પૂર્વક સ્થિર ચિત્તથી મન સહિત પ્રત્યેક ઇંદ્રિયોને ઇષ્ટની ભક્તિમા નિરતર તત્પર રાખવી ભક્તને અત્યાવશ્યક છે કદાચ કોઇ કુતર્ક વાદી પ્રશ્ન કરશે કે, ભક્તિની સાથે શ્રદ્ધા અને ભાવનાની શી જરૂર ? તો તેનો ઉત્તર એ છે કે શ્રદ્ધા અને ભાવનાજ પૂર્વ કથનાનુસાર ભક્તિના સ્વરૂપને ઠીક દશામા રાખવાવાળા છે જેમ પ્રાણ અને જીવનની વિદ્યમાન દશામાજ મનુષ્યાદિના શારિરીક કર્મો સિદ્ધ થાય છે, તેમ શ્રદ્ધા અને ભાવનાના ઉત્પન્ન થવાથીજ ભક્તિનુ ઇષ્ટ સાધક કાર્ય થવાનો સભવ છે અન્યથા ભક્તિશૂન્ય મૃતક સમાન હોય છે. પ્રાણ અને જીવનની માફક શ્રદ્ધા અને ભાવનાનો પરસ્પર સબધ છે જેમ પ્રાણ હોય ત્યા જીવપણુ સ્થિત હોય છે તેમ શ્રદ્ધા હોય ત્યાજ ભાવના પણ દેખાય છે સસારમાં જે જે પદાર્થો મનુષ્યને પોતાના અથવા બીજાના ભોગાદિ નિમિત્તે દેખાય છે તથા પ્રાપ્તિ થાય છે તેમજ વ્યવહારમા અપાય લેવાય છે એ બધુ પોતાની તથા અન્યની શ્રદ્ધા ભાવનાઓનુજ પરિણામ છે ભાવનાના પ્રકર્ષ, તાની સાથેજ ઇષ્ટની સિદ્ધિ થયા વગર રહેતી નથી શ્રદ્ધા અને ભાવનાનુ વર્ણન ઘણ શાસ્ત્રમા અનેક સ્થળોપર નિરૂપણ કરવામા આવેલુ છે આ સપૂર્ણ સસારની રચનાનુ મૂળ કારણજ શ્રદ્ધા અને ભાવનાજ છે તથાપિ કેટલાક કુતર્ક વાદીઓ ભાવનાપર અનેક શકાઓ ઉત્પન્ન કરે છે પરતુ પૃથ્વિથી લઇ પરમેશ્વર પર્યંત જે કાંઈ પ્રત્યક્ષ છે તે ભાવનાના પ્રતાપથી ઇંદ્રિય અતઃકરણાદિપર એવી છાપ પડે છે કે ભાવિત પદાર્થ પ્રત્યક્ષ દેખાય છે અને શેષ પરોક્ષ રહે છે અને એ અપ્રત્યક્ષ પદાર્થોમાના કોઇની પણ કામનાનુ સકલ્પ મનમા અકુરિત થવુ એજ ભાવનાનુ પ્રથમ અગ કહેવાય છે અને એવા સંકલ્પથી મન એવા પદાર્થની આકાક્ષાના પ્રેમમા ઇંદ્રિયોને પ્રેરણા કરે છે એને ભાવનાનુ બીજુ અગ કહે છે વળી ઇંદ્રિયો મનની આજ્ઞાનુસાર સર્વ વ્યવહારોને છોડી તે પદાર્થની પ્રાપ્તિમા પૂર્ણરૂપથી લાગે છે તે સમયને ભાવનાનુ ત્રીજુ અગ કહે છે, અને એ પરોક્ષ ઇચ્છિત પદાર્થના રૂપ નામાદિથી અતિરિક્ત અન્ય, સર્વ પ્રત્યક્ષ પદાર્થની માફક પરોક્ષનુ જ્ઞાન ચક્ષુ આદિ ઇંદ્રિયોદ્વારા, પરિપૂર્ણ થાય છે તે પ્રભાવને ભાવનાનુ ચોથુ અગ કહે છે તાત્પર્ય એ છે કે પ્રત્યક્ષનુ પરોક્ષ અને પરોક્ષનુ પ્રત્યક્ષ કરવાની શક્તિ ભાવનામાજ છે એ કારણથી આ સસારમા કોઈપણ ચીજ એક દશામા રહેતી નથી કિંતુ ભાવનાનુસાર સર્વનુ પરિવર્તન થયાં કરે છે તેથીજ ગીતામાં કહ્યુ છે કે—તં તમેવૈતિ કૌ-

तेय सदा तद्भावभावित' ગી અ ૮-૬ અર્થ હે કુંતી પુત્ર અર્જુન ! મરણ સમયે મનુષ્ય જે જે ભાવનાનું સ્મરણ કરતાં શરીરનો ત્યાગ કરે છે તે તે ભાવનાને તે જન્માંતરમાં પ્રાપ્ત થાય છે આ લોકમાં પણ એક આત્મા અને એક જીવની અનેક મૂર્તિઓ (શરીરો) જુદી જુદી ભાવનાઓના કારણથી દેખાય છે ભાવનાના પ્રતાપથી અમૃત વિષ અને વિષ અમૃત પણ થઈ શકે છે માટી પથરા દિની બનાવેલી પ્રતિમા પાસેથી શ્રદ્ધા અને ભાવનાજ ઇષ્ટ સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે. તેથીજ એક કવિએ કહ્યું છે કે—न काष्टे विद्यते देवो न पाषाणे न मृन्मये भावे हि विद्यते देवस्तस्माद्भावोहि कारणम् ॥ અર્થાત્ દેવતા લાકડાની બનેલી મૂર્તિમાં, પથરામાં યા માટી આદિ જડ સંબંધી પદાર્થોમાં વિદ્યમાન નથી, પરંતુ ભાવનામાંજ દેવતાઓની ઉપસ્થિતિ છે, તેથીજ લાકડા પાષાણાદિકમાં દેવતાઓનું વિદ્યમાનપણું માનવામાં આવે છે જોકે પરમાત્મા સર્વ વ્યાપક છે તેથી તેની વ્યાપકતા એ પદાર્થોમાં છે ખરી પરંતુ તેઓનાથી ફળ પ્રાપ્ત થવાનું મૂળ કારણજ ભાવના અને શ્રદ્ધા છે શ્રદ્ધા અને ભાવનાનો એવો પ્રબળ પ્રતાપ હોવાથી ભક્તિ સફળી ભૂત થાય છે. તેથી શ્રદ્ધા અને ભાવનાની ભક્તિમાં જરૂર છે શ્રદ્ધા અને ભાવના વગર આ લોકનાં નાશવંત કાર્યો પણ થઈ શકતાં નથી તેમજ ફળ પણ મળી શકતું નથી તો પછી ઈશ્વર સંબંધી કાર્યો કેમ થઈ શકે ? ભક્તિનું કંઈ પણ ફળ શ્રદ્ધા અને ભાવના વગર મળવું કદાપિ પણ સંભવીત નથી માટે મનુષ્યોએ શ્રદ્ધા અને ભાવનાથીજ અવશ્ય ભક્તિ કરવી જોઈએ ઇતિ શુભમ્.

અનાદિ શ્રીકૃષ્ણ.

" कृष्णाय देवकीपुत्राय ब्रह्म प्रोवाच"।"

આ મથાળે મુકવામાં આવેલું વચન સામવેદીય છાંદોગ્ય બ્રાહ્મણોપનિષદમાં આપેલું છે, અને તેનો અર્થ " દેવકીના પુત્ર શ્રીકૃષ્ણને વેદ ભણાવ્યા " સનાતન ધર્મી સર્વ વિદ્વાનો છાંદોગ્યોપનિષદને પણ સનાતન વેદનીજ શ્રુતિ, માને છે પરંતુ આધુનિક કપોલ કલ્પિત સમાજીઓ એને વેદ તરીકે જોકે માનતા નથી તોપણ એ સમાજીઓના નેતા સ્વા૦ દયાનંદજી એ ઉપનિષદને સૃષ્ટિના આરંભમાં બ્રહ્માના બનાવેલા વેદના વ્યાખ્યાન રૂપ બ્રાહ્મણ ગ્રંથો તરીકે માને છે હવે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય તો સમીપવર્તી દ્વાપરમાં થયેલું છે અને છાંદોગ્ય તો સૃષ્ટિના આરંભમાં બનાવેલું ગણીયે, તો પછી દેવકીના પુત્ર શ્રીકૃષ્ણનો ઇતિહાસ છાંદોગ્ય શ્રુતિમાં કેણિએ સમાજીએ પ્રકટ કર્યો ? અથવા છાંદોગ્ય શ્રુતિ તો શ્રીકૃષ્ણના પ્રકટ થયા બાદ બનાવી

અર્થ —હે ભારત ! જ્યારે ધર્મની ગ્લાનિ (ક્ષીણતા) થાય છે, ને અધર્મનું પ્રાબલ્ય (જોર) વધે છે, ત્યારે હું મારા આત્માને સર્જું છું અર્થાત્ અવતાર ધારણ કરૂં છું

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

અર્થ.—સાધુઓ (ધર્મપરાયણો) નું સંરક્ષણ કરવા, દુષ્ટો (અધર્મીઓ) નો વિનાશ કરવા તથા ધર્મનું સારી રીતે સ્થાપન કરવા માટે હું યુગે યુગે સંભવું (અવતાર લઉં) છું.

અ. ૪ શ્લો. ૮

કદાચ કોઈ, એવી પણ શંકા કરે કે ભગવાન્ અવતાર ધારણ કરી સૃષ્ટિપર અવતરે છે. તો પછી એમની વ્યાપકતાનું કેમ ? આના ખુલાસામાં એટલુંજ જણાવવું બસ થશે કે જેમ અગ્નિ કોઈ કોઈ ઠેકાણે અન્તર્નિર્ગત થવાથી પણ તેની સર્વત્ર વ્યાપકતા બની રહે છે, તેમ ભગવાનની વ્યાપકતામાં અવતાર દશામાં કોઈપણ તરેહનો બાધ લાગુ પડતો નથી આજ રીતે શ્રીકૃષ્ણ ભગવાન સનાતન અનાદિ કાલથી પ્રત્યેક દ્વાપરના અંતમાં પ્રકટ થાય છે, તેથીજ શ્રીકૃષ્ણ ભગવાને પોતેજ શ્રીમદ્ભગવદ્ગીતામાં અર્જુનને કહ્યું છે કે —

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥

અ. ૪ શ્લો. ૫

અર્થ —હે અર્જુન ! (આજ સુધીમાં) તારા અને મારા ઘણા જન્મો થઈ ગયા છે હું તે બધા જન્મો જાણું છું, પણ હે પરંતપ ! તું તે જાણતો નથી.

नत्वेवाहं जातु नासं न त्वं नेमे जनाधिपाः ।
न चैव न भविष्यामः सर्वे वयमतः परम् ॥

અર્થ.—વળી હું, તું કે આ રાજાઓ કદાપિ પણ નહિ હતા એમ નથી, તેમ અત્યાર પછી પણ આપણે સર્વ નહિ હોઈશું એમ પણ નથી

અ. ૨ શ્લો. ૧૨

આ કથનથી ભગવાને સ્વયં પોતાનો જન્મ સર્વ કાળમાં બતાવ્યો છે વળી વેદમાં પણ કહ્યું છે કે " सएव जातः सजनिष्यमाणः " એજ પુરૂષ ઈશ્વર પ્રકટ થયા અને એજ પ્રકટ થશે " जनी प्रादुर्भावे " ધાતુપાઠથી જન ધાતુનો અર્થ પ્રકટવું, જન્મવું એવો થાય છે જન ધાતુનો પ્રયોગ વેદમાં જેમ છે તેવીજ રીતે

ભાષામાં પણ પ્રકટ થયુ એમ થાય છે, પરંતુ કેટલાક વિતંડ વાદીઓ જન્. ધાતુનો અર્થ જન્મવુ એમ કહેવે છે તોપણ એમ કહે છે કે " એ (ઇશ્વર) જન્મ લેતો નથી " આમ તેઓના કહેવામા વદતોવ્યાઘાતનો દોષ લાગે છે કારણકે સંસ્કૃતમા પ્રાદુર્ભાવ, આવિર્ભાવ, જાયમાન આદિ શબ્દોનો આશય ઇંદ્રિય ગોચર છે અને જે ઇંદ્રિય ચક્ષુ આદિથી દેખાય અથવા જાણી શકાય તે પ્રકટ થયુ એમ કહેવાય છે કદિ ઇંદ્રિયોથી ઉપાદિ ન જાણી અથવા ન સમજી શકાય તો તે પ્રકટ પણ ન કહેવાય. વળી પ્રકટ હોય તો તે ઇંદ્રિય ગોચર પણ અવશ્ય કહેવાય અને એજ અવતાર સિદ્ધિનુ પુષ્ટ પ્રમાણ શાસ્ત્રાનુકૂળ છે આનો સારાશ એ છે કે શ્રીરામ કૃષ્ણાદિ ઇશ્વરાવતાર પ્રત્યેક યુગમા અવતરે છે અને એ અનાદિ હોવાથી વેદમા તેઓના વર્ણનો આપેલા છે

કલિ વર્જ્ય.

આર્ય જ્યોતિષ શાસ્ત્રમા સમય યાને જમાનાને જુદા જુદા ઓળખવા સારૂ તેના સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એમ ચાર યુગો તરીકે નામ કહ્યા છે એ દરેક યુગના વિશેષ ધર્મ કર્મ પણ આર્ય ધર્મશાસ્ત્રમા સ્પષ્ટ રીતે વર્ણવ્યા છે કે જેથી મનુષ્ય તે તે યુગના ધર્મ કર્મ યથા યોગ્ય રીતે પાળવાને શક્તિમાન્ થઇ શકે, આર્ય શાસ્ત્રમા સતના ધર્મ કર્મ ત્રેતાથી જુદા, ત્રેતાના દ્વાપરથી જુદા અને દ્વાપરના કલિથી જુદા તેમ કલિના - એ ત્રણે યુગથી જુદા વિધિ નિષિદ્ધ રૂપે વર્ણવેલા છે આ ઉપરથી કોઇ એવો પણ પ્રશ્ન કરે કે કલિમા દ્વાપરના ધર્મ કર્મ કરવામાં શુ બાધક હોય ? પરતુ એવો પ્રશ્ન કરવા પહેલાં જો ગભીરતાથી વિચાર કરવામા આવશે તો તરત માલમ પડશે કે આર્ય શાસ્ત્રકારોનો એવો આશય છે કે જે કર્મ જે યુગમા વિહિત હોય તે અન્ય યુગમા જીવોની ધર્મશ્રદ્ધા તથા શક્તિની ઓછપતાને લીધે નિષિદ્ધ ગણાય કારણ કે જે કર્મ જે યુગમા વિહિત કહ્યુ હોય તે યુગના જીવોના ધર્મ કર્મ એવા હોય છે કે જેથી તેને તેવા કર્મના સ્પર્શ પણ લાગી શકતો નથી. માટે ત્રિકાળ દર્શી ઋષિ મુનિઓએ વિધિ નિષિદ્ધનો જે પ્રકાર આર્યધર્મ શાસ્ત્રમા વર્ણવ્યો છે તે મુજબ વર્તવાથી આર્યોનુ શ્રેય થઇ શકે તેમ છે કારણકે ધર્મવિના મનુષ્યની સદ્ગતિ કદી પણ થઈ શકતી નથી હવે ચાલતા સમય યાને જમાનાને આર્ય જ્યોતિષ શાસ્ત્રના સિદ્ધાત મુજબ કલિયુગ તરીકે ઓળખવામા આવે છે એ કલિયુગમા લોકોની ધર્મ પ્રત્યેની મદ શ્રદ્ધાને લીધે આર્યધર્મ શાસ્ત્રમા મુખ્ય કરીને નીચની બાબતો દ્વિજો (બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્યો એ ન કરવી) ને માટે નિષિદ્ધ કહી છે " આદિત્ય પુરાણ" મા સ્પષ્ટ લખ્યુ છે કે —

ऊढायाः पुनरुद्वाहं ज्येष्ठांशं गोवधं तथा ।
कलौ पञ्च न कुर्वीत भ्रातृजाया कमण्डलुम् ॥

અર્થ —ઊઢા (આણુવાળેલી), નો પુનર્વિવાહ, જ્યેષ્ઠાંશ (વિભક્ત કરવાના સમયમા મોટા પુત્રનો અધિક ભાગ), ગોવધ, ભોજાઇ સાથે દિયેરનો નિયોગ અને કમણ્ડલ ધારણ (સન્યાસ) એ પાચ કર્મો કલિયુગમાં ન કરવા.

આ વચન ધર્મશાસ્ત્રનુ છે, અને તે ત્રિય વર્ણના આસ્તિક માત્રને માનનીય છે. તથાપિ અર્વાચીન સુધારાવાળા (Refromers) ને તે રૂચતુ નથી તેથીજ લોક રૂચિને અનુસરતી વાતો કરનારા સમાજ વાલાઓ ધર્માધર્મનો કઈ પણ વિચાર કર્યા વગર લોકોને આડે રસ્તે દોરવા "પુરાણ" ગ્રંથોનેજ અપ્રમાણ કહેવા નીકળે છે, પરતુ પુરાણો અપ્રમાણ નથી. કારણકે એમા વેદમત્રોના સરળ અર્થો કરેલા જણાય છે એથી વેદાર્થ જાણવાનુ ખરૂ સાધન પુરાણજ હોવાથી એ વેદનોજ એક ભાગ સિદ્ધ થાય છે જો એ અપ્રમાણ હોત તો "બ્રહ્મવાદ" સ્થાપન કરનારા આચાર્યો પુરાણોના વચનો પોતાના ગ્રથોમા પ્રમાણ તરીકે કદી પણ ટાંકત નહી પુરાણ એ પ્રામાણિક ગ્રથમાહે ગણાય છે એ તો આ માસિકના પ્રથમ વર્ષના છેલ્લા અકમા શાસ્ત્રી જયકૃષ્ણ પુરૂષોત્તમે લખેલા "પુરાણ પ્રામાણ્ય" ના વિષયથી વાચનારની ખાત્રી થઈ હશે જ્યારે તેને અપ્રમાણ કહેવાની ઉદ્ધતાઈ સર્વ માન્ય થતી નથી, ત્યારે તેઓ આવા વચનને ક્ષેપક કહેવાને તત્પર થાય છે પરતુ સાદી બુદ્ધિથી વિચાર કરતા સ્પષ્ટ સમજાશે કોઇ પણ ગ્રથમા કોઈપણ વચન ઘૂસાડવામા ઘૂસાડનારનો લાભ હોવો જોઈએ અને તેવા વચનો ઘૂસાડેલા જ્યા જ્યા જણાય છે ત્યા તે ઘુસાડનારનો સ્વાર્થ પણ નજરે ચઢે છે. ઉપલુ વચન ઘૂસાડવાથી ઘુસાડનારને કઇ પણ લાભ થાય તેમ નથી એમ એ વચનજ સ્પષ્ટ દર્શાવેછે, તો પછી એવા વચનને ક્ષેપક કેમ કહેવાય? આ તો વિધવીજનોને લાભને બદલે નુકસાન કરનારી વાત્ત હોવાથી, તેવાજનો તે ક્ષેપક કહે તેમાં શીનવાઈ? પરતુ એમા ધર્મલાભ શિવાય અન્ય લાભ દેખાતો નથી એટલે ધર્મવિરોધીઓને ન રૂચવાથી સ્વાર્થ દૃષ્ટિથી દેખી ગમે તેમ કહે તે તરફ આસ્તિકોએ ધ્યાન આપવુ યોગ્ય નથી વળી કલિકાલમા ઉપર જણાવેલી બાબતનો નિષેધ ઋષિ મુનિયોએ કર્યો છે ત્યારે યુગાન્તરમા એ કર્મો વિહિત હશે એમ સમજાયછે પરતુ કાળ પરત્વે કરીનેજ એ કર્મોનો ખાસ નિષેધ કરવાની જરૂર પડેલી હશે માટે જેઓ પોતાનુ શ્રેય ઇચ્છતા હોય, તેવા દ્વિજોએ ઉપલા કર્મો આ કાળમા કરવા નહિ, એટલુજ નહિ પરતુ જેઓ કરતા હોય, તેઓને સીધી અથવા આડકત્રી રીતે ઉત્તેજન પણ આપવુ ન જોઇયે, કેમકે પાપ અને પુણ્યમાં સમ ભાગી થવાય છે.

॥ श्री रामस्तुति ॥



હરિગીત છંદ.

જયરામ રઘુકુળભાણુ, વેદ વખાણુ આપ તણાં કરે,
જયરામ પૂરણુકામ, પાપી આપનામ સ્મર્યે તરે,
જયરામ નિશિચર મારવા, ભૂમિનો ભાર ઉતારવા,
પ્રકટયા અહો પરબ્રહ્મ ! પુણ્યસ્વી સુભક્તો તારવા.
જયરામ વંશ ઈક્ષ્વાકુને, અજપુત્ર દશરથને ઘરે,
જયરામ કૌશલ્યા ઉદરથી ઉદભવ્યા જગમા ખરે,
જયરામ વિશ્વામિત્રસહ કાચી કિશોરવયે જઇ,
જયરામ મારી તાડિકા, મૃદુહાથમા કાર્મુક લઈ,
જયરામ સારી અર્થ તાપસના જનક ગેહે જતા,
જયરામ ઉદ્ધારી અહલ્યા, પગવડે જરિ સ્પર્શતા,
જયરામ ત્ર્યંબક તોડિ, મોડી માન રાવણનું પ્રભુ,
જયરામ સીતાને વર્યાં, વિસ્મિત કરી જગને વિભુ.

જયરામ પરશુરામનો મદ મોડિ અવધે આવિયા,
જયરામ સીતા લાવિ ભાવુ સર્વને મન ભાવિયા;

જયરામ વચન પિતાતણું પાળવા સુઅભિષેકજ સમે,
જયરામ જાનકીસહ વને વિચર્યાં ખળ્યા ન રહ્યા ક્રમે.

જયરામ ભરતે વીનવ્યા, ગિરિ ચિત્રકૂટે આવિને,
જયરામ મરણ પિતાતણું પ્રતિયોગથિ સંભળાવિને,
જયરામ તો પણ નવ ફર્યા, અતિતાપ અંતરમા થતે,
જયરામ ભાળવ્યુ રાજ્ય, ભક્ત સુ ભરતને વનમા જતે.

જયરામ પછિ દંડકવને ગોદાવરીતટ આવિને,
જયરામ પંચવટી વિષે પોતે વસ્યા મુનિભાવિને,
જયરામ ત્યા દશકંધ ભગિની આવિ પાપમતિ ધરી,
જયરામ તેને લક્ષ્મણે ક્ષણમાજ નાક વની કરી

જયરામ રાક્ષસ ચઉદ સહસ્ર વિદારિયા તે વન મહીં,
જયરામ ખરદુ-ખર ત્રિશિરાનય પણ માર્યાં તહીં,
જયરામ સાર્યાં અર્થ તાપસના નિશાચરને હણી,
જયરામ રાવણ કોપિયો, સુણિવાત શૂર્પનખાતણી

જયરામ તેથી પાપીએ પાપાચરણ વળતી કર્યાં,
જયરામ મારિચ મૃગકરી, થઈ જોગિ જગમાતા હર્યાં;
જયરામ ગીધજટાયુએ રોકયો પ્રપંચી પાપિને,
જયરામ તો પણ તે ગયો પાંખોસુ તેની કાપિને

જયરામ આવ્યા આશ્રમે, જનકાત્મજા જોયા નહીં,
જયરામ વાત જટાયુએ સીતાહરણની સૌ કહી,
જયરામ આપી મુક્તિ તે ખગને સતીની શોધમા.
જયરામ વાધ્યા વિશ્વનેજ જણાવવા બહુ ક્રોધમા.

જયરામ જાનકિના વિયોગે વેદના બહુ વ્યાકુળ થતા,
જયરામ શવરી આશ્રમે દીઠા સુદેવ ગણે જતા,
જયરામ પૂરણકામ આવ્યા જોઈને શવરી તદા,
જયરામ ચરણ સરોજમા લપટઈ ગઈ થઈ મનમુદા.

જયરામ એઠા બોર તેના તૃપ્ત થઈ તેવે જમ્યા
જયરામ ભાળી ભાવી ભાવ, ગાડી ઘેલીને પોતે ગમ્યા;
જયરામ પંપાસર પછી શવરી કહ્યાથી પગવર્યાં
જયરામ સુગ્રીવાદિ કપિગણને સહાય વિષે વર્યા.

જયરામ વાલી મારિ, સંકટ ટાળિ કપિ સુગ્રીવનું,
જયરામ દૃઢ મૈત્રી કરી, દળ મેળવ્યું માણસનું,
જયરામ હનુમાને તરી કરિ શોધ સીતાની કહ્યું,
જયરામ છે જનકાત્મજા લંકા વિષે આપે લહ્યું. ૧૨

જયરામ પત્થરપાજ બંધાવી ઘણા લંગૂરથી,
જયરામ વાનર રીંછ દળ લઇ આવિયા બહુ દૂરથી
જયરામ લંકાને વિષે આવી મહાયુધ આદરી,
જયરામ રાવણ રોળિયો, પરિવારસહ પૂરો કરી. ૧૩

જયરામ ભૂરા બ્રહ્મરાક્ષસ, ભક્ત ભય હરવા તમે,
જયરામ જાનકી નિમિત્તથી માર્યાં મરે નહિ જે કદમે,
જયરામ ભક્તસુ આપનો વિભીષણ કરી સ્થિર હે હરી!
જયરામ જાનકી લઈ વળ્યાં, સુનિજયજ ધર્મતણો,ફરી. ૧૪

જયરામ ચરિતસુ આપનું ઉત્સાહ ગ્હેવા આ કર્યું,
જયરામ શતકોટી વિષે મુનિ વાલ્મિકે રચિને ભર્યું,
જયરામ તોપણ તૃપ્તિ તે મની નથી થઇ શું કહુ ?
જયરામ હું મતિમંદ રામ ઉચ્ચારિ તૃપ્ત સદા રહુ. ૧૫

જયરામ તારકમંત્ર માત્રજ આપનું શુભ નામ છે,
જયરામ તો વિસ્તારનું મારે પછી શું કામ છે ?
જયરામ એથી "રામ રામ" હુ રુચિથી રટુ સર્વદા,
જયરામ ગણપતરામને મતિ આપજો એવી સદા. ૧૬

ગ. રા. ભટ્ટ.

આધુનિક શ્રેષ્ટોનું કર્ત્તવ્ય.

આ ભારત વર્ષમા પ્રાય બાવીસ કરોડ હિંદુઓ નિવાસ કરે છે, પરંતુ ભારત વર્ષના દુર્ભાગ્યને લીધે આવા અગણિત નરનારીઓના ધર્મપર ધ્યાન રાખવાવાળું કોઈપણ હાલમા હોય એમ દષ્ટિગોચર થતું નથી તેથીજ આર્યપુત્રો કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિ અનેક શત્રુઓથી ઘેરાયલા હૃદયથી અહનિશ આ કઠોર મરૂ ભૂમિપર પશુ પક્ષ્યાદિની માફક આમથી તેમ ભટકી કાળ નિર્ગમન કરે છે. આમ ભટકવાથી આ મનુષ્યરૂપી શરીર જે ક્ષણભંગુર દેહધારી પ્રાણીઓમાં અત્યંત દુર્લભ કહેવાય છે તે નિરર્થક થઈ છેવટે નાશ પામે છે. એમાંથી બચવાનો સરળ અને સુગમ રસ્તો ધર્મ શિવાય અન્ય નથી. પરંતુ ધર્મમાર્ગ

બતાવનારા તથા રક્ષકોના આલસ્યને લીધે આર્યપુત્રોની દિનપર દિન સ્વધર્મ પ્રત્યેની શ્રદ્ધા દઢ થવાને બદલે ઘટવા માંડી છે જેથી દેશ દારિદ્રતાને પ્રાપ્ત થતુ જાય છે કારણકે આ લોકના સુખ જેવા કે પૈસો, વૈભવ અને યશ એ સર્વ ધર્મથીજ મળી શકે છે. તેમજ પરલોકનુ સુખ પણ ધર્મથીજ પ્રાપ્ત થાય છે આવો જે અમુલ્ય રત્નરૂપી આ ધર્મ તે સેવવાને બદલે આજકાલ લોકોની વૃત્તી અધર્મ સેવવા તરફ દોરાય છે એ અતિ શોચનીય છે પ્રજાનો ધર્મ રક્ષક રાજા શિવાય અન્ય હોતો નથી અગાઉ ભારત વર્ષમા રાજ્યેશ્વર રાજાઓ ધર્મના રક્ષક તરિકે પ્રસિદ્ધ હતા પરતુ હાલમા તો ભારત વર્ષના રાજા ગ્રગણિત ધર્મો તથા સપ્રદાયોના રાજા હોવાથી તેઓએ પોતાની બુદ્ધિમત્તાથી ચતુરાઇ ચીત્રી ભારત વર્ષના કોઇપણ ધર્મવા સપ્રદાયનો સબધ રાખ્યો નથી પરતુ મુસલમાન રાજ્યોની માફક હાલના વિદેશી રાજકર્તાએ પણ ફક્ત સ્વધર્મની પ્રભૃત્તિનો ભાર પ્રજાના ધર્મના ભોગે સ્વશિર રાખેલો છે અને તે પ્રત્યક્ષ છે જ્યા રાજા અને પ્રજાના ધર્મ જુદા હોય ત્યા રાજા, પોતાની પ્રજાના ધર્મ વૃદ્ધિના કાર્યમા તત્પર થાય એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવું સમજવુ સ્પષ્ટ છે પરતુ આર્યાવર્તના આર્ય રાજાઓની તથા શ્રેષ્ટ પુરૂષોની ફરજ છે કે તેઓએ પોતેજ પ્રથમ ધર્મમા ધુર ધરતા ધરી પોતાના રક્ષણ હેઠળની પ્રજાને ધીરજથી ધર્મ પરાયણ બનાવવા શ્રદ્ધા રૂપી બીજને વધારવા પ્રયત્ન કરવો જોઇયે પણ હાલમા તો આર્યાવર્ત્તવાસી રાજા તેમજ શ્રેષ્ટ પુરૂષો સર્વ સમૃદ્ધિથી તાજા થઇ પોતેજ ધર્મની લાજમૂકી અધર્મમા પ્રવેશ કરવા તત્પર થયેલા દૃષ્ટિ ગોચર થાય છે, તો પછી તેઓના રક્ષણ હેઠળ મેલાયલી પ્રજા અધર્મ તરફ ઢળે તેમા શિ નવાઈ? માટે કહ્યુ છે કે ધર્મ વૃદ્ધિનુ મૂળ કારણ રાજા વ શ્રેષ્ટ પુરૂષોજ છે એથીજ ભગવાન્ પણ ગીતામા આજ્ઞા કરે છે કે

यद्यदाचरति श्रेष्टस्तत्तदेवेतरो जन : ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥

અર્થ —શ્રેષ્ટ પુરૂષો જે જે આચરણ કરે છે તે તે આચરણજ બીજા સાધારણ જનો કરે છે. શ્રેષ્ટ પુરુષ જે વાતને પ્રમાણ માને તે વાતને બીજા લોકો પણ અનુસરે છે આથી શ્રેષ્ટ પુરૂષોનુ ખરૂ કર્તવ્ય એજ છે કે તેઓએ ઉપર જણાવેલી ભગવદાજ્ઞા પ્રમાણે ધર્મની ધજા સજાવવા અહર્નિશ મચ્યા રહેવુ જોઇએ કેમકે શ્રેષ્ટ પુરૂષોના આચાર વિચાર પ્રમાણેજ અન્ય લોકોને વિચરવાનુ ધર્મશાસ્ત્રમા ફરમાવેલુ છે. વળી રાજાને માટે પણ આર્ય ધર્મશાસ્ત્રમા સ્પષ્ટ દર્શાવ્યુ છે કે —"**स्वधर्म मनु वर्त्तते यथा राजा तथा प्रजा**" અર્થાત જે પ્રમાણે રાજા સ્વધર્મમા વર્તે તે પ્રમાણે તેની પ્રજા પણ સ્વધર્મમા વર્તે આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પ્રજાને ધર્મમા ચલાવનાર રાજા વ શ્રેષ્ટ પુરૂષો છે તેથીજ રાજાએ તથા શ્રેષ્ટ પુરૂષોએ

પ્રજાને ધર્મમાં ચલાવવા માટે પ્રમાદ દૂર કરી સ્વધર્મમાં વર્તવું જોઇએ, નહી કે શ્રેષ્ઠાઇ તથા અધિકારથી અધિરા બની જઇ ધર્મને તુચ્છ સમાન ગણી અધર્મ પરાયણ થવું. કારણ કે રાજા વ શ્રેષ્ટ પુરૂષોનીજ સારી નરસી ચાલ ઉપર કાળનો પ્રવાહ દોડે છે, તેથીજ કહ્યું છે કે—' राजा कालस्य कारणं ' અર્થાત્ રાજા કાલનું કારણ છે આમ રાજાને કાળનું કારણ બતાવવામા ધર્મશાસ્ત્રનો એવો આશય છે કે મહાન પુરૂષોમાં જેવો ધર્મ હોય તેવો સૌ જગે વર્તે.

આ ઉપરથી રાજા તેમજ શ્રેષ્ટ પુરૂષોએ શ્રેષ્ટાઇથી લોભાઇ મદાભિમાની ન થતાં મનને દ્રઢી નીતિપર પ્રીતિ રાખી ઇશ્વર ભીતિથી પોતાના રક્ષણ હેઠળ મુકાયલી અથવા અનુસરનારી પ્રજાને સારી રીતિથી ધર્મમાર્ગે ચલાવવી એજ શ્રેષ્ટપણું પ્રાપ્ત કર્યાનું ખરે ખરૂં સાર્થક કીધેલું ગણાય.

સપ્તલોક.

ભૂથી લઇને સત્ય પર્યંત જે ઉપરના સાત લોક આર્યધર્મ શાસ્ત્રમા વર્ણવ્યા છે, તે સપ્તલોકને પૂર્વ કલ્પના આરંભમાં શ્રીબ્રહ્માજીએ પ્રકાશિત કરેલા છે, અને એ સાત વ્યાહૃતિ સાત છંદ અથવા સપ્તલોક તરિકે પણ ઓળખાય છે આ સપ્ત લોકનો અર્થ યોગી યાજ્ઞવલ્ક્યએ નીચે મુજબ કરેલો છે, જે મનન કરવા યોગ્ય હોવાથી અમારા વાચનારાઓ સમક્ષ રજુ કરીયે છીયે.

૧. ભુ અથવા ભૂમિલોક આ લોકમા ચર અથવા અચર પ્રાણી ઉત્પન્ન થઈ લયને પામે છે એ કારણથી આ લોકને ભૂ લોક કહે છે.

૨. ભુવ અથવા અંતરિક્ષ લોક સ્વર્ગીય પુણ્યના ક્ષીણ થવાનીસાથે કલ્પાન્તને સમયે પ્રાણી ફરીથી જે લોકમા ઉપભોગાર્થે ઉત્પન્ન થાય છે એવા ભૂમિથી ઉપરના અંતરિક્ષ લોકને ભુવ લોક કહે છે

૩ સ્વ અથવા સ્વર્ગ લોક, સરદી, ગરમી, વર્ષા, પ્રકાશ વા તેજને જે સદા પ્રકટ કરે છે અથવા યજ્ઞાદિ સુકૃત કાર્ય કરવાવાળાનુ જે સ્થાન છે, તે સ્વ. અથવા સ્વર્ગ લોક કહેવાય છે.

૪ મહર્લોક. જે નીચે ઉપરના સર્વ લોકોના પરિમાણમાં મહાન ગણાય છે અથવા સર્વ લોકોના હૃદયસ્થાનની જગ્યાપર છે એવા લોકને મહર્લોક કહે છે

૫ જનોલોક કલ્પાન્ત સમયે અગ્નિદાહએ જે પ્રલયને પ્રાપ્ત થયેલા પ્રાણી ફેરી સૃષ્ટી સરજવાને સમયે જ્યા જન્મે છે, તે લોકને જનોલોક કહે છે

૬, તપોલોક સનકાદિ ઋષિયો તથા મરીચ્યાદિ જેવા બ્રહ્મા, પુત્ર કે જેઓ તપદ્દારાએ સિદ્ધિ પામેલા તેમજ અધિકારોથી નિવૃત્તિ પામેલા એવા જ્યા નિવાસ કરે છે એ લોકને તપોલોક કહે છે.

૭. સત્યલોક. બ્રહ્માજીના નિવાસનું સ્થાન કે જે સર્વ લોકના શિરોભાગમાં સદાસ્થિત રહે છે એવા સ્થલને સત્યલોક કહે છે.

સત્યથીપર અન્ય કોઇ પણુ મોહટો ધર્મ નથી. એનુ પ્રયોજન એ છે કે સત્ય ભાષણુ યાવજ્જન્મ નિયમ પાળવાથી સર્વોપરી બ્રહ્મ લોકના સુખની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જ્ઞાન અથવા કર્મનુ અવિરોધથી અનુષ્ઠાન કરવાથી તથા સત્યભાષણના નિયમનુ પાલન કરવાથી સુખભોગને વાસ્તે એવુ સ્થાન પ્રાપ્ત થાય છે કે જેના મળ્યાથી પ્રાણી તેનાથી ચ્યુત કદીપણુ થતો નથી કેમકે આ સાતમા સત્યલોકની ઉપર અન્ય ભોગસ્થાન છેજ નહિ પરંતુ એ સત્ય લોકથી ઉપર જે શેષસ્થાન છે તે અનિર્વચનીય છે તેથી તેનુ વર્ણન વેદ જેવી અલૌકિક વાણી પણ કરી શક્તી નથી જેથી વેદ પણ "નેતિ નેતિ" એમ કથે છે તેથીજ અર્ચિ આદિ ઉપનિષદુક્ત માર્ગના ઉપાસક કે જેઓ જ્ઞાન કર્મનિષ્ટ ત્રિદંડી લોક છે, તે પણ આ સત્ય તથા પરબ્રહ્મ લોકનુ અનુચિન્તન કરે છે, આ સત્યલોકની પ્રાપ્તિને માટે મનુષ્યમાત્રે સત્ય ધર્માચરણથી વર્તી પોતાના જન્મમરણના ફેરા ટાળવો જોઇએ.

સૂક્તિસુધા.

ગીતિ.

હૃદય ઉદય ધર્મ તણો ધરોજ હરિપદ સરોજ રોજ ભજો,
છોરો છેક છળોને ન કામ એ ક્રોધ કામ કામ તજો.

(પંડિત શ્રી ગટૂલાલજી કૃત)

અર્થઃ—હે મનુજો! હૃદયમા સ્વધર્મનો ઉદય કરો, શ્રીહરિના પદસરોજ (ચરણકમળ) ને નિરંતર ભજો. છળ કપટને તદન છોડીને નકામુ જે છે તેને તજો અર્થાત્ કપટ તથા કામક્રોધાદિ જે સ્વધર્મના ઉદયમા ડરનારા છે, તેને ત્યાગો કે તરતજ હૃદયમા સ્વધર્મનો ઉદય થઈ હરિપદને હૃદય આકર્ષાશે.

શ્રી આર્યધર્મસુધા

પુસ્તક ૨ જું. સંવત ૧૯૬૨, કન્યા માસ. અંક ૬ મો.

મંગળાચરણ.

સદુપદેશ.

(ગીતિ)

બહુ વાર માર ખરવા, સંસાર વને અપાર એ ! ચરવા,
નીકળ્યા નરપશુ ફરવા, કરવા ન વિચાર સારે ઓચરવા.

(પંડિત શ્રીગટ્ટુલાલજી કૃત.)

અર્થ — (સંસાર વને) આ સંસારરૂપી વનમાં (અપાર) એ ! પ્રત્યક્ષ અનેક અજ્ઞાની પુરૂષરૂપી પશુ ફરવા અને ચરવા નીકળ્યા હોય એમ લાગે છે જેમ પશુઓ વન (જંગલ) માં કંઇ પણ નિયમ વિના આમથી તેમ ફરે છે અને ઘાસ વગેરે પદાર્થો ચરી કાળ નિર્ગમન કરે છે, તેમ અજ્ઞાની જીવો આ સંસારરૂપી વનમાં વિના નિયમે ગમે તેમ ભટકતા ફરે છે ને જે જે જન્મમાં જેવા ઘરબાર મળે છે, તેમાં તેવાં ભોગ ભોગવી અમુલ્ય કાળ નષ્ટ થવા દઇ પોતે પણ નષ્ટ થાય છે વળી પશુઓ ઘણી વખતે પારકા ખેતર, વાડી વગેરેમાં ઘુસી જઇ અન્નાદિ ખાતા પકડાઇ જવાથી માર ખાય છે તેમ અજ્ઞાની જીવો પણ પરસ્ત્રી સંગ વગેરે કાર્ય કરતાં પકડાઈ પ્રત્યક્ષ માર કદાચ ન ખાય તો પણ કામરૂપી શત્રુના મારનું દુઃખ ભોગવે છે. પશુઓ કંઇ પણ વિચાર કરવામાં અને કોઇ પણ સાર ભરેલી વાત ઉચ્ચારવામાં શક્તીમાન નથી હોતા તેવીજ રીતે અજ્ઞાની જીવો પણ સારાસાર વિચાર કરવામાં તથા શાસ્ત્ર સંબંધી વાતને •(કે જેનાથી માનુષ શરીર છુટતાં મોક્ષપદ પ્રાપ્ત કરી શકાય છે તે) ઉચ્ચારવાને શક્તીમાન હોતા નથી આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે પશુ અને અજ્ઞાની જીવોમાં કંઇ પણ ફરક હોતો નથી. કેમકે જેઓ અજ્ઞાની હોય છે તેઓ મનુષ્યજ નથી પણ **मनुष्यरूपेण मृगाश्चरन्ति** અર્થાત્ તેઓ મનુષ્યરૂપે એક જાતના પશુઓજ થઇ ચરે છે. આ સૃષ્ટિ એ એક મહદ્ કીલ્લા સમાન છે જેમાં ચોર્યાસી લક્ષયોનિરૂપી કોટડીઓ છે, જેમાંની મુખ્ય કોટડી એ આ માનુષયોનિ કહેવાય છે અને તે પ્રાપ્ત કર્યાથીજ સૃષ્ટિરૂપી કીલ્લો છોડી (મોક્ષ મેળવી) શકાય છે. અને તેનું સાધન પણ સૃષ્ટિના

પ્રકાશ સહન કરી શકે નહી, નાસીકેંદ્રિયમા સુગંધ અથવા દુર્ગંધનો ભાસ વિશેષ થાય ઇત્યાદિ તથા કર્મેંદ્રિયો પોતાનુ કામ વિશેષ કરે તો તે વાત દોષના પ્રાબલ્યની નિશાની છે અને જ્ઞાનેંદ્રિય, અને કર્મેંદ્રિયની ક્રિયા કમી થવા માંડે ત્યારે વાત દોષની ક્ષીણતાની નિશાની સમજવી અર્થાત્ વાત ક્ષીણ છે એમ સમજાય છે તેમજ પિત્તરોગ વધવાથી શરીરમા ઉષ્ણતા, દાહ, પાચનક્રિયા ઇત્યાદિ આગ્નેય વ્યાપાર વૃદ્ધિ પામે છે અને કમી થવાથી કમી થાય છે તેમજ કફ દોષ વધવાથી શરીરની સ્થૂળતા, જડતા, દ્રવતા, ઇત્યાદિ ધર્મો વધે છે. અને કમી થવાથી કમી થાય છે.

આ ઉપરાંત પણ વાતાદિદોષોને બગડવાનુ ત્રીજુ કારણ એ છે કે તે તે દોષો પોત પોતાના સ્થાનથી ભ્રષ્ટ થાય છે. આ ઉપરથી પણ એવો પ્રશ્ન ઉપન્ન થાય છે કે તે તે દોષોના મૂળ શરીરમા સ્થાનો કેટલા છે ? સામાન્ય રીતે જોતા સર્વ શરીરમા દોષ અંતરબાહ્ય વ્યાપ્ત હોય તેમ દેખાય છે કારણ શરીરમા જ્ઞાન શક્તિ અને ચલન શક્તિ દેવાનુ કાર્ય જે વાતનુજ છે તે શરીરના કોઇ પણ ભાગમા મળી આવે છે ઉષ્ણતા અને તેજસ્વી પણુ રાખવાનુ કામ પિત્તનુ છે તે પણ શરીરમા દેખાય છે તેમજ શરીરમા સ્નિગ્ધપણુ અને ભિનાશ વિગેરે રાખવાનુ કામ કફનુ છે તે પણ શરીરના સર્વ વિભાગો પર જણાય છે તથાપિ ખાસ વાયુનુ સ્થાન પકવાશય, ત્વચા, અસ્થિ અને કર્ણેંન્દ્રિય, પર છે એમ આર્ય વૈદ્યકનો મત છે

હાલમાં અંગ્રેજી વૈદકના શોધ પ્રમાણે જોતા વાતનુ મુખ્ય સ્થાન મસ્તકમા અને વાસાનાભણકામા મનાય અને આ અવયવોમાથી અનેક વાત વાહિનીઓ ઉત્પન્ન થઇને આખા શરીરમા જ્ઞાનશક્તિ અને ચલન શક્તિ પ્રાપ્ત થાય છે

પિત્ત દોષનુ મુખ્ય સ્થાન નાભિદેશ, આમાશય, (સ્ટમક) રસ, રક્ત, ધાતુ, અને નેત્રો એ છે. એ આર્ય વૈદ્યકમા વર્ણવેલુ છે અને તે પ્રમાણેજ અંગ્રેજી વૈદક પણ માને છે પિત્તનુ મુખ્ય કામ કહીએ તો તે પાચન ક્રિયા અને ઉષ્ણતા રાખવી એજ છે તેમા અન્ન પાચનનુ કામ, આમાશય અને નાભીદેશની નીચે રહેનાર ભાગમા થયા કરે છે અને ઉષ્ણતા, રસ અને રક્ત આ ધાતુને ઠેકાણે ઘણે ભાગે હોય છે આ બાબતમા બન્ને વૈદકમાં વિશેષ મત ભેદ નથી એમ કહેવુ તો ચાલશે

હવે કફના મુખ્ય સ્થાન સબંધી વિચાર કરીયે, આર્ય વૈદ્યકમા ઉર, ગળુ મસ્તક સારી એ કફના મુખ્ય સ્થાનો માનેલા છે. કારણ ત્યા શ્લેશ્મળ પદાર્થોની ઉત્પત્તિ વિશેષ થાય છે અંગ્રેજી વૈદક વિચાર પ્રમાણે તપાસીએ તો એના કફના વિશેષ ઠેકાણે કફની ઉત્પત્તિના સ્થાનો હોય એમ લાગે છે શરીરમા રક્તાદિ ધાતુને આચ્છાદન કરનારી જેવી બાહેરની ત્વચા હોય છે તેવીજ અંદરના ભાગમા પણ એક ત્વચા છે એ ત્વચા બાહેરની ત્વચા કરતા અત્યંત નાજુક પાતળી અને ઢીલી

હોય છે જેને અંગ્રેજીમાં "મ્યુકસમેમ્બ્રેન" કહે છે આ ત્વચા મોઢામા અથવા નાકની અંદર જોવાથી સ્પષ્ટ દેખાય છે

માનસિક કેળવણી

સૃષ્ટિના નિયામકે મનુષ્ય પ્રાણીના શરીરની રચના એવી તો સુંદર રીતે રચી છે કે જેથી તેના નિભાવને માટે મનુષ્યોને પોષક પદાર્થોની જરૂર પડ્યા વગર રહેતી નથી જેમ શારીરિક બળના નિભાવને માટે દુધ, ધૃતાદિ પોષક પદાર્થોની જરૂર પડે છે, તેવીજ રીતે માનસિક બળના નિભાવને માટે પવિત્ર સદુપદેશ રૂપી પોષક પદાર્થની પણ ઘણી જરૂર હોય છે, કેમકે માનસિક બળવગર સસારના કાર્યો સરળતાથી બની શકતા નથી જોઇએ તેવા અને તેટલા પોષક પદાર્થો વગર જેમ શારીરિક બળ ઘટી જઈ, છેવટે શરીર નષ્ટપ્રાય બનેછે, તેમ માનસિક બળ પણ જ્ઞાન વિના નીતિ તથા ધર્મથી રહિત બની છેવટે નાસ્તિકતાને પ્રાપ્ત કરાવે છે માનસિક બળ વધવા ઘટવાનો મુખ્ય આધાર મન ઉપર છે, મનનો ધર્મ સકલ્પ વિકલ્પ કરવાનો હોવાથી તે ચલાયમાન હોય છે. તેમજ સર્વ ઇંદ્રિયોના સ્વામિ હોવાથી પ્રતિકૂળ વાસનાઓ તરફ ખેચાતી ઇંદ્રિયોને નિયમમાં રાખનાર પણ મનજ હોવાથી વિષયો તરફ ખેચાતા ઇંદ્રિયોના ગણોની જેવી અસર થાય તેવુ ફળ મળે છે માટેજ મનને પ્રથમ કાબુમા રાખવાની જરૂર હોવાથી સદુપદેશની અતિ આવશ્યકતા છે કેમકે મનની ચાપલ્યતાને લીધેજ તે વિપત્તિ કે સમૃદ્ધિમા પણ દઢ રહી શકતુ નથી માનસિક બળની વૃદ્ધિ યા ઓછપનુ મુખ્ય કારણ મનની દઢતા અને અદઢતાજ છે. માટે મન સ્થિર કરવાનુ મુખ્ય સાધન બુદ્ધિ છે કેમકે ભગવાને ગીતામા કહ્યુ છે "**मनसस्तुपरा बुद्धि**" મનથી બુદ્ધિ પર છે અર્થાત્ મનને કાબુમા રાખનાર બુદ્ધિ છે માટે તેને નિશ્ચિત કરી તેવડે સારાસારનો વિચાર કરવામાટે માનસિકકેળવણીની અતિ જરૂરછે. માનસિક કેળવણી નિવૃત્તિ પરાયણોને ઝટ પ્રાપ્ત થઇ શ્રેય સાધ્ય નિવડે છે આર્યોના શરીરના સૂક્ષ્મ પરમાણુઓ નિવૃત્તિ પરાયણ હોવાથી તેઓનુ માનસિક બળ અગાધ હોવાનું ઇતિહાસો પરથી સ્પષ્ટ સમજાય છે પરતુ હાલમા આર્ય બાળવો પ્રજાતિના એક-સરખા પ્રવાહમા અતિ વેગથી તણાતાજ હોવાથી તેવા સમયે મનોવૃત્તિને કાબુમા રાખી, ધર્મ તથા નીતિ કે જેનો પરસ્પર નિકટ સબધ છે, તેને અનુસરતુ જીવન ગાળવાનો મુખ્ય આધાર જે મન છે, તેને કેળવવા માટે મનુષ્ય માત્રે સદાચાર, શાસ્ત્ર તથા આચાર્યોના ઉપદેશનુ મનન કરવુ જોઇયે. કેમકે મનની શુદ્ધિ વગર જ્ઞાનની પ્રાપ્તી થતી નથી માટેજ કહ્યું છે કે—

अद्भिर्गात्राणि शुध्यति मनो ज्ञानेन शुध्यति ।

(मनु)

અર્થાત્—જેમ શરીરની બાહ્ય શુદ્ધિ પાણીવડે થાય છે તેમ મનની શુદ્ધિ જ્ઞાનવડે થાય છે, માટે મનની શુદ્ધિ સારૂ માનસિક કેળવણીની અતી જરૂર છે વળીમન એ એવુ સાધન છે કે જેના વિશ થવાથી મનુષ્ય પ્રાણી માનુષ યોનિથી મુકત થઇ મોક્ષપદને પ્રાપ્ત કરે છે, ને મનના અવશ હોવાથી બધન પદને પ્રાપ્ત કરે છે એટલા માટે મનને મનુષ્યના બધન તથા મોક્ષનુ મુખ્ય કારણ દર્શાવ્યુ છે અથીજ કહ્યુ છે કે —

मन एव मनुष्याणां कारण बंधमोक्षयो ॥

(પંચદશી)

અર્થ -મન એજ મનુષ્યના બધન તથા મોક્ષનુ કારણ છે. મન એ સ્વાભાવિક રીતેજ ચચળ તેમજ વિષયવાસનામા આસકત રહી શરીરને ક્ષોભ પમાડનાઇ અતિ વેગવાન હોવાથી. તે નિયમમા રહેવુ જો કે કઠણ લાગે છે ખરૂ, પરતુ ભગવાન પઁડેજ ગીતામા અર્જુનને નિમિત્ત કરી સૃષ્ટિના પ્રાણીમાત્રને બોધે છે કે —

असशय महाबाहो मनो दुर्निग्रह चलम् ।
अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥

અ ૬ શ્લો. ૩૫

અર્થ—હે મહાબાહો ! નક્કી, મન દુર્નિગ્રહ (ઘણી મહેનતથી પકડાય એવુ અને ચળ) છે પણ હે કૌંતેય ! (યોગના) અભ્યાસથી અને વૈરાગ્યથી તે વશમા આવે છે

આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે મનને યોગના અભ્યાસે કરીને વશ કરવાથી તે કદિપણ ચલાયમાન થતુ નથી. મનના સ્થિર થવાની સાથેજ ઇંદ્રિયો શિથિલ થઇ જાય છે તેથી પ્રસન્ન મન વડે બુદ્ધિ સ્વયપ્રકાશમાન એવા પરમાનદ સ્વરૂપમા મનનો લય કરે છે માટે મનને કાબુમા રાખવા માટે મનુષ્યમાત્રે માનસિક કેળવણી પ્રાપ્ત કરવી જોઇયે છે.

શ્રી

શ્રિ ધાતુને क्विप् પ્રત્યય લાગી શ્રી રૂપ થયુ છે " क्विप् वचिप्रच्छ्यायतस्तु कट प्रजु श्रीणां दीर्घात् सम्प्रसारणच " આ વાર્તિક અનુસાર ધાતુને દીર્ઘ

કરતાં "શ્રી" શબ્દ સિદ્ધ થયો છે "શ્રી" શબ્દના અનેક અર્થો થાય છે. આટે પ્રસંગાનુસાર અર્થ કરવા જોઈએ "શ્રી" એટલે પ્રકૃતિ, આદ્યમાયા, પરબ્રહ્મની શકિત, સંપત્તિ, શોભા વગેરે અર્થો થાય છે પરમાત્માની સર્વ શક્તિનો સમુદાય તેને પણ "શ્રી" કહે છે એ શક્તિઓ અનંત છે, તેથી ગણતા પણ ગણી શકાતી નથી તોપણ માયા (પ્રકૃતિ) ના સત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ શાસ્ત્રમા ગણ્યા છે જોકે એ ત્રણે ગુણો જુદા જુદા દેખાય છે તોપણ એ ત્રણેની સામ્યાવસ્થા (સરખાપણા) નેજ પ્રકૃતિ કહે છે અને એજ પ્રકૃતિ દ્વારાપરમાત્મા આ સૃષ્ટિના ચક્રને ગતિ આપે છે આથી શ્રી એ પરમાત્માની પત્ની કહેવાય છે તેથીજ વિષ્ણુ પુરાણમા કહ્યુ છે કે "**प्रिय च देवदेवस्य पत्नी नारायणस्य च**" અર્થાત્ દેવના દેવ જે નારાયણ તેની જે પત્ની તે "શ્રી" વળી વેદમા પણ પરમાત્માની પરાશકિતનેજ શ્રી કહી છે અને તે શકિતની પ્રાર્થનાની ઋચાઓ શ્રીસૂકતને નામે પ્રસિદ્ધ છે એ શ્રીસૂકતની વૈદિક ઋચાઓ શ્રીરૂપની પ્રાર્થનાની છે એ શ્રી નામક પરાશકિત વડેજ પરમાત્મા આ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે જે અનાદિક ષડ્ગુણો પરમાત્મામા પરિપૂર્ણ રીતે વ્યાપેલા છે, તે ષડ્ગુણમા **શ્રી** નામનો એક ગુણ છે શ્રી એટલે સંપત્તિ એની પણ પરાકાષ્ઠા પરમાત્માને વિષે રહેલી છે, એટલુ જ નહિ પણ તે જેને ધારે તેને જોઈએ તેટલી શ્રી (સંપત્તિ) આપે છે, તેથીજ પરમાત્માનુ શ્રી આપનાર નામ પડયુ છે અને ધારે ત્યારે તે તેની પાસેથી હરી પણ લેછે તેથીજ પરમાત્માનુ નામ હરિ એવુ પડયુ છે. શ્રી શબ્દના પર્યાય (સમાન અર્થ વાચક) શબ્દો અમરકોષમા નીચે મુજબ વર્ણવ્યા છે જેમા પણ શ્રીને હરિ (ભગવાન્) ની પ્રિયા કહી છે —

लक्ष्मी पद्मालया पद्मा कमला श्रीर्हरिप्रिया ।
इन्दिरा लोकमाता मा क्षीरोदतनया रमा ॥

અર્થ.—લક્ષ્મી, પદ્માલયા, પદ્મા, કમલા, શ્રી, હરિપ્રિયા, ઇન્દિરા, લોકમાતા, મા, ક્ષીરસાગરની પુત્રી તથા રમા આ ૧૧ અર્થ વાચક શબ્દો લક્ષ્મી શબ્દને બદલે વપરાય છે અને તેમા શ્રી પણ એક લક્ષ્મીનું નામ છે તે પરમાત્માની પરા શકિતનેજ લાગુ પડે છે, તેથી તે શ્રીનાથજી કહેવાય છે પરમાત્માની પરા શકિતની પ્રાર્થના વેદમા શ્રીસૂકતના મંત્રોથી કરવામા આવી છે વળી ભગવાન્ પણ શ્રીને ભગવત્સ્વરૂપતરીકે જણાવે છે તેથીજ ગીતામા પણ કહ્યુ છે કે —

कीर्ति श्रीर्वाक् च नारीणा स्मृतिर्मेधा धृति क्षमा ॥

અર્થ.—નારીઓમા કીર્તિ, શ્રી, વાણી, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા એ

મારૂં જ રૂપ છે. આ પ્રમાણે શ્રીનો અર્થ શોભા એમ થાય છે જેના વડે પદાર્થ શોભે છે, તે તત્ત્વ શ્રીનોજ એક અંશ છે અને તે સ્પષ્ટ કરવા એજ અધ્યાયની સમાપ્તિમાં ભગવાન્ કહે છે કે —

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जित मेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंश संभवम् ॥

અર્થઃ—જે જે સત્ત્વ (પદાર્થ) વિભૂતિ (ઐશ્વર્ય) વાળું, શ્રીવાળું, સૌંદર્યવાળું અથવા ઉત્કર્ષવાળું હોય છે તે તે સર્વ મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયેલું તું જાણ. અર્થાત્ અંશીસ્વરૂપ જે હું શ્રી કૃષ્ણ તેનુંજ ધ્યાન સર્વોત્તમ ભાવથી કર.

આમ હોવાથી જે જે સ્થળે શ્રીનો વિશેષ અંશ દેખાય છે તેને શ્રીપૂર્વક બોલવાને આર્ય ધર્મ શાસ્ત્રમાં જણાવ્યું છે તેથીજ કહ્યું છે કે —

देवं गुरु गुरुस्थानं क्षेत्रं क्षेत्राधिदेवताम् ।
सिद्धं सिद्धाधिकारांश्च श्रीपूर्वं समुदीरयेत् ॥

અર્થઃ—દેવ, ગુરુ, ગુરુના નિવાસનું સ્થાન, ધર્મક્ષેત્ર, તીર્થક્ષેત્રની અધિદેવતા, સિદ્ધ (અણિમા વગેરે આઠ સિદ્ધિમાંની એક પણ જેણે મેળવી હોય તેવો પુરુષ), તથા સ્વર્ગાદિ સિદ્ધિનો અધિકાર જેણે સત્કર્મો કરી મેળવ્યો હોય, તેમના નામોનો ઉચ્ચાર શ્રી પૂર્વક કરવો. આથીજ પ્રાચીન આર્યજનો ઉપર જણાવેલા વિશેષ અંશવાળાને શ્રી પૂર્વક બોલાવતા હતા. ધર્મ શાસ્ત્રમાં ભગવાનના છ ગુણ ગણેલા છે કારણ કે આ સૃષ્ટિનો નિયામક જે છે તેનું નામ ભગવાન્ છે અને ભગવત્ શબ્દનો અર્થ છ ગુણ (શ્રી) યુક્ત એવો થાય છે, કેમકે એ છએ શ્રી એના આશ્રય ધરીને એનામાંજ રહેલી છે જેથી કહ્યું છે કે —

ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रिया ।
ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥

સમગ્ર ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ભગ કહ્યા છે, તે યુક્ત જે વિષ્ણુ તે ભગવાન્ કહેવાય છે.

આથી સ્પષ્ટ સમજાય છે કે ધર્મશાસ્ત્રાધારે મુખ્ય શ્રી છ છે, તેથીજ પ્રાચીન આર્યો કાગળ પત્રોમાં વધતામાં વધતી ૬ શ્રી લખતા હતા. આપણે ઉપર જોઈ ગયા કે વિશેષ અંશવાળાના નામોનો ઉચ્ચાર શ્રી પૂર્વક કરવો, પરંતુ ધર્મ શાસ્ત્રે અધિકાર પરત્વે શ્રી વધતી ઓછી લગાડવા જણાવ્યું છે કારણકે જો તેમ ન કરવામાં આવે તો પછી અધિકારનું ફળ નષ્ટ થઈ જાય. એટલા માટેજ કહ્યું છે કે —

षड्गुरौ स्वामिनः पंच द्वे भृत्ये चतुरोरिपौ ।
श्री शब्दाना त्रयं मित्रे एकैक पुत्र भार्ययो ॥

અર્થ:—ગુરુને છ, સ્વામિ (શેઠ) ને પાચ, શત્રુને ચાર, મિત્રને ત્રણ, ચાકરને બે અને પુત્ર તથા પત્નીને એકેક શ્રી પત્રમા લખવી આમા ગુરુને ૬ શ્રી લગાડવાનુ કહ્યુ છે કદાચ કોઇ શકા કરે કે મુખ્ય છ શ્રી તો ભગવાનનેજ છે તો પછી ગુરૂ ને ભગવાનમા ફેર નહિ ? આનો ખુલાસો એટલોજ કે ભગવદ્ પ્રાપ્તિનુ મુખ્ય સાધન સદ્ગુરૂ છે કારણ કે ગુરૂ વિના જ્ઞાન કે જેનાવડે ભગવત્ પ્રાપ્ત થાય છે તે મળી શકે નહિ. તેથીજ કહ્યુ છે કે " यथा देवे तथा गुरौ " અર્થાત્ સદ્ગુરૂને ભગવાનની સમાન ગણી ભજવા જોઇએ આવુ સ્પષ્ટ હોવા છતા આજ કાલ ઘણા આર્યજનો ગુરૂને ૧૦૮, ૧૦૦૮ કે મરજી મુજબ શ્રીના આકડા લખવા લાગ્યા છે, પરતુ તેનુ વિધાન અદ્યાપિ સુધી કોઈ પણ ગ્રથમા લખાયલુ જણાતુ નથી માટે શ્રીના મરજી મુજબ ઉપયોગ ન કરતા સદ્ ઉપયોગ કરતા શીખવુ એજ આર્યોના વિવેકનુ મૂળ પગથિયુ છે

શ્રી શબ્દનો પૈસો એવો પણ અર્થ તેની અધિષ્ઠાત્રી દેવતાને લીધે થાય છે એથીજ પૈસાવાળાને સાધારણ રીતે શ્રીમત્ કહે છે હવે જેઓ શ્રી (પૈસા) નો યથા યોગ્ય રીતે ઉપયોગ કરે છે તેઓજ ખરેખરા શ્રીમાન્ કહેવાય બાકી જેઓ કૃપણતાને વશ થઇ શ્રીનો યથાર્થ ઉપયોગ કરતા નથી તેઓ નામનાજ શ્રીમાન્ હોય છે તેથીજ કહ્યુ છે કે "न दातु नोपभोक्तुं वा शक्नोति कृपणा श्रियम्" કજુસ, શ્રી (પૈસા) કોઇને આપી શકતો નથી અથવા પોતે તેનો ઉપભોગ પણ કરી શકતો નથી શ્રીમાન્‌ને સસ્કૃતમા શ્રેષ્ટ તરીકે કહ્યો છે પરતુ હાલના શ્રીમતોની શ્રી પ્રત્યેની ચાલચલગતથી કોઇ કવીએ કહ્યુ છે કે —

(દોહરો)

શુદ્ધ સસ્કૃત શ્રેષ્ઠ તે, થયા પ્રાકૃતે શેઠ;
આત્મજ્ઞાન ખસતા, રે મ સારી વેઠ.

અર્થાત્ શુદ્ધ સંસ્કારવાળા શ્રેષ્ઠ યાને શ્રીમાન્ ગણાતા હતા પરતુ અસસ્કૃતે શેઠ અને પુરૂષાર્થ પ્રાપ્તીનુ જે સાધન આત્મજ્ઞાન તેનાથી દૂર રહેવાથી સસારીવેઠીયા જેવા થઇ પડયા છે અને તે દષ્ટિગોચરમાં થાય છે

ગાયન કળામા મુખ્ય રાગ છ પ્રકારના કહેલા છે તેમા પણ શ્રી નામનો એક રાગ છે ગાયન શાસ્ત્રમા રાગ રાગણી ગાવાને ઋતુ, સમય વગેરે દર્શાવેલા છે જો દરેક રાગ તેના નીમેલા સમયપર ગાવામા આવે તો તે રાગથી ઉત્પન્ન થતુ ફળતેના ગાનાર તથા શ્રોત્રીય વર્ગને પ્રાપ્ત થાય છે હાલમા લોકો ગાયન શાસ્ત્રની ખરી ખૂબી ન સમજતા ક્ષુલ્લક તૃપ્તિ અર્થે ગમે તે રાગ ગમે તે ઋતુ તથા સમયમા ગાય છે જેથી રાગની ખુબી નષ્ટ થઇ મનને રજન કરતુ નથી માટે ઋતુ તથા સમયપર ગાવુ જોઇએ શ્રી રાગની ખરી ઋતુ શિશિર છે તેથીજ કહ્યુ છે કે

"श्रीरागो रागिणी युक्तः शिशिरे गीयते बुधैः" અર્થાત્ વિદ્વાનોએ શ્રીરાગ રાગિણી સહિત શિશિર ઋતુમાં ગાવો. આ રાગની ઉત્પત્તિ શ્રીરામજીથી થઈ છે. તેના ગાનથી શ્રી (લક્ષ્મીજી) સહિત પ્રભુ (વિષ્ણુ) પ્રસન્નતાપૂર્વક શ્રોતાપર શાસન કરે છે. આથીજ મહારાષ્ટ્રમાંતો શ્રી વિષ્ણુનું નામ શ્રીરાગશાલી પડ્યું છે.

એ શ્રીરૂપ શક્તિનું પ્રમાણ જે છે તે ઋગ્વેદના આઠમા અષ્ટકના સાતમા અધ્યાયના ૧૧ તથા ૧૨ મા વર્ગમાં શ્રીદેવી પોતે કંઠરવે નીચે મુજબ કહે છે—

अहं रुद्रेभिर्वसुभिश्चराम्यहमादित्यैरुत विश्वदेवैः ।
अहं मित्रावरुणोभा बिभर्म्यहमिन्द्राग्नी अहमश्विनोभा ॥
अहं सोममाहनसं बिभर्म्यहं त्वष्टारमुत पूषणं भगम् ।
अहं दधामि द्रविणं हविष्मते सुप्राव्ये यजमानाय सुन्वते ॥
अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम् ।
तां मा देवा व्यदधुः पुरुत्रा भूरिस्थात्रां भूर्यावेशयन्तीम् ॥
मया सो अन्नमत्ति यो विपश्यति यः प्राणिति य ईं शृणोत्युक्तम् ।
अमन्तवो मान्त उपक्षियन्ति श्रुधि श्रुत श्रद्धिवं ते वदामि ॥
अहमेव स्वयमिदं वदामि जुष्टं देवेभिरुत मानुषेभिः ।
यं कामये तं तमुग्रं कृणोमि तं ब्रह्माणं तमृषिं तं सुमेधाम् ॥
अहं रुद्राय धनुरातनोमि ब्रह्मद्विषे शरवे हन्तवा उ ।
अहं जनाय समदं कृणोम्यहं द्यावापृथिवी आविवेश ॥
अहं सुवे पितरमस्य मूर्धन्मम योनिरप्स्वन्तः समुद्रे ।
ततो वितिष्ठे भुवनानु विश्वोतामूं द्यां वर्ष्मणोपस्पृशामि ॥

અર્થ—રુદ્રો, વસુઓ, આદિત્યો, વિશ્વેદેવ, મિત્રાવરુણ, અશ્વિનીકુમારો એ સર્વને હુંજ ધારણ કરૂં છું. ઈન્દ્રાગ્નિ સોમ ત્વષ્ટા, પૂષા અને ભગને હુંજ ધારણ કરૂં છું, તેમજ ઉત્તમ હવિ આપનાર અને સોમયજ્ઞ કરનાર યજમાનને ધન આપનારી હુંજ છું. સર્વ જગતની ઈશ્વરી, સર્વ પ્રકારનું ધન દેનારી, પરબ્રહ્મને સાક્ષાત્ જાણનારી હુંજ છું, માટે સર્વ યજ્ઞોમાંની પ્રથમ ઉપાસના કરવાની પૂર્ણ હુંજ છું. જીવો જે તે પદાર્થોમાં આવેશ કરૂં છું. જે કોઈ અન્ન ખાય છે, તે ભોક્તાની શક્તિ રૂપે હુંજ આપું છું. જે કોઈ જુએ છે, જે શ્વાસ ઉચ્છ્વાસ લે છે, તે પણ મારી શક્તિ વડે કરી શકે છે. એવી શક્તિમાં અંતર્યામી રૂપે રહેલી એવી મને જેઓ જાણતા નથી, તે સંસારમાં ક્ષીણ થાય છે. હે મિત્ર!

હુ ઇંદ્રાદિક દેવતાઓ અને મનુષ્યોએ સેવન કરેલી વસ્તુ રૂપ છુ જે કોઈ ઉગ્ર (ગિત્ર) થવા ઇચ્છે, તેને હુ ઉગ્ર કરીશ જે કોઈ બ્રહ્મા થવા ઇચ્છે છે તેને બ્રહ્મદેવ કરીશ, જે કોઈ અતીન્દ્રિય જ્ઞાનને ઇચ્છે, તેને તેવો ઉત્તમ બુદ્ધિમાન હુ કરીશ

; હિંસા કરનાર બ્રહ્મદ્વેષીને મારવા માટે સિદ્ધ ધનુષ્ય મે શિવજીને આપ્યુ હુજ મનુષ્યને મદોન્મત્ત કરીને લડાવુ છુ હુજ દ્યાવા પૃથ્વીમા અતર્યામી રૂપે પેઠેલી છુ મેજ બાપને ઉત્પન્ન કર્યો, જેની અદર સર્વ જગત્ રહ્યુ છે, એવા સાગ કારણરૂપ સમુદ્ર નામક પરમાત્મા છે હુજ સર્વ ભુવનોને વ્યાપી રહેલી છુ. આકાશ અને પૃથ્વી એને પણ કારણ રૂપે વ્યાપી રહેની હુજ છુ.

આવી જે શ્રીરૂપ શક્તિ તેનુ સ્તવન દરેક આર્યજને કરવુ જોઇએ

શ્રી વલ્લભ વચનામૃત.

(૨) પ્રમેય શુ ?

માનાધીનામેયસિદ્ધિ પ્રમાણને અધીન પ્રમેયની સિદ્ધિ હોય છે શ્રીમદ્ વલ્લભાચાર્યજી કયા કયા ગ્રથોને પ્રમાણ ગણે છે, એ વાત સાતમા અકમા (પૃષ્ઠ ૧૦૬) જણાવી છે મુખ્ય પ્રમાણ ત્રણ છે ૧ પ્રત્યક્ષ, ૨ અનુમાન અને ૩ શાબ્દ. પ્રત્યક્ષ પ્રમાણથી ઇંદ્રિયગોચર જે પચમહાભૂતો તથા તેના કાર્યોનુ અર્થાત્ સ્થૂલ દેહનુ જ્ઞાન થાય છે અનુમાન પ્રમાણને પણ પ્રત્યક્ષનો આધાર સેવો પડે છે અને તે વડે અધ્યાત્મ અર્થાત્ સૂક્ષ્મ અથવા લિંગ દેહનુ જ્ઞાન થાયછે અને જે કારણ દેહ અથવા પચપ્રાણનુ જ્ઞાન શબ્દ પ્રમાણથી થાય છે પરતુ એ ત્રણે પ્રકારના દેહથી અલગ જે દેહી (જીવાત્મા) છે, તેનુ જ્ઞાન આ લૌકિક પ્રમાણથી થતુ નથી. તે જાણવા માટેજ અલૌકિક પ્રમાણ એટલે શ્રીભગવત્પ્રોક્ત શાસ્ત્રો તેજ મુખ્ય સાધન છે તેવા ચાર શાસ્ત્રો મુખ્યતાથી શ્રીવલ્લભાચાર્યજી પ્રમાણ ગણે છે તથા બીજા જે તેને અનુકૂળ હોય, તે પ્રમાણમા માને છે. પ્રતિકૂલ બીલકુલ પ્રમાણ નહિ.

એ પ્રમાણ વડે જાણવાનો પદાર્થ તેને **પ્રમેય** કહે છે એ પ્રમાણ વડે જાણનારો જે જીવ તેને **પ્રમાતા** કહે છે એ રીતે જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાન એ ત્રિપુટી બને છે શ્રીમદ્વલ્લભાચાર્યજી **પ્રમેય** શ્રીકૃષ્ણ પરમાત્માનેજ કહે છે તે પરમાત્મસ્વરૂપનુ જ્ઞાન પ્રમાણ વગર પ્રમાતાને થઇ શકતુ નથી આ પ્રમાતાને બદલે શાસ્ત્રમા આત્મા શબ્દ વાપર્યો છે આ આત્મા શબ્દ જ્યાં જ્યા વેદાદિ શાસ્ત્રોમા વપરાયો છે, તેનો જુદા જુદા લેખકોમાથી કોઈ તો મન, કોઇ તો જીવ, કોઈ અતર્યામી અને ...મા એવો કરે છે આમ કરવાથી એકજ શાસ્ત્રના વચન વડે જુદા

જુદા સિધ્ધાંતો દૃગ્ગોચર થાય છે જુદા જુદા આચાર્યોને દેશ, કાળ અને પાત્રના વિચાર પૂર્વક એકજ પરમાત્મા (શ્રીકૃષ્ણ પ્રમેય) તરફ પ્રાણીઓનુ લક્ષ ખેંચવા માટે જુદી જુદી રીતે શાસ્ત્રની રચના કરવી પડી છે, પરંતુ તે સર્વ આચાર્યોના કહેવાનો ભાવાર્થ તપાસીએ તો જીવની ઉન્નતિ કરવાનો માર્ગ જે ભગવદ્ ભક્તિ તેજ દર્શાવવાનો છે, અને જુદા જુદા શબ્દો અને તેના જુદા જુદા અર્થો ગોઠવી એટલે ભાષાભેદ કરી એકની એકજ વાત પ્રતિપાદન કરી છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી સર્વથી છેલ્લા થએલા હોવાથી, તેમણે એ બધી વ્યવસ્થા જોઇ, તથા આધુનિક અલ્પજ્ઞ અને અલ્પ શક્તિમાન્ પ્રાણીઓનો જેથી ઉધ્ધાર થાય એવી સરળ પરિભાષાથી એજ વૈદિક બ્રહ્મવાદ સમજાવી, ભગવત્સેવા અને કથા એજ આ કાળના આર્યજીવોની ઉન્નતિનો ઉપાય પ્રકટ કર્યો છે એવી સેવા અને કથા વડે જે પ્રભુની કૃપા સંપાદન કરવી, તેનેજ પુષ્ટિ-ભક્તિ-માર્ગ કહે છે

પ્રમેય જે શ્રીકૃષ્ણ તેમનુ સ્વરૂપ શ્રીમદ્ વલ્લભાચાર્યજી કેવુ સમજાવે છે, તે તેમના " તત્ત્વદીપ " નિબંધ ગ્રંથનુ મંગળાચરણ વાચતાંજ ધ્યાનમાં આવે તેમ છે. તે આ રીતે.—

नमो भगवते तस्मै कृष्णायाद्भुतकर्मणे ।
रूपनामविभेदेन जगत्क्रीडति यो यतः ॥ १ ॥

અર્થ —તત્ (તે લોક વેદમાં પ્રસિદ્ધ) કૃષ્ણ અદ્ભુતકર્મા ભગવાનને પ્રણામ છે. જે (શ્રીકૃષ્ણ) રૂપ, નામ વિભેદથી ક્રીડા કરે છે, જે રૂપ નામના વિભેદથી જગત્રૂપ થયા છે અને રૂપ નામના વિભેદથી જેથી જગત્ થયુ છે

આથી માલમ પડશે કે આ અખિલ વિશ્વમાં રુપ અને નામથીજ બધોભેદ થયો છે અને તે પરમાત્માએ પડે, પોતાની ઇચ્છાથીજ, પોતાના આત્મામાથી પ્રકટ કર્યાં છે. તેવા પરમાત્માને તદ્રૂપ સમજી તેના નામનુ સદોદિત સ્મરણ કરવુ, તેમનુ સ્વરૂપ જાણવુ, પોતાનુ સ્વરુપ જાણવુ અને તેમની નિરંતર જ્ઞાનપૂર્વક ભક્તિ કરવી, એ ભક્તિ વડે જે પરમાત્મા નિર્મળ અંતઃકરણમાં આપોઆપ પ્રકટ થાય અને તે એકજ સ્વરૂપમા સર્વનુ દર્શન થાય એ પ્રમેયસિદ્ધિનુ પ્રથમ પગથિયુ, સર્વમાં સર્વનુ દર્શન થાય એ પ્રમેય સિદ્ધિનું બીજું પગથિયુ અને પોતાથી અલગ બીજુ કંઇ ન જણાય પણ પોતામાં સર્વ અને સર્વમાં પોતાનુ દર્શન અભેદ ભાવથી થવુ એ પ્રમેય સિદ્ધિનુ ત્રીજુ પગથિયુ છે.

સામાન્ય ધર્મનાં દશ લક્ષણો.

૪ અસ્તેય.

स्तेन શબ્દને ભાવાર્થ **स्तेनाद्यन्नलोपश्च** ૫ ૧, ૧૨૫ એ સૂત્રથી યત્ પ્રત્યય લાગતા નનોલોપ થઇ સ્તેય શબ્દ થયો છે. સ્તેય એટલે ચોરી અને અસ્તેય એટલે અચોરી અર્થાત્ ચોરી ન કરવી તે પણ એક સામાન્ય ધર્મ છે સ્તેય એ અધર્મ છે, તેનું લક્ષણ શાસ્ત્રમા નીચે મુજબ કહ્યુ છે.—

प्रत्यक्षं वा परोक्षं वा रात्रौ वा यदि वा दिवा ।
यत्परद्रव्यहरणं स्तेयं तत्परिकीर्तितम् ॥

(પ્રાયશ્ચિત્ત વિવેક)

પ્રત્યક્ષ અથવા અપરોક્ષ, રાત્રે અથવા દિવસે જે પારકી વસ્તુનુ હરણ કરવુ તેને સ્તેય (ચોરી) કહે છે એ ચોરીરૂપ અધર્માચરણના પરિણામમા મુઆ પછી પ્રાણીને નરક પ્રાપ્તિ થાય છે,—

तृणं वा यदि वा शाकं मृदं वा जलमेव वा ।
परस्यापहरन् जन्तुर्नरकं प्रतिपद्यते ॥ (व्यास)

ઘાસ, અથવા શાક, માટી કે જલ પણ જે બીજાનુ (તેની રજા વગર) જે હરણ કરે, તે જીવને નરકપ્રાપ્તિ થાય છે.

આ રીતે જે સામાન્ય વસ્તુઓ છે અને જેની કંઈ ઘણી કીમત થતી નથી, એવી ચીજની ચોરી જ્યારે પરલોકમા નરક પ્રાપ્તિનું કારણ થાય છે, ત્યારે જેઓ એથી પણ વધારે કીમતી વસ્તુઓની નિત્ય ચોરી કરતા બીહીતા નથી, તેઓની કેવી ગતિ હશે ! તે હરિજાણે વળી આ લોકમા પણ જ્યારે ચોર પકડાય છે ત્યારે તેને રાજા તરફથી શિક્ષા (દંડ) થાય છે, તેને જેલખાનુ તથા ચાબખાનો માર તો પ્રત્યક્ષ મળે છે વળી તેમા સ્થાનની પવિત્રતા અનુસાર પાપકર્મનુ ફળ વધતુ ઓછુ પણ મળે છે ત્યારે જે મંદમતિ લોક દેવમંદિર કે ભગવત્ કથા કીર્તનના તીર્થસ્થાન જેવા પવિત્ર સ્થળે આવીને નિત્ય જોડા (પગરખા) કે છત્રીઓની બેધડક ચોરી કરે છે, તેના પાપી પુરુષોની કેવી દુર્ગતિ થશે, તેનો વિચાર તેણે પોતેજ પોતાના મનથી કરી લેવો

વળી દરેક પાપ કે પુણ્યના મુખ્ય સાધન કાયા, વાચા, મન અને સંસર્ગ એ ચાર હોય છે તે રીતે ઉપર કહી તે કાયિક ચોરી છે કોઇ વચન કે કાવતા બીજાની કરેલી (રચેલી) હોય, તે જેમની તેમ મોઢે કરી તે લખીને પોતાના નામથી બહાર મૂકવી એ વાચિક ચોરી છે વળી કોઇના ખીસામા કે પેટી પટારામાં કાગળની (કરન્સી નોટો) શાહજોગી દર્શની હુંડીઓ અથવા બીજા કાગળો હોય, તેમાથી કોઇપણ કાગળ નોટ સમજીને કાઢી લઇએ અને પછી તે નકામો કાગળ

હોય, તો પણ તે કાઢી લેનારે માનસિક ચોરી કરી કહેવાય. તેમજ જે ચોર છે, તેને ચોરીના કામમા કોઇ પણ પ્રકારે મદદ કરવી અથવા ચોરીનો માલ છૂપાવવામા સહાયતા કરવી એ સાસર્ગિક ચોરી કહેવાય આ ચારે પ્રકારની ચોરી ન કરવી, એમ ધર્મશાસ્ત્ર સામાન્ય ધર્મમા મનુષ્ય માત્રને આજ્ઞા કરે છે

આ અખિલ વિશ્વના ખરા માલિક એક પરમાત્મા શ્રીપુરૂષોત્તમ છે, એ વાત વેદથી આરભી આજ પર્યંત થએલા સર્વ ધર્મ ગ્રથકારોને માન્ય છે, યજુર્વેદનો ૪૦ મો (છેલ્લો) અધ્યાય તેમા કહે છે કે —

ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुंजीथा मागृधः कस्यचिद्धनम् ॥

આ સર્વ પૃથ્વી તળમા દેખાતુ તથા સભળાતુ જે કઈ જગત્ છે, તેમાં ઇશ્વર વ્યાપી રહ્યો છે અર્થાત્ તે અખિલ જગતનો માલિક છે, માટે તે જગત્ માથી કોઇપણ ચીજ તેની રજાવગર પ્રાણીએ લેવી ન જોઇએ, તેટલા માટે ધર્મ શાસ્ત્રમા તે રજા લેવાના બે પ્રકારો બતાવ્યા છે એક નિવેદન અને બીજો ભોગ તે કારણથી પોતાના ઇષ્ટિરૂપ પરમાત્માની પ્રતિમાની આગળ પોતાનો જે ભોગ્ય પદાર્થ હોય, તેનુ પ્રથમ નૈવેદ્ય અથવા ભોગ સમર્પીને પછી તેનો ઉપભોગ લેવો અને કોઇપણ ચીજ નિવેદન કર્યા વગર ગ્રહણ કરવી નહિ એમ આજ્ઞા છે. એટલા માટેજ ભગવાન્ શ્રીકૃષ્ણ પરમાત્મા ગીતામા સ્પષ્ટ ચોરીનુ લક્ષણ કહે છે કે, —

इष्टान् भोगान् हि वो वा दास्यन्ते यज्ञभाविता ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुक्ते स्तेन एव स. ॥

અ ૩ શ્લો ૧૨

યજ્ઞ (વર્ણાશ્રમ ધર્મ) થી પ્રસન્ન થએલ દેવ, તે તે પ્રાણીને ઇચ્છિત ભોગો નક્કી આપે છે, તેમણે આપેલા ભોગોને, તે તે દેવને અથવા તો દેવના દેવ પરમાત્માને આપ્યાવિના, જે ભોગવે છે, તે ચોરજ છે માટે જેઓ ખરા વિવેકી છે, તે તો પોતાને માટે કોઇપણ સત્કર્મ પણ કરતા નથી, પરતુ જે કરે છે તે સત્કર્મો પણ ભગવત્ પ્રીત્યર્થે કરે છે કેમકે પોતાને માટે કરવાથી પણ પાપ ભાગી થવાય છે તેથીજ ગીતામા ભગવાન્ પંડે કથે છે કે.—

यज्ञशिष्टाशिन सतो मुच्यते सर्वकिल्बिषै ॥
भुंजते ते त्वघ पापा ये पचत्यात्मकारणात् ॥ १ ॥

અ. ૩ શ્લો ૧૩

યજ્ઞથી બચેલા (પ્રસાદી અન્ન) નો ભોગ કરનાર સત્પુરૂષો સઘળા પાપોથી છૂટે છે જેઓ પોતાને માટેજ (અન્ન) રાંધે છે, તે પાપીઓ પાપનેજ ભોગવે છે. એટલા માટે શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ભગવદાજ્ઞા મુજબ સર્વ પાપથી છૂટવા માટે બ્રહ્મસબંધનો પ્રકાર " સિધ્ધાંત રહસ્ય " માં દર્શાવ્યો છે —

ब्रह्मसंबंधकरणात्सर्वेषां देहजीवयो ।
सर्वदोषनिवृत्तिर्हि दोषा पंचविधा. स्मृता ।
सहजा देशकालोत्या लोकवेदनिरूपिता ।
संयोगजा' स्पर्शजाश्च न मतव्या कथंचन ॥

બ્રહ્મસબંધ કરવાથી સર્વ (પ્રાણી) ના દેહ અને જીવના બધા દોષોની નક્કી નિવૃત્તિ થાય છે તે દોષો પાંચ પ્રકારના કહ્યા છે લોક (ધર્મશાસ્ત્રો–સ્મૃતિયો) અને વેદ (શ્રુતિ) માં નિરૂપણ કરેલા (૧) સહજ (જન્મતાંજ વળગેલા), (૨) દેશોત્થ (અપવિત્ર દેશને લીધે લાગેલા), (૩) કાલોત્થ (અપવિત્ર કાલથી વળગેલા) (૪) સંયોગના (અપવિત્રના સંયોગથી થએલા) અને (૫) સ્પર્શના (અપવિત્ર પદાર્થને અડકવાથી લાગેલા) એ પાંચે પ્રકારના દોષો બ્રહ્મ સબંધ એટલે ભગવાનને નિવેદન કર્યા પછી નહિ ગણવા

આ શ્લોકનુ તાત્પર્ય તે તે પદાર્થ અને પ્રાણીઓમાં **સેવાની** યોગ્યતા આણવા માટે છે, તથા પ્રાણી અને પદાર્થ અંતર્ગત રહેલા પાંચ પ્રકારના અજ્ઞાત દોષ જે કે બ્રહ્મ (સર્વજ્ઞ હોવાથી) જાણે છે, તેને નિવેદન કરવાથી દૂર થાય છે જે જાણી જોઈને દોષો કર્યા હોય કે થયા હોય, તેની શુદ્ધિ તો ધર્મશાસ્ત્ર પ્રમાણેજ થવી જોઈએ, તેટલુ પણ નહિ સમજનારા કેટલાક મનસ્વી લેખકો જાણી જોઈને કરેલા પાપોની નિવૃત્તિ પણ " બ્રહ્મ સબંધથી " થાય છે એમ બતાવવાનો જાણી જોઈને પ્રયત્ન કરે છે, એ અનર્થ જનક છે કેમકે આગળપાછળનો સબંધ તપાસ્યા વગર ગ્રંથકારનો અભિપ્રાય જાણી જોઈને ઉલટાવી લોકોને અધર્મને રસ્તે દોરવા એ પણ એક જાતની વાચનિક ચોરી કહેવાય છે, અને તેવી ચોરી વિદ્વાનોજ કરે છે તે કારણથી કોઈ કવિ કહે છે કે —

साक्षरा विपरीता राक्षसा भवन्ति ।

આમાં જે **साक्षरा** શબ્દ છે તેને ઉલટી રીતે વાંચતાં **राक्षसा** વંચાય છે એટલુંજ નહિ પણ સાક્ષરો શાસ્ત્રના અર્થ ઉલટા કરે ત્યારે રાક્ષસો જેવું કામ કરનારા ગણાય છે માટે કોઈપણ શબ્દ વા વાક્યના અર્થનો અનર્થ કરી લોકોને અવળે માર્ગે દોરવાની આડકત્રી પ્રેરણી કરવી, એ એક જાતનું કપટ છે અને જેમાં કપટ હોય તે સાસર્ગિક સ્તેયજ ગણાય

" सत्कुलोद्भवः, पूज्य, श्रेष्ठ, सुहृदि, इत्यमरः । संगत -इत्यजयः । मान्य, उदारचरित, शान्तचित्तः, न्यायपथावलम्बी, प्रकृताचारशीलः सतत-कर्तव्यकर्मानुष्ठता इत्यादि

અર્થાત્—સત્ (શ્રેષ્ઠ) કુલમા ઉત્પન્ન થવુ, પોતાને વિષે અન્યને પૂજ્ય ભાવ ઉત્પન્ન થાય એવુ આચરણ, શ્રેષ્ઠ, સારૂં (કોમળ) હૃદયવાળો.

માનનીય થઇ પડવુ, ઉદાર ચરિત, શાન્તવૃત્તિવાળો, ન્યાય માર્ગને અનુસરીને વર્તનારો, પ્રાકૃતાચાર (સ્વધર્માચરણ) સુજ્ઞ વર્તનાર, શીલવાન, સત્કર્મ કરવામા તત્પર ઇત્યાદિ ગુણ જેનામા હોય તેજ આર્ય હોઇ શકે છે પરતુ હાલમા દરેકજણ પોતાને આર્ય તરીકે ઓળખાવવાને તત્પર થએલા આપણી દ્રષ્ટિએ પડે છે, જોકે તેઓમા ઉપર જણાવેલા ગુણ અને લક્ષણની ખામી હોવા છતા પણ આર્યાવર્તમા આર્ય (બ્રાહ્મણાદિ) માતપિતાને પેટે જન્મ લીધેલો હોવાથી નામમાત્ર તો આર્ય કહી શકાય, પરતુ ખરો આર્ય તો એજ કહેવાય કે અયોગ્ય સમયે અયોગ્યસ્થાને અકર્તવ્ય કર્મથી પોતાને બચાવી, યોગ્યાયોગ્યનો વિચાર કરી કર્તવ્યકર્મ કરે હાલમા કેટલાક વિદ્વાનો વિદ્વાના બળથીજ ને શ્રેષ્ટો (શ્રીમાનો) શ્રી (લક્ષ્મી) વડેજ પોતાને આર્ય તરીકે ઓળખાવે છે પરંતુ કેવળ વિદ્યા કે ધનથીજ આર્યત્વ આવતુ નથી. ખરો આર્ય કોણ કહેવાય તે વિષે મહાભારત ઉદ્યોગ પર્વમા જણાવ્યું છે કે—

" वृत्तेन हि भवत्यार्यो न धनेन न विद्यया "

અર્થાત્ મનુષ્ય શ્રેષ્ઠ આચરણ વડેજ આર્ય થઇ શકે છે, પણ ધન અથવા વિદ્યાએ કરીને આર્ય થઇ શકાતો નથી આ ઉપરથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે શ્રેષ્ઠકુલમાં ઉત્પન્ન થઇ જે મનુષ્ય સદાચારથી ધર્મશાસ્ત્રમાં સ્વકર્તવ્ય કર્મો કહેલા છે તેનુ આચરણ કરે તેજ પુરૂષ આર્ય કહેવાય, બાકી તો નામનોજ આર્ય હોઇ શકે, માટે દરેક મનુષ્યની ફરજ છે કે સ્વકર્તવ્ય કર્મ (સદાચરણ) કરી આર્યની ખરી સંજ્ઞા પ્રાપ્ત કરવા તત્પર થવુ.

હાલ આર્યોની તેમનુ આચરણ બદલાવાથી પડતી થઇ છે, પરતુ તે પડતીમાથી પાછી ઉન્નતિ કરવામાટે, પણ તેમણે આર્યનુંજ આચરણ સ્વીકારવુ જોઇએ, અનાર્યના આચરણનુ જેઓ ઉન્નતિની ઇચ્છાથી અનુકરણ કરે છે, તેઓ મોટી ભૂલ કરે છે કવિ નર્મદાશંકર જેવા અનુભવી એ પણ કહ્યુ છે કે આ આર્યાવર્તની ઉન્નતિ આર્યધર્માચરણથીજ થશે. આ કવિપણ પોતાની યુવાન અવસ્થામા એમ માનતા હતા, કે જેવી રીતે અનાર્યોની ઉન્નતિ થઇ, તેવીજરીતે આપણી પણ તેમની નકલ કરવાથી થશે, પણ તે ભૂલ તેમને જ્યારે માલમ પડી

સારે સંસ્કૃત કબૂલ કરી, પોતાના "ધર્મવિચાર" જાહેર મૂકયા છે અને તેમનાથી પૂર્વના કવિઓએ તો સ્પષ્ટ કહ્યુંજ છે કે :—

पातेन कन्दुक इवार्यस्यार्य पतन्नपि ।
तथा त्वनार्यः पतति मृत्पिण्डपतनं यथा ॥

અર્થ—આર્યનુ જે પતન છે, તે (રબરના) દડાના જેવુ છે. અર્થાત્ આર્ય જો પોતાનો સ્વભાવ ન છોડે, તો દડાની માફક તરતજ ઉન્નત બને છે પણ અનાર્યનું જે પતન છે તે માટીના ગોળા જેવુ હોવાથી પડતીમાં નષ્ટ થાય છે તેમ અનાર્યત્વ ગ્રહણ કરનારની ઉન્નતિ થતી નથી, માટે આર્યોએ વિપત્તિમા પણ નિરુત્સાહી થઇ અનાર્યત્વનો સ્વીકાર કદીપણ કરવો નહિ

રક્ષા બંધન.

રક્ષા બંધનનુ બીજુ નામ બળેવ છે દાનવોની ઇદ્ર બલિ રાજાનુ બંધન કરવા માટે ઇદ્રાણીએ ઇદ્રને શ્રાવણી પૂર્ણિમા ને દિને રક્ષા બાંધી હતી, તેથી રક્ષા બંધનની ક્રિયા શ્રાવણની પૂર્ણિમાને દિવસે આર્યો તરફથી કરવામા આવે છે ખરું જોતાં આ રક્ષા બંધનની ક્રિયા દાનવ, માનવ, પિતૃ અને દેવતાને જગતના નિયામક પરમાત્મા વિષ્ણુએ કર્તવ્યકર્મ તરીકે સોંપેલી છે, તેથી દાનવો રક્ષા બાંધી જ્ઞાનનુ રક્ષણ કરતા, પિતૃઓ રક્ષા બાંધી વશજોની રક્ષા કરતા અને દેવતાઓ રક્ષા બાંધી જગતનુ રક્ષણ કરતા આ રીતે જગતનુ પાલન, પોષણ અને રક્ષણનુ જે કાર્ય પરમાત્મા વિષ્ણુએ સ્વીકાર્યું છે, તેજ કાર્યનો એક અશ પોતાના અશરૂપ જીવોને વિભાગ કરી પરમાત્માએ કર્તવ્યકર્મ તરીકે સોંપેલા છે. તે સ્વકર્ત્તવ્ય (સ્વધર્મ) નું રક્ષણ કરવુ જોઇયે કે જેથી તે ધર્મ આપણુ સર્વથા અને સર્વદા સરક્ષણ કરે. હાલમાં જે રક્ષા હાથે બાંધવામા આવે છે તેનો અધિકાર બ્હેનનો છે એનો મૂળ શબ્દ 'रक्षिका' છે અને તેપરથીજ પ્રાકૃતમા 'રાખી' કે 'રાખડી' શબ્દ થયો છે. જેનો અર્થ રક્ષણ કરનારી એવો સ્પષ્ટ થાય છે જેમ યજ્ઞોપવિતનુ સૂત્ર પરમાત્મા પ્રત્યેની સધ્યોપાસનાદિક ક્રિયાઓ કરવાની મનુષ્યોની ફરજ સૂચવેછે, તેમ આ "रक्षिका" રક્ષા બાંધનારી સ્ત્રીનું રક્ષણ કરવાનું સ્વાભાવિક મત હોય એમ પુરુષોને સૂચવે છે પ્રાચીન આર્યો કેવા ધર્માનુસાર ચાલનારા હતા તેની આ એક સાબેતી જણાય છે, કેમકે રક્ષા બાંધનારી સ્ત્રીનુ રક્ષણ કરવુ એ એક ખાસ ફરજ તરીકે તેઓ માનતા અને પાળતા હતા તેનાં અનેક દૃષ્ટાંતો ઇતિહાસમા મોજુદ છે પરંતુ સ્વ પ્રત્યેની શ્રદ્ધાના ઘટવાની સાથે પર પ્રત્યેનીશ્રદ્ધા વધવાથી આર્યોની દશા દિનપરદિન સુધરવાને બદલે ઉલટી બગડવાથી તેઓ હાલમા આ "रक्षिका" ધર્મપણ બરાબર બજાવી શકતા નથી, કેમકે આનું મૂળ કારણજ સ્વકર્તવ્યના રહસ્યથી અજ્ઞાત

રહેવાનુંજ છે. જ્યાં સ્વ શબ્દનું પણ અભિમાન નષ્ટ થયેલું હોય ત્યાં સ્વકર્ત્તવ્યની આશા આકાશ પુષ્પ સમાન ગણાય. "રક્ષિકા" નુ ખરૂં રહસ્ય ન સમજનારા હાલના આર્યો એ દિવસે અર્થો કે આખો રૂપીઓ યા તો એકાદી નાનામાનાની ચલણી નોટ આપવામા "રક્ષિકા" પ્રત્યેનુ સ્વકર્ત્તવ્ય પરિપૂર્ણ થયેલુ માની લેછે એ અતિ શોકજનક છે, કેમકે હાલના સમયે રક્ષક શબ્દના અભાવે કરીને આર્યોમાં ધરના ભક્ષકનો ભાવ અતિ વધેલો દૃષ્ટિગોચર થાય છે જ્યા મૂળનો અભાવ હોય ત્યા તેના ખરા રહસ્યની શી આશા? માટે આર્ય પુરૂષોનુ ખરૂ કર્ત્તવ્ય એજ છે કે સ્વ શબ્દનું અભિમાન રાખી સ્વધર્મ પરાયણ થઈ સ્વકર્ત્તવ્ય કર્મ કરવા તત્પર થવુ જોઈયે કે જેથી શ્રેય સાધવામા કોઈપણ રીતે બાધ આવે નહિ. રક્ષકની કીંમત લક્ષ્મીથી ન કરતા, તેનેવિષે પ્રેમ બાધવો જોઈએ. અને એજ ખરૂ રહસ્ય છે,

---

સૂકિતસુધા.

(વસંત તિલકા.)

વિદ્યા વિનોદ વિભુવલ્લભતા વધારો,
વેશ્યા વિલાસ વિખવાદ વૃથા વિસારો;
વેગે વળી વિફળ વેર વિકાર વારો,
મીર વ્રતે વિનયથી વધવા વિચારો

(પંડિત શ્રીગટ્ટૂલાલજી વિરચિત.)

અર્થાત્—આ સૃષ્ટિમા મનમાનતુ માન મેળવવા,મોટી મોજ માણવા અને માણસ પણાની અમુલ્ય મજા ભોગવવા મનુષ્યે વિદ્યા તથા વિભુવલ્લભતા (ભક્તિ) નો વધારો દિનપરદિન કરતા જવાની અતિ આવશ્યકતા છે તેથી વિદ્યા સબધી વિનોદ સદા વધારવા મથન કરવુ જોઈએ વિદ્યા એ પરમ લાભનુ કારણ, મોહ મારણનુ વારણ અને અતિ હારણથી તારણ કરવાનુ એક અમુલ્ય સાધન છે વિભુવલ્લભતા અર્થાત્ ઈશ્વિરપ્રિયપણું, ઈશ્વરની ભક્તિમા લીન થવુ, એ આ મનુષ્ય દેહથીજ થઈ શકે છે, અને આ મનુષ્ય દેહ સર્વ શરીરોથી ઉત્તમ સકલ અકલનુ ગેહ છે આ ગેહ અર્થાત્ મનુષ્યદેહ ધારણ કરવાનુ ખરૂ કર્તવ્ય સર્વના ભરણ પોષણ કરણ દોષ હરણ પરમાત્માના ચરણને શરણ થવામાજ સમાયલુ છે વિદ્યાથી મનુષ્યપ્રાણી જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે તેથીજ કહ્યુ છે કે "**વિદ્યાવિહિન પશુ**" અર્થાત્ વિદ્યા વગરના મનુષ્યને પશુ સમાન જાણવા અને સાધારણ રીતે જગતમા પણ વિદ્યા વગરના મનુષ્યો સાથે અન્ય લોકો તેને પશુસમાન ગણી વર્તતા આપણે વારવાર સાભળીએ તેમજ દેખીએ પણ છઈએ. માટે વિદ્યા એજ મનુષ્યને

પરમ સુખ મેળવવાનુ ખરૂ સાધન છે. જ્ઞાનથી પરમાત્માના ચરણની પ્રાપ્તિ થઇ શકે છે માટે વિદ્યા તથા વિબુધવલ્લભતામા ,ચકચૂર થઈ તેમા દિનપ્રતિ દિન વધારો કરતા રહેવુ એજ આ મનુષ્યદેહ ધારણ કર્યાનું ખરૂ કર્ત્તવ્ય કહેલુ છે માટે, આર્યોએ પોતાની ઉન્નતિમાટે વિદ્યા તથા વિબુધવલ્લભતાનો વિનોદ વધારતા રહેવુ વેશ્યાનો સ્નેહ ઘણુ કરીને દ્રવ્યસાથેજ હોય છે અને તેનાં વિલાસ પણ વિખ (ઝેર) સમાન હોય છે માટે દ્રવ્યસાથે સ્નેહ કરનારી વેશ્યાના વિલાસને વિખ સમાન ગણી તેને વિસારો અર્થાત્ છોડો વેશ્યાગામી ધનથી,બળથી અને તેજથી હીન થઇ જાય છે તેથી તેના વિલાસ યાને મોજમજાહને વિખ (ઝેર) સમાન જણાવ્યાં છે મનુષ્ય ધન જવાથી દીન (ગરીબ) બને છે, બળ જવાથી દુર્બળ અને તેજ જવાથી ફીકો બને છે તેથી પણ વેશ્યાના વિલાસને વિખસમાનં વર્ણવ્યા છે એટલામાટે વેશ્યાના વિલાસને વિસારો યાને છોડો તેમજ અન્ય પ્રાણીને દુભવનારા " વૃથા વિખવાદ " એટલે નિરર્થક કટુ (કડવા) વેણ ઉચરવા વિસારો (છોડો) વિફળ એટલે નિષ્ફળ વૈરના વિકાર (ઝેર) નુ વારણ તરત કરો, કારણ કે વૈરના વિકારથી આખની ભ્રૂકુટી ચઢાવવી પડે છે જેથી શરીરમાં ક્રોધરૂપી શત્રુનું રાજ્ય પ્રબળ થઇ અનેક તરેહના વિકારો (રોગો) ઉત્પન્ન કરે છે માટે વૈરના વિકારનું વારણ હરદમેશ કરતા રહેવુ કે જેથી દરેક પ્રાણીસાથે ભ્રાતૃભાવથી વર્તી શકાય. જે પ્રાણી અન્યસાથે ભ્રાતૃભાવથી વર્તે છે તેનો કોઈપણ આખી સૃષ્ટીમાં વૈરી હોતો નથી, એટલે પછી તેને વૈર કરવાનુ હોતુ નથી, તેથી તેનુ વૈરના વિકારથી હરહમેંશ વારણ થાય છે માટે દરેક મનુષ્યે ભ્રાતૃભાવથી વર્તવાની હરહમેશ ટેવ રાખવી જોઇયે છે વળી જેને વૈરનો વિકાર (રોગ) લાગુ પડયો ન હોય તે શરીરે તંદુરસ્ત પણ રહી શકે છે માટે શરીરે નિરોગી થવાની ઇચ્છા રાખનારાઓએ વૈરના વિકારને વિસારી મૂકવો જોઇયે યાને ભ્રાતૃભાવથી પ્રાણીમાત્ર સાથે વર્તવુ જોઇયે. વૃદ્ધિ (માનપાન, આબાદી) પામવાનુ ખરૂ સાધન શૂરવીરતા, વિનય અને હિમ્મત છે મનુષ્ય શૂરવીરતાથી માનપાન મેળવી શકેછે, વિનયથી પણ સદા માનને લાયક થઈ પડે છે, અને હિમ્મતથી પણ સદા અગ્રગણ્ય જેવો થઈ પડે છે માટે શૂરવીરતા અને હિમ્મતના વ્રત ધારણ કરી વિનયથી વરતવા સદા વિચાર રાખવાં શીખવુ જોઇયે છે આ મનુષ્ય દેહનુ ખરૂ કર્ત્તવ્ય પરમ પદને પ્રાપ્ત કરવામાજ સમાયલુ છે અને તે વિદ્યા, વિબુધવલ્લભતા, વિનય, તથા વીરતાના વધારવાથી તેમજ વેશ્યા વિલાસ, વૃથા વિખવાદ તથા વૈરના વિકારને ત્યજવાથી પરમ પદને પ્રાપ્ત કરી શકાય છે એમા કઇપણ સંશય નથી માટે પરમપદ મેળવવાની ઇચ્છા ધરાવનારે ઉપર જણાવ્યા મુજબ યથા ક્રમે વર્તવુ ઇતિ.

ઉપરપ્રમાણે 'દુખ' ના મૂળ સબધે લક્ષ્ય કર્યાં પછી, આપણા વિષયની શ્રેણીના ત્રીજા પગથીયા તરીકે 'દુખ' ના સ્વરૂપનુ કાઇક નિરૂપણ કરી લઇએ

મનુષ્યના આત્માની પરમાત્મા સાથે એક્યતા થવા માટે પ્રકટીકરણુ (evolution) નો જે મહાન કાયદો છે, તેને જે જે, અવિરોધ રીતે, મનુષ્યને અનુસરાવે છે, તે સર્વને, 'સુખ' (સત્) ની સજ્ઞાઆપીશુ, અને તે કાયદાનુ ઉલ્લઘન તથા ભગકરાની જે જે મનુષ્યને પ્રકટીકરણના માર્ગ ઉપર આગળ વધવા ન દેતા, પાછળ ખેંચેછે, તે સર્વને 'દુખ' (અસત્) એ સજ્ઞા આપણે આપીશુ

આપ્રમાણે 'દુઃખ' ની વ્યાખ્યા ઉપરથી તુર્ત સમજાશે કે 'દુખ' એ સ્થિતિ અનન્ય સબધવાળી (absolute) નથી, પરતુ 'દુખ,' 'સુખ' ની સાથે, સાપેક્ષ સબધ (relative) ધરાવે છે એટલે કે જેવી રીતે અજવાળુ અને 'અધારૂ' પરસ્પર એક બીજાથી અપેક્ષાવાળા છે, તેવી રીતે 'સુખ' અને 'દુખ' પણ પરસ્પર એક બીજાની અપેક્ષાવાળી સ્થિતિમા છે વિશ્વમા દુ.ખ હોતજ નહીં, તો 'સુખ' નો અનુભવ, કે ખ્યાલ, કે વિચાર માત્ર પણ શક્ય નહોતો માટે "દુખ" "સુખ" નો ખ્યાલ કરાવે છે, અને "સુખ" એ "દુખ" નો ખ્યાલ કરાવે છે, અને તેથી તે પરસ્પર સાપેક્ષ સબધવાળી સ્થિતિમા છે

વળી આ વિચારના અનુસધાનમા એ પણ જાણી લેવાનુ છે કે 'દુખ' એ સ્થિતિ સ્વયભૂ (self-existent) નથી, પરતુ તે સ્થિતિ એક બીજા પદાર્થોના સબધમાથી ઉદ્ભવે છે એક સ્થળમા કે, એક સમયમા, જે સ્થિતિ 'દુખ' રૂપ ગણાય, તેજ સ્થિતિ અન્ય સ્થળે કે, અન્ય સમયે, 'દુખ' રૂપ ન ગણાય, એમ બને છે, પોષક ખોરાકનો ઉપભોગ અમુક હદમા રહે, ત્યાસુધી તે સુખરૂપ છે, પણ તે હદનુ ઉલ્લઘન થાય, ત્યારે તેજ ખોરાક દુખરૂપ થાય છે, અગ્નિ, શીયાળામાં તાપનાના ઉપયોગમા લેતા, સુખરૂપ લાગે છે, પણ તે અગ્નિ, જ્યારે ઘર બાળે છે, ત્યારે તેજ (અગ્નિ) 'દુખ' રૂપ થાય છે આવા અનેક દૃષ્ટાંતો કલ્પી શકાય. આ દૃષ્ટાતો ઉપરથી નિષ્કર્ષ એ નીકળે છે કે 'દુખ' એ સ્થિતિ સ્વયભૂ નથી, તેમ કોઈ પદાર્થમા સ્વતત્ર રીતે રહેલી નથી પરતુ પદાર્થોના પરસ્પર અમુક રીતના સબધથી 'દુખ' એ સ્થિતિ ઉત્પન્ન થાય છે

ઉપર પ્રસ્તાવિક કહેલી મુદ્દાની હકીકત સમજાઇ, તો પછી 'દુખ' નો ઉપયોગ સમજવામા મુશ્કેલી પડશે નહી.

ગમે તે 'શક્તિ'ને પૂર્ણ કળાએ ખીલવવા માટે, તેના સામે તેનાથી વિરૂદ્ધ ગુણવાળી 'શક્તિ'ના સામાનોરની બહુ અગત્ય છે. આપણા સ્નાયુ મજબૂત કરવામાટે, મગદળ, ડમબેળ વિગેરે વજનદાર પદાર્થ ઉપાડી ફેરવીએ છીએ, તેનુ કારણ એ છે કે, તે વજનદાર પદાર્થ આપણને નીચે ખેચવા પ્રયત્ન કરે છે, અને આપણે તેથી વિરૂદ્ધ તે પદાર્થને ઉંચે ખેચવા પ્રયત્ન કરીએ છીએ આ બે શક્તિના પરસ્પર વિરૂદ્ધ આકર્ષણનુ પરિણામ એ આવે છે કે, આપણા સ્નાયુ મજબૂત થાય છે, અને કેળવાય છે. આ દષ્ટાન્ત ઉપરથી સમજાશે કે આપણે મુશીબતવાળી સ્થિતિમા મેલાયાવિના, તથા તે 'દુઃખદ' સ્થિતિ સામે ટકર લીધાવિના, આપણામાની 'સદ્શક્તિ'ની સપૂર્ણ ખીલવણી કરી શકાય નહી. જેવી રીતે મગદળ કે ડમબેલના વિરૂદ્ધબળ સામે ફતેહ મેળવી, આપણે આપણા સ્નાયુને મજબૂત કરીએ છીએ, તેવી રીતે 'દુર્ગુણ'ના વિરૂદ્ધ બળની સામે જય મેળવવાનુ સામર્થ્ય પ્રાપ્ત કરીએ, ત્યારેજ આપણા સદ્વર્તન તથા સદાચાર સપલ સદ્ગુણો, પૂર્ણ કળાએ પ્રકાશી શકે હિંમતની કસોટી લવવાળી સ્થિતિમા મેલાયાવિના થાય નહીં. સત્યતાની પરિક્ષા અતિ બિકટ પ્રસગો આવીપડે તોપણ અસત્યતાથી બચી, સત્ય જાળવી, ફતેહમદ રીતે પસાર થઈએ, ત્યારેજ થાય છે, આપણી નીતિનુ કૌવત, અનીતિની પાસમાં ફસાવનારા પ્રસગોની સામે ટકર લઇ વિજયી થઇએ, ત્યારેજ અનુભવાય છે આપણી ધર્મ પ્રત્યેની માનની લાગણીની શુદ્ધતા તથા અકૃત્રિમતાનુ પારખુ, ધર્મે નિષેધ કરેલ વસ્તુ તથા વિષય પ્રાપ્ત છતાં તેના મોહથી મુક્ત રહેવાથી થાય છે આપ્રમાણે વિરૂદ્ધ શક્તિઓના છદ યુદ્ધમા, આપણી 'સદ્શક્તિ' જય મેળવે છે, તેમા બે લાભ થાય છે એક તો એ, આપણી 'સદ્શક્તિ'ના સામર્થ્યની કસોટી યાને પરિક્ષા થાય છે, અને બીજો એ કે, વિરૂદ્ધ શક્તિ સામે ટકર લેવાથી, તે 'સદ્શક્તિ' વધારે વધારે ખીલે છે આપ્રમાણે 'દુઃખ'નો પહેલો ઉપયોગ આપણી 'સદ્શક્તિ'ના સામર્થ્યની કસોટી કરવાનો, તથા તે શક્તિઓની ખીલવણી તથા કેળવણી કરવાનો છે અને એ રીતે 'દુઃખ' આપણા પ્રકટીકરણના રસ્તા ઉપર આપણને આગળ વધારવામા સહાય ભૂત થાય છે.

'દુઃખ'નો અનુભવ આપણને 'સારૂ' શુ અને 'ખરાબ' શુ તે વચ્ચે ભેદ બતાવી, 'સારૂ' ગ્રહણ કરવામાટે આપણને પસદગી કરવા અવકાશ આપે છે. તેમ 'દુઃખ'ના અનુભવથી 'સુખ'ની ખરી કીંમત, તથા કદર આપણને થાય છે કહ્યુ છે કે—

વિપત સમાન સુખ નહીં, જો થોડે દીન હોય,
ઇષ્ટ મિત્ર અરૂ બધુકી, હોય પરિક્ષા તોય,

રેતીના રણમાં ઉનાળાના સખ્ત તાપમાં પ્રવાસ કરનારને પાણીની જે કીંમત તથા કદર થાય છે, તેવી તેની કીંમત જ્યાં જળની પ્રાપ્તિ સુલભ તથા પુષ્કળ હોય, ત્યાંના મનુષ્યને થાય નહીં મતલબકે 'દુખ'નો બીજો ઉપયોગ, સારા નરસાની પરિક્ષા કરાવી, 'સારૂં' ગ્રહણ કરવા આપણને અવકાશ આપવાનો, તથા 'સારૂં' જે છે તેની કીંમત તથા કદર કરાવવાનો છે.

જેમ આડે રસ્તે જનાર અશ્વને ચાબુક, તથા આડે રસ્તે જનાર હસ્તિને અંકુશની વ્યથા, સીધે રસ્તે દોરે છે, તેમ 'દુખ' ચાબુક તથા અંકુશ માફક, આડે રસ્તે જનાર મનુષ્યને, સદ્‌ગુણને, નીતિ તથા સદ્ધર્મને માર્ગે ખેંચી લાવે છે મનુષ્ય કોઈ વખ્ત તેના દુર્વર્તનથી, કે દુષ્કૃતિથી કે પ્રમાદ કે નિરપરાધિ ભૂલથી, ભય કે વિપત્તિમાં આવી પડે છે, ત્યારે, તે વખ્તે તે કેવો ઇશ્વર તરફ ભાવ તથા આસ્થાવાળો થઇ જાય છે? તે વખ્તે તેના મનમાં સદ્‌વિચારો કેવા આવે છે, તેના દુર્વર્તન તથા દુષ્કૃતિ તરફ તેને કેવો તિરસ્કાર આવે છે? તેના પ્રમાદ તથા ભૂલને માટે તે કેવો પસ્તાય છે? તે અનુભવ ઓછો વધતો પણ ઘણું કરીને સૃષ્ટિના તમામ મનુષ્યને થનો હોવો જોઇએ એટલુજ નહી પણ, એક મનુષ્યે તેવું કોઈ દુર્વર્તન કે દુષ્કૃતિ કરી હોય, અને તે ગુપ્ત રહી હોય, તોપણ તેવા દુર્વર્તન કે દુષ્કૃતિ કરનાર બીજો કોઈ તે કારણથી, ભય કે વિપત્તિમાં આવી પડે છે, તો પેલો મનુષ્ય તે વખ્તે તો, આ બીજાના ભય તથા વિપત્તિ ઉપરથી, પોતે શિક્ષણ લેછે પ્રિય વાચનાર! આપણે આપણા દુર્ગુણ, કે દુર્વર્તન, કે દુષ્કૃતિનું સૃષ્ટિના વ્યવહારની ધમાલમાં દુર્લક્ષ્ય કરવા ગમે તેટલો પ્રયત્ન કરીએ, અને દુનિયાની નજરમાં 'સારા' દેખાવવા ગમે તેટલી કોશીશ કરીએ, અને કદાચ તે કોશીશમાં આપણે ફતેહમંદ થઇએ, તોપણ યાદ રાખવાનું છે કે, આપણું 'અંતઃકરણ' કે જે એક નિષ્પક્ષપાત પણ સખ્ત અને બારીક તપાસ કરનાર ન્યાયાધિશ તરીકે, આપણા શરીરમાં રહેલું છે, તે આપણા દરેક દુર્ગુણ, દુર્વર્તન, તથા દુષ્કૃતિ ઉપરનો પોતાનો આપણા વિરૂદ્ધનો ફેંસલો દરેક પળે, અને દરેક ક્ષણે, સંભળાવ્યાજ કરે છે, અને તેના દફતરમાં આ સંબંધનો પળેપળનો અને ક્ષણેક્ષણનો નોંધ રાખી તે નોંધમાં આપણી ખુની બતાવી લે છે પ્રિયભાઈ! આપણા શાસ્ત્રમાં ચિત્રગુપ્ત, આપણા કર્મોનો નોંધ રાખે છે, એમ જણાવ્યું છે તે આ આપણા સદ્વર્તનના કે, દુર્વર્તનના, અંતઃકરણમાં થતા નોંધરૂપે, ગુપ્તચિત્ર જે પડે છે, તેને ઉદ્દેશીને જણાવ્યું હોય તો, તે પણ બંધ બેસતું જણાય છે પ્રિયબંધુ! જેના પુર્વજન્મોના દુરસંસ્કારોનું બળ અતિ પ્રબળ હોય છે, તેને સન્માર્ગે લાવવા માટે ઉપર કહેલા 'દુખ' રૂપી ચાબુ કરનાર અને અંકુશની વ્યથા, અનેક વખ્ત, અને અનેક જન્મોમાં સહન કરવા પડે છે આપણી માત્ર હાલની જીંદગીનોજ ખ્યાલ કરી આપણે 'દુખ' ના આ પ્રકારના ઉપયોગનો

ઘડો બાધવાનો નથી. પરંતુ આપણી અનેક જીંદગી થઈ ગઇ છે, અને હજુ અનેક થશે તે સર્વ જીંદગીમા 'દુખ' દ્વારા આપણને મળેલ, તથા ભવિષ્યમા મળવાના એકંદર અનુભવની સમગ્ર અસર, આપણા પ્રકટીકરણમા બહુ ઉપયોગી, તથા સહાયક થાય છે, એ નજરે દુખનો આ પ્રકારનો ઉપયોગ જોવાનો છે

મનુષ્ય, પોતાની ઇન્દ્રિયોને તેમની ઇચ્છાના વિષયો ઉપર છુટી મુકવાથી, પરિણામે જે 'દુખ'ની સ્થિતિમા આવે છે, તે અનુભવનો ઉપયોગ એ થાય છે કે, તે તેની ઇંદ્રિયો ઉપર અકુશ રાખતા શીખે છે અને પરિણામે આત્મનિગ્રહનુ અમુલ્ય શિક્ષણ મેળવે છે આપણુ કર્તવ્ય પરમાત્મા સાથે ઐક્યતા અનુભવવાનુ છે અને તેમ થવામા જે જે વસ્તુ તથા વિષયો બાધક તથા અવરોધ કર્તા છે, તે સર્વ વસ્તુ તથા વિષયોથી આપણને અલગ પાડવા માટે 'દુખ' બહુજ ઉપયોગી છે 'સુખ' અને 'દુખ' એ શક્તિઓ છે. 'સુખ' આપણને પરમાત્મા તરફ લઇ જાય છે, દુખ' આપણને પરમાત્મા તરફ જવામા અવરોધ કરનાર વસ્તુ તથા વિષયોથી આપણને છુટા પાડે છે આ રીતે 'સુખ' અને 'દુ:ખ' બને 'શક્તિ' આપણા પ્રકટીકરણમા આપણને મદદ રૂપ થાય છે. આ 'દુખ'નો ત્રીજો ઉપયોગ આપણે જ્યો

દુખનો ચોથો ઉપયોગ એ છેકે, આ સૃષ્ટિની વસ્તુ ઉપરથી આપણી આસક્તિને તે તોડી પાડે છે. આપણી વાસનાને નિર્મૂળ કરે છે આ આસક્તિ તથા વાસનાજ, મનુષ્યને, જન્મ મરણના ચક્રમા વારવાર ફેર ફેરવે છે અને પરમાત્મા શિવાય સર્વ પ્રત્યે જ્યારે આપણને અનાશક્તિ થાય, ત્યારેજ. આપણને મોક્ષ મળી શકે છે. જેથી 'દુખ' આપણી પરમાત્માશિવાયની તમામ પ્રત્યેની, આસક્તિ તોડીનાખી, આપણને મોક્ષની પ્રાપ્તિમા સહાય ભૂત થાય છે **ભારત માર્તંડ પડિત શ્રી ગટૂલાલજી** એ એક સ્થળે કહ્યુ છે કે—

"(દુનિયાની વસ્તુમા) નિરાશા એજ આશા મોક્ષ પદની માહીં" વગેરે દુખનો પાચમો ઉપયોગ એ છે કે તે દુનિયાની, તેમજ મન અને બુદ્ધિના પ્રદેશમા રહેલી તમામ વસ્તુની ક્ષણભગુરતાનો આપણને આબેહુબ ખ્યાલ આપે છે રોગ, નિર્ધનતા, પડતી શોકજનક બનાવ, વિગેરેની વ્યાધિથી આપણને એ અમુલ્ય શિક્ષણ મળે છે કે, સૃષ્ટિની તમામ વસ્તુ ક્ષણભગુર છે, અસત્ છે, અસ્થિર છે, વિકારવાળી છે, અને તેથી આવી વસ્તુમાથી આપણા અવિકારી આત્માને સ્થાયિ અને શાશ્વત સુખ મળવાનુ નથી. આ શિક્ષણ ઘણુ કીંમતિ છે

'દુખ'નો છઠ્ઠો ઉપયોગ એ છે કે તેના ('દુખ'ના) અનુભવથી આપણામાં સહનશક્તિના તથા ધૈર્યના ઉત્તમ ગુણો ખીલે છે અને કેળવાય છે, જે માણસે

મુશીબતથી વિપત્તિ સહન કરી હોય, તે માણસનુ મન સામાન્ય રીતે નબળુ, તથા ઉતાવળુ રહે છે

દુ ખનો સાતમો ઉપયોગ એ છે કે, જ્યારે આપણે પોતાને આપણી પોતાની જાત ઉપર તેનો (દુ ખનો) અનુભવ થાય છે ત્યારે તેની દુ ખી સ્થિતિમા બીજાને દેખી, આપણને તેના અર્થે દીનસોઝ ઉત્પન્ન થાય છે સ્વાનુભવથી આપણને તેની સ્થિતિનો ખરેખરો ખ્યાલ આવેછે, અને આપણુ ચિત્ત તેના તરફ દયાર્દ્ર થાય છે જેના દીલમા દયા નથી, જેના દીલમા દીલસોઝની લાગણી નથી, તેનુ મન ગમે તેટલુ મજબુત હોય, તોપણુ તે નકામુ છે મન મજબુત કરવુ એટલુજ બસ નથી, પરતુ મનના બળને યોગ્ય રસ્તે ચલાવવુ એ મનુષ્યનુ કર્તવ્ય છે આપણે 'દુ ખ' સહન કરી બીજામા 'દુ ખ' મા દયાખાતા શીખીએ છીએ તેમજ જે ઉપાયથી આપણા 'દુ ખ' ની નિવૃત્તિ થઇ હોય તે ઉપાય, બીજાનુ 'દુ ખ' મટાડવામા, કામે લગાડવાનુ આપણને શિક્ષણ મળે છે

આ પ્રમાણે 'દુ ખ' દ્વારા મનુષ્યના આત્માને ઉપયોગી અનુભવ મળે છે, તેથી તે આત્મા, પોતે, શરીર ઇન્દ્રિય મનથી ભિન્ન છે "તે તેઉનો સારી રીતે સાક્ષાત્કાર થાય છે. આ જ્ઞાનથી, બહારની વસ્તુથી થતા 'દુ ખ' ની તે ગણના કરતો નથી. પરતુ હજુ જ્યા સુધી મુખ્ય તત્વનુ બીન્દુ તેને હાથ આવ્યુ નથી ત્યા સુધી બીજા લોકોના પરિચયમા આવવાથી, તેમના વિરૂદ્ધ અને દયાહીન વિચારોથી, તેમની વિરૂદ્ધ અને દયાહીન લાગણીથી, તેમજ નિદાથી, તેમના દ્વેષથી, તેમના અસદ્ભાવનાવાળા અભિપ્રાયોથી, તેના મનને વ્યાધિ થાય છે, વ્યથા થાય છે માઠુ લાગે છે, 'દુ ખ' થાય છે પરતુ ઉક્ત 'દુ ખ' ના અનુભવથી તે સમજે છે કે બહારની વસ્તુઓ તેને વ્યથા કરી શકે તેમ નથી, જેથી આજે 'દુ ખ' થાય છે, તેનુ કારણ કાઇક તેના પોતાનામા હોવુ જોઇએ આ પ્રશ્નનો ઉત્તર તે પોતેજ આપે છે કે આટલો અનુભવ છતા મને દુ ખની લાગણી થાય છે તે મ્હારી પોતાની અપૂર્ણતાજ સૂચવે છે મ્હારી પોતાનીજ નબળાઇનુ ચિન્હ છે આ જ્ઞાન થવાથી, બીજાની નિદાકે વિરૂદ્ધ લાગણી વિગેરેથી દુ ખિત થવાને બદલે, તેમની અપૂર્ણતા તથા તેમના અજ્ઞાનને માટે તેને તેમની પર દયા આવે છે. તે દુ ખથી પિડિત થવાને બદલે, તે દુ ખને પોતાની અગત નબળાઇ જડ મૂળથી કાઢી નાખવામાટે હથિયારતરીકે વાપરે છે, અને આ સ્થિતિ એ પહોચેલો મનુષ્ય, સસાર સાગરના ભારે તોફાનમા પણ શાન્ત અને નિરૂદ્વેગ રહે છે આ 'દુઃખ' નો આઠમો ઉપયોગ આપણે કહ્યો

આ પ્રમાણે 'દુ ખ' ના વિશેષ ઉપયોગો પણ વિચાર કરતા જણાશે, સમાપ્તિ કરતા નિષ્કર્ષરૂપે કહેવાનું 'દુ.ખ' ઉપયોગી છે આપણે અપન્ન મનુષ્યો જ્યારે

આપણા ઉપર 'દુઃખ' આવી પડે છે ત્યારે આપણે જગત્કર્તાને વ્યર્થ ઉપાલંભ આપીએ છીએ, પરંતુ તે પરમ કૃપાળુ પરમેશ્વરની કરૂણાજનક વૃત્તિનો આપણે ખ્યાલ કરતા નથી તે દયાનિધિએ આપણને આપણા પ્રકટીકરણ માટે 'દુઃખ' પણ એક સબળ સાધનરૂપે ઉપયોગી કર્યું છે. 'દુઃખ' નો અંત સ્થાયિ 'સુખ' મા છે, અનંત આનંદમા છે તેજ પરમસત્ છે, પરમાત્મા આનંદરૂપ છે. પરમ શાશ્વત સુખનુ ધામ છે અને 'દુઃખ' નો ઉપયોગ તે ઇષ્ટ ધામે આપણને પહોંચાડવાનો છે. તેથી, હે પ્રિયબંધુ ! આ દુનિયામા, જગન્નિયંતાએ મનુષ્યને જે ઉત્તમ બક્ષિસો આપી છે તેમાની 'દુઃખ' એ એક બક્ષિસ છે માટે મનુષ્ય માત્રે દુઃખના આવી પડવાથી નિરૂત્સાહી બન્યા વગર ધૈર્યથી સહન કરી, તેનો ઉપાય કરવો કે જેથી પ્રકટીકરણના માર્ગ ઉપર આગળ વધવામા કોઇપણ તરેહની અડચણ નડે નહિ

જુનાગઢ } મણિલાલ કેશવલાલ,
બી. એ. એલ. એલ. બી.

સુધારો.

આ માસિકના ૭ મા અંકમા 'સ્વપ્નની શોધના' લેખક તરિકે માણેકલાલ કેશવલાલ બી. એ એલએલ બી. છપાયુ છે, તેને બદલે મણિલાલ કેશવલાલ. બી એ એલ. એલ. બી વાચવુ — તંત્રી

પ્રજ્ઞા પ્રાકાર.

પ્રજ્ઞા એટલે વ્યવસાયાત્મિકા બુદ્ધિ અને પ્રાકાર એટલે કોટ, ગઢ (Compound wall). અધ્યાત્મવિદ્યા સમજાવતી વખતે આ મનુષ્ય દેહને પુર એટલે નગરની ઉપમા આપવામા આવે છે નગરના સંરક્ષણ માટે ગઢ (કોટ) રાખવાનો પરાપૂર્વથી ચાલતો આવેલો રિવાજ છે. જોકે હાલ આ રિવાજ બીજા પ્રાચીન રિવાજોની માફક મોટા મોટા શેહેરોમા પણ નષ્ટ થયો છે દાખલા તરિકે આપણા મુબઇનિજ નીહાળો તેમા કોટ અને બહારકોટ એવા બે ભાગો બોલાય તથા લખાય છે, પરંતુ તે કોટની દિવાલનો એક કટકો પણ આજ કોઇને આંખે દેખાય તેમ નથી. આ ઉપરથી ઇતિહાસ પુરાણને અમાન્ય કહેનાર કે બોલનાર પ્રત્યક્ષવાદી કેટલીકવાર આ મુંબાઇ શેહેરના બધા લોકોને માથે પણ જૂઠું બોલવાનો આરોપ મૂકવા તૈયાર થાય, તો તેમા પણ આ કાળમા નવાઇ નહિ લાગે ! તથાપિ જેઓને વૃદ્ધ વાક્યપર વિશ્વાસ છે, એવા ઘણાએ સાંભળ્યુ હશે કે આ મુંબઇને પણ ફરતી ત્રણ ખાઇ અને કોટની ત્રણ દિવાળો (ભીંતો) હતી અને તે એટલી પોહોળી (જાડી)

હતી કે, તે ઉપર લોકો જમણવાર કરતા, વિવાહના માંડવા બાંધતા તથા રાત્રે સુવાપણ જતા હતા. એવા કોટ સુરત, અમદાવાદ, વીરમગામ, વગેરે અનેક ગામોમા આજે પણ ખડીઅર હાલતમા નજરે ચઢે છે એ કોટથી થોડી ફોજે, થોડે હથીયારે અને થોડે શ્રમે પણ શહેરનુ સરક્ષણ થઇ શકે છે ત્યારે ભાગોળ મોકળી મૂકનાર કે કોટ કિલ્લાને ખેદાનમેદાન બનાવનારથી તેટલી સહેલાઇથી શત્રુ સામે ટકી શકાતુ નથી. તેજ રીતે આ મનુષ્ય શરીરરૂપી શહેરનુ સરક્ષણ કરવામાટે પ્રજ્ઞારૂપ પ્રાકારની જરૂર છે જેની પાસે પ્રજ્ઞા ન હોય તે આ દેહરૂપ દેશનુ સરક્ષણ કરી શકતો નથી એ વાત વધારે સ્પષ્ટપણે સમજાવવા માટે શ્રી માર્કંડેય પુરાણમા નીચેપ્રમાણે વર્ણન વેદવ્યાસે કરેલુ છે—

प्रज्ञाप्राकारसयुक्तमस्थिस्थूण पर महत् ।
चर्मभित्तिमहारोध मासशोणितलेपनम् ॥ ५९ ॥
नवद्वार महायास सर्वत स्नायुवेष्टितम् ।
नृपश्च पुरुषस्तत्र चेतनावानवस्थित ॥ ६० ॥
मन्त्रिणौ तस्य बुद्धिश्च मनश्चैव विरोधिनौ ।
यतेते वैरनाशाय तावुभावितरेतरम् ॥ ६१ ॥
नृपस्य तस्य चत्वारो नाशमिच्छति विद्विष ।
काम क्रोधस्तथा लोभो मोहश्चान्यस्तथारिपुः ॥ ६२ ॥
यदा तु स नृपस्तानि द्वाराण्यावृत्य तिष्ठति ।
सदा सुस्थबलश्चैव निरातङ्कश्च जायते ॥
जातानुरागो भवति शत्रुभिर्नाभिभूयते ॥ ६३ ॥
यदातु सर्वद्वाराणि विवृतानि स मुञ्चति ।
रागो नाम तदा शत्रुर्नेत्रादिद्वारमृच्छति ॥ ६४ ॥
सर्व व्यापी महायाम. पञ्चद्वार प्रवेशन ।
तस्यानुमार्गं विशति तद्वै घोर रिपुत्रयम् ॥ ६५ ॥
प्रविश्याथ स वै तत्र द्वारैरिन्द्रिय संज्ञकैः ।
राग संश्लेषमायाति मनसा च सवेतरै ॥ ६६ ॥
इन्द्रियाणि मनश्चैव वशे कृत्वा दुरासद ।
द्वाराणि च वशे कृत्वा प्राकारं नाशयत्यथ ॥ ६७ ॥
मनस्तस्याश्रित दृष्ट्वा बुद्धिर्नश्यति तत्क्षणात् ।
अमात्यरहितस्तत्र पौरवर्गोज्झितस्तथा ॥ ६८ ॥

रिपुभिर्लब्धविवरः स नृपो नाशमृच्छति ।
एवं रागस्तथा मोहो लोभः क्रोधस्तथैव च ॥ ६९ ॥
प्रवर्तन्ते दुरात्मानो मनुष्यस्मृतिनाशका ।
रागात्क्रोधः प्रभवति क्रोधाल्लोभोऽभिजायते ॥ ७० ॥
लोभाद्भवति संमोहः संमोहात्स्मृतिविभ्रमः ॥
स्मृतिभ्रंशाद्बुद्धिनाशो बुद्धिनाशात्प्रणश्यति ॥ ७१ ॥

(अध्याय ३ श्लो.)

प्रज्ञारूप કોટ, હાડકારૂપ થાભલા, ચામડીરૂપ ભીંત, લોહી માંસરૂપ છોલાઈ, ઈંદ્રિયરૂપ નવદરવાજા, અને સર્વ બાજુએ રહેનાર સ્નાયુરૂપ આચ્છાદનથી વિટલાયલા આ મોટા દેહરૂપ નગરમાં જીવરૂપ પુરૂષ રાજા તરીકે વસે છે. મન અને બુદ્ધિ એ બે પરસ્પર વિરોધી તેના મંત્રી છે. તે બેઉ પોતાના વૈરને લીધે એકમેકના નાશને માટે મથે છે. કામ, ક્રોધ, લોભ અને મોહ એ ચાર મહાદ્વેષી શત્રુ તે રાજાનો નાશ કરવા ઈચ્છા રાખે છે.

જ્યારે રાજા તે નવ દરવાજાને બંધ કરે છે, ત્યારે તેની શક્તિ વિશેષ દેખાય, તે નિરોગી જણાય છે. તેના ઉપર તેની પ્રજા પ્રેમ રાખે છે અને શત્રુને હાથે તેનો પરાજય થતો નથી, પરંતુ જ્યારે સર્વ દરવાજા ખુલ્લા મૂકે છે, ત્યારે કામરૂપી શત્રુ નેત્રાદિદ્વારે પ્રથમ અંદર પેસે છે, તે સર્વવ્યાપી અને મોટા વિસ્તારવાળો કામ, જ્ઞાનેન્દ્રિયરૂપ પાંચે દરવાજેથી પોતાની ફોજને નગરમાં ઘુસાડે છે અને તેની પાછળ પાછળ તે ભયંકર બીજા ત્રણે શત્રુઓ અંદર ઘુસી જાય છે. ઈંદ્રિયનામક દરવાજાથી અંદર પેઠા પછી, મન અને બુદ્ધિ વગેરે સાથે કામનો મેળાપ થાય છે અને પછી તે અજિત કામ મનસહિત બધી ઈંદ્રિયોને જીતીને બધા દરવાજાનો પ્રથમ કબજો લેછે અને પછી પ્રજ્ઞારૂપ કોટનો નાશ કરે છે. મન જ્યારે કામને આધીન થાય છે કે બુદ્ધિ તત્કાળ ત્યાંથી નાશી જાય છે. આ રીતે મંત્રીઓ અને પ્રજાથી છુટા પડેલા રાજાનું 'ઘરફૂટે ઘરજાય' તેમ તેના બધા ખજાના શત્રુને હાથ લાગી તેનો સંપૂર્ણ નાશ થાય છે.

મતલબકે કામ, ક્રોધ, લોભ અને મોહ એ ચાર દુષ્ટશત્રુઓના સકંજામાં સપડાતાં, મનુષ્યની સ્મૃતિ ધીમે ધીમે નાશ પામે છે. કામથી ક્રોધ, ક્રોધથી લોભ, લોભથી મોહનું જોર વધે છે. મોહથી સ્મૃતિનો ભ્રંશ, સ્મૃતિભ્રંશથી બુદ્ધિનો નાશ અને બુદ્ધિનાશથી પુરૂષના પુરૂષત્વનો નાશ થાય છે. અર્થાત્ તે કોઈપણ પુરૂષાર્થ સિદ્ધ કરવાને લાયક રહેતોજ નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરૂષાર્થો તેના નષ્ટ થાય છે. કોઈ કહે કે એકવાર કામને પુરૂષાર્થ કહોછો અને બીજીવાર

કામને શત્રુ પણ કહેલ છે, તેનું કારણ શું ? પરંતુ એ સારે, પુરૂષાર્થો બે પ્રકારના હોય છે એક ધર્મસહિત અથવા ધર્માનુકૂળ અને બીજા ધર્મરહિત અથવા ધર્મવિરૂદ્ધ પુરૂષાર્થો હોય છે માટેજ શ્રીકૃષ્ણ પરમાત્માએ શ્રીમદ્‌ભગવદ્ગીતામા સ્પષ્ટ કહ્યુ છે કે

" धर्माविरुद्धो कामोऽस्मि ॥ ધર્મથકી અવિરૂદ્ધ એવો જે કામ તે હુ છુ અર્થાત્ પુરૂષાર્થરૂપ છે ધર્મથકી જે વિરૂદ્ધ કામ છે, તે તો નાશ કરતાજ છે માટે પ્રથમ ધર્મનુ સ્વરૂપ સમજી તેને અનુકૂળ કામ, અર્થ અને મોક્ષ મેળવવાના છે. તેમ ન હોય તો ચોરીથકી મેળવેલો અર્થ (પૈસો) પણ પુરૂષાર્થ સિદ્ધિમાં ગણાય અને કોઇપણ રીતનો વિવેક ન રાખતા ગમે તેમ સ્વચ્છંદે વર્તનારો માણસ જીવનમુક્ત લેખાય માટે સ્વધર્મ સરક્ષણ થવા માટે મનુષ્ય માત્રે પોતાના અંતરરૂપી કિલ્લાનો પાકો બંદોબસ્ત રાખવો; અને તેમ રાખનારજ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે

સદ્‌ગુરૂની શોધ.

આ સૃષ્ટિમા ભૂત પ્રાણીઓમા મનુષ્ય પ્રાણી શ્રેષ્ટ કહેવાય છે આર્ય ધર્મશાસ્ત્ર મુજબ દરેક આર્યની મુખ્ય ફરજ ધર્માદિ પુરૂષાર્થો સિદ્ધ કરવાની હોવાથી સ્વાભાવિક રીતેજ તેઓની જીજ્ઞાસા તે તરફ ખેચાયા વગર રહેતી નથી. આ ચારે પુરૂષાર્થો સિદ્ધ કરવામા પ્રથમ ધર્મ જ્ઞાનની જરૂર હોય છે ધર્મ જ્ઞાનથી મનુષ્ય ધર્મ પરાયણ રહી ધર્માદિ પુરૂષાર્થ સિદ્ધ કરવા પ્રયાસ કરે છે, માટે સ્વધર્મનુ જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રથમ જરૂર છે તેથીજ મનુષ્ય પ્રાણી જ્ઞાનની પ્રાપ્તિ સારૂ અનેક પ્રયત્નો કરતા દૃષ્ટિગોચર થાય છે. જ્ઞાનની પ્રાપ્તિથી બુદ્ધિ બળમા વધારો થાય છે બુદ્ધિબળ વડે મનુષ્ય પ્રાણી ધર્માધર્મ, સારાસાર, વિવેકાવિવેક, સત્યાસત્ય વગેરેનો વિચાર કરી શકે છે, સારે એ બુદ્ધિ બળને ખીલવવાનુ જે મુખ્ય સાધન જ્ઞાન છે, તે સપાદન કરવાની અતિ આવશ્યકતા છે એમ આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે જ્ઞાન મેળવવાનુ મુખ્ય સાધન એ છે એક સદ્‌ગુરૂને બીજુ સત્શાસ્ત્ર જ્યા સુધી સદ્‌ગુરૂદ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થતી હતી, સા સુધી આર્ય લોકોની ધર્માદિ ચારે પુરૂષાર્થોમા ઉન્નતિ હતી પરતુ હાલમા આર્ય લોકોની જે અવનતિ દૃગ્ગોચર થાય છે, તેનું મુખ્ય કારણ સત્શાસ્ત્ર અને સદ્‌ગુરૂ શોધવામા આલસ્ય રૂપી દુર્ગુણ શિવાય અન્ય કંઇ દેખાતુ નથી આ આલસ્યરૂપી દુર્ગુણની દોસ્તીથી મદ મતિ થઇ આર્ય લોકો બલહીન બની સર્વ સુખ સિદ્ધિદાયક સ્થાનથી પણ ભ્રષ્ટ થયા છે શરીરમા આળસ ભરાય એટલે ઉદર નિર્વાહના પણ વાધા પડે છે માટે દરેક આર્યની ફરજ છે કે આલસ્યને તજી ઉદ્યમી બનવુ કહેવત છે કે " **ફરે તે ચરે, બાંધ્યો ભૂખે મરે** " અર્થાત્ ઉદ્યમી નર સુખી હોય

छे सद्‌गुरुना अभावने लीधे हालमां पाश्चात्यवासीओ के जेओ प्रवृत्ति परायण होवाथी, तेओनी पद्धति मुजब जे शिक्षण आजे तेओ तरफथी आपवामां आवे छे, ते आर्य लोको के जेओ निवृत्ति परायण छे तेमने प्रतिकूळ होइ धर्म तथा विवेकनी मर्यादाने ओळंघी स्वार्थीय बुद्धिवाळा बनावी प्रवृत्तिना प्रवाहमा ताणी जाय छे आथी खरे खरु ज्ञान संपादन थई शक्तु नथी. हवे ज्ञान मेळववानु बीजु साधन (सत्शास्त्रो) ग्रंथो छे तेथी ग्रंथो वाचवा जेटलु प्राथमीक भाषा ज्ञान मेळववानी खास जरुर छे. सर्व भाषाओनी मूळ भूत जे संस्कृत भाषा छे, ते आर्य धर्मना ग्रंथोनी मूळ भाषा होवाथी तेना ज्ञान वगर आर्य लोकोथी स्वधर्मना ग्रंथोनो पण विचार करी शकाय तेम नथी ज्यां मूळनाज वाधा होय त्यां डाळ, पांखडानी तो शीज आशा ? संस्कृत भाषा ए एक एवी अमुल्य भाषा छे के जे संपादन करवाथी मनुष्यने धर्म, अर्थ, काम अने मोक्षनुं यथार्थ ज्ञान प्राप्त थइ शके छे माटे दरेक आर्ये संस्कृत ज्ञान प्राप्त करवा प्रयत्न करवो जोइये. तेमज संस्कृत भाषानुं ज्ञान आपवा माटे गामेगाम पाठशाळाओनु स्थापनकरवु जोईए अथवा हालमा एवी जे पाठशाळाओ होय तेने मदद आपवी जोइये के जेथी आर्य पुत्रो संस्कृत जेवी देववाणीना प्रसारे करीने स्वधर्म तथा स्वदेशनी उन्नत्ति करी शके जोके हालमा केटलीक शाळाओमा संस्कृत भाषानु ज्ञान आपवामा आवे छे, परंतु ते प्राचीन शैलि मुजब न होवाथी उपयोगी थइ पडतु नथी माटे सद्‌गुरु करवो ए प्रथम जरुरनु होवाथी तेनी शोध करवी जोइये केमके गुरुविना ज्ञान प्राप्त थतु नथी अने ज्ञानविना धर्मादिचारे पुरुषार्थो सिद्ध थइ शक्ता नथी. माटे सद्‌गुरु करवो जोइये. ते गुरुने प्रथमतो संस्कृत भाषानु ज्ञान होवु जोईए. संस्कृत भाषाना ज्ञान पछी तेमां नीचेनी गुणो होवा जोइए केमके गुरुनु लक्षण दर्शावता माटे श्री मद्‌वल्लभाचार्यजी ए पोताना " तत्वदीप " निबंध ग्रंथमा कह्यु छे के —

कृष्णसेवा परं वीक्ष्य दम्भादि रहितं नरं ।
श्री भागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

श्रीकृष्ण (परमात्मा) नी सेवामा परायण, दंभादि (आसुर संपत्ति) थी रहित, अने श्रीमद्‌भागवतना तत्वने जाणनार एवा पुरुषने जोइने जिज्ञासुए (परमात्म स्वरुप तथा धर्मने जाणवा इच्छनारे) मान पूर्वक सेववा एकवार गुरु कर्या पछी, तेना उपर अभाव करवाथी पोतानु अनिष्ट थाय छे, माटे गुरु करता पहेला, तेने विषे उपला गुणो जोइने पछी दीक्षा लेवी. के जेथी पुरुषार्थ सिद्धि थइ शके.

શ્રી આર્યધર્મસુધા.

પુસ્તક ૨ જું સંવત ૧૯૬૨-૬૩, વૃશ્ચિક માસ. અંક ૧૧ મો

મંગળાચરણ.—પદ.

(રાગ જોગીયો)

દુસ્તર ભવ તરવા સુકૃત કરવા આપ્યો પ્રભુયે દેહ,
મદ મત્સર હરવા પાર ઉતરવા જાણો મનુષ્ય દેહ—ટેક
માનવદેહ ધરી કદી હરિ વિસરીશ નહિ ભાઈ,
લક્ષ ચોરાસી યોનિમા જન્મ મરણુ દુ ખદાઇ,
સતમ ગતિ કરવા માન ન ધરવા. સુકૃત.
આ ભવનુ સાધન ખરૂ અપ તથા ઉપકાર,
પર ધન પરનારી તજો જેથી રીઝે વિશ્વાધાર,
આર્ય ઉન્નતિ કરવા હિમ્મત ધરવા સુકૃત

ગુરૂભકિત.

ભકિત કરવી એ આર્ય ધર્મશાસ્ત્રમા પ્રથમ કર્તવ્ય ગણેલુ છે તે ભકિત અનેક પ્રકારની દેશ, કાલ અને પાત્ર એટલે અધિકારી સબધાનુસાર છે તે સર્વમા ગુરૂભકિત સર્વોત્તમ છે ગુરુ એટલે વડિલ અને ભકિત એટલે સેવા વડિલની સેવા કરવી એને ગુરુભકિત કહે છે. વડિલ કોણ ? તેની પણ ગણત્રી આર્યશાસ્ત્રમા સ્પષ્ટ કરેલી છે

ગુરૂવર્ગ

उपाध्याय पिता ज्येष्ठभ्राता चैव महीपति ।
मातुल श्वशुरस्त्राता मातामह पितामहौ ॥
बन्धुर्ज्येष्ठ पितृव्यश्च पुस्येते गुरव स्मृता ।
मातामही मातुलानी तथा मातुश्च सोदरा ॥
श्वश्रू पितामही ज्येष्ठा धात्री च गुरव स्त्रीपु ।
इत्युक्तो गुरुवर्गोऽय मातृत. पितृतो द्विजा. ॥

अनुवर्तनमेतेषां मनोवाक्कायकर्मभिः ।
गुरुं दृष्ट्वा समुत्तिष्ठेदभिवाद्य कृताञ्जलिः ॥
नैतैरुपविशेत् सार्द्धं विवदेन्नात्मकारणात् ।
जीवितार्थमपि द्वेषाद् गुरुभिर्नैव भाषणम् ॥
उदितोऽपि गुणैरन्यैर्गुरुद्वेषी पतत्यधः ।
गुरूणाञ्चैव सर्वेषां पूज्याः पञ्च विशेषतः ॥
तेषामाद्यास्त्रय श्रेष्ठास्तेषां माता सुपूजिता ।
यो भावयति या सूते येन विद्योपदिश्यति ॥
ज्येष्ठभ्राता च भर्त्ता च पञ्चैते गुरवः स्मृताः ।
आत्मनः सर्वयत्नेन प्राणत्यागेन वा पुनः ॥
पूजनीया विशेषेण पञ्चैते भूतिमिच्छता ।
यावत् पिता च माता च द्वावेतौ निर्विकारिणौ ॥
तावत् सर्वं परित्यज्य पुत्रः स्यात्तत्परायणः ।
पितामाता च सप्रीतौ स्यातां पुत्रगुणैर्यदि ॥
स पुत्रः सकलं धर्मं प्राप्नुयात्तेन कर्मणा ।
नास्ति पितृसमो देवो मातृसमोनास्ति गुरुः ॥
तयोः प्रत्युपकारोऽपि न कथञ्चन विद्यते ।
तयोर्नित्यं प्रियं कुर्यात् कर्मणा मनसा गिरा ॥
न ताभ्यामननुज्ञातो धर्ममन्यं समाश्रयेत् ।
वर्जयित्वा मुक्तिफलं नित्यं नैमित्तिकं तथा ॥
धर्मसारः समुद्दिष्टः प्रेत्यानन्दफलप्रदः ।
सम्यगाराध्य वक्तारं विसृष्टस्तदनुज्ञया ।
शिष्यो विद्याफलं भुङ्क्ते प्रेत्य चाप्याप्यते दिवि ॥
यो भ्रातरं पितृसमं ज्येष्ठं मूढोऽवमन्यते ।
तेन दोषेण स प्रेत्य निरयं घोरमृच्छति ॥
एसा वर्मनिविष्टेन पूज्यो भक्त्या तु सर्वदा ।
अपि मातरि लोकेऽस्मिन्नुपकाराद्धि गौरवम् ॥
ये नरा भर्तृपिण्डार्थे स्वान् प्राणान् सत्यजन्ति हि ।
तेषामथाक्षयाँ लोकान् प्रोवाच भगवान् मनुः ॥

मातुलाश्च पितृव्याश्च श्वशुरानृत्विजो गुरून् ।
असावहमिति ब्रूयु प्रत्युत्थाय यवीयस ॥

(कूर्मपुराणे उपविभागे अ. ११)

૧ ઉપાધ્યાય, ૨ પિતા, ૩ મોટોભાઇ, ૪ રાજા, ૫ મામો, ૬ સસરો, ૭ રક્ષક, ૮ માનોબાપ, ૯ દાદો, ૧૦ વડીલ ભાઇ (કાકા, મામા, માશી, ફઇના પોતાનાથી મોટી ઉમરના પુત્રો), કાકા એ પુરુષો ગુરુ કહ્યા છે

૧ માની મા (નાની) , ૨ મામી, ૩ માની બ્હેનો, ૪ સાસુ, ૫ દાદી, ૬ મોટી-ધાવ એ સ્ત્રી વર્ગમા ગુરુઓ કહી છે આ માતાપિતા તરફનો ગુરુ વર્ગ દ્વિજોએ જાણવો મન, વાણી અને શરીરથી તેમની આજ્ઞા પાળવી એ ગુરુઓ તરફ નજર પડતાજ ઉભા થવુ, તથા હાથ જોડીને તેમને વદન કરવુ તેમની જોડે એક આસનપર બેસવુ નહિ તથા પોતાની મતલબ સારૂ તેમની જોડે વિવાદ ન કરવો પોતાના પ્રાણરક્ષક માટે પણ, દ્વેષથી ગુરુ સામે ભાષણ ન કરવુ અર્થાત્ કોઇ કહે કે તમારા ગુરુને અમુક અનુચિત શબ્દો કહો નહિ તો તમને મારી નાખીશ, તોપણ તેવા શબ્દો ન બોલવા બીજા સદ્ગુણો વડે ઉચ્ચ સ્થિતીને પામ્યો હોય, તોપણ જે પોતાના ગુરુનો દ્રોહ કરે છે, તે નીચ યોનિ પામે છે

ઉપલા સર્વે ગુરુવર્ગમા પાચ (૧ ઉપાધ્યાય, ૨ પિતા, ૩ માતા, ૪ મોટાભાઇ અને ૫ રાજા) વિશેષ પૂજ્યછે તેમા પણ માતા એ સૌથી વધારે સારી રીતે પૂજનીય છે જેને આપણને જન્મ આપી પાલણ પોષણ કર્યુ તથા વિદ્યોપદેશ કર્યો એવા માતા, પિતા, મોટાભાઇ, ઉપાધ્યાય અને રાજા એ મોટા ગુરુ કહ્યા છે માટે જેઓ સુખ ઇચ્છે છે તેમણે પ્રાણ ત્યાગસુધીના પ્રયત્નપૂર્વક તેમની વિશેષ પૂજા કરવી

જ્યાસુધી માતા અને પિતા એ બેના મનમા આપણે માટે કોઇપણ જાતનો વિકાર ઉપજી, આપણને તેમણે પોતાનાથી દૂર ન કર્યા હોય, ત્યાસુધી પુત્રે બીજા બધા કામો છોડીને તેમની સેવામા તત્પર રહેવુ જે માબાપની સેવા કરેછે, અને એવાગુણથી જે માબાપની પ્રીતિ મેળવે છે, તે પુત્રને સર્વ ધર્માચરણનુ ફળ મળે છે

પિતાસમાન (આ લોકમા) બીજો દેવ નથી અને માતાસમાન બીજો ગુરુ નથી, તેમનો પ્રત્યુપકાર કોઇપણ શાસ્ત્રમા કદીપણ દેખાતો નથી માટે નિરતર તેમને પ્રિયલાગે તેવા કામો કાયા, વાચા અને મનથી કરવા એટલુજ નહિ પણ, તેમની રજાવિના બીજા ધર્માચરણ પણ તેણે ન કરવા માત્ર મુક્તિફળ (વેદાત શ્રવણ) તથા પોતાના વર્ણાશ્રમ જનિત નિત્ય તથા નૈમિત્તિક જે શાસ્ત્રોક્ત

કર્મ છે, તેટલાં તો અવશ્ય કરવાં તે સિવાયના કામ્ય કર્મો તેમની ગ્જાવિના ન કરવા એજ ધર્મનોસાર કહ્યો છે અને તે મૂઆપછી પણ આનંદદાયક થાય છે.

જે વિદ્યાપદેશ કરે છે, તે ગુરુનુ પણ સારી રીતે સન્માન કરવું તેમની શિક્ષાને છોડવી નહિ, એમ જે જાણીને વર્તે છે તે શિષ્ય આ લોકમા જીવતા સુધી વિદ્યાનુ ફળ ભોગવે છે. તથા મૃઆપછી સ્વર્ગપણ પામે છે, જે મોટા ભાઇ તેને પિતાસમાન માનવો જોઇએ, તેનુ જે મૂઢ અપમાન કરે છે, તે મુવા પછી ઘોર નરક પામે છે જે જે પુરૂષો ગુરુ કહ્યા છે, તેઓ જો ધર્મમાર્ગમા હોય, ત્યા સુધી પૂજ્ય ગણાય, તેમની સર્વદા ભકિત કરવી, પરંતુ માતા જે છે, તે ધર્મ માર્ગમા ન ચાલે, તોપણ તેની પૂજ્યતા ઘટતી નથી, કેમકે તેનો ઉપકાર નક્કી ઘણોજ મોટો છે મનુ ભગવાને પણ કહ્યુ છે કે જે પુરૂષ પોતાનુ પાલણ પોષણ કરનારને માટે પોતાના પ્રાણને પણ છોડે છે, તે અક્ષય લોકને પામે છે મા તરફના, બાપ તરફના, સાસરા તરફના અને ઋત્વિજગોર એ વડિલો છે, માટે તેઓની સામે હુ અમુક છુ એમ કહી, તેઓને અભ્યુત્થાન આપવુ

આ રીતે પુરાણોમા "ગુરુવર્ગ સમજાવીને ગુરુની ભક્તિ કરવાની કહી છે તેમાં સૌથી ઉત્તમ ગુરુમાતા કહી છે વેદમા પણ "માતૃ દેવો ભવ" એટલે માતાને દેવ (પૂજ્ય) માનનારા થા માતા જન્મ આપે છે એટલુજ નહિ, પણ જન્મ આપતા પહેલા પણ આપણે માટે ઘણુજ અસહ્ય કષ્ટ વેઠે છે વળી જન્મ આપ્યા પછી પણ, તે પોતાના સ્તનપાન વડે આપણુ પોષણ કરે છે તે પછી જ્યારે આપણી ચચલ વિષયાસક્ત ઇંદ્રિયો તે તરફ દોડાય છે, ત્યારે પણ તે તે વિષયોમા ગોગો ભેદ છે, કોની સાથે કેવો અને કેટલો સબધ છે તથા રાખવો એ વગેરે વ્યવહારિક તથા કયા ઇષ્ટ દેવતાની કેવી રીતે સેવા પૂજા કરવી એ પારમાર્થિક જ્ઞાનપણ માતા તરફથીજ આપણને મળે છે, માટે માતાની ભક્તિ પ્રથમ કરવી ભકિત એટલે સેવા—

भज इत्येष वै धातु सेवाया परिकीर्त्तित ।
तस्मात् सेवा बुधै प्रोक्ता भक्ति साधनभूयसी ॥

(गारुडे અ० २३१)

ભક્તિ શબ્દમા મૂળ ભજ ધાતુ છે. તેનો અર્થ સેવા કરવી એવો થાય છે, માટે મોટી મોટી સાધન સામગ્રી મેળવી, તનથી, મનથી અને ધનથી તેઓ પ્રસન્ન થાય, તે રીતે તેમની સેવા કરવી, તેનેજ બુદ્ધિમાનોએ ભક્તિ કહી છે જેઓ માતાપિતાની ભક્તિ કરે છે, તેઓજ ગુરુભક્તિ કરવાને લાયક બને છે વિદ્યાગુરુની ભક્તિ કરનારો, મત્ર દીક્ષાદાતા બ્રહ્મવિદ્યોપદેશક ગુરુની સેવા કરવા યોગ્ય બને છે,

અને સદ્ગુરુનો સેવક શ્રીહરિની સેવા કરવા યોગ્ય બને છે ઉપર જે ગુરુઓ ગણાવ્યા તે લૌકિકવિદ્યા ભણાવનાર, લૌકિકગુરુ જાણવા અધ્યાત્મવિદ્યા શીખવનાર મંત્રોપદેશક આધ્યાત્મિક ગુરુ ગણવા અને પોતાના જે ઇષ્ટદેવતા—પરમાત્મા—તેને આધિદૈવિક ગુરુ સમજવા લૌકિકવિધિથી લૌકિક ગુરુને પૂજવા, શાસ્ત્રોક્ત વિધિથી આધ્યાત્મિક ગુરુને ભજવા, અને સર્વસ્વાર્પણ અને શરણ ભાવનાથી આધિદૈવિક ગુરુને સેવવા એમ કરતા કરતા પરિણામે અભેદભાવ ઉપજે છે તે કારણથી ગુરુનો મહિમા વેદમા પરમાત્મા સમાન કહ્યા છે—

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुर्गुरुर्देवो महेश्वर ।
गुरु साक्षात्परब्रह्म तस्मै श्री गुरवेनम ॥

ગુરુ એજ બ્રહ્મા, ગુરુ એજ વિષ્ણુ અને ગુરુ એજ મહાદેવ એ ત્રિમૂર્તિ છે, એટલુજ નહિ પણ ગુરુ એ સાક્ષાત્પરબ્રહ્મ છે, માટે શ્રી ગુરુને પ્રણામ. ગુરુદ્રોહી મનુષ્યનો દેવતા પણ બચાવ કરતા નથી. તેથીજ કહ્યુ છે કે -

पाद्म रुष्टे हरस्त्राता हरे रुष्टे हरिस्तथा ।
हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष્ટे न कश्चन ॥

શ્રીબ્રહ્માજી રૂઠે તો હર (શિવજી) રક્ષણ કરે, હર રૂઠે તો હરિ (વિષ્ણુ) રક્ષણ કરે, અને હરિ રૂઠે તો ગુરુ રક્ષણ કરે છે, પણ જો સદ્ગુરુ રૂઠે તો પછી કોઇ મોટા દેવતા પણ તેનુ રક્ષણ કરતા નથી માટે "ભક્તિ પોષણ" મા દયારામ ભાઇએ ગાયુ છે કે —

ધ્યાન મૂળ છે શ્રી ગુરુપુજન, પૂજન મૂળ ગુરુપાય,
મંત્ર મૂળ ગુરુવાક્ય છે, મૂળ મોક્ષનુ ગુરુકૃપાય,
ગુરુકૃપા વાંછિત ફળ થાય, હરિ રૂઠે તો ગુરુ કરે સહાય,
ગુરુ કોપે કાંઈ નહિ ઠેકાણુ, અધિક આશ્રય એથી કો નવ જાણ ૬૭

માટે સર્વ આર્ય ભાઇઓએ ગુરુભક્તિ શ્રદ્ધાપૂર્વક કરવી કે જેથી આ લોક તેમજ પરલોક સબંધી દરેક કાર્ય નિર્વિઘ્ને પાર પડે છે.

નિત્યકર્મ.

સંધ્યા.

મનુષ્યને હાથે અજાણતા કેટલાક પાપો થાય છે, તેના પાપોના નિવારણ માટે દ્વિજો (બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્યો) ને માથે પરમાત્માએ સંધ્યાકર્મ નિયત કરેલુ છે તેથીજ અત્રિસ્મૃતિમા કહ્યુ છે કે -

सन्ध्यामुपासते ये तु सततं शंसितव्रताः
विधूतपापास्ते यान्ति ब्रह्मलोकं सनातनम्

અર્થ –પ્રશસ્ત નિયમોવાલા જે દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય) સદા નિરંતર પ્રતિદિન નિયમથી સંધ્યોપાસન કરે છે, તે સહજ પાપોથી મુક્ત થઇ, અંતમાં સનાતન બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે સંધ્યા કરવાથી રાત્રીમા વા દિવસમાં અજ્ઞાનતાથી જે કંઈ દોષ થયા હોય, તે નષ્ટ થઇ મનુષ્યને નિર્મળ બનાવે છે માટે મનુષ્યે ત્રિકાળ સંધ્યા કરવી જોઇયે, કેમકે સંધ્યોપાસન વગર દ્વિજને વૈદિક કર્મ કરવાનો અધિકાર પ્રાપ્ત થતો નથી. તેથીજ કહ્યુ છે કે –

सन्ध्याहीनोऽशुचिर्नित्यमनर्हः सर्वकर्मसु ।
यदन्यत्कुरुते कर्म न तस्य फलभाग्भवेत् ॥

(दक्ष)

અર્થ—જે દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રીય અને વૈશ્ય) સંધ્યોપાસન કરતા નથી, તેમને સર્વ કર્મોના અનધિકારી ગણવા, યદિ હઠથી એ લોકો અન્ય વૈદિક કર્મો કરે તોપણ તેનુ ફલ એમને પ્રાપ્ત થતુ નથી આથી સ્વાભાવિક રીતે આપણી જીજ્ઞાસા સંધ્યા કોને કહે છે તે જાણવાને ઉશકેરાયા વગર રહેશે નહિ. તેથી પ્રથમ સંધ્યાનુ સ્વરૂપ આપણે તપાસીશુ –સંધ્યાનુ સ્વરૂપ દર્શાવતા દક્ષમુનિ કહે છે –

अहोरात्रस्य यः सन्धिः सूर्यनक्षत्रवर्जितः ।
सा च सन्ध्या समाख्याता मुनिभिस्तत्त्वदर्शिभिः ॥

અર્થ —દિવસ અને રાત્રીનું જોડાણ કે જે સમયે નક્ષત્રોની કાંતિ ક્ષીણ થઇ જાય છે, તેમજ સૂર્યના ઉદયાસ્તના સમયને સન્ધિ કહે છેઃ અને એ વખતે જે (ઉપાસનાદિ) કર્મ કરવામા આવે છે તેને સંધ્યા કહે છે અને એજ તત્વવેત્તા મુનિયોનો મત છે તેમજ **"सम्यग्ध्यायत्यस्यामिति सन्ध्या"** અર્થાત્ જેમા ભગવાનનુ ભલીભાતિથી ધ્યાન થઈ શકે તેનુ નામ સંધ્યા. આ આધ્યાત્મિક અર્થ છે વળી બ્રહ્માડના પ્રાણાપાનની સહવાર, બપોર, સાઝ અને અર્ધ રાત્રિના વિશેષ સમયને સંધિ કહેછે એ આધિદૈવિક સંધ્યા કહેવાય છે ને શરીરમાના પ્રાણાપાનની ગતિ વિશેષના સમયને પણ સંધિ કહે છે તેથી પિંડ અને બ્રહ્માડમા જ્યારે પ્રાણાપાનનુ વહન શિથિળ પડી તે બંનેની સંધિ રૂપ જે સુષુમ્ણા તેનુ વહન વર્તમાન હોય ત્યારે શરીરમાના પ્રાણતત્વની શુદ્ધિ માટે સમષ્ટિના પ્રાણરૂપ અંતર્યામીની ઉપાસના રૂપે જે કર્મ કરવામા આવે છે તે સંધ્યા કહેવાય છે ખરી રીતે જોતા સંધ્યોપાસનાનો સમય ચાર વખતનો બતાવ્યો છે પરંતુ મધ્યરાત્રિએ સંધ્યોપાસન કરવાનુ ગૃહસ્થાશ્રમીને કષ્ટદાયક થઇ પડશે, એમ સમજીને પરમ

કૃપાળુ મહર્ષિઓએ તે સમય માટે આગ્રહ ન કરતા માત્ર ત્રિકાળ સંધ્યા કરવાની આજ્ઞા ઠેકઠેકાણે કરેલી છે. સંધ્યા ન કરનાર દ્વિજને શૂદ્રસમાન જાણવો એમ જણાવતા મરીચિ ઋષિ એ કહ્યું છે કે:-

सन्ध्या येन न विज्ञाता सन्ध्या येनानुपासिता ।
जीवमानो भवेच्छूद्रोमृत श्वा चाऽभि जायते ॥

અર્થ —જે દ્વિજે (બ્રાહ્મણ, ક્ષત્રીય ને વૈશ્યે) સંધ્યા જાણી નથી અને સંધ્યોપાસના કરી નથી, તે દ્વિજને જીવતા શૂદ્ર જાણવો અને મૃત્યુપછી તે શ્વાનયોનિને પ્રાપ્ત થાય છે. ધર્મ શાસ્ત્રની આજ્ઞાથી એવું સિદ્ધ થએલું છે જે બ્રાહ્મણ, ક્ષત્રીય ને વૈશ્ય એ ત્રણે વર્ણને જ્યારથી "દ્વિજ" શબ્દની ઉપાધિ લાગુ પાડવામાં આવી છે, ત્યારથી એ ત્રૈવર્ણિકોનું નિયમપૂર્વક સંધ્યોપાસન એ નિત્યકર્મ તરિકે ગણવા માંડ્યું છે. યદિ એકાદ દિવસ પણ જો સંધ્યા ન કરવામાં આવે તો તેથી દ્વિજ પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છે. તેમાં પણ જો લાગટ ત્રણ દિવસ સુધી સંધ્યોપાસન કરવામાં ન આવે તો તે દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રીય ને વૈશ્ય) શૂદ્રભાવને પામે છે. તેથી તેના શરીર, ઇંદ્રિયો, પ્રાણ ને અંતઃકરણ તમોગુણમયી બને છે, જેથી સદ્અસદ્નો વિચાર કરવાને તે અશક્ત બને છે. માટે યથા કાલે યથાવિધિ સંધ્યોપાસન કરવું જોઇયે. સમયાનુસાર સંધ્યા કરવામાં ન આવે તો તેમાં પણ દ્વિજને શૂદ્રસમાન ગણી દ્વિજકર્મથી બહિષ્કૃત કરવાની ધર્મશાસ્ત્રમાં આજ્ઞા આપી છે તેથીજ કહ્યું છે કે—

न तिष्ठति तु यः पूर्वां नोपास्ते यश्च पश्चिमाम् ।
सशूद्रवद्बहिष्कार्यः सर्वस्माद्द्विज कर्मण ॥

અર્થાત્ —જે પ્રાતઃકાલ અથવા સાયંકાળની સંધ્યોપાસના નથી કરતા તે (દ્વિજ)ને શૂદ્ર સમાન ગણી દ્વિજાતિયોના સર્વે કર્મોથી બહિષ્કાર કરવા આમ હોવાથી દરેક દ્વિજ બાહ્યવે પ્રાતઃકાળમાં ઉઠી પોતાના ઇષ્ટ દેવનું ધ્યાન કરી સ્નાનાદિકથી શુદ્ધ થઇ પોતાના ગુરુએ આપેલા ઇષ્ટમંત્રથી જપ કરવો તથા ગાયત્રી મંત્રથી સંધ્યોપાસન કરવી. પૂર્વકાળમાં ઋષિમુનિઓ ઘણા કાલપર્યંત સંધ્યોપાસન કરી પ્રજ્ઞા (નિશ્ચયાત્મિકા બુદ્ધિ) યશ (કીર્તિ) તથા દીર્ઘાયુ પ્રાપ્ત કરતા હતા. આથીમાટે મનુજીએ જણાવ્યું છે કે જે બુદ્ધિના સુખને પ્રાપ્ત થઇ હાનિ તથા લાભાદિ તેમજ હર્ષ શોકાદિ રહિતથઇ જાય છે, તેમના હૃદયમાથી ઇર્ષા, મત્સરાદિ દુષ્ટ વાસના નીકળી જાય છે. સંધ્યા અને ગાયત્રી બંને એકજ હોવાથી યાજ્ઞવલ્કયજીએ કહ્યું છે કે

या सन्ध्या सा तु गायत्री द्विधाभूता प्रतिष्ठिता ।
सन्ध्या ह्युपासिता येन विष्णुस्तेन उपासित. ॥

અર્થાત્ —જે સંધ્યા છે, તેજ ગાયત્રી છે એકજ વસ્તુ બે પ્રકારથી પ્રસિદ્ધ છે જેમણે સંધ્યાની ઉપાસના કીધી તેમણે વિષ્ણુની ઉપાસના કરી એમ જાણવું **"न तिष्ठति तु"** ઇત્યાદિ ઉપરોક્ત મન્વાદિ વાક્યોથી દ્વિજમાત્રનું આ કર્તવ્યસિદ્ધ થાય છે કે પ્રાત અને સાય સંધ્યામાં અવશ્ય ગાયત્રી મંત્રનો જપ કરવો જોઇયે

અતિ ખેદની વાત છે કે આજકાલ લોક આવા અતિ આવશ્યક કર્મથી વિમુખ થતા જાય છે પૂર્વકાળમાં દ્વિજ લોક પોતાનું સર્વ આયુ ધર્મ કર્મમા વ્યતીત કરતા હતા કે જેથી તેઓએ સંસારીઓના ઉપકારને માટે અનેક શુભકાર્યો કરેલા છે સંસાર એક કારાગૃહને તુલ્ય હોવાથી એમા ભગાઈ, શાસ્ત્રજન્ય જ્ઞાનથી એવા કર્મ કરવા કે જેથી ફરી આ સંસારરૂપી સમુદ્રમા ડૂબવાનો વખત ન આવે; તેટલા માટે આપણા પૂર્વજોના ધર્મકૃત્ય તરફ દૃષ્ટિનાખી તેઓને પગલે વિચરવું જોઇયે સમયના પ્રભાવને લીધે હાલમા આર્ય બાધવોની સ્વધર્મ પ્રત્યે શિથિલતા દિન પ્રતિદીન વધતી જતી હોવાથી ફક્ત પશુઓની સમાન ઉદર ભરણ કરવામા પોતાનું આયુ વ્યતીત કરી દે છે, તોપણ સુખથી મરણ પ્રાપ્ત થતુ નથી પશુઓ અને મનુષ્યમા અતિ ઘણો ફેરફ છતા પણ પશુઓ જીવનપર્યંત તેમજ મુઆં પછી પણ બીજાને ઉપયોગી થઈ પડે છે અને મનુષ્ય કે જે સંસારના પ્રાણીયોના ઉપકારમા પોતાનું કલ્યાણ સમજતા હતા તે મનુષ્યો કંઇ પણ ઉપયોગમા આવી શકતા ન હોવાથી, આજ પશુઓથી પણ હીન દશાને પ્રાપ્ત થયેલા દેખાય છે એ અતિ ખેદયુક્ત છે અસ્તુ જે થયુ તે થયુ પરતુ "ઘોળાયલા દુધ માટે વિલાપ ન કરવાની" પેલી જાણીતી કહેવત મુજબ હવે પણ વિચાર કરવો જોઇયે તેમા પણ કેવળ વિશ્વાસ કરી પ્રથમ જે જે દોષ આ સમયે વિદ્યમાન છે તે તે દોષને ક્રમસ ત્યાગ કરી કર્તવ્યકર્મોનો સ્વીકાર કરવો જોઇએ દ્વિજમાત્રનું પ્રથમ કર્તવ્ય કર્મ **સંધ્યોપાસન** છે એથી યથાશકિત એનુ પાલન કરવુ જોઇએ આ કર્મ કરવામા માત્ર દશ મિનિટનો ભોગ અપાય છે. એમા કંઇ દ્રવ્ય તેમજ કોઇ દુર્લભ પદાર્થની આવશ્યકતા ન હોવાથી એ કર્તવ્યકર્મ ગરીબ તેમજ તવંગર સર્વથી બની શકે તેમ છે કેવળ સ્નાન શૌચાદિથી નિવૃત્ત થઇ શુદ્ધાંતઃકરણથી ઇશ્વરનુ ધ્યાન, જપ કરવાથી આ કર્તવ્યકર્મ કરી શકાય છે. વિચારપૂર્વક ચાલનારા મનુષ્યોથી અનેક પ્રકારના પ્રમાદ થઇ જાય છે, તો પછી આજકાલ (પ્રમાદના મન્ત્ય) ના સમયમા તો શું કહેવાય ? અનેક દોષોના નિવારણ માટે સંધ્યોપાસનની જોડે ગાયત્રી જપની જરૂર છે, તેથી વ્યાસજી એક કહ્યુ છે કે —

प्रतिग्रहान्नदोषाच्च पातका दुपपातकम् ।
गायत्री प्रोच्यते तस्माद्गायन्त त्रायते यतः ॥

દુષ્ટ પ્રતિગ્રહ તથા અશુદ્ધ અન્નના ભક્ષણ કરવાથી જે દોષ ઉત્પન્ન થાય છે તે પાપ અથવા ઉપપાપથી રક્ષા કરવાવાળી જે જપ કરવાની ક્રિયા છે તેને ગાયત્રો કહે છે વાચકવૃંદો ! જુઓ કેવલ થોડી મિનિટતક ગાયત્રી જપ કરવાથી પૂર્વોક્ત પાપથી રક્ષા થાય છે, તો પછી નિત્ય સંધ્યોપાસન કરવામા આલસ્ય શામાટે કરવુ જોઇએ ? સંધ્યાના સમય ઉપર વર્ણવ્યા મુજબ પ્રાત, મધ્યાહ્ન અને સાયકાલ એમ ત્રણ છે અને એમા ગાયત્રીની જુદા જુદા નામોથી ઉપાસના કરવી જોઇએ કેમકે વ્યાસજીએ લખ્યુ છે કે —

गायत्री नाम पूर्वाह्णे सावित्री मध्यमे दिने ।
सरस्वती च सायाह्ने सैव सन्ध्याप्युस्मृता ॥

અર્થાત્ —પ્રાત કાળની **ગાયત્રી**, મધ્યાહ્નમા **સાવિત્રી** ને સાયકાળમા **સરસ્વતી** રૂપથી સંધ્યાની ઉપાસના કરવી, કેમકે મધ્યાહ્નમા સૂર્યનો પૂર્ણ પ્રકાશ થાય છે તેથી સસારના જીવોની સ્થિતિ થઇ શકે છે સૂર્યની ઉષ્ણતા સાથે મનુષ્યાદિ પ્રાણી (સ્થાવર, જગમાદિ) તેમજ સર્વ સસારની ઉત્પત્તિનો જે નિકટ સબધ છે તે પદાર્થ વિદ્યામા ભલીભાતથી વર્ણિત છે અને તે સર્વને જાહેર હોવાથી વિસ્તાર કરવાની અત્રે જરૂર જોતા નથી જેના જાણ્યા વગર આ સૃષ્ટિના અનેક કાર્યો મનુષ્યથી બની શકે નહિ એવી જે સરસ્વતી તે સાયસધ્યાનુ નામ છે, અર્થાત્ જ્ઞાનમય કહેવાય છે જ્ઞાનમય દેવી જે સરસ્વતી છે, તેની ઉપાસના કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને તેથીજ સર્વ કાર્ય પણ સિદ્ધ થઇ શકે છે આવી રીતે સંધ્યાની ઉપયોગિતા ધર્મશાસ્ત્રમા ઠેકઠેકાણે દર્શાવેલી છે કેટલાકનો એવો પણ મત છે કે ભક્તિમાર્ગમા રહેનારાઓએ હમેશા પોતાના આરાધ્ય દેવતાની આરાધના સિવાય કઇ પણ કરવુ નહિ પરતુ આ મતતો ફક્ત જે પુરુષ રાતદિન પોતાના ઉપાસ્ય દેવતાની સેવામાજ લીન થઇ રહેતો હોય અને લૌકિક સર્વ કર્મથી મુક્ત થયો હોય તેનેજ માટે હોઇ શકે બીજાને માટે નહિ આ કારણથીજ ભક્તિમાર્ગ પ્રવર્તક આચાર્યો પણ ત્રિકાળ સંધ્યોપાસન કરતા હતા, તથા ગાયત્રીભાષ્ય પણ તેઓ લખી ગયા છે વળી વેદ પણ આજ્ઞા કરે છે "**अहरह सध्या-मुपासीत**" પ્રતિદિન સંધ્યોપાસન કરો વળી સ્મૃતિઓમા પણ દ્વિજોને સધ્યા કરવાની અતિ આવશ્યકતા દર્શાવેલી છે તેથી ચારે આશ્રમીઓએ સધ્યોપાસના જરૂર કરવી જોઇએ છે નિત્યકર્મના ત્યાગ કરવાથી દોષ લાગે છે સધ્યા એ પણ નિત્ય કર્મ છે જેમ દીવાના પ્રકાશથી અધકારનો નાશ થાય છે, તેમ સધ્યોપાસન કરવાથી માનસિક અજ્ઞાત પાપજન્ય મલીનતા છૂટી અતકરણ શુદ્ધ થાય છે, ને શુદ્ધાત કરણથી ઇશ્વર પ્રાપ્તિના કૃત્યો નિર્વિઘ્ને થઇ શકે છે. માટે પોતાનો ઉત્કર્ષ

૨

ઇચ્છનાર દ્વિજે સધ્યા કરવી જોઇએ. આ સધ્યા મુખપાઠથી કરવી પુસ્તક લઇને કરવાની નથી પ્રથમ શિક્ષણ વખતે પુસ્તક રાખવાને હરકત નથી સામા ન્યપણે તો સવાર અને સાઝની સધ્યા વખતે લખવા વાચવાની પણ વૈદક તેમજ ધર્મશાસ્ત્રમા મના કરેલી છે સવાર સાઝ વાચવા લખવાથી આખનુ તેજ પણ ઘટે છે, માટેજ પડિત શ્રી ગટ્ટુલાલજી કૃત નીચલો ઉપલો ઉપદેશ ડાક્ટર ભુલેયે પોતાના " દૃષ્ટિસરક્ષણ " નામના પુસ્તકમા ખાસ દાખલ કર્યો છે.

(ગીતિ)

ઇશ્વિર નેત્ર રવિ તણી, મદ પડે જે સમે ઝાઇ,
તે અસ્તોદય સધ્યા, સમયે ન લખવુ ન વાચવુ કાઈ

આ ગીતિમા પડિત શ્રી ગટ્ટુલાલજી આર્યધર્મ તથા વૈદકશાસ્ત્રનો સાર જણાવતાં કહે છે કે, ઇશ્વર (આ ચરાચર વિશ્વના કર્ત્તા) ની આખ રવિ (સૂર્ય) છે તેનુ તેજ (પ્રકાશ) જે વખતે મદ (ઝાખુ) થાય તે વખતે એટલે સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે કાઇ પણ લખવુ તેમજ વાચવુ નહિ.

આર્યધર્મશાસ્ત્રમા મનુષ્યને જે જે કર્ત્તવ્યકર્મ બતાવ્યા છે, તે તે આર્યવૈદકાનુસાર હોવાથી તે મુજબ વર્તનારને ધર્મ તથા શરીરસરક્ષણનો આમ બેવડો લાભ મળી શકે છે. આ સધ્યોપાસન કર્મમા પણ એનીજ રીતે લાભ સમાયેલો છે આર્યધર્મની આવી શ્રેષ્ટતા હોવા છતા તે પ્રત્યે આર્ય બાધવો તરફથી હાલમા જે શિથિલતા બતાવવામા આવે છે તેનુ મૂળ કારણ અજ્ઞાત દશા સિવાય બીજુ કઇ પણ દેખાતુ નથી માટે દરેક આર્યે સ્વધર્મના રહસ્યથી જ્ઞાત થઇ ધર્માચરણ કરવા તત્પર થવુ જોઇયે

માટે સધ્યાના મત્રો મુખે કરી લેવા, તથા સધ્યા સમયે શુદ્ધ થઇ ગાયત્રી વગેરે મત્રનો જપ કરવો. અનેક પ્રકારના યજ્ઞો કરવાને શાસ્ત્રની આજ્ઞા છે, તે સર્વ યજ્ઞમા જપયજ્ઞ સર્વોત્તમ છે, ભગવાન્ પરે પણ ગીતામા કહે છે કે **यज्ञाना जप यज्ञोऽस्मि** યજ્ઞોમા જપયજ્ઞ એ મારી વિભુતિ છે. એજ કારણથી સધ્યા સમયે ગાયત્રી વગેરે મત્રના જપથી તુરત પવિત્રતા પમાય છે

ધર્મ.

धरति लोकान् ध्रियते पुण्यात्मभिरिति वा। धृ+ "अत्तिस्तुद्रुमिति"। उणा १।१३८ इतिमन् એ સૂત્રથી ધૃ ધાતુને મન્ પ્રત્યય લાગતા ન્ નો લોપ થઇ ધર્મ શબ્દ સિધ્ધ થયો છે. ધર્મ શબ્દના પર્યાય (સમાન અર્થ વાચક) શબ્દો સસ્કૃત કોપમા નીચે મુજબ વર્ણાવ્યા છે —

पुण्यम्, श्रेय, सुकृतम्, वृष. इत्यमर ।१।४।२४।
न्याय', स्वभाव', आचार ।

અર્થ —પુણ્ય, શ્રેય, સુકૃત, અમરકોષ ૧।૪।૨૪
ન્યાય, (નીતિ), સ્વભાવ, આચાર (મહાભારત)

આ વિશ્વનો મુખ્ય આધાર ધર્મજ છે ધર્મવિના કઇ પણ કાર્ય સિધ્ધ થઇ શકતું નથી ધર્મવડેજ આ સૃષ્ટિનું ચક્ર યથાવિધિ ચા'યા કરે છે પ્રાણીમાત્રની સદ્દઇચ્છાઓના ફલિત થવામા પણ ધર્મજ મુખ્ય પ્રધાન હોય છે, તેમજ સસારમા ભોગવાતા સુખાદિ વૈભવો પણ ધર્મને અધીન હોય છે પરતુ મનોરથોનુ પ્રાબ'ય કેટલીક વખતે ધર્મમા વિઘ્નકર્તા થઈ પડતુ હોવાથી બુદ્ધિમાન્ પુરુષો એવી ઇચ્છાને આધીન ન થતા ઇચ્છાને પોતાને વશ કરે છે, કે જેથી ધર્મમા કોઇ પણ રીતે વિઘ્ન ન થાય વળી ધર્મવડેજ મનુષ્ય પ્રાણી આ સસારરુપી સાગરને તરી પરમાત્માના ચરણકમળરુપ જે કીનારો તેને પ્રાપ્ત કરી શકે છે કે જેથી આ લખચોર્યાસીના ચક્રમા ફરી અવાય નહિ તેમજ સૃષ્ટિના નિયામકે જે ચાર પુરુષાર્થો સિધ્ધ કરવાની મનુષ્ય પ્રાણીને માથે ખાસ ફરજ નાખેલી છે, તેમા પણ ધર્મને મુખ્ય માનેલો છે કેમકે અર્થાદિ બીજા પુરુષાર્થો પણ ધર્મને અધીન હોઇ મનુષ્યને ફળદાયક નીવડે છે જો મનુષ્ય કેવળ અર્થને વિષે અનુકૂળ રહી કામને વિષે સ્પૃહાવાન્ થાય તો તેથી તે ધર્મથી હીન થાય છે ધર્મહીન પુરુષ ધર્માધર્મનો વિચાર કરી શકતો નથી જેથી તેની બુદ્ધિ નષ્ટપ્રાય થાય છે માટે ધર્મ એજ મનુષ્યનું પ્રથમ કર્મ હોવાથી તેનો કઇક વિચાર કરીશુ ધર્મનુ મૂળ વેદ છે, તેથીજ વેદમા પરાત્પર પરમાત્મા પડેજ આજ્ઞા કરે છે કે **"धर्मंचर"** અર્થાત્ ધર્મમા ચાલો પ્રાચીન ઇતિહાસોપરથી સ્પષ્ટ માલમ પડે છે કે, ધર્મમાર્ગને અનુસરીને ચાલનારા પુરુષો મહાપ્રતાપી થઈ ગયા છે, તેમજ આવા કલિકાળમા પણ અનેક મહાત્મા થયેલા છે અને કેટલીક વાર આપણે સાભળીયે તેમજ જોઇયે પણ છીએ કે ધર્મથી વિરુધ્ધ માર્ગે ચાલનારા પાપબુદ્ધિવાળા મનુષ્ય અપ્રતાપી હોઇ પૃથ્વીને પણ ભાર રૂપ થઈ પડે છે આવા પાપબુદ્ધિવાળા પુરુષ આર્યધર્મ શાસ્ત્રાનુસાર દેહત્યાગ કીધા બાદ પરલોકમાં પણ અત્યત દુ ખને પામે છે માટે મનુષ્યમાત્રે ધર્મમાર્ગને અનુસરી સર્વ કર્મ કરવા જોઇયે છે, કેમકે કર્મમા પણ મુખ્ય ધર્મજ છે ધર્મનુ આચરણ આચરવુ એમ ધર્મશાસ્ત્રમા સ્પષ્ટ દર્શાવ્યુ છે તેથી ધર્માચરણ એ મનુષ્યનુ મુખ્ય કર્તવ્ય સિધ્ધ થાય છે ધર્માચરણ આ મનુષ્ય શરીરથીજ બની શકે છે કેમકે મરણબાદ કઇ પણ બનતુ નથી, માટે પ્રથમ આપણે ધર્મનુ મૂળ જાણવુ જોઇયે. ધર્મસબધી વિચાર દર્શાવતા મનુ ભગવાન્ કહે છે કે —

वेदोऽखिलो धर्ममूलं स्मृतिशीले च तद्विदाम् ।
आचारश्चैव साधूनामात्मनस्तुष्टिरेव च ॥

(मनु. अ २० श्लो. ६.)

અર્થ—સંપૂર્ણ વેદ, (તે વેદને જાણનાર મનુ, અત્રિ વગેરે ઋષિઓની) સ્મૃતિ, તથા તે જાણનારાઓના સદાચાર, સાધુ (સત્પુરુષો) ના આચારો, તથા આત્મતુષ્ટિ એ ધર્મનું મૂળ છે આમાં જે આત્મતુષ્ટિ કહી છે, તેનો "મરજી માફક વર્તવું" એમ હાલમાં કેટલાક મનસ્વી જનો અર્થ કરે છે, પરંતુ એ અર્થ ખરો નથી ખરી રીતે જોતાં એનો અર્થ એવો થાય છે કે "જેમ બીજાના સદ્વર્તનથી આપણું મન સંતુષ્ટ પામે છે, તેમ આપણે પણ આપણા વર્તનથી બીજાના મનને સંતુષ્ટ કરવું" અર્થાત્ અન્યના મનને સંતોષ થાય તેવું વર્તન રાખવું જો "સ્વચ્છંદ વર્તન" એમ અર્થ કરવામાં આવે તો પછી સદ્ અસદ્નો કંઈ પણ ફરક રહે નહિ, તેથી નીતિશાસ્ત્રાનુસાર પણ એ અયોગ્ય ઠરે છે અને અનર્થ કરવાથી મનુષ્ય આડે માર્ગે દોરવાય છે માટે મનસ્વી અર્થો ન લેતાં ધર્મ તથા નીતિને અનુસરીનેજ દરેક શબ્દના અર્થ કરવા જોઈએ છે

વળી "મત્સ્યપુરાણમાં" પણ ધર્મના મૂળ નીચે મુજબ વર્ણવ્યા છે

अद्रोहश्चाप्यलोभश्च दमो भूतदया तप ।
ब्रह्मचर्यं तत सत्यमनुक्रोश क्षमा धृति ॥
सनातनस्य धर्मस्य मूलमेतद्दुरासदम् ॥ (मत्स्यपुराणम्).

અર્થ—કોઈ સાથે દ્રોહ ન કરવો, લોભ ન રાખવો, દમ (ઈંદ્રિયનિગ્રહ) કરવો, પ્રાણીમાત્રપર દયા રાખવી, તપ (દેહકષ્ટ ખમવું તથા આલોચન કરવું) બ્રહ્મચર્ય પાળવું, સાચું બોલવું, અનુક્રોશ (કોઈપર ક્રોધ ન કરવો), ક્ષમા અને ધૃતિ (ધીરજ અથવા તિતિક્ષા) એ સનાતન ધર્મના મૂળીઆ છે, પણ તે કષ્ટ સાધ્ય છે મતલબ કે ધર્મ પાળતાં કદી કષ્ટ ખમવું પડે તો, તેથી ડરીને ધર્મ છોડવો નહિ. કેમકે અનાદિ કાળથી ચાલતા આવેલા ધર્મના સર્વ મૂળો કષ્ટસાધ્ય હોય છે કષ્ટવિના સુખની પ્રાપ્તિ થતી નથી. અને તે જગ જાહેર છે આ જગ્યાએ કષ્ટનો અર્થ દુઃખ નહિ પણ સહનશીલતા એમ કરવો જોઈયે. કેમકે તપમાં મુખ્ય સહનશીલતાની જરૂર છે જો મનુષ્યમાં સહનશક્તિ ન હોય તો તેનાથી કોઈપણ તરેહનું તપ પળી તે કાયિક, વાચિક કે માનસિક કંઈ પણ બની શકે નહિ. માટે દરેક મનુષ્યે સહનશીલતા રાખવાનો અનુભવ રાખવો જોઈયે કે જેથી તપ જેવું ધર્મનું મૂળ પગથીયું કે જેના વડે ઈશ્વર પ્રાપ્તિ થઈ શકે તે કર્મ નિર્વિઘ્ન પાર પડી શકે વળી સહનશીલતાથી મનુષ્ય ક્રોધને આધીન થતો નથી, જેથી તેના સ્થૂળદેહને પણ અત્યંત લાભ થાય છે

ધર્મનાં લક્ષણો

જેમ પદાર્થ માત્રમા સાધારણ અને વિશેષ એમ બે પ્રકારના ભેદ હોય છે, તેમ ધર્મ ના લક્ષણોમા પણ સાધારણ અને વિશેષ એમ બે પ્રકારના ભેદ હોય છે

धृति क्षमा दमोऽस्तेय शौचमिन्द्रियनिग्रह ।
धीर्विद्या सत्यमक्रोधो दशक धर्मलक्षणम् ॥

(मनु अ ६ श्लो ९२)

અર્થ—ધૃતિ (ધીરજ,) ક્ષમા, દમ, અસ્તેય, શૌચ, ઇંદ્રિયનિગ્રહ, ધી, વિદ્યા, સત્ય અને અક્રોધ એ દશ ધર્મના સાધારણ લક્ષણો છે આ પ્રત્યેક લક્ષણોનું વિવેચન પણ આ પત્રમા આપવુ શીરૂ કર્યુછે વિશેષ લક્ષણ દર્શાવતા મનુ ભગવાન્ કહે છે કે –

वेद स्मृति सदाचार स्वस्य च प्रियमात्मन ।
एतच्चतुर्विध प्राहु साक्षाद्धर्मस्य लक्षणम् ॥

(मनु अ २ श्लो १२)

અર્થ —વેદ, ધર્મશાસ્ત્ર (સ્મૃતિઓ), પુરાણોક્ત શિષ્ટ પુરુષોનો આચાર, અને પોતાના આત્માને બીજાનું જે આચરણ પ્રિય લાગે તેવુ સદાચરણ એ ચાર પ્રકારનુ ધર્મનુ સાક્ષાત્ (પ્રત્યક્ષ) લક્ષણ કહ્યુ છે વળી "પાદ્મોત્તરખંડ" મા પણ ધર્મના લક્ષણો નીચે મુજબ જણાવ્યા છે –

पात्रे दान मति कृष्णे मातापित्रोश्च पूजनम् ।
श्रद्धा बलिर्गवा ग्रास षड्विध धर्मलक्षणम् ॥

(पाद्मोत्तरखड)

સત્પાત્રને દાન દેવુ, પરમાત્મા શ્રીકૃષ્ણના સ્વરુપના ચિંતનમાં બુદ્ધિને લગાડવી, માતાપિતાનું પૂજન કરવુ, વેદશાસ્ત્રોના વચનોપર વિશ્વાસ રાખવો, અતિથિ તથા પશુપખીને અન્ન આપવુ, ગાયને ઘાસ નાખવુ એ છ ધર્મનાં લક્ષણો છે આ ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે દાન આપવુ એ ધર્મનુ એક લક્ષણ છે, પરતુ દાન આપવામા પણ ધર્મશાસ્ત્રે પાત્રાપાત્રનો વિચાર કરવાનુ જણાવેલુ છે હાલમા દાન આપવાની જે કેટલીક રૂઢી પ્રચલિત છે, તે વિશેષ કરીને લાગવગ યાને શરમને આધીન હોઇ પાત્રાપાત્રનો વિશેષ વિચાર કર્યા વગરની હોવાથી તેનુ ઉત્તમ ફળ દાતાને પ્રાપ્ત થવુ અશક્ય બને છે જો કે પેલી જાણીતી કહેવત "ન મામા કરતા કહેણો મામો સારો" મુજબ કંજૂસની માફક દાન ન કરવા કરતા તો તે અધિક સારૂ છે, પરતુ દાનનો મુખ્ય હેતુ પાત્રનો વિચાર કરી તેમજ ખરા હાજતમદોને કરવાનો હોવાથી દાન આપનારે પ્રથમ પાત્રનો તેમજ ખરા હાજતમદનો વિચાર કરી દાન કરવુ જોઇએ, કે જેથી દાનનુ યોગ્ય ફળ પ્રાપ્ત થઇ શકે

જો પાત્રાપાત્રનો વિચાર કર્યાં વગર ગમે તેને દાન કરવામાં આવે ને દાન લેનાર ધણી દાનનો ઉપયોગ અધર્મકૃત્ય કરવામાં કરે, તો તેવા કૃત્યથી જે દોષ કૃત્ય કરનારને લાગે તેમાંનો કેટલોક અંશ દાતાને પણ લાગે છે, એમ આર્યધર્મશાસ્ત્ર સ્પષ્ટ રીતે કહે છે માટે પાત્રાપાત્રની પરીક્ષા કરી દાન આપવું જોઇયે પાત્રાપાત્રનો વિચાર કર્યા વગર દાન કરવાથી શેઠ સગાળશાને દોષની પ્રાપ્તિ થઇ હતી તે પ્રાચીન ઇતિહાસપરથી સ્પષ્ટ સમજાય છે માટે આર્ય બાંધવોએ આર્ય ધર્માનુસાર વર્તી દાન આપવું જોઇયે કે જેથી ધર્મનું યોગ્ય ફળ પ્રાપ્ત થાય. ધર્મશબ્દની નિરૂક્તિ શ્રીમદ્ ભાગવતમા નીચે મુજબ શ્રીમદ્ વેદ વ્યાસે કરી છે —

वेदप्रणिहितो धर्मो ह्यधर्मस्तद्विपर्ययः ।
वेदो नारायणः साक्षात् स्वयम्भूरिति शुश्रुम ॥
(श्रीभागवत)

અર્થ —વેદમા જે કર્તવ્ય કહ્યું છે, તે ધર્મ અને તેથી જે ઉલટું તે નક્કી અધર્મ વેદ એ સાક્ષાત્ નારાયણના મુખથી સ્વયંભૂ (પોતાની મેળે પ્રગટેલા) છે, એમ અમે સાંભળ્યું છે અર્થાત્ વેદ એ સાક્ષાત્ શબ્દ બ્રહ્મરૂપ પરમાત્માનો અવતાર છે

શબ્દ (અક્ષર) બ્રહ્મ એટલે નિર્ગુણ બ્રહ્મ એમ અર્થ થાય છે શુધ્ધ નિર્ગુણ પુરુષોત્તમના બે સ્વરૂપ છે એક સાક્ષાત્ શ્રીકૃષ્ણ અને બીજુ ધર્મરૂપ અક્ષર બ્રહ્મ. તેથીજ ગીતામા કહ્યું છે કે —

" त्वमक्षरं "

આપ અક્ષર (બ્રહ્મ) છો આ અક્ષર બ્રહ્મને પરબ્રહ્મનું ધામ ગણી શુધ્ધાદ્વૈતી બ્રહ્મવાદી જ્ઞાનીઓ ઉપાસે છે અને એ આધ્યાત્મિક સ્વરૂપ કહેવાય છે કેટલાક આગ્રહી લોકો જીવનેજ સાક્ષાત્ પૂર્ણ માની અક્ષર બ્રહ્મ ઠેરવે છે પરંતુ તે યોગ્ય નથી કેમકે **" इयदामननात् "** આદિ સૂત્રોથી અક્ષર કરતા પુરુષોત્તમનો ઉત્કર્ષ સૂત્રકાર વધુ બતાવે છે, એટલે અક્ષર બ્રહ્મ કરતા સાક્ષાત્ શ્રીકૃષ્ણ સ્વરૂપ જે આધિદૈવિક છે તે પૂર્ણ પુરુષોત્તમ છે માટે શ્રીકૃષ્ણ સ્વરૂપને ભજવા જોઇયે કેમકે અક્ષર અવ્યક્ત (અપ્રકટ) છે ને શ્રીકૃષ્ણ તો પ્રકટ (વ્યક્ત) છે. અક્ષર અનિર્દેશ્ય છે ને શ્રીકૃષ્ણ અલૌકિક શબ્દ વડે પ્રતિપાદ્ય છે અક્ષર સર્વસાધારણ છે ને શ્રીકૃષ્ણ અસાધારણ છે વળી નામ રૂપ વિશિષ્ટ પ્રપંચમા રહીને નામ રૂપ રહિત અક્ષર બ્રહ્મની ઉપાસના બ્રહ્મવાદ પૂર્વક કરવી જીવને કઠિણજ છે, કેમકે અક્ષરબ્રહ્મપ્રાપ્તિ પણ સાક્ષાત્ રસાનન્દરૂપ નથી તેથીજ અક્ષર (બ્રહ્મ) ની ઉપાસના કરનારને ક્લેશ થાય છે, એમ બતાવતા ગીતામા શ્રીકૃષ્ણ ભગવાને પડેજ કહ્યું છે કે —

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ (गीता अ. १२ श्लो. ५)
અવ્યક્તાસક્ત ચિત્તો જે, તેને ક્લેશ વધૂ અતિ,
મેળવે દેહીઓ દુ:ખે, યુક્ત અવ્યક્તની ગતિ.
(સમશ્લોકી ગીતા, પંડિત શ્રી ગટ્ટુલાલજી)

અર્થ —અવ્યક્ત (નિર્ગુણ અક્ષર બ્રહ્મ) માં જેઓનું ચિત્ત આસક્ત છે એવા તેઓને વિશેષ ક્લેશ થાય છે (કારણ કે) દેહાભિમાની (દેહને આત્મા માનનારા) જનોથી અવ્યક્તમાં (નિર્ગુણ અક્ષરબ્રહ્મને વિષે) મનની વૃત્તિ દુ:ખે કરીને કરાય છે અક્ષર (નામ્દ) બ્રહ્મ એ પરમાત્માનો અવતાર છે, અર્થાત્ ધામ છે ને શ્રીકૃષ્ણ પૂર્ણ છે, અર્થાત્ ધામી છે માટે ધામ કરતા ધામીમાં રહેનાર ઉત્તમ હોવાથી તેને ભજવા જોઈએ.

ધર્માધર્મલક્ષણ

ધર્માધર્મનું ટુંક લક્ષણ દર્શાવતા મહાભારતમાં કહ્યુ છે કે

अहिंसा लक्षणो धर्मो हिंसाचाधर्म्म लक्षणा । (महाभारत.)

અર્થ —અહિંસાએ ધર્મનું લક્ષણ છે અને હિંસાએ અધર્મનું લક્ષણ છે ધર્મના જે કર્મો તેનેજ પુણ્ય કહે છે અને સંપૂર્ણ ધર્મશાસ્ત્રનો સાર એ છે જે પરોપકાર તે ધર્મ અને પરપીડા તે અધર્મ હિંસામાં બીજાને પીડા થાય છે, માટેજ તેને મુખ્ય અધર્મમાં ગણી છે વેદવ્યાસ માટે પણ કહેવાય છે કે —

अष्टादशपुराणाना व्यासस्य वचनद्वयम् ।
परोपकार पुण्याय पापाय परपीडनम् ॥

વળી " ધર્મ દીપિકા " માં પણ કહ્યુ છે કે —

विहितक्रियया साध्यो धर्म्म पुसा गुणो मत ।
प्रतिषिद्धक्रियासाध्य सगुणोऽधर्म्म उच्यते ॥ (धर्मदीपिका)

અર્થ:—વેદમાં વિધાન કરેલી ક્રિયાથી જે સાધ્ય ગુણ તેને પુરુષોએ ધર્મ માન્યોછે અને જે જે કર્મોનો વેદે નિષેધ કર્યોછે, તે વડે જે સાધ્ય ગુણ તેને અધર્મ કહે છે —

જેવી રીતે ધર્મના લક્ષણો ધર્મશાસ્ત્રમાં વર્ણવ્યા છે, તેવીજ રીતે ધર્મના અંગ પણ ધર્મશાસ્ત્રે નીચે મુજબ જણાવ્યા છે —

ब्रह्मचर्य्येण सत्येन तपसा च प्रवर्त्तते ।
दानेन नियमेनापि क्षमाशौचेन वल्लभ. ॥
अहिंसया सुशान्त्या च अस्तेयेनापि वर्त्तते ।
एतैर्दशभिरङ्गैस्तु धर्ममेव प्रसूचयेत् ॥ (મ

અર્થ —બ્રહ્મચર્યથી, સત્યથી, તપથી, દાનથી, નિયમથી, ક્ષમાથી, પવિત્રતાથી, અહિંસાથી, શાંતિથી અને પ્રામાણિકપણાથી એ દશ અંગવડે ધર્મની રચના થાયછે

ધર્મના લક્ષણો તથા ધર્મના અંગ આપણે ઉપર જોઇ ગયા છીએ હવે ધર્મના આધારસ્થાન જાણવા જોઈએ કે જેથી સ્પષ્ટ સમજાય કે આવી આવી જગ્યાના આધારે ધર્મ રહી શકે છે. ધર્મશાસ્ત્રમા ધર્મના આધારસ્થાનો નીચે મુજબ જણાવ્યા છે -

वैष्णवेषु च सर्वेषु यतिषु ब्रह्मचारिषु ।
पतिव्रतासु प्राज्ञेषु वानप्रस्थेषु भिक्षुषु ॥
नृपेषु धर्मशीलेषु सत्सु सद्वैश्यजातिषु ।
द्विजसेविषु शूद्रेषु सत्ससर्गस्थितेषु च ॥
एषु त्व सन्तत पूर्णो धर्मराज ! विराजसे ।
युगे युगे तवाधारो एते पुण्यतमा जना ॥

અર્થ —સર્વ વૈષ્ણવો, યોગાભ્યાસીઓ, બ્રહ્મચારીઓ, પતિવ્રતા સ્ત્રીઓ અને ધર્મ જાણનાર ગૃહસ્થો, વાનપ્રસ્થો, સંન્યાસીઓ, ધર્મશીલ ક્ષત્રીઓ, સાત્વિક બ્રાહ્મણો, સદાચારી વૈશ્યજાતિઓ, દ્વિજ (ત્રણ વર્ણો) ની સેવા કરનાર અને સત્સસર્ગમા રહેનારા શૂદ્રો એઓને વિષે હે ધર્મરાજ ! તમે નિરંતર પૂર્ણરૂપે બિરાજો છો એ ઉપર લખેલા પુણ્યવાન જનો તમારા યુગ યુગમા આધારસ્થાનો છે આમા સ્પષ્ટ કહ્યુ છે કે સનાતન ધર્મના મુખ્ય આશ્રય વૈષ્ણવધર્મ, યોગાભ્યાસ તથા વર્ણાશ્રમ ધર્મ છે આવુ સ્પષ્ટ હોવા છતા પણ કેટલાક વર્ણ વિરોધિઓ તરફથી વર્ણાશ્રમ ધર્મને તિલાજલી આપી શભુ મેળા કરવામા આવે છે તેથી ધર્મધ્વંશ શિવાય બીજુ કંઈ પણ થાય તેમ નથી કેમકે વર્ણાશ્રમધર્મ પાળવાથી મનુષ્ય આ સસારબધનથી છૂટે છે તેથીજ "બૃહન્નારદીય" પુરાણમા કહ્યુ છે કે —

सर्वे च मुक्तिमायान्ति स्वाश्रमोचितकर्मणा ।

અર્થાત્ —પોતપોતાના આશ્રમ (વર્ણાશ્રમ) ધર્મ કર્મ કરવાથી સર્વ લોક આ સસાર બધનથી છૂટે છે આ સસાર બધનથી છૂટવાનુ મુખ્ય સાધન ધર્મ છે ધર્મરૂપી સુધાનું પાન સનાતન ધર્મના રહસ્યથી જ્ઞાત થયા વગર થઈ શકતુ નથી અજ્ઞાન દશામાં પણ અમૃત ઝેરસમાન લાગે છે. અમર (મોક્ષ) પદની પ્રાપ્તિ માટે ધર્મરૂપી સુધા (અમૃત) નુ પાન કરવુ જોઇયે કેમકે, અમૃતપાનવિના અમર થઇ શકાતુ નથી અને અમૃત પાન ધર્મથીજ થઇ શકે છે અર્થાત્ મોક્ષ પ્રાપ્તિ ધર્મથીજ થાય છે માટે દરેક આર્ય બાધવે સ્વશ્રેય માને મોક્ષ પ્રાપ્તિ માટે ધર્મ સાધવો જોઇયે

ઝીણારામ એ. એમ. એસ. વગેરે એ પોતાના લેખ આપી અમારી પુષ્ટિમા જે સહાયતા કરી છે, તેમનો આ પ્રસગે પ્રથમ આભાર માનીએ છીએ.

આ વર્ષમા અમારા વાંચકોનેમાટે કવિ **ગણપતરામ રાજારામ ભટ્ટે** જે ધાર્મિક કવિતા બનાવી મોકલી છે, તેથી તેમનો તેમજ **"આર્યધર્મપત્રિકા"** ના વ્યવસ્થાપક તરફથી અમારા ગ્રાહકોને માટે "પત્રિકા" ના જે જે અંકો વખતો વખત પૂરા પાડવામા આવ્યા છે, તે માટે તેમનો, તેમજ "ધર્મ પુસ્તકાલય" ના વ્યવસ્થાપકનો તથા બીજા જેમણે આ પત્રના ઉદય માટે તન,મન ધન કે વચન વડે જે અનુગ્રહ કર્યો છે, તે સર્વ સદ્‌ગૃહસ્થોનો અમે ઉપકાર માનીયે છીયે

વિશેષમા ગો સ્વામિ **શ્રી અનિરૂદ્ધાચાર્યજી**નો તથા તેમના ભાષણનો સાર આ પત્રમાટે પૂરા પાડનાર શાસ્ત્રી **મગનલાલ ગણપતરામ એમ. એ.** નો પણ ખાસ આભાર માનીયે છીએ અને આશા છે કે આજરીતે અન્ય ગોસ્વામિ બાલકો પોતાના શિષ્ય વર્ગની ઉન્નતિ માટે ધર્મોપદેશ કરવાનુ પોતાનુ એક કર્તવ્ય તે બજાવવા બહાર આવશે

આ પત્રના નમૂનાના અંકો માગે કે વગર માગે વખતો વખત અનેક ગૃહસ્થોને તેમજ જાહેર પુસ્તકાલયોને તથા વિદ્વાનજનોને ભેટ તરીકે મોકલી કે આપી શકયા છીએ તે એક સદ્‌ગૃહસ્થની સહાયતાને આભારી હોવાથી અમો મજકુર સદ્‌ગૃહસ્થનો મહદુપકાર માનીએછીયે

અમારા પૂરા થતા વર્ષનાં વિષયોમાના કેટલાક વિષયો અધુરા રહ્યા છે, તેની પણ પરિપૂર્તિ ઇશ્વરકૃપાથી નવીન વર્ષમા કરવાને બની શકશે એવી આશા છે જે પરમેશ્વર પરમાત્મા સફળ કરે.

આ સસાર અપારના પારાવારને પામવાનુ મુખ્ય સાધન ધર્મજ છે ધર્મવિના કાંઇપણ કાર્ય બની શકતુ નથી. મનુષ્ય ધર્મથીજ સુખાદિ વૈભવોને પામી છેવટે પરમાત્માના ચરણ કમલને પ્રાપ્ત કરી શકે છે એવુ હોવાથી મનુષ્ય માત્રને ધર્મ જાણવાની જીજ્ઞાસા થાય છે. અને તેઓની જીજ્ઞાસા તૃપ્ત કરવાના સાધન પણ પરમાત્માએ પૂરા પાડેલા છે. ધર્મ જીજ્ઞાસુઓને માટે પરમશાંતિ મેળવવાનુ મુખ્ય સાધન સદ્‌ગુરૂનો સદ્‌બોધ છે બોધ બે પ્રકારે થાય છે. એક શ્રવણથી ને બીજો વાચનથી. શ્રવણથી જે બોધ હાલમા કેટલેક સ્થળે મળે છે, તે પ્રવૃત્તિના પ્રવાહમા ઘસડાતાઓને અતિ કાઠિન્ય થઈ પડે છે તેમા પણ હાલમા ગુરૂશિષ્યનો સબધ અગાઉના જેવો દેખાતો નથી ત્યારે ધર્મ જીજ્ઞાસા તૃપ્ત કરવાનુ સાધન જે સદ્‌બોધ છે તે યથાવિધિ થઇ શકતુ નથી એથી શ્રવણરૂપી બોધ દિનપ્રતિદિન નષ્ટપ્રાય થતો જાય છે. માટે ગુરૂશિષ્યે પોતાના પવિત્ર સબધને દૃઢ કરી સ્વકર્તવ્ય તરફ લક્ષ

રાખવુ જોઇએછે મતલબ કે ગુરુશિષ્યો મળીને શ્રવણરૂપી બોધ સારૂ અનકૂળ યોજના કરે, ત્યાસુધી વાચનરૂપી બોધની અતિ જરૂર છે વાચનકળા હાલ છોકરાઓને મફત અને વળી ફરજ્યાત શીખે એવી ગોઠવણો ચાલુ છે, તે વખતે ઉછરતા બાળક બાળકીઓના હાથમા સારૂ અને સસ્તુ વાચન મૂકવાની બહુ જરૂર છે. તે તરફ આર્યપ્રજાનુ ધ્યાન ખેચવાની બહુ જરૂર છે આ મુબાઈ જેવા શેહેરમા વારવાર સારા વિદ્વાનો ધર્મોપદેશ આપવા માટે આવેછે, તથાપિ તેમને ઉતરવાને કે વ્યાખ્યાન આપવા માટે એક નિશ્ચિત સ્થાનની પણ આવા મોટા શેહેરમા ગોઠવણ નથી જો કોઈપણ સદગૃહસ્થ "હિંદુધર્મના વ્યાખ્યાનો માટે એક ધર્મસ્થાન" ની યોજના કરવા આગળ પડે, તો તેમને રૂ ૧૦૦૦) એક હજારની મદદ આપવાને એક ગૃહસ્થે પોતાની ઇચ્છા દર્શાવી છે આજ રીતે બીજા બહાર પડે તો આ કાર્ય થવુ અશક્ય નથી

સુધા.

સુધા શબ્દનો આ માસિક સાથે નિકટનો સબંધ છે "શ્રી આર્ય ધર્મ સુધા" એવુ આ માસિકનુ નામ છે તે નામ યથાર્થ છે કે નહિ, તેની તુલના અમારા વાચકવર્ગને કરવાને બને તેટલા માટે ગયા ૯ મા અકથી ક્રમે દર માસે શ્રી, આર્ય અને ધર્મ એ ત્રણેનુ વિવેચન આ વર્ષમા આપેલુ છે હવે આ બીજા વર્ષના અતિમ અકમા "સુધા" નુ સ્વરૂપ સક્ષેપથી દર્શાવીએ છીએ.

સુધા એટલે અમૃત, પીયૂષ, દરેક મનુષ્ય જેને જે વસ્તુ વહાલી લાગે, તેને તે અમૃતની ઉપમા આપે છે જેમકે,

अमृतं शिशिरे वह्निऽमृतं प्रियदर्शनम् ।
अमृत राजसन्मानममृत क्षीरभोजनम् ॥

શિશિરઋતુ (શીઆળા) માં વહ્નિ (અગ્નિ) એ અમૃત છે, પોતાને જે પ્રિયવસ્તુ તેનું દર્શન એ અમૃત છે, કેટલાકને રાજસન્માન (રાજા તરફથી જે માન મળે કે, પદવી મળે તેજ) અમૃત લાગે છે, અને કેટલાકને ભોજનમા ક્ષીર (દૂધપાક) તેજ અમૃતસમાન લાગે છે આ રીતે ગમે તે પદાર્થને અમૃત કહે છે તેમ કેટલીકવાર જે દુર્લભ (ઘણી મેહનતે પ્રાપ્ત થાય) પદાર્થ તેને પણ અમૃત કહે છે જેમકે —

ताप हन्ति सुख सूते जीवयत्युज्ज्वलं यश ।
अमृतस्य प्रकारोऽय दुर्लभ. साधुसगम ॥

તાપને હણે છે, સુખ ઉપજાવે છે, ઉજ્વળ કીર્તિને જીવાડે છે, એવો અમૃતસમાન સત્સગ દુર્લભ છે

જે અમૃતનું પાન કરવાથી દેવલોકમાં અમુક સમય સુધી મૃત્યુ પણ આવીને કરતું નથી. તે ખરૂ અમૃત પણ કાળે કરીને મૃતપણાને પામે છે, કેમકે ગીતામાં કહ્યું છે કે, क्षीणेपुण्येमृत्यलोकेविशन्ति ॥ જ્યારે પુણ્ય ક્ષીણ થાય, ત્યારે દેવતાઓને પણ મૃત્યુલોકમાં આવવું પડે છે ત્યારે કદી પણ મરે નહિ એવું શું છે? તેનો જવાબ એજ છે કે, "શ્રી આર્ય ધર્મ" એજ ખરૂ અમૃત છે કેમકે તે ત્રિકાલાબાધિત છે. જો કે દુનિયામાં જે અનેક ધર્મો નજરે ચઢે છે, તે સર્વ "શ્રી આર્ય ધર્મ" ના અંશો છે જેટલો અંશ જેમાં વધારે, તેટલો સમય તે વધારે સ્થિર રહેશે સૃષ્ટિના પ્રારંભકાળમાં આર્ય ધર્મજ પરમાત્માએ પ્રવર્તાવ્યો છે અને વળી નવી સૃષ્ટિ પણ આ આપણા આર્યધર્માનુસારજ પ્રવર્તશે એવો અનાદિ સિદ્ધ આર્યધર્મ છે અને તે ધર્માનુસાર જે જે સત્કર્મો મનુષ્ય કરે તેની તે કર્માનુસાર કીર્તિ પણ સ્થિર-અમૃત-રહે છે. માટેજ કહ્યું છે કે—

अस्थिरं जीवितं लोके अस्थिरे धनयोवने ।
अस्थिर पुत्रभार्याश्च धर्मकीर्तिर्द्वयं स्थिरं ॥

આ લોકમાં જીવન પણ અસ્થિર (મરણને વશ) છે, ધન અને જોબન પણ અસ્થિર છે, પુત્ર તથા પત્ની પણ અસ્થિર છે, માત્ર ધર્મ અને કીર્તિ એ બેજ સ્થિર (અમૃત) છે. તેમાં સર્વોત્તમ આર્યધર્મમાં પણ ભગવત્પ્રાપ્તિના ત્રણ માર્ગો ભગવાને પડે દર્શાવ્યા છે જ્ઞાન, કર્મ અને ઉપાસના એ ત્રણે જોકે એકમેકને ઉપકારક છે અને અંશાઅંશી ભાવે ત્રણે દરેક ધર્મમાં વિદ્યમાન હોય છે તથાપિ તે ત્રણમાં પણ જેમાં ઉપાસના અધિક તે ધર્મ અપાર સુધાસમાન ગણ્યો છે. એ અપાર સુધાસાગર ઉપર નિરંતર તરતા રહેવા માટે શ્રીકૃષ્ણની કથા અને સેવા એ બેજ ઉત્તમોત્તમ સુધાની પરાકાષ્ઠા કહી છે તેને મુખ્ય રાખીને, ઇતર આર્ય ધર્મના સર્વ અંગોનું પ્રસંગોપાત આ માસિકમાં વિવેચન કરવાના ઇરાદાથીજ આ માસિકનું નામ શ્રી આર્યધર્મસુધા પાડયું છે.

સર્વ સુધા કરતાં ઉત્તમ સુધા ભક્તિરસ છે. ભક્તિથી જે આનંદ પ્રાપ્ત થાય છે, તેવો અન્યમાં થતો નથી તેથી ભક્તિને ઉત્તમ કહી છે, આ કલિકાલમાં તો ઇશ્વર પ્રાપ્તિનું મુખ્ય સાધન ભક્તિ છે તેથીજ કહ્યું છે કે "कलौ केशव कीर्तनम्" અર્થાત્ કલિમાં કેશવ કહેતાં શ્રી કૃષ્ણ પરમાત્માની કીર્તન ભક્તિ કરવી, કે જેથી મનુષ્ય સ્વશ્રેય સાધી શકે ભક્તિસુધાનો એવો મહિમા છે કે તેનાથી ભક્તને પોતાને તેમજ અન્યને પણ લાભ થાય છે તેવો યોગાદિમાં લાભ થતો નથી કેમકે યોગી તથા સિદ્ધપુરૂષ જ્ઞાન ધ્યાનથી પોતેજ લાભ મેળવી શકે છે પરંતુ ભક્તિસુધા પીનાર પોતે પી તેમજ અન્યને પાયી પણ શકે છે તેથીજ કવીશ્વર દયારામ સાહેબે કહ્યું છે કે

યોગીતરે ... એકનો
હરિજન તારે સહ સગી,
સિદ્ધ ઉદાસી રહે સદા,
હોય સત સુંદર સ્નેહી
રગે રસિકમેવે ગુણગાય,
પોતે પીવે સુધા સામાને પાય,
ભક્ત સ્નેહી સઉનુ સગે કામ,
જ્ઞાની સાથે કોઇનો નહી હામ

(ભક્તિપોષણ)

આમા ભક્ત ... ઈશ્વર સ્પષ્ટ કહે છે કે યોગીપોતે એકનોજ તરી શકે છે પણ હરિજન કે જે ભક્તિસુધાના સગીછે તે પોતે પીને સામાને એટલે બીજાને પાય અર્થાત્ હરિજન ભક્તિસુધાવડી બીજાને તારી શકે છે ભક્તિસુધાએ દુધી ભોજન જેવુ ઉત્તમ છે કહ્યુ છે કે **"सुधा समन्त दुग्धाच"** અર્થાત્ દુધ ને સુધા સમાન છે એટલે દુધ પીવાથી જે આનદ અને પોષણ થાય છે તેવો ભક્તિસુધા પાનથી પણ થાય છે વળી હરિની ભક્તિનુ સેવન રગે ચગે કરવુ જોઇયે, કારણ પૂર્વજન્મના કર્માનુસાર હરિસેવતા કઈ પણ ઉપાધી નડે તો તેને ઉપાધી ન ગણતા સુધાસમાન ગણવી જોઇયે તેથીજ ઈશ્વર દયારામભાઇએ ગાયુ છે કે —

દુખ થાવે હરિ સેવતા,
તે સુધા સમુ પરમાણો
વિષયભોગનુ સુખ છે,
તે વિષ સરખુ સ... જાણો
જાણો જેમ ખસ ઘસતા મીઠી,
ક્ષણ પછી આગે ઉઠે અગીઠી,
ઔસડ પીતા કડુ તર્ત લાગે
રાગ ગયા પછી આનદ જાગે

(ભક્તિ પોષણ)

આમા સ્પષ્ટ રીતે કહ્યુ છે કે જેમ ખસ ઘસતા મીઠી લાગી ક્ષણિક આનદ થાય છે ને પછી અગન બળે છે તેમ વિષય સુખથી પણ ક્ષણિક આનદ મળે છે તે પછી નિર્મળતા આદિને લીધે તે સુખને બદલે દુખદાયક થઇ પડેછે તેથી વિષય સુખને ઝેર સમાન જાણવુ વળી રાગી મનુષ્યને ઔસડ તાત્કાલિક તો કડુ (કડવુ) લાગે પણ રોગની નિવૃત્તિ થયાથી જે આનદ થાય છે તે અમૃત સમાન લાગેછે તેમ

હરિસેવતા ઉપાધી નડે તો તાત્કાલિક દુઃખદાયક લાગે પણ હરિ ચરણ પ્રાપ્તિ થયાબાદ આનંદ લાગે છે. તેથી તેવી ઉપાધિને દુઃખને બદલે સુધા સમાન વર્ણવીછે સુધાનો આવો અગાધ મહિમા હોવાથી તેનું જે પાન અર્થાત્ જે વડે મનુષ્ય જન્મ મરણના ફેરાથી બચી શકે એવો જે વેદોક્ત ભક્તિધર્મ છે તે ધર્મરસનું જેમા વિસ્તીર્ણ વિવેચન થાય છે એવુ જે માસિક તે આ "શ્રી આર્યધર્મસુધા "

ઉત્સાહ.

ઉત્સાહ એટલે ઉદ્યમ. ઉદ્યમ ત્રણ પ્રકારથી થાય છે. કાયાથી, વાચાથી અને મનથી. કાયિક ઉદ્યમને ઉદ્યોગ અથવા વ્યાપાર કહે છે વાચિક ઉદ્યમને ઉપદેશ બોધ કહે છે. માનસિક ઉદ્યમને ઉત્સાહ અથવા ઉમંગ કહે છે. આ પણ જાણીતી વાત છે કે કાયા કરતા, વાચા શ્રેષ્ઠ અને વાચા કરતાં મન શ્રેષ્ઠ છે. મનને આધીન કાયા અને વાચા રહે છે પરંતુ કાયા કે વાચાને આધીન મન સાધારણ રીતે રહેતુ નથી. તે કારણથીજ માનસિક ઉદ્યમ એ સર્વથી શ્રેષ્ઠ છે. તેનેજ ઉત્સાહ કહે છે હાલ આપણા 'આર્ય' ભાઇઓમા ઉત્સાહ ઓછો થયો છે અને તે ઉત્સાહનો ઘટાડો એજ તેમને ધાર્મિક, સાંસારિક તથા રાજકીય સર્વ બાબતમા પાછા પડવામા કારણ ભૂત છે એ ઉત્સાહ પાછો જાગ્રત કરવામાટે મનને સુધારવાની પ્રથમ જરૂર છે. અને મનને સુધારવામાટે અન્ન (આહાર) શુદ્ધિનો વિચાર પ્રથમ કરવો જોઇએ જેવુ અન્ન ખાઇએ, તેવુ મન બને છે. ઘણા લોકો એમ કહે છે કે અમારીપાસે ધન નથી, તેથી અમારો ઉત્સાહ ઘટયો છે, પરંતુ અમને તો એમ દેખાય છે કે ઉત્સાહ ઓછો થવાથી લક્ષ્મી પોતાની મેળે આપણાથી દૂર રહેવા ઇચ્છે છે લક્ષ્મી કદીપણ આળસુની પાસે રહેવા ઇચ્છતીજ નથી કવિએ કહ્યુ છે કે—

विद्याधन उद्यमविना, कहो जु पावे कौन ?
विना डुलाये ना मिले, ज्यों पंखेकी पौन ॥

ઉદ્યમ કર્યાવિના વિદ્યા કે ધનની પ્રાપ્તિ કહો કોને થાય છે ? પંખો અને પવન બેઉ હાજર છતા, પણ હાથ હલાવ્યાવિના તે પંખાથી પણ પવન શરીરને મળી શકતોજ નથી જ્યારે શારીરિક આળસુને પેટ પુરતુ ધન પણ ઉદ્યોગ વગર મળતુ નથી, ત્યારે માનસિક આળસુ (નિરુત્સાહી) ને વિશેષ ધન તે ક્યાથી મળે ? ધન કોને મળે છે ? તે માટે પ્રખ્યાત હિતોપદેશ છે કે—

उद्योगिन पुरुषसिंहमुपैति लक्ष्मी ।
दैवेन देयमिति कापुरुषा वदन्ति. ॥

ઉદ્યોગી પુરૂષોસિંહ જેવા છે, તેમનેજ લક્ષ્મી આવી મળે છે દૈવમા હશે, તો મળશે, એમતો કાયર પુરૂષો બોલે છે. વળી લક્ષ્મી પણ કેવા પુરૂષને ઘેર રહેવા ઇચ્છે છે ? તે માટે કહ્યુ છે કે:—

उत्साहसपन्नमदीर्घसूत्रम् क्रियाविधिज्ञ व्यसनेष्वसक्तम् ॥
शूर कृतज्ञं दृढसौहृद च लक्ष्मी समायाति निवासहेतो ॥

ઉત્સાહસપન્ન, અદીર્ઘસૂત્રી, ક્રિયાવિધિને જાણનાર, કોઇપણ જાતના વિષયમાં અનાસક્ત, શૂર, પોતાનાપર કરેલા ઉપકારને જાણનાર અને દૃઢ સ્નેહ રાખનાર એવો જે નરવીર હોય, તેની પાસે લક્ષ્મી પડે જઇને વસવા ઇચ્છે છે હાલ ઉપલા ગુણો આર્યોમા ઓછા થઇ જવાથી, તેઓની લક્ષ્મી પણ તેમને દર્શન દેતા શરમાય છે તથા બીજે સ્થળે જઇ વસવા ઇચ્છા રાખે છે અને તે પ્રત્યક્ષ છે રામાયણના કિષ્કિન્ધા કાડના પ્રારભમાજ વર્ણન છે કે, **રાવણ** જ્યારે **સીતાને** હરી ગયો, ત્યારે **રામને** ઘણો ખેદ થયો, તે એટલે સુધી કે સીતાવિના મારે જીવવુ વ્યર્થ છે, હવે હુ મારા પ્રાણ છોડીશ એમ જ્યારે **શ્રીરામચદ્રે** કહ્યુ, તેજ સમયે, તેમના નાનાભાઇ **શ્રી લક્ષ્મણજી** જોડેજ હતા, તેમણે કહ્યુ કે મોટા ભાઇ શ્રી પુરુષોત્તમ ! આપ આ શુ બોલો છો પ્રિયવસ્તુનો વિયોગ થવો સભવિત છે અને સ્નેહપાશને લીધે, તે વિયોગ અસહ્ય દુખકારક પણ બને છે, તથાપિ ધીર પુરુષો એ તેથી નિરુત્સાહી ન થવુ જોઇએ

स्वास्थ्य भद्र भजस्वार्य त्यज्यता कृपणा मति
अर्थो हि नष्टकार्यार्थैरयत्नेनाधिगम्यते ॥ २१ ॥
उत्साहो बलवानार्य नास्त्युत्साहपर बलम् ।
सोत्साहस्य हि लोकेषु न किंचिदपि दुर्लभम् ॥ २२ ॥
उत्साहवन्त पुरुषा नावसीदन्ति कर्मसु ।
उत्साहमात्रमाश्रित्य प्रतिलप्स्याम जानकीम ॥ २३ ॥
त्यज्यता कामवृत्तत्व शोक सन्यस्य पृष्ठत ।
महात्मानं कृतात्मानमात्मान नावबुद्ध्यसे ॥ २४ ॥

(કિષ્કિંધાકાડ સર્ગ ૧).

હે કલ્યાણ સપન્ન આર્ય ! ધૈર્યનુ સેવન કર કૃપણના જેવી બુદ્ધિ (નિરુત્સાહીપણુ) છોડી દે, કેમકે નષ્ટ થયેલો અર્થ જેને જરૂર પાછો સપાદન કરવો છે, તે તેને યત્નવિના કદી પણ મળતો નથી હે આર્ય ! ઉત્સાહનુ જોર જબર છે. ઉત્સાહથી ચડતુ બળ બીજુ નથી, માટેજ ઉત્સાહી પુરુષને ત્રિલોકીમા કોઈ પણ પદાર્થ દુર્લભ નથી. ઉત્સાહી પુરુષને સકટ પ્રાપ્ત થાય, તોપણ તે પોતાના

કર્મથી પાછો હઠતો નથી, માટે આપણે કેવલ ઉત્સાહનુ અવલંબન કરીને જાનકીને પાછી મેળવીશુ. શોકને દબાવીને, તેમ વિષયાધીનતાને તજીદો. આપ મહાત્મા છો, કૃતાત્મા છો, છતા સાવધાનતા કેમ છોડોછો ? એવોજ ઉપદેશ અર્જુનને પણ ભારતયુદ્ધ વખતે થયેલો શોક દૂર કરવા માટે શ્રીકૃષ્ણે પડે કર્યોછે—

क्लैब्यमास्म गम पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥

નપુસક મથા પાર્થ, તમમાં એ ઘટે નહી,
મનોદુર્બલતા ક્ષુદ્ર, પરંતપ ઉઠો તજી

(સમશ્લોકી ગીતા–પંડિત શ્રી ગટ્ટુલાલજી)

હીજડા ન થવુ એજ આર્યનુ પ્રથમ લક્ષણ છે, માટેજ પરમાત્માએ શ્રીરામ-કૃષ્ણાવતારમાં એજ ઉપદેશ પ્રજાને, ભક્તોને, દોસ્તોને નિમિત્ત કરી આખાઆર્યાવર્તને અરે–અખિલ વિશ્વને–આપ્યો છે માટે તે આર્યલોકોએ તો કદી પણ વિસરવો જોઇતો નથી એ ઉત્સાહ ચિત્તશુદ્ધ વિના સ્થિર રહી શકતો નથી, અને સદાચારવિના ચિત્ત શુધ્ધ થતુ નથી, માટે આર્ય ભાઇઓએ ઉત્સાહપૂર્વક આર્યવર્તન રાખવુ એથીજ તેમની ઉન્નતિ થશે બાકી વર્ણાશ્રમ ધર્મ છોડવાથી, શ્રાદ્ધાદિક પિતૃસેવા છોડવાથી, પ્રીતિભોજન જેવા અનાચાર દાખલ કરવાથી, વિષયવાસનાને વધારી વર્ણસકર પ્રજા પેદા કરવાથી, કે પરદેશગમનને નામે હોટલ અને બોટલ ભક્ત થવાથી આ આર્યાવર્તની ઉન્નતિ કોઇકાળે પણ થવી સભવિત નથી. માટે અધર્માચરણમા પોતાના ઉત્સાહનો વ્યર્થભોગ ન આપતા, સ્વધર્માચરણ માટે સદોદિત ઉત્સાહિત રહેવુ એજ આર્યોન્નતિનો ઉત્તમ માર્ગ છે

મનોનિગ્રહ.

मन एव मनुष्याणां कारणं बंधमोक्षयो ।
बंधस्य विषयासंगि मुक्तेर्निर्विषयं तथा ॥

(વિષ્ણુ પુરાણ અ ६ અ ७)

જેમ મૃત્તિકામિશ્રિત સુવર્ણશોભા આપતુ નથી, તેમ કામક્રોધાદિ વિકારસહિત મનુષ્ય શોભતુ નથી સુવર્ણને મૃત્તિકાથી નિર્મળ કરવાને માટે પાણીમા ધોઇ અગ્નિમા તપાવી શુદ્ધ કરવામા આવે છે, ત્યારે તે આભૂષણો બનાવવાને લાયકનુ થાય છે, તેમ મનુષ્ય શમ દમાદિકારા પરિપક્વ થઇ વિજ્ઞાન સપન્ન થાય છે, ત્યારે તે પરમાનન્દનો અનુભવ મેળવવાને લાયક થાય છે વળી સફેદ વસ્ત્રપર જેવો જોઇયે તેવો રંગ ભરીશાતે ચઢાવી શકાય છે, તેમ શમાદિથી નિર્મળ થએલા

મનવાળાને જેવુ જોઇયે તેવુ જ્ઞાન-આમ કરાવી શકાય છે જ્ઞાન પ્રાપ્ત કરવામા મુખ્ય કરીને અંતઃકરણ શુદ્ધિની પ્રથમ જરૂર હોય છે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચારને અંતઃકરણ કહે છે અંતઃકરણ શુદ્ધિ યમ નિયમના પરિપૂર્ણ પાલનથી થઇ શકે છે માટેજ પ્રથમ યમાદિથી મનુષ્ય માત્રે પરિપક્વ થવુ જોઇયે શમાદિ નિયમો પાળવાનો મુખ્ય હેતુ સર્વ ઇંદ્રિયોનો સ્વામીન્ જે મન છે તેને વશીભૂત કરવામાજ સમાયલો છે મનના વશ થવાથી તેને આધીન રહેલી સર્વ ઇંદ્રિયો તરતજ કાબુમા આવી શકે છે માટે મનને વશ કરવુ જોઇયે. મનનો સ્વભાવ ચંચળ હોવાથી મનનુ સ્વાતંત્ર્ય મનુષ્યને દુષ્કર થઇ પડે છે મનની ગતિ અતિ-તીવ્ર છે કેમકે જ્યાં મનુષ્યને પહોચવાને વર્ષોનાવર્ષો લાગે ત્યા મન વગર વિલંબે એકજ ક્ષણમા પહોચી શકે છે માટેજ મનને વશ કરવુ જોઇયે મન વશ થવાથી મનુષ્ય પોતાનુ શ્રેય સાધી શકે છે જો મન વશ ન થયુ હોય તો, તે મનુષ્યને સ્વશ્રેય સાધવાના કાર્યમા અડચણ કર્તા થઇ પડે છે. મનને વશીભૂત કરવુ અત્યાવશ્યક છે જેમ સુશિક્ષિત સારથી રથના માલિકને નિર્વિઘ્ને તેની ધારેલી જગ્યાએ પહોચાડેછે, તેમ વશીભૂત મન ઇંદ્રિયોને શરીરરૂપી રથમા નિયુક્ત કરી સત્વર આત્માને પરમાનંદનો લાભ લેવામા સવળતા કરી આપેછે મનનુ સ્વાતંત્ર્ય ઇંદ્રિયોને કુમાર્ગે જતા રોકતુ નથી ઇંદ્રિયો નિરંકુશિતપણે કામ-ક્રોધાદિ ષડ્રિપુ, કે જે પરમાત્મપદના વૈરી છે, તેની લાલસાથી લોભાઇ તેને વશ થાય છે ઇંદ્રિયો એ ષડ્રિપુના સપાટામા આવી કે તરતજ મન કે જે સંકલ્પ વિકલ્પવાળુ હોવાથી મનુષ્યની બુદ્ધિને પરિભ્રમણમા નાખી ધર્માધર્મનો કઇપણ નિશ્ચય કરવા દેતુ નથી માટે મનને વશ કરવુ એજ મનુષ્યનુ મુખ્ય કર્તવ્ય છે મન સ્વાભાવિક રીતેજ ચંચળ છે, તેમજ શરીર તથા ઇંદ્રિયોને ક્ષોભ પમાડનાર અને વિષયવાસનામા આસક્ત કરનાર હોવાથી તેને વશ કરવુ યાને મનનો નિગ્રહ કરવો અતિ કઠણ છે, તોપણ પરા પર પરમાત્મા શ્રીકૃષ્ણે ગીતામા મનની ચંચળતા સ્વીકારતાજ નિગ્રહનો ઉપાય દર્શાવ્યો છે કે –

> असंशय महाबाहो मनो दुर्निग्रह चलम् ।
> अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते ॥
>
> (गीता अ० ६ श्लो. ३५)

અર્થ –હે મહાબાહો કૌંતેય ! નિસંશય ચંચળતા આદિ કારણોને લીધે મનને રોકવુ એ મહામુસ્કેલ છે, તથાપિ અભ્યાસ અને વૈરાગ્ય વડે મનનો નિગ્રહ થઇ શકે છે

આમા શ્રીકૃષ્ણ પરમાત્મા અર્જુનને નિમિત્ત કરી આખી સૃષ્ટિને બોધે છે કે મનનો નિગ્રહ કરવામાં અભ્યાસ અને વૈરાગ્યની જરૂર છે. અર્થાત્ અભ્યાસ કર-

વાથી મનનો નિગ્રહ થાય છે. અને વૈરાગ્યથી વિક્ષેપ દૂર થાય છે એટલે તત્ત્વ મન નિવૃત્તિવાળું બને છે. મનની ગતિ એક ઘડીયાલની ગતિ સમાન હોવાથી તે સત્વ, રજ અને તમ એ ત્રણે ગુણોમા ચાલે છે. અર્થાત્ મનમા કોઈ વખતે સત્વના ખ્યાલ આવે, તો કોઇ વખતે રજોના અને કોઇ વખતે તમો ગુણોના ખ્યાલ પેદા થાય છે. માટેજ મનની વૃત્તિઓને રોકી મનને નિવૃત્તિવાળું બનાવવું જોઈએ. આ અભ્યાસ વગર બની શકે તેમ નથી. તેથીજ યોગશાસ્ત્રમા કહ્યુ છે કે -

"मनसो वृत्तिशून्यस्य" અર્થાત્ મનની વૃત્તિશૂન્ય જેવી થવી જોઈએ અર્થાત્ મનને નિવૃત્તિવાળુ કરવુ જોઈએ એ રજો તથા તમો ગુણથી મનની વૃત્તિઓને રોકી કેવળ સત્વગુણમા લાવવાથી બની શકે છે બીજો ઉપાય વૈરાગ્યનો છે. આ લોક તથા પરલોકના વિષયોમા તૃષ્ણાદિનો ત્યાગ કરી સાંસારિક વિષયોમા વિરક્ત થઇ વિચરવુ તેને વૈરાગ્ય કહે છે કદાચ કોઇ એવો પણ પ્રશ્ન કરે કે સંસારમા રહી તૃષ્ણાદિથી વિરક્ત થવુ અતિ કઠણ છે, તો તેના ખુલાસામા કે જેમ કડવી ખારા, ખાટા, મીઠા વગેરે સર્વ પ્રકારના રસમાં પરિભ્રમણ કરે છે, તોપણ પોતાને કોઈનોપણ સ્પર્શ થવા દેતી નથી, તેમ મનુષ્યે સંસારમા રહી મનને વશ કરવા વિષયોથી વિરક્ત રહેવુ જોઈએ મનને વશ કરવામા પ્રથમ મનની શુદ્ધિની જરૂર છે ને મનની શુદ્ધિમાટે અન્નશુદ્ધિની અત્યાવશ્યક છે. કેમકે મનનો નિર્ભર અન્નઉપર છે તેથીજ ઉપનિષદ્‌મા લખ્યુ છે કે અન્ન જે ખાવામા આવે છે, તેનો સૂક્ષ્મ અંશ મનના પોષણ અર્થે જાય છે આથી સ્પષ્ટ સિદ્ધ થાય છે કે મનનો આધાર અન્નઉપર છે મન જે સંકલ્પવિકલ્પ કરે છે તે પણ અન્નને આધારે હોય છે. સાધારણ રીતે આપણામા કહેવતપણ પડી છે કે "અન્ન તેવુ મન" અર્થાત્ જેવુ અન્ન મનુષ્ય ખાય તેવુજ તેનુ મન થાય છે માટે મનશુદ્ધિ સારૂ શુદ્ધ અન્ન ખાવુ જોઈએ અહિં શુદ્ધ શબ્દનો ઉપયોગ દ્વિઅર્થમા વપરાએલો છે. એક તો સ્વચ્છ ને બીજુ સત્યમાર્ગે વિચરી ઉપાર્જન (પેદા) કરેલુ તે શુદ્ધ કહેવાય. અન્યાયમાર્ગ અને ચોરી વગેરેથી ઉપાર્જન કરેલુ શુદ્ધ નહિ પણ અશુદ્ધ કહેવાય. અન્નના ત્રણ પ્રકાર ગીતામા વર્ણવ્યા છે રજો તથા તમોગુણયુક્ત ભોજનથી રાક્ષસીવૃત્તિ થાય છે. ને સાત્વિકવૃત્તિ નષ્ટ થતી હોવાથી રજો તથા તમોગુણયુક્ત ભોજન ન ખાવુ કેમકે પ્રમાદ, તૃષ્ણાદિકની વૃદ્ધિ રજો તથા તમોગુણયુક્ત ભોજનથી થાય છે અને પ્રમાદાદિ મોક્ષમા બાધકરૂપ હોવાથી મનુષ્યે તેવુ ભોજન તજવુ યોગ્ય છે. વળી જે લોકો એવુ ભોજન કરે છે, તેના મનમા સત્વગુણની વૃદ્ધિનો સંભવ થતો નથી એટલે તેનો સત્વગુણ અદૃશ્ય થાય છે, જેથી તેના મનની શક્તિપણ બહેર મારી જાય છે, એટલે તેવો પુરૂષ ધર્મના તત્વને યથાર્થરીતિ સમજી શકતો નથી, પરંતુ સર્વથા વિપરીત રીતિ

સમજે છે જેનુ મન શુદ્ધ અને કષાયપક્વ હોય છે તેનામા રાગ, દ્વેષની પ્રતીત થતી નથી. માટે રાગ, દ્વેષના પરિત્યાગ માટે મનને શુદ્ધ તથા કષાયપક્વ બનાવવુ જોઇએ મનને વિષયથી શૂન્ય બનાવવુ અર્થાત્ મનને મારી નાખવુ. એ કહેવુ અહુજ સહેલ છે પણ તે કરવુ મુશ્કેલ અથવા આ કાળમા તો અશક્યવત્ છે માટેજ મન જે કદી નિર્વિષયી રહેતુ જ નથી, તેને ભગવદ્વિષયી બનાવવુ એટલે મનને જ્યારે ખાવાની ઇચ્છા થાય ત્યારે ભગવત્પ્રસાદી અન્ન તેને ખાવા આપવુ, પીવાની મરજી થાય ત્યારે પ્રસાદી જલાદિ પેય આપવા, જોવાનુ મન થાય ત્યારે તેને ભગવત્સ્વરૂપના દર્શન કરાવવા, સાભળવાનુ મન થાય ત્યારે તેને ભગવદ્ ગુણાનુવાદના કીર્તનો સભળાવવા, સુઘવાની વૃત્તિ થાય ત્યારે ભગવત્પ્રસાદી ચદન, માળા ઇત્યાદિ સુઘાડવા, સ્પર્શ કરવાની વાસના થાય ત્યારે ભગવચ્ચરણ સ્પર્શ કરવા, એ રીતે વિષયાભિમુખ ઇંદ્રિયોને બદલે ઇશ્વરાભિમુખ બનાવવાનો અભ્યાસ રાખવો, એથી મનોવૃત્તિ શુદ્ધ થાય છે, આવા અભ્યાસથી મનોવૃત્તિનો નિરોધ થાય છે અને ભગવત્સેવા કહે છે **चेतस्तत्प्रवण सेवा** ચિત્તનુ ભગવાનમા પરોવાવુ એજ સેવા, અને એજ મનો નિગ્રહ કરવાનો મુખ્ય માર્ગ છે.

ચાલુ ચર્ચા.

બે બલદ (પશુજ્ઞાન પરીક્ષણ)

'આનદકદના શ્રીગુરુ મહારાજના વાડામા ગાયના ગોહામા એક "રામ્યા" નામનો બલદ છે. તેને શનિવાર તા ૮-૧૨-૦૬ રોજે સવારે ૮ વાગે હમેશ મુજબ ગાડીએ જોડવાને છોડયો તે હમેશ મુજબ ગાડીતરફ મુખ કરી એક ટકે દેવદર્શન કરવા લાગ્યો ગાડીવાને તે બળદને ગાડીતરફ લઇ જવા, પોતાથી બની તેટલી ખટપટ કરી, પરતુ તે સર્વ વ્યર્થ ગઇ પછી બીજા કેટલાક માણસોએ આવીને તેની નાથ પકડી ખેચ્યો, પગના નળામા લાકડીઓ લગાવી ગોહામાથી બીજા બળદ આણ્યા, લીલુ ઘાસ નાખ્યુ, ચદી વીગેરે પુષ્કળ જણસો તેની આગળ મૂકી, પરતુ એમાના એક પણ ઉપાયથી તેની કાર્યસિદ્ધિ થઇ નહિ. એક સરખો ૪૮ કલાક તે ઉભો રહ્યા તેટલા અરસામા તેણે ચારા કે પાણી કશાને સ્પર્શ કીધો નહિ. છેવટે શ્રી પડિત મહારાજે દેવ આગળ બે ચીઠી મૂકી, પેહેલીમા "આ બળદને બળજબરીથી કામે લગાડો" અને બીજીમા "આ બળદને સર્વ કામથી મુક્ત કરી દેવ આગળ "નદી" કરી છૂટો મૂકવો અને સર્વ ઋણ છૂટયાબદલ પાણી છોડવુ" એવી મતલબ હતી તે ચીઠી ઉપાડવા માટે પાસે ઉભેલામાંથી એક ૭-૮ વર્ષના બાળકને કહ્યુ તેણે બીજી ચીઠી ઉપાડી. વાચતા શ્રી પડિત મહારાજે હાથમા જળ લઇ તે બલદને ઉદ્દેશીને "તારૂ સર્વ

સર્પ્યું ધૂટયું, તું મુક્ત થયો છે અને તું હવે ત્યાં સુધી દાણો પાણી ખા અને શ્રીચરણે સ્વસ્થ બેસ " એમ ઉચ્ચારતાજ, એકાદ જ્ઞાની અને ઉત્તમ મનુષ્યની પેઠે બળદના નેત્રમાંથી એકદમ અશ્રુધારા ચાલી આ હૃદયદ્રાવક દેખાવ જોતાં સહૃદય પ્રેક્ષકોના નેત્રમાં પણ અશ્રુ આવ્યાં. આ કૃત્ય થયા પછી તેણે દાણો પાણી લીધાં આ વાતની સત્યતા જોવાને ઘણા જણા રોજ ત્યાં જતા હતા.

કોલાપુરના શ્રીમન્મહારાજા છત્રપતિની સવારી પણ તા. ૧૬ મીએ આ ચમત્કાર જોવા ગઈ હતી. તેમણે પણ બળદને ગોઠામાં લઈ જઈ ખૂબ ખટપટ કરી પણ છેવટે "ચમત્કાર છે, ઈશ્વરીલીલા અગાધ છે" એવા ઉદ્ગાર કાઢ્યા

(વિદ્યાવિલાસ તથા જ્ઞાનપ્રકાશ તા. ૨૬-૧૨-૦૬)

* * * * * *

એક બળદની અલૌકિક જ્ઞાનશક્તિ—એમ જણાવવામાં આવે છે કે. એક ખેડુત પોતાના અલૌકિક જ્ઞાનશક્તિવાળા બળદને લઈને હમણાં બનારસ (કાશી) ગયો છે મનુષ્ય અથવા મનુષ્યના કરતાં પણ અલૌકિક જ્ઞાનશક્તિ બળદમાં છે અને હજારો લોકો તેને જોઈને તથા પ્રશ્નો પૂછીને અજબ થાય છે "અમૃત બઝાર પત્રિકા" નો એક લેખક જણાવે છે કે, તે ગંગાસ્નાન કરવાને જતો હતો તેવામાં લોકોના એક મોટા ટોળા વચ્ચે તેણે પેલો બળદ અને તેનો માલિક જોયો હતો માલિક એક ગામડીઓ હોઈ ઝાઝો બુદ્ધિશાળી હોય એમ જણાતું નથી, પરંતુ તેનો બળદ તો જોનાર અને પ્રશ્ન પૂછનારાઓને છક કરી નાખે છે ઉપલો ખબરપત્રી લખે છે કે બળદની જ્ઞાનશક્તિ જોવાને એ ટોળામાં ઉભો હતો ત્યારે એક માણસે બળદને પૂછ્યું હતું કે, "આટલામાં કોઈ હજામ છે?" પ્રેક્ષકોની તરફ એક ફેરો મારી તથા સુંઘી તુરતજ તેણે એક હજામને બતાવ્યો હતો એક પોલીસ સિપાઈએ બળદની પરીક્ષા જોવાને તેણે કહ્યું કે, "આટલામાં એક વીસીની ગાઈડ છે તે શોધી આપ" બળદે આંટો મારી પોતાના માલિકને તુરતજ નિશાની કરી ગાઈડ બતાવી હતી "અમૃત બઝાર પત્રિકા" નો ખબરપત્રી વધુ લખે છે કે, મેંજ આ ચમત્કાર જોયો છે, એમ નથી, પરંતુ બનારસના હજારો માણસોએ આ બળદના ચમત્કાર જોયા છે. મારો એક મિત્ર તેણે જોયેલા ચમત્કારનો દાખલો આપતાં જણાવે છે કે, તેઓના કેટલાક મિત્રો એકવાર એ બળદની પાસે ગયા અને તેને પ્રશ્ન કર્યો કે, "અમારામાં યુનિવર્સીટીની સઉથી મોટી ડીગ્રી પામેલો માણસ હોય તે બતાવ જોઈએ" બળદે બધાઓની સામું તાકીને જોયા પછી અમારામાં જે એક એમ. એ. હતો તેને બતાવ્યો અને અમે આશ્ચર્ય પામ્યા બળદનો માલિક આ પ્રશ્નમાં તેને કંઈ નિશાની કરીને કે કહીને મદદ કરી શકે તેમ ન હતું, કારણકે તે પણ ન હતો જાણતો કે અમારામાં એમ. એ. કોણ હતો આ પ્રમાણે બનારસમાં બુદ્ધિશાળી બળદે લોકોમાં મોટું કૌતુક અને આશ્ચર્ય ઉત્પન્ન કર્યું છે (ગુજરાતી.)

સનાતન ધર્મસભામાં પ્રતિનિધિ.

પંડિત શ્રી ગટ્ટુલાલજી સ્થાપિત "શ્રી વિદ્યાલક્ષ્મી સંસ્કૃત પાઠશાળા" તરફથી, કલકત્તામાં ભારત ધર્મ મહામંડળના અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે ગયેલા, ધારવાડ સંસ્કૃત પાઠશાળાના મુખ્ય અધ્યાપક વેદશાસ્ત્ર સંપન્ન કૃષ્ણશાસ્ત્રી એટિગિરીને "વિદ્વદ્રત્ન" તથા "મહામહોપદેશક" એવી શ્રેષ્ટ માનનીય પદવી ઉપરાંત એક મહાવસ્ત્ર અર્પણ કરવામાં આવ્યું છે તેની નોંધ લેતાં અતિઆનંદ પ્રાપ્ત થાય છે એ પ્રમાણે પત્રો નીચે મુજબ છે –

श्री भारतधर्म
महामण्डल
प्रधान कार्यालय
काशी

श्री.

महतस्तमस पारेपुरुषं ह्यतितेजसम ।
यज्ज्ञात्वामृत्युमत्येति तस्मैज्ञेयात्मने नम ॥

विद्यामानपत्रम् ।

श्रीयुक्त कृष्णशास्त्री येट्टिगिरि महाशय । श्रीजगद्गुरु
शङ्कराचार्यसंस्कृत शालामुख्याध्यापक (धारवाडनिवासी)

ज्ञानस्य जननीविद्या । अविद्यारूप तमोयया निरस्यते साविद्या । पारमार्थिक च तस्या विद्याया स्वरूप संस्कृता देवगिर दूरीकृत्यैव जगति प्राकाश्यत । साम्प्रतमथ पतितायामार्यजातौ सद्विद्या पुन प्रचार्याज्ञानोद्यमराहित्यादिदोषजात च दूरीकृत्य यावदस्या धर्मशक्तिर्न पुनराविर्भाव्यते तावदस्या जीवनरक्षा कर्तु न शक्यते । आदि शिक्षितायामादि मननशीलायामादिविज्ञानविदि जगद्गुरु त्वेनाभिमतायामार्यजातौ सद्विद्याया पुनर्विकाशार्थ सनातनधर्मस्य पुनरभ्युदयसाधनपुरस्सर जगत्कल्याणकारिण्या धर्मशक्तेराविर्भावार्थ च सकल धर्मसभाधर्मालयाना समष्टिरूपाया श्रीभारतधर्ममहामण्डलाख्याया विराड्धर्मसभाया स्थापनमभूत् ।

यत्र ये केचित् श्रीसरस्वतीदेव्या कृपास्पदीभूता संस्कृतज्ञा विद्वासो विद्योन्नतो रतास्ते सर्वेऽप्यस्या. स्वजातीय विराड् धर्मसभाया. प्रेमभाजनानीति भवत. संस्कृतवि-

द्याया योग्यतया प्रसन्नेय स्वजातीयधर्ममहासभा सद्विद्याया सम्मानवृद्ध्यर्थं भवन्त " विद्वत्तरत्न " विद्योपाधिरूपालङ्कारेणालङ्कृत्य परम प्रमोदमश्नुत । सर्वज्ञानमयस्य सर्वशक्तिमतः परमेश्वरस्य चरणकमलयो सविनय प्रार्थ्यते च भवत आध्यात्मिकयुन्नतिर्भूयादितिशम् ।

श्रीकाशीधाम ।	मिथिलाधिपति, ओनरेबल, के. सी आई
श्रीभारतधर्म महामण्डल प्रधानकार्यालय	इत्याद्युपाधिक· श्रीदरभङ्गा नरेश्वर-
९ तिथौ शुक्लपक्षे पौषमासे १९६३ वर्षे	श्रीरमेश्वरसिंह
(महाराज नारायण शिवपुरी रायबहादूर)	प्रधानसभापति .
प्रधानाध्यक्ष	श्रीभारतधर्म महामण्डलम्

श्री भारतधर्म
महामण्डल
प्रधान कार्यालय
काशी.

॥ श्री ॥

अकुण्ठं सर्वकार्येषु धर्मकार्यार्थमुद्यतम् ।
वैकुण्ठस्याहितद्रूपं तस्मै कार्यात्मने नम ॥

महामहोपदेशक प्रमाणपत्रम् ।

श्रीयुक्त पण्डित कृष्णशास्त्री वेट्टगिरी विद्वद्रत्न महाशय ।

धारवाड श्रीशङ्कराचार्य संस्कृत शाला मुख्याध्यापक (धारवाड निवासी)

मनुष्यजातिर्निष्कामकार्याभ्यासेनैवोन्नतिमधिगच्छति । निखिलजगन्मुकुटमणिमये कर्मक्षेत्रे भारतवर्षे सनातनादेवापौरुषेयवेदो ज्ञानज्योति· प्रकाशयन्नास्ते । अस्मिन्नेव स्वर्गकल्पे क्षेत्रे ध्रुवप्रल्हादादयो बालका जज्ञिरे । अस्मिन्नेव धर्मान्त पुरेऽरुन्धती सावित्री प्रभृतय कुलाङ्गना बभूवु । अत्रैव धर्मनिकेतने जनकप्रभृतयो गृहिण· पृथुयुधिष्ठिरादयो राजानो वशिष्ठ भरद्वाजाद्या ब्राह्मणा भीष्मार्जुनप्रभृतय क्षत्रियाश्चाप्राक्षिरे । अस्यामेव तीर्थभूमौ भृग्वङ्गिर प्रभृतयस्तपोनिरता वव्रतिरे । अस्यामेव परमेश्वरलीलाभूमौ व्यासवाल्मीकिप्रभृतयो ग्रन्थप्रणेतार मनुयाज्ञवल्क्यप्रभृतयो धर्मव्याख्यातारो जज्ञिरे । अस्यामेव धर्मधरायां कपिलप्रभृतय सिध्दा शुकाद्याश्च

ग्लानिनोऽभूवन् । परन्तु यार्यजातिरात्मनो ज्ञानविज्ञानाचारधार्मिकत्वासभ्यत्वादिभिर्गुणै पुरा जगद्गुरुपदमाधिष्ठिता तस्या एव प्रमादेनास्या परमपवित्र कर्मभूमौ समन्ततोऽपवित्रतानास्तिकतालस्याधर्मानाचाराधमराहित्यादयो दोषा दृश्यन्ते । सर्वमेतदेतज्जातेर्निष्कामकर्मयोग त्यागनिमित्तकमेव । घोरमनिष्ट करमघोगामिनमिम दुष्प्रवृत्तिवेग निवार्य सद्विद्याविस्तार सनातनधर्मपुनरभ्युदय भारतव्यापि धर्मशक्त्याविर्भाववर्णाश्रमाचार दृढतादिक संपादयितु समस्तधर्मालय धर्मसभाना समष्टिरूपस्य श्री भारतधर्ममहामण्डलस्य सृष्टिरभूत् । एतन्महायज्ञोपयोगिनश्च प्रयत्ना अत्र निधीयमाना सन्ति । एतस्मिन् धर्माधर्मसघर्षे सनातन धर्मो जयेत्सुतरमसौ प्रचरेत् महामण्डलस्योद्देश्य जात च सिद्धेयेदित्युपदेशक महोपदेशक महामहोपदेशकपदानि व्यवस्थापितानि । भवतश्च गुणै प्रसन्नेय स्वजातीयविराड् धर्मसभा भवन्त सर्वोत्तमाधिकारशालि महामहोपदेशकोपाधिरूपालङ्कारेणालङ्कृत्य पर परितोषमश्नुते, धर्मोद्धारस्य सर्वशक्तिमतो भगवतश्चरणकमलयो सविनय प्रार्थयते च भवत आध्यात्मिकसमुन्नतिर्भूयात् । भवादृशान् धर्मोपदेशकाना यत्नैश्च श्रीमद्भगवद् गीतोक्त कर्मयोग प्रवृत्तिपूर्वक महामण्डलस्य निखिलोद्देश्याना पूर्णोन्नतिर्भूयादिति शम् ।

श्री काशीधाम ।
श्री भारतधर्म महामण्डलप्रधानकार्यालय
९ तिथौ शुक्लपक्षे पौषमासे १९६३ वर्षे ।
महाराज नारायण शिवपुरी रायबहादुर
प्रधानाध्यक्ष ।

मिथिलाधिपति, ऑनरेबल, कै सी आई इ
इत्याद्युपाधिक श्रीदरभङ्गानरेश्वर
श्री रमेश्वरसिंह
प्रधानसभापति
श्री भारतधर्म महामण्डलम् ।

ષોડશોપચાર.

આર્યશાસ્ત્રોમા દેવપૂજન એ નિત્ય કર્મમા ગણ્યુ છે તે ન કરવાથી દોષ લાગે છે. એ દેવપૂજનમા ષોડષ ઉપચારો ગણાવ્યા છે તે સોળ (૧૬) ઉપચારો વડે પૂજન કરવાથી દેવ પ્રસન્ન થાય છે તે ઉપચારો નીચે પ્રમાણે —

आवाहनासन पाद्यमर्घमाचमनीयकम् ।
स्नान वस्त्रोपवीतं च गधमाल्यान्यनुक्रमात् ।
धूप दीपं च नैवेद्य ताबूल च प्रदक्षिणा ।
पुष्पाजलिरितिप्रोक्ता उपचारास्तु षोडश ॥

આવાહન, આસન, પાદ્ય, અર્ઘ, આચમન, સ્નાન, વસ્ત્ર, ઉપવીત, ગધ, માળા, ધૂપ, દીપ, નૈવેદ્ય, તાબૂલ, પ્રદક્ષિણા, અને પુષ્પાંજલિ એ સોળ ઉપચારો અનુક્રમથી કહ્યા છે

૧ આવાહન એટલે નિમંત્રણ કરવુ નોતરૂ દેવુ અને આવે ત્યારે પધારો એમ કહેવું

૨ આસન એટલે બેઠક, બાજઠ, ચોકી, પાટલો, સિંહાસન ગમે તે ઉપરથી ઉચી બેસવાની જગા તે

૩ પાદ્ય એટલે પગ ધોવા તે પાદોદક (ચરણામૃત) પીવું તે પાદ્યપાત્ર જે પાત્ર બનાવવું તેનું વર્ણન પણ શાસ્ત્રમાં કહેલું છે –

> षडङ्गुल प्रविस्तारमुत्सेधश्चतुरङ्गुलम् ।
> आयामेकाङ्गुल कुर्यान्नासिका चतुरङ्गुलाम् ॥
> पृष्ठे पादसमायुक्त चतुरङ्गुलमानत ।
> पाद्यपात्रमिति ख्यातं सर्वदेवप्रपूजने ॥ (सिद्धान्तशेखर)

૪ અર્ઘ એટલે દુર્વા, અક્ષત, ચંદન, પુષ્પવાળું જળ.
૫ આચમન એટલે હાથ ધોવડાવવા
૬ સ્નાન એટલે નવડાવવા
૭. વસ્ત્ર એટલે ધોએલું ચોખ્ખું વસ્ત્ર
૮. ઉપવીત એટલે યજ્ઞોપવીત, જનોઇ.
૯ ગંધ એટલે સુગંધવાળા પદાર્થો, અત્તર, પુષ્પાદિ
૧૦. માળા એટલે હાર પહેરાવવો.
૧૧ ધૂપ એટલે ધૂપસળી, અગરબત્તી સળગાવવી.
૧૨. દીપ એટલે દીવો કરવા
૧૩ નૈવેદ્ય એટલે ભોજનસામગ્રી ધરાવવી
૧૪ તાંબૂલ એટલે પાનસોપારી સુગંધી તેજાના વાળી બીડી ધરાવવી.
૧૫ પ્રદક્ષિણા એટલે ચોતરફ ફરવું
૧૬ પુષ્પાંજલિ એટલે વિસર્જન કરતીવખતે દેવને ખોબે ભરી ફુલથી વધાવવા

આ સોળ ઉપચારે દેવપૂજનના છે મનુષ્ય પૂજનના પંચોપચાર કહ્યાં છે અને મનુષ્યમાં પણ રાજોપચાર આ સોળ ઉપરાંત પણ ઘણા કહ્યા છે અને ભજન એટલે સેવામાં ઉપચારનો કંઇ નિયમ હોતો નથી, કેમકે તેમાં જે કંઇ ઉપચારો જે વખતે મળે તે વડે સેવા કરવામાં આવે છે, અને જે કંઇ તેમ ન્યૂનાધિક થાય તે શ્રીહરિના નામથી પૂર્ણ કરવામાં આવે છે.

ઉપરના ઉપચારો ગૃહ ચયામાં દેવપૂજનના કહ્યા છે, તેજ દેવાલયોમાં મોટા પ્રમાણમાં થાય છે, કેટલાક દેવાલયોમાં આ ઉપરાંત રાજોપચાર પણ ચાલે છે જેઓ પોતાને હાથે દેવપૂજન કરે છે, તેવા દ્વિજો માટે આ ઉપચારો ગણાવ્યા છે પરંતુ જેઓ ગોર બ્રાહ્મણને તેડાવી, તેમની સમક્ષ કે તેમના શીખવ્યા પ્રમાણે દેવપૂજન કરે છે, તેમણે ગોરને પૂજનમાં દેવવિસર્જન કર્યા બાદ, તે બ્રાહ્મણને જમાડીને દક્ષિણા આપવી જોઇએ, ત્યારે તે પૂર્ણ થયું ગણાય. જો બ્રાહ્મણ ભોજનમાં વર્ણાશ્રમ ધર્મનો કંઇ વાંધો દેખાયતો, તેવા ગોર બ્રાહ્મણને આમાન્ન કે ફલાહાર આપી, દક્ષિણા દેવી કહ્યું છે કે —

फलेन सफलावाप्ति सागतादक्षिणार्पणम् ॥

ફળ આપાથી પૂજન સફળ થાય છે અને દક્ષિણા આપાથી કર્મ સંપૂર્ણ થાય છે. વળી બ્રાહ્મણદ્વારા જો પૂજન કરાવ્યું હોય, તો તે પૂજનનું ફળ પણ ગોરને દક્ષિણા દેનાર યજમાનને મળે છે

શ્રીહરિકથા કીર્તન.

(પદ, રાગ કલ્યાણ)

પ્રાણી કૃષ્ણ કથારસ પી પી પી ટેક ૧
કૃષ્ણ કથામૃત પાન કરીશ તો, જન કરશે તને જી જી જી પ્રા૦ ૨
ધન વનિતાદિક સ્થિર માને તુ, કાળ હસે તને ખી ખી ખી પ્રા૦ ૩
હરિ સેવનમા મન રાખી તુ દુષ્ટસ ગ બી બી બી પ્રા૦ ૪
ગોવર્ધન પ્રભુભક્તિ રહિત જે, ઇતર કથા તે શી શી ની પ્રા૦ ૫

કીર્તન એટલે યશનુ વર્ણન, યશોગાન શ્રીહરિના અનત અદ્ભુત ચરિત્રો વડે, તેમનો યશ અખિલ વિશ્વમા તેમની સત્તાની સાથેજ વ્યાપ્યો છે પરાત્પર પરમાત્માનુ એક પણ ચોક્કસ નામ નથી અને તેનાંજ અનત નામો છે તે અકર્તા છતા સર્વ કર્તા છે આ રીતે પ્રભુ વિરુદ્ધધર્માશ્રયી હોવાથી તેનુ તત્વ, શાસ્ત્ર તથા સદ્ગુરુપાસે ન સમજનારને એમા સશય ઉઠે છે, માટેજ કહ્યુ છે કે "ગુરુ વિના જ્ઞાન મળતુ નથી

શ્રીહરિના પવિત્ર ચરિત્રોમાહેલા એકેક ચરિત્ર પરથી તેનાં અનેક નામો પડયા છે. તે કારણથી પરમાત્મા ગુણરહિત ને નિરાકાર છતાં તેના ચરિત્ર સમયના દિવ્ય ગુણે, અને આકાર વડે આસ્તિક અને ભાવિક ભક્તો નિરતર તેના ગુણાનુવાદ ગાય છે તથા તે અપ્રતિમ પ્રભાવવાળા પ્રભુની પ્રતિમાને પણ પ્રેમભાવથી પૂજે તથા સેવેછે

શ્રીહરિ એ નામમા શ્રી અને હરિ એ બે શબ્દો છે શ્રીએ પરમાત્માની સર્વભવન સામર્થ્યરૂપા પરા શક્તિનુ નામ છે परा यस्य शक्तिर्विविधा એમ વેદે કહ્યુ છે તે અગણિત પ્રકારની છે આજ સુધી કોઇપીતે ગણાઇ નથી, ગણાતી નથી અને ગણાશે પણ નહિ વેદમા કહ્યુ છે કે विष्णोर्नु क वीर्याणि प्रवोच

વિષ્ણુના પરાક્રમો અને કર્મોની કોણ ગણતરી કરી શકે તેમ છે? મતલબકે પૃથ્વીના પરમાણુ કોઇ ધારે તો કદી ગણી શકે, તથાપિ શ્રીવિષ્ણુ (હરિ) ના પરાક્રમો ગણાય તેમ નથી

ભક્તોના દુ ખ જનક પાપો વગેરેને હરનાર પરમાત્મા છે, તેથી તેનુ હરિ નામ પડયુ છે મહાભારતમા ભગવાને કહ્યુ છે કે

हराम्यघ हि स्मर्तृणा हविर्भाग क्रतुष्वहम् ।
वर्णाश्चमे हरिश्रेष्ठस्तस्माद्धरिरिह स्मृतम् ॥

સ્મરણ કરનારના પાપોને હુ હરૂ છુ, યત્નમા હરીઆમ હુ હરૂ છુ વર્ણાશ્રમ મા હરિ એજ શ્રેષ્ઠ છે માટે મને હરિ કહે છે. દરેક જીવ પોતાને અપ્રિય લાગતી વસ્તુ, વિકાર કે વિચારનુ હરણ થએનુ જોવા ઇચ્છે છે પરતુ તે કરવાનુ સામર્થ્ય તેના પોતાનામા ન હોવાથી તે શ્રીહરિનુ સ્મરણ કરેછે પૂર્વના દુઃસંગ કે દુષ્ટવાસનાથી જેનુ મન મલીન હોય, તેવા પણ જો વાર વાર શ્રીહરિનુ સ્મરણ કરે તો, તેથી તેના અતઃકરણના મળ કપાઇને તેનુ મન સ્વચ્છ થાયછે પછી સ્વચ્છ મનથી એક વખત પણ શ્રીહરિનામનો ઉચ્ચાર કરે, તો તેટલા માત્રથી સર્વ પાપ ને તેથી થએલુ દુઃખ મટે છે માટેજ નારદીય પુરાણમા નારદજીએ કહ્યુ છે કે

हरेर्नामैव नामैव नामैव मम जीवनम् ।

कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ॥

હરિનુ નામ એજ હરિનુ નામ એજ, હરિનુ નામ એજ, મારૂ જીવન છે કલિયુગમા એ સિવાય બીજી ગતિ નથી, નથી, ને નથીજ માટેજ આ યુગમા ઉધ્ધારનુ સાધન ભગવત્કીર્તન જ છે. कलौ केशव कीर्तनात् ॥

શાસ્ત્રમા પણ સઘળે સારરૂપે એજ દેખાયછે કહ્યુ છે કે

वेदे रामायणे चापि पुराणे भारते तथा ।

आदावन्तेच मध्येच हरि सर्वत्र गीयते ॥

વેદમા, રામાયણ, મહાભારતાદિ ઇતિહાસોમાં તથા સર્વ પુરાણોમા આદિમા મધ્યમા તથા અતમા સર્વ ઠેકાણે શ્રીહરિનાજ ગુણાનુવાદ ગવાયછે માટે તે તે ગ્રથોની કથા દેવાલયમા તથા દરેક ઘરમા નિત્યનેમમા આ આર્યાવર્તમા રાખવામા આવીછે જોકે એ પ્રકાર હાલ શિથિલ થયો લાગે છે પરતુ તે પાછો પ્રચલિત કરવાની સૂચના સઘળે મુકેલા પત્રથી આપણને આપીને પડિત શ્રીમથુરાલાલજી ગોલોક પધાર્યા છે તે ઉપર આસ્તિક ભાઇઓનુ ધ્યાન ખેચાવા વિનતિ કરૂ છુ એક મહારાષ્ટ્ર કવિ એ કહ્યુ છે કે " कीर्तनासि नर हो तुह्मी जागा "

આ એક ચરણનાજ ચાર અર્થ થાયછે ૧ હો નર ! તમે કીર્તનને માટે જાગો (બીજા કામમાટે જાગરણ ન કરો) ૨ હે નર ! તમે કીર્તનમાં જાઓ અને લાગાઓ ૩ હે નર ! કીર્તનને માટે જાગા (સ્થળ, જગા) એ તમેજ છો. ૪ ગા (અરે) હો નર ! તમે કીર્તનમા જાઓ. તેમ સસ્કૃતમા પણ કહ્યુ છે કે —

तस्मात्भारत सर्वात्मा भगवान् हरिरीश्वर ।

श्रोतव्य कीर्तितव्यश्च स्मर्तव्यश्चेच्छता भयम् ॥

" માટે હે ભારત ! સર્વાત્મા ભગવાન ઇશ્વર શ્રીહરિનુ, અભયને ઇચ્છનારે નિરતર શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવુ એજ આપણી ફરજ છે વિ ગ લાલ

આર્યસમાજનું પ્રીતિભોજન.

(વર્ણધર્મનો વિનાશ.)

સ્વામી દયાનંદ સરસ્વતીએ સંવત્ ૧૯૩૧ ની સાલમાં મુંબાઈમાં એક "આર્યસમાજ" નામની સભા સ્થાપી છે તે સમયે વેદશાસ્ત્રનું આર્ય-પ્રજાને અધ્યયન કરાવવું અને ગોરક્ષણ જે આર્યાવર્તમાં ઓછું થયું છે, તેની વૃદ્ધિ કરવી એ બે મુખ્ય ઉદ્દેશો સ્વામીના દેખાતા હતા તે માટે તેમણે પોતાની શક્તિ તથા મતિઅનુસાર "વેદનું ભાષ્ય" તથા "ગોકરુણાનિધિ" એ ગ્રંથો પ્રકટ કર્યા હતા વેદાભ્યાસ અને ગોરક્ષા એ સર્વે આર્યોના સર્વ સાધારણ ધર્મો હોવાથી એ સમાજમાં સાધારણ બુદ્ધિવાળા ધર્મજીજ્ઞાસુ જનો સામેલ થવા લાગ્યા, પરંતુ જેમ જેમ લોકોની જાણમાં આવતું ગયું કે સ્વામીએ લખેલું વેદભાષ્ય યથાર્થ નથી, તેમ "ગોરક્ષણ" ની ખરી લાગણી "આર્યસમાજ" ને નથી, પણ લોકોને આકર્ષણ કરવાની એ એક જાળ છે, ત્યારે લોકોનો તેનાપર અભાવ થતો ગયો, તેમ ગામેગામ તેમની સામે સનાતન આર્યધર્મપ્રતિપાદક સભાઓ સ્થપાવા લાગી

આર્ય અને અનાર્ય આ ભેદ અનાદિકાલથી ચાલે છે વર્ણ અને આશ્રમનું આર્યાવર્તમાં રહીને પરિપાલન કરવું એ આર્યોનો મુખ્ય ધર્મ છે ઉત્તરમાં હીમાલય અને દક્ષિણમાં વિન્ધ્યાચળ એ બે પર્વતો તથા પૂર્વ પશ્ચિમમાં હિન્દીમહાસાગર એ આર્યાવર્તની ચતુ સીમા છે હવે આર્ય કોણ? અને અનાર્ય કોણ? એવો આ ઉપરથી સ્વાભાવિક પ્રશ્ન ઉત્પન્ન થાય છે તેનો ઉત્તર જેના માતાપિતા વેદશાસ્ત્રોક્ત વર્ણ તથા આશ્રમ ધર્મોના યથાશક્તિ આચાર પાળનાર તથા વેદશાસ્ત્રોક્ત અધર્મ તથા વિધર્મથી દૂર રહેનાર અને પરંપરાથી આર્યાવર્તનિવાસી હોય તે આર્ય, અને આર્યાવર્તની હદ બહાર પરંપરાથી વસનારા તથા વેદશાસ્ત્રોક્ત ધર્મની પરવા ન કરનાર તે અનાર્ય આર્યધર્મ પાળવાથી આર્યોને આ લોકના વ્યવહારમાં લૌકિક સુખ એટલે અર્થ અને કામ એ પુરુષાર્થો સિદ્ધ થતા અને પરલોકમાં સ્વર્ગપ્રાપ્તિ થતી અને જેઓ સ્વર્ગસુખની પણ કામના ન રાખતા એવા ખરા સન્યાસી (વિરક્ત) હતા, તેઓની ધર્માચરણથી ચિત્તશુદ્ધિ થતી અને તેમ થવાથી તેઓને જ્ઞાન અને ઉપાસના (ભક્તિ) ની પ્રાપ્તિ સુલભ થતી, જેને પરિણામે તેઓને મુક્તિ મળતી અને આ લોકમાં તેઓની અવિચળ કીર્તિ રહેતી હતી. ધર્મશાસ્ત્રમાં આર્યનું લક્ષણ નીચે મુજબ કહ્યું છે

कर्तव्यमाचरन् कर्म अकर्तव्यमनाचरन् ।
तिष्ठति प्राकृताचारे स तु आर्य इति स्मृतः ॥

જે પોતાના કર્તવ્યકર્મ (વર્ણ અને આશ્રમધર્મ)નું આચરણ કરે અને.

અકર્તવ્ય (જેથી વર્ણ અને આશ્રમધર્મનો વિનાશ થાય એવું) આચરણ ન કરે, તથા પ્રાકૃત એટલે પોતાના માતાપિતાથી જન્મત પ્રાપ્ત જે સ્વાભાવિક આચાર તેમા ટકી રહે, તેને આર્ય કહ્યો છે.

મૂળ વેદમાં આર્યોની ચાર વર્ણો કહેલી છે, તેમજ વેદોક્ત પરમાત્મા શ્રી વિષ્ણુએ પોતાના અવતાર સમયે પણ સ્પષ્ટ કહ્યુ છે કે—

चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः । (ગીતા ૪,૧૩)

ગુણ અને કર્મના વિભાગોવડે ક્રમથી ચારે વર્ણ (બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર) મેં સરજી છે મતલબ કે આ વર્ણો ભગવાને ઠરાવી છે, માણસોએ પોતે બનાવેલી નથી તેમાં જે ગુણ તે માતાપિતાની પ્રકૃતિ, જાતિ અને કર્મ તે વેદશાસ્ત્રોક્ત કર્તવ્ય છે તે કારણથી સવર્ણો અને તેમા પણ અસમાનગોત્રા કન્યા સાથે વિવાહ કરવાનું આર્યધર્મશાસ્ત્રોમાં ઠેકઠેકાણે ફરમાવ્યું છે અનાર્ય ધર્મશાસ્ત્રમા વર્ણ અને ગોત્રના નામ પણ દેખાતા નથી અને જે જે લોકોએ અસવર્ણા કન્યા સાથે પાણિગ્રહણ (વિવાહ) સબંધ કરવા માડ્યો, તેઓને આર્યોએ વર્ણસકર પ્રજા ગણી તેનો વર્ગ જુદો પાડ્યો છે આ કારણથી ચાર વર્ણમાથીજ અનુલોમ તથા પ્રતિલોમ સકર પ્રજા મળીને ૧૮ વર્ણો થઇ હતી આર્યધર્મિષ્ઠ રાજાઓનુ રાજ આર્યાવર્તમા હતું, ત્યાસૂધી આ વર્ણધર્મ ઉપર આક્રોશ પણ યથાર્થ રહેતો હતો

આજકાલ આ આર્યાવર્ત ઉપર વિદેશી અને વિધર્મી પરદ્વીપસ્થ મહાન શહેનશાહતનુ રાજ હોવાથી તેઓએ દીર્ઘદૃષ્ટિથી કોઇપણ ચોક્કસ ધર્મનું શિક્ષણ શાળામા આપવાનુ ઠરાવ્યુ નથી તેમ સર્વ પ્રજાને પોતપોતાનો પરંપરાગત સ્વધર્મ, બીજાને હરકત ન કરતા પાળવાની સપૂર્ણ છૂટ મૂકી છે જ્યારે રાજતરફથી ધર્મ શિક્ષણ ન મળે ત્યારે ધર્મગુરુઓ તરફથી ધર્મશિક્ષણની વિશેષ ગોઠવણ થવી જોઇએ પરતુ આર્યાવર્તના કમ નસીબે તેઓની પણ બેદરકારીથી આજકાલ આર્યપુત્રો ધર્મશિક્ષણથી બેખબર રહેવા લાગ્યા છે તેઓને આ નવી સમાજે મનસ્વી ધર્મનો અને તે પણ ખરા નામનો અધાર પીછોડો ઓઢાડી, વેદ અને આર્યને નામે ઉપદેશ કરવા માંડ્યો છે, જેથી ખરા વેદધર્મ અને ખરા આર્યધર્મનુ ઉલ્લઘન આજકાલ પ્રચલિત થવા માડ્યુ છે અને તે પ્રત્યક્ષ થવાની સાથેજ વર્ણધર્મના વિનાશનુ પ્રથમ પગથિયુ આર્યસમાજ તરફથી પ્રીતિભોજન દાખલ ભરવામા આવ્યુ છે તે નીચેની હકીકતપરથી સ્પષ્ટ સમજાય છે.

"પક્તિભેદ વિનાનુ પ્રીતિભોજન" તા૦ ૮ મી જાનેવારી ૧૯૦૬ ને દિને મુબઇ આર્યસમાજે કર્યું હતું. એ ભોજનમા ભાગ લેનારાઓમાં દક્ષિણી તથા ગુજરાતી બ્રાહ્મણો, જુદી જુદી ગુજરાતી વણિક ન્યાતોના ગૃહસ્થો, ભા આ બહ્મણાઓ તપો' બારોટ વગેરે હતા એમ

"સાજ" વગેરે વર્તમાનપત્રોમાં છપાયુ હતુ પરતુ આર્યધર્મશાસ્ત્રનુ એ પારસી પત્રકારોને જ્ઞાન ન હોવાથી ગમે તેવા અનાર્ય આચારની પણ ખરી અથવા ખોટી હીમાયત તેવા વર્તમાનપત્રકારો કરે છે, એમ વિલાયત-ગમનના સવાલે આપણને સ્પષ્ટ દેખડાવી આપ્યુ છે, તેથી તે ઉપર વજન આપવાની જરૂર ન હતી તથાપિ મુબાઈની આર્યસમાજની ઓફીસમાથી એક અઠવાડિક પત્ર પ્રકટ થાય છે, તેના તા૦ ૧૪-૨-૦૯ ના અકમા આર્યસમાજના ઉત્સવની પૂર્ણાહુતિમા પંક્તિભેદ વિનાનું પ્રીતિ ભોજન, જેમા "મુબાઈ ઇલાકાની આર્યસમાજે તરફના પ્રતિનિધિઓ તથા આર્યસમાજના ઉત્સવમા ભાગ લેવા પધારેલા અન્ય ગૃહસ્થો-તથા પડિતો તેમજ સ્થાનિક સમાજના ઘણા અગ્રેસર સભાસદો મળીને જુદા જુદા વર્ણો તથા ન્યાતોના આસરે સો ગૃહસ્થો પક્તિભેદ રાખ્યા વિના એક સાથે પ્રીતિભોજન કરવા બેઠા હતા વેદમત્રોથી ઈશ્વર સ્તુતિ કરવા બાદ ભોજન આરભ્યુ હતુ ભોજનમા ભાગ લેનારાઓ દક્ષિણી તથા ગુજરાતી બ્રાહ્મણો, જુદી જુદી ગુજરાતી વણિક ન્યાતોના ગૃહસ્થો, ભાટીઆઓ, લુહાણાઓ, વગેરે હતા" એવો સત્તાવાર હેવાલ એ પત્રના અધિપતિ **મી૦ મોતીલાલ ત્રિ.** દલાલે પ્રકટ કર્યો છે આ અધિપતિ પડે સુરતના વિશા અડાલજા મોઢવણિક છે અને તેઓ સ્થાનિક સમાજના અગ્રેસર સભાસદ હોય એમ દેખાય છે, એટલે એ હેવાલ ખરો હોવો જોઇએ જ્યારે સુરતના વણિક મહાજને વિલાયતગતાને ગમે તેવુ પ્રાયશ્ચિત્ત આપીને ભોજનપક્તિમા બેસાડવાનુ સાહસ કર્યું છે, ત્યારે સુરતના વણિક આર્યસમાજી તો વર્ણભેદ કે પંક્તિભેદ ગણ્યાવિના, જુદી જુદી વર્ણના ભોજનના સભુમેળામા સામેલ થવા લાગ્યા છે આથી પરિણામે વર્ણભેદનો સપૂર્ણરીતે વિનાશ આગળ ઉપર ન થાય એની સાવચેતી વર્ણાશ્રમ ધર્મના સરક્ષક આર્યધર્મ ગુરુઓ, જ્ઞાતિ તથા મહાજનના અગ્રેસરોએ રાખવાની હાલને સમયે ઘણી જરૂર છે જો આવા પ્રીતિભોજનોનો અટકાવ જુદી જુદી જ્ઞાતો તરફથી નહિ કરવામા આવે તો "ખાનપાન" નો વિચાર કે આચાર આ પોતાને આર્ય કહેનાર તથા કહેવડાવનારમાથી પ્રતિદિન શિથિલ થશે અને પછી દેખાદેખી હોટલો અને જીમખાનામા જાતિભેદ વગર જમણો છૂટથી થવા લાગશે માટે આ ઉગતા વિષવૃક્ષના અકુરને ખરા ધર્માભિમાની સદ્‌ગૃહસ્થોએ ઉખેડી નાખવાનો સવેળા યત્ન કરવો જોઇએ, નહિ તો તેના માઠા ફળ તેમને તથા તેમની પ્રજાને ભોગવવાનો અવસર આગળ ઉપર આવશે આ બાબતમા **નવસારી**ના મોઢ ચાતુરવેદી ન્યાતના અગ્રેસરોની એક સભા મળી હતી, એમ તા ૫-૩-૦૯ ના "સાજવર્તમાન" મા તેનો નવસારીનો ખબરપત્રી જણાવતા લખે છે, કે—"જેમા શાસ્ત્રી જયકૃષ્ણ

જણાવ્યુ કે મેં પ્રીતિભોજન પંગતમાં બેસીને કર્યું નથી, પણ ઓચ્છવને દિવસે રસોડામા રેશમી કાપડ પહેરીને જ્ઞાતિના રિવાજ મુજબ ભોજન કર્યું હતું મારી પેઠે ઉપર જણાવેલા બને ગૃહસ્થે (ખરસાડવાળા પંડિત કૃષ્ણારામ તથા ગણદેવીવાળા શાસ્ત્રી મણીશંકરે) પણ એમજ કર્યું હતુ આથી શાસ્ત્રીને સૂચના કરવામા આવી હતી કે તમારે હવે આઠ દિવસની અંદર હમારી ખાતરી કરી આપવી કે તમોએ પંગતમાં બેસી પ્રીતિભોજન કર્યું નથી શાસ્ત્રીએ એક બે આર્યસમાજીઓ પાસેથી પત્રદ્વારા આ બાબે ખાતરી કરી આપવા કબુલ કર્યું હતું આ સઘળા ઉપરથી જ્ઞાતિયે ઠરાવ કર્યા કે આઠ દિવસમા તમો પત્રદ્વારા આ બાબતનો નિશ્ચય નહિ કરશો તો ન્યાતને અનુકૂળ વ્યવસ્થા થશે આજ પછી તમારે આર્યસમાજી મેલાવડામા પણ જવુ નહી શાસ્ત્રીએ આ બને ઠરાવનો સ્વીકાર કર્યો છે જ્ઞાતિએ જણાવ્યુ છે કે આ ઠરાવ વિરૂદ્ધ વર્તન જોવામા આવશે એટલે તમો ન્યાતથી બહારજ છો કરી ન્યાત ભેગી કરી ઠરાવ કરવાની જરૂર નથી" વગેરે આમા સાચા કોણ? વર્તમાનપત્રો કે સમાજી શાસ્ત્રી?

આ રીતે પ્રત્યેક ગામના ન્યાતીલાઓએ પોતપોતાની જ્ઞાતના આર્યસમાજી જનોની તપાસ કરવાની કેટલીબધી જરૂર દેખાય છે કારણ કે સ્વામી દયાનંદજીનો સર્વોત્તમ ઉદ્દેશ જે વેદ ભણવો અને ગોરક્ષણ કરવુ તે તો કોરાણે મૂકીને, વર્ણભેદ, જાતિભેદ તોડવા એકાચાર–અનાચાર–નો પ્રીતિભોજનને નામે જે પગપેસારો હાલના સમાજીઓ તરફથી થવા માંડ્યો છે, તેના ઊંડા મૂળીઆ જમીનની અંદર ધુસ્યા પછી, સહસા ઉખેડી શકાશે નહિ માટે પેલી જાણીતી કહેવત મુજબ "ઉગતું દાબવુ" એ સ્વધર્માભિમાનીની ફરજ છે સમજુ હિંદુઓ તો નાહીને તરતજ બીજાને અડકયાવગર જમવા બેસનાર અને ગમે ત્યારે એકવાર નાહીને જમનાર તથા વગર નાહે જમનાર સ્વજ્ઞાતિ કે સ્વકુટુંબીમાં પણ પંક્તિભેદ રાખીને જમે છે ત્યારે આ તો ગમે તે ન્યાતજાત વર્ણ આચારવાળા સાથે પંક્તિભેદવગરનુ પ્રીતિભોજન, તે આર્યશાસ્ત્ર અને સદાચારથી કેટલુ વિરૂદ્ધ છે, તે સાધારણ સમજવાળા સજ્જનો પણ સમજી શકશે ધર્મ પાળવામા આરંભમા સહજ અડચણ વેઠવી પડે છે તેથીજ કહ્યુ છે કે—

न सीदन्नपि धर्मेण मनोऽधर्मे निवेशयेत् ।
अधार्मिकाणां पापानामाशु पश्यन्विपर्ययम् ॥

ધર્માચરણ કરવાથી આપણને પીડા પડે, તોપણ મનને અધર્મ તરફ વળવા ન દેવુ, કેમકે અધાર્મિક પાપવૃત્તિવાળા લોકનો નાશ સત્વર થાય છે

સંવત્ ૧૯૬૨ ચૈત્ર શુદ ૧ રવિ — લા. વિ. રા. દ.

શ્રીમદ્‌ગોસ્વામી શ્રી અનિરુદ્ધાચાર્યજી મહારાજે
"ભક્તિ સામ્રાજ્ય"
વિષે કરેલા વ્યાખ્યાનનો સારાંશ.

સંવત્ ૧૯૬૨ ના શ્રાવણ વદ ,,) સોમવાર તા૦ ૨૦–૮–૦૬ ને રોજ સાંઝે ૪ાા વાગે મુંબઇના સુપ્રસિદ્ધ શેઠ ચતુર્ભુજ મોરારજી જે પી ની તારદેવ રોડપર આવેલી વાડીમા નડીઆ વાળા બાલગોસ્વામી શ્રી અનિરૂદ્ધાચાર્યજીએ ભક્તિસામ્રાજ્ય વિષયપર સસ્કૃત અને ગુજરાતી ભાષામા એક છટાદાર વ્યાખ્યાન આપી, અનેના વૈષ્ણવ મડળપર એક સરસ છાપ બેસાડ્યો હતો હોલમા આસરે ૪૦૦ પુરૂષો હાજર હતા. સ્ત્રીઓ વાસ્તે જુદી ગોઠવણ રાખી હતી

પ્રારભમા મી૦ ઠાકોરદાસ દલાલે શ્રોતાસજ્જનોને આવકાર આપતા નીચે પ્રમાણે ભાષણ કર્યું હતુ

શા૦ ઠાકોરદાસ કેશવરામ દલાલનુ ભાષણુ.

વૈષ્ણવ બધુઓ,

હમારી આમત્રણ પત્રિકાને માન આપી આપ સર્વ આજે અત્રે વ્યાખ્યાન શ્રવણ કરવા આવ્યા, તેથી હમારાપર આપ સર્વનો મોટો ઉપકારજ થયો છે આમત્રણ પત્રિકા પરથી આપને વિદિત થયુ હશેજ કે આજનો વિષય ભક્તિસામ્રાજ્ય છે ભક્તિ સામ્રાજ્ય એટલે સર્વ ધર્મ કર્મમા ભક્તિ ઉંચપદે હોવાથી તે સામ્રાજ્ય કહેવાય છે અર્થાત્ ભક્તિએ ચક્રવર્ત્તિની છે. ભક્તિની મહત્તા સુપ્રસિદ્ધ છે માતૃભક્તિ, પીતૃભક્તિ, રાજભક્તિ, ગુરુભક્તિ, અને દેવભક્તિ વગેરે અનેક પ્રકારની ભક્તિઓ છે, પરત સર્વને માથે પરાત્પર શ્રી પુરુષોત્તમની ભક્તિ છે તે ચક્રવર્ત્તિની કહેવાય છે ભક્તિનો સર્વોત્કર્ષ સિદ્ધ કરવો એ જ આજનો વિષય છે એ વિષયના ઉપદેશ્ટા શ્રીમદ્‌ ગોસ્વામી શ્રી અનિરૂદ્ધાચાર્યજી છે પ્રથમ શ્રીમદ્‌અનિરૂદ્ધલાલજીના સબધમા કેટલુક જણાવવાની જરૂર છે શ્રી દાઉજીના મદિરવાલા, શ્રી લાલમણિજીના લાલજી શ્રી વિઠ્ઠલેશરાયજીના પુત્ર શ્રી મુરલીધરજીના એ શ્રી અનિરૂદ્ધાચાર્યજી દ્વિતીય પુત્ર થાય જન્મથીજ સ્વાભાવિક સૌજન્ય ચાતુર્ય આદિ સદ્‌ગુણો એ આચાર્યશ્રીમા પ્રકાશતા હતા અને એજ સદ્‌ગુણોને લીધે નડીઆદની ગાદી એ મહારાજશ્રીને આતે ૪૦ ઉપનયન સસ્કાર થઇ ગયા પછી અધ્યયનનો પ્રારભ કર્યો અને હજી પણ અધ્યયન ચાલુજ છે સામાન્ય રીતિથી ઉક્ત આચાર્યશ્રીની કીર્તિ આપણે ઘણા વખતથી શ્રવણ કરીએ છીએ, પરતુ આપણા વૈષ્ણવ સપ્રદાયના ઉત્કર્ષ વિષે વિચાર કરવા ગયા માસમા વડોદરામા જે વૈષ્ણવ પરિષદ્‌ મળી હતી તે પરિષદ્‌મા એ બાલગોસ્વામી કે જેઓની વય માત્ર ૧૪વર્ષની છે, તેમણે સ્વોત્સાહ માત્રથીજ પધારી, બીજા દિવસનું અધિપતિપદ અગીકાર કરી પરિષદ્‌નુ કાર્યતંત્ર અચ્છી રીતે ચલાવ્યુ હતુ એ વર્તમાનપત્રો વાચનાર વૈષ્ણવોના ધ્યાનમાજ હશે. વિદ્યારસિક શ્રી અનિરૂદ્ધાચાર્યજી માત્ર પોતેજ વિદ્યાધ્યયન કરે છે એટલુજ નહિ પણ નડીઆદ શહેરમા બીજા બ્રાહ્મણ–ક્ષત્રિય–વૈશ્ય વગેરે પણ અધ્યયન કરે એવા ઉદ્દેશથી એ

કાવ્ય-વ્યાકરણાદિ ઉપરાંત માર્ગીય ગ્રંથોપર પણ લક્ષ આપવામાં આવે છે એ પાઠશાળાના શાસ્ત્રી વે. શા. સ. વિષ્ણુનર્મા પણ આજે આ સભામાં પધારેલા છે માન પાઠશાળા સ્થાપી કે પરિષદનું કાર્ય ઉત્સાહથી ચલાવ્યું તેથીજ પોતે મતો મને છે એમ નહિ, પરંતુ આપણા સર્વદેશીય સર્વમાન્ય (તાળીઓ) સંપ્રદાયના ગ્રંથોના અભ્યાસપર જે આગ્રહ બાલ્ય અવસ્થામાં જોવામાં આવે છે તે સ્તુતિને પાત્ર છે આપના શ્રીમદ્વલ્લભાચાર્યજીના ભાષ્ય-નિબંધ-સુબોધિનીજી આદિ નાના મોટા ગ્રન્થોનો આ અત્યાભ્યાસ જ વ્યાસંગ લાગ્યો, એ કાંઈ જેવી તેવી વાત નથી આજથી તેર માસપર શ્રીમદ્ ગોસ્વામી શ્રી બાલકૃષ્ણલાલજી મહારાજે આજ ટોળામાં જેનું સુધાપાન કરાવ્યું હતું, તેનું પીયૂષપાન શ્રીમદ્ અનિરુદ્ધાચાર્યજી પોતાના વચનામૃતથી કરાવશે, માટે તે પાન કરવા આપ સર્વ સજ્જ થશો, એટલીજ પ્રાર્થના કરી હું બેસવાની રજા લઉં છું (તાળીઓ)

શ્રીમદ્ અનિરુદ્ધાચાર્યજીનું સંસ્કૃત ભાષણ.

મી૦ ઠાકોરદાસના ભાષણ પછી શ્રીમદાચાર્યશ્રીએ મંગલાચરણ કરી લગભગ ૩૦ મિનીટ સુધી સંસ્કૃત ભાષામાં ઋગ્વેદ સંહિતાના કેટલાક મંત્રો તથા કેટલાક ઉપનિષદના મંત્રો ભણી બતાવી, દેવગિરામાંજ તેનું વ્યાખ્યાન ચલાવ્યું હતું તે સમાપ્ત થયા પછી ૩૦-૩૫ મિનિટ તેનો અનુવાદ પોતેજ નીચે પ્રમાણે ગુજરાતી ભાષામાં કરી બતાવ્યો હતો

શ્રીમદ્ અનિરુદ્ધાચાર્યજીના સંસ્કૃત ભાષણનો ગુજરાતી ભાષામાં તેમણે કરેલો અનુવાદ.

પરમ ભાગવત્ વૈષ્ણવ સદ્‌ગૃહસ્થો,

આજનો વિષય ભક્તિસામ્રાજ્ય છે, એ આપ સર્વને વિદિત છે ભક્તિ સામ્રાજ્ય એટલે ભક્તિનો ઉત્કર્ષ ભક્તિ એટલે શું, એ પ્રથમ વિચાર કર્યાં પછી તેનું સામ્રાજ્ય પ્રતિપાદન કરવામાં આવશે

આજકાલ ભક્તિ વિષયક અનેકાનેક ભાષણો થાય છે. કેટલાક માત્ર શ્રીમદ્ ભગવદ્ગીતાના વચનો આપી ભક્તિ સિદ્ધ કરે છે બીજા તત્ત્વસૂત્રના વચનો આપે છે ઇતર શ્રીમદ્ ભાગવતના પ્રમાણો આપે છે અન્ય નારદ પંચરાત્ર આદિ આગમના કે ભક્તિમીમાંસાના સૂત્ર આગળ કરે છે પરંતુ એ બધા વચનોનું મૂળ વેદ જ છે એમ જ્યાં સુધી જન સમાજને સ્પષ્ટ બતાવવામાં આવે નહિ, તથા સ્વતઃ પ્રમાણભૂત વેદ જ એ સર્વ વાક્યોનું પરમ મૂલ છે એમ યુક્તિ પ્રયુક્તિથી પ્રતિપાદન કરવામાં આવે નહિ, ત્યાં સુધી સર્વમાન્ય ભક્તિપર જે પરમ આદર થવો જોઈએ તે થઈ શકતો નથી માટે હમે હમારા શ્રીમદ્ અખંડ-ભૂમંડલાચાર્યચક્રચૂડામણિ શ્રીમદ્વલ્લભાધીશની પ્રાચીન પદ્ધતિ પ્રમાણે પ્રથમ વેદનાજ પ્રમાણો આપી ભક્તિ સિદ્ધ કરી આગળ ચાલીશું (તાળીઓ)

ઋગ્વેદના પ્રથમ મન્ત્રમાંજ અગ્નિમીળે પુરોહિતનું શ્રવણ થાય છે, ઈળે શબ્દ વૈદિક છે સંસ્કૃતમાં તેને ઈડે કહે છે ઈડ્ ધાતુનો અર્થ "સ્તુતિ કરવી" એમ થાય છે, અર્થાત્ ઋગ્વેદનો પ્રથમ મન્ત્ર જ ઈડ ધાતુનડે સ્તુતિરૂપ ભક્તિનું જ પ્રતિપાદન કરે છે (તાળીઓ) વાસ્તવિક વિચાર કરનારને તો દરેક વેદમાં વર્ણે વર્ણે ભક્તિની જ પ્રતીતિ થાય છે, પરંતુ સામાન્ય વર્ગ આગળ વેદમાંથી બીજા કેટલાક શુદ્ધ ભક્તિ-પ્રતિપાદક મંત્રો અર્થ સહિત બતાવવાની જરૂર રહે છે. ઉક્ત ઋગ્વેદમાં જ આગળ આવતા દ્વિ'પુરૂષક નામનું સૂક્ત

સિદ્ધ સૂક્ત આવે છે જેમા એક સ્થળે विष्णो सुमतिं भजामहे એમ સ્પષ્ટ ઉપદેશ છે વિષ્ણુ એટલે વ્યાપનશીલ સર્વવ્યાપક બાહ્યાભ્યંતર રસાવિષ્ટ પ્રભુની સુમતિનુ, દશવીના પ્રતિપાદક મતિનુ, હમે ભજન કરીયે છીએ, એમ એ મત્રપાદનો અર્થ થાય છે આ મત્રમા भज् ધાતુનો भजामहे પ્રયોગ પ્રત્યક્ષ છે भज ધાતુનો અર્થ "सेवा કરવી" થાય છે, એ પણ ધાતુપાઠ કરનારની ધ્યાનમાજ હશે અર્થાત્ સેવારૂપ ભક્તિનુ પ્રતિપાદન એ ચરણમા કરવામા આવ્યુ છે (તાળીઓ) એજ સૂક્તમા વિષ્ણુના ચરણ કમળનો અને વિષ્ણુલોકનો પણ ઉત્કર્ષ બતાવ્યો છે विष्णोर्यत् परमं पदम् એમ પ્રથમજ શ્રવણ કરવામા આવે છે એ મત્રનો શબ્દાર્થ એટલો જ છે કે "જે પરમ પદ છે તે વિષ્ણુનુ છે" વિષ્ણુ શબ્દનો અર્થ હમે પ્રથમ નિરૂપણ કરી ગયા છીએ તોપણ ફરીથી સ્મરણ કરાવીએ છીએ કે વિષ્ણુ એટલે માત્ર સત્ત્વગુણના અધિષ્ઠાતા નહિ પણ સર્વ વ્યાપક-વ્યાપનશીલ-બાહ્યાતરરસાવિષ્ટ શ્રીમ પુરૂષોત્તમ વેદમા એ સર્વવ્યાપક રસાત્મક પુરૂષોત્તમના પદને પરમ કહ્યુ છે અર્થાત્ એ પદ પ્રકૃતિ-કાલ-કર્મ-સ્વભાવથી પણ અતીત છે પ્રકૃતિ, કાલ, કર્મ, સ્વભાવ આદિનુ બલ ત્યા ચાલી શકતુ નથી એ મત્રમા पदम् શબ્દ સ્પષ્ટ પ્રત્યક્ષ છે, એટલે પ્રભુનો લોક નથી કે પ્રભુનો આકાર નથી એમ મિથ્યાગ્રહ રાખવો એ ભૂલ છે पदम् એટલે પ્રાપ્ત કરવા યોગ્ય, એ વ્યાપિ-વૈકુંઠલોક છે સર્વવ્યાપક પરમાત્મા એ લોકમા સચ્ચિદાનન્દ સ્વરૂપે પ્રકટ દૃશ્યમાન છે એ શ્રી પુરૂષોત્તમને ચરણારવિન્દ પણ છે (તાળીઓ) એજ સિદ્ધાન્તનું સમર્થન કરવા આગળ એજ સૂક્તમા કહેવામા આવ્યુ છે કે विष्णो पदे परमे मध्व उत्स એનો શબ્દાર્થ આ પ્રમાણે થાય છે. "પ્રભુના પરમ ચરણારવિન્દમા ભક્તિરસ મકરદનો નિષ્યદ વહે છે" અર્થાત્ વ્યાપક રસાત્મક શ્રીમત્પ્રભુચરણના ચરણારવિન્દ માત્ર લૌકિક નથી પણ તે ચરણનલિનમા ભક્તિરસ-મકરન્દનો નિષ્યન્દ વહે છે, એવા અલૌકિક આનદાત્મક તે પદકમલ છે શુદ્ધ નિર્ગુણ ભગવદીઓ એ ધામમા શ્રીમત્પ્રભુચરણકમળરૂપ ભક્તિરસાત્મક મકરન્દના નિષ્યન્દમા સદા સર્વદા અવગાહન કરે છે (તાળીઓ) એજ સૂક્તમા આ મત્રની આગળજ એક સરસ મત્ર આવે છે તે આ પ્રમાણે છે —

ता वा वास्तून्युश्मसि गमध्यै यत्र गावो भूरिशृंगा अयास ।
अत्राह तदुरुगायस्य वृष्ण परम पदमवभाति भूरि ॥ (તાળીઓ)

એ ઋચાનો અર્થ શ્રીમદ્ ભાષ્યકાર શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રી અણુભાષ્યના ફલાધ્યાયમા અને શ્રીમત્પ્રભુચરણ શ્રીમદ્ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથદીક્ષિત (શ્રીગુસાઇંજી) પોતાના વિદ્વન્મડન નામના ગ્રથમા આ પ્રમાણે આપે છે —

वाम्—ભગવાન્ અને ભગવાનના કોઈ મહા ભાગ્યવાન્ નિજ અતરગ ભગવદીયના, ता—તે, તે એટલે લોક વેદ ભક્તિ માર્ગમાં પ્રસિદ્ધ, धामानि ધામોમા, गमध्यै જવાને વાસ્તે, उश्मसि હમે કામના રાખીએ છીએ यत्र જે શ્રીમદ્ગોકુલ આદિ (તાળીઓ) અલૌકિક ધામોમા भूरिशृगा અનેક શૃંગવાળી अयास શુભ આપનારી गाव ગાયો છે તેવા ભગવદ્ધામો ક્યા છે એમ આકાક્ષા થાય તો શ્રુતિરૂપા શ્રુતિ જણાવે છે કે अत्र—આ ભૂમંડળમાજ (તાળીઓ) તે તે ધામો છે—ભૂમડલમાજ છે તો તે કેમ દેખાતા નથી? ત્યારે ઋચા કહે છે "अह"—(તાળીઓ) એ બહુ ખેદની વાત છે કે ભૂમડલમા જ એવાં ધામ જે છતા

પ્રાકૃત ચર્મચક્ષુથી તે તે સ્થલ દેખાઈ શકાતા નથી એ ધામોમા જે પ્રભુ બિરાજે છે તે "उरुगाय" છે. ગોપિકા નારદ આદિ, ઉભય પ્રકારના મહાન્ ભક્ત તે પ્રભુનુ ગાન કરે છે એ પ્રભુ વૃષા છે, ગાન કરનાર ભગવદીઓની અલૌકિક કામના પરિપૂર્ણ કરે છે, કામનાની વૃષ્ટિ કરે છે એમનુ પરમ પદ, પરમ સ્થલ, ભૂતલમા જ अवभाति પ્રકાશે છે; તે પણ માત્ર એક પ્રકારે નહિ પણ ભૂરિ અનેકાનેક પ્રકારે સ્વરૂપભેદવડે પ્રકાશે છે. શ્રીયમુનાજી, ઉપવન, શ્રી ગિરિરાજજી, ગહ્વર, કદરા આદિ અનેક રમણીય પ્રદેશમા તે પ્રકાશે છે તે સર્વ પ્રદેશ પ્રાકૃત માત્ર નથી પણ પરમ છે, વૈકુંઠાદિથી પણ ઉત્કૃષ્ટ છે વૈકુંઠ આદિ ધામમા જે લીલા દશ્યમાન થતી નથી તે લીલાના પણ પ્રત્યક્ષ દર્શન શ્રીમદ્ગોકુલ આદિ પરમ અલૌકિક સ્થલોમા થાય છે (તાલીઓ)

આ પ્રમાણે આપણા માર્ગના સેવ્ય શ્રીકૃષ્ણ, તેમના શ્રીગોકુલ આદિ અલૌકિક ધામ, તેમના ભક્તિરસાત્મક ચરણારવિંદ અને તેને પ્રાપ્ત કરવાનો ભક્તિમાર્ગ, એ સર્વને પ્રતિપાદન કરનારા વચનો માત્ર શ્રીમદ્ભગવદ્ગીતામા છે એટલુ જ નહિ પણ સ્વત પ્રમાણભૂત વેદમાથી પણ જોઈએ એટલા મળી આવે છે એક સ્થલમા તો આપણા આત્મનિવેદન અથવા તો બ્રહ્મસબધપ્રતિપાદક પણ વચનો જોવામા આવે છે બૃહદારણ્યક ઉપનિષદ્મા आत्मनः कामाय सर्वं प्रियं भवति (તાલીઓ) એમ અનેકશ શ્રવણ થાય છે એનો અર્થ એમ થાય છે કે સ્ત્રી, પુત્ર, વિત્ત, દેહ, ગેહ, આદિપર જે જે સ્નેહ આવે છે તે સ્નેહ કાઇ સ્ત્રી પુત્ર વિત્ત દેહ ગેહ આદિને લીધેજ નથી, પણ સ્ત્રી, પુત્ર, વિત્ત, દેહ, ગેહ આદિ વસ્તુ આત્માના પણ આત્મા જે પરમાત્મા શ્રીકૃષ્ણ તેમની સેવા કરવામા ઉપયુક્ત થાય છે, માટેજ પ્રભુની સેવામા વિનિયોગ આવનાર સ્ત્રી પુત્ર વિત્ત દેહ ગેહાદિમા સ્નેહ રહે છે તાત્પર્ય એ છે કે અમુક આપણી સ્ત્રી છે માટે તેપર પ્રીતિ રાખવી અમુક આપણો પુત્ર છે માટે તેપર મમતા રાખવી અમુક આપણુ વિત્ત આદિ છે માટે તે વિત્ત આદિપર આસક્તિ રાખવી, એમ તો સર્વથા નહિજ, પરતુ એ સ્ત્રી પ્રભુસેવા કરવામા ઉપયોગી છે, એ પુત્ર ભગવત્સેવામા વિનિયુક્ત છે વિત્ત આદિ પ્રભુમા ઉપયુક્ત છે માટેજ ભગવદીઓ તે તે ભગવદુપયોગી પદાર્થપર પ્રભુસબધથીજ મમતા રાખે છે જે પદાર્થ શ્રી પ્રભુચરણના ઉપયોગમા આવે તે વસ્તુપરજ આસક્તિ રાખવી ઇતર પદાર્થપર આસક્ત રાખવાથી જીવને બંધ પ્રાપ્ત થાય છે (તાલીઓ)

આપ સર્વેની ધ્યાનમા આવ્યુ હશે કે આ પ્રમાણે આપણા પ્રાચીનઆચાર-વિચાર બને વેદથી અનુકૂળ છે કોઇ પણ રીતે વેદથી પ્રતિકૂળ વર્તન કે વિચાર નથી-પુન હમારા વર્ગમા અને શિષ્ય વર્ગમા વેદ આદિનુ સરસ અધ્યયન અધ્યાપન શરુ થાય તો ઘણા જીવોનુ કલ્યાણ થાય એમા સશય નથી (તાલીઓ)

આ સ્થળે કદાચ કોઇ એમ શકા કરે કે જ્યારે સ્વત પ્રમાણભૂત વેદનેજ પ્રમાણ માનો છો અને ભક્તિ આદિ આચાર વિચારના મૂલ તરીકે પણ વેદનેજ માનો છો ત્યારે પછી બીજા ભગવદ્ગીતા, સૂત્ર, શ્રીમદ્ભાગવતાદિ પ્રમાણ માનવાની શુ જ ર છે? એ શકાનુ સમાધાન આ પ્રમાણે કરવુ-उदद्वारक शास्त्र बुद्धिदोषात्तदुद्भव । ६૯ અગ અને ૬૭ સમર્થથી (

છે ત્યારે પ્રમાણમા પણ અપ્રમાણ બુદ્ધિ થવાનો પ્રસગ આવતાં વેદના સ્પષ્ટ અર્થ પણ સૂઝતા નથી. વેદના અર્થમા પણ જ્યારે આ પ્રમાણે સદેહ થાય ત્યારે તે સદેહ નિવારણ કરવામા શ્રીમદ્ ભગવદ્ગીતા ઉપયોગી છે શ્રી ગીતાજીમા સદેહ થાય ત્યારે તે નિવારણ કરવામા સૂત્ર ઉપયુક્ત છે જ્યારે સૂત્રમા સદેહ થાય ત્યારે શ્રીમદ્ભાગવત કામ લાગે છે શ્રીમદ્ભાગવતમા પણ જ્યારે સદેહ થાય ત્યારે નિબધ-સુબોધિની આદિ શ્રીમદા ચાર્યજીના અર્થોવડે તે સદેહનુ નિરાકરણ કરવુ માટે જ શ્રીમદાચાર્યજી નિબંધમા ઉપદેશ કરે છે કે

वेदा श्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि । समाधिभाषा व्यासस्य
प्रमाण तच्चतुष्टयम् । उत्तर पूर्वसदेहवारक परिकीर्तितम् ॥

અર્થાત્ જે હીન-મધ્યમ અધિકારી છે તેને વાસ્તે તો ગીતા-સૂત્ર-અને શ્રીભાગવત આદિ ઉપયોગી છે પરતુ જે ઉત્તમ અને ઉત્તમોત્તમ અધિકારી છે તેને પણ સ્થૂણાખનન ન્યાયે ગીતા આદિ તેટલા જ ઉપયોગી છે-માટે ગીતા-સૂત્ર-શ્રી ભાગવત આદિ કોઇ પણ પ્રકારે વેદથી હીન છે તેમ કલ્પી તે મહાગ્રથોની અવગણના કદાપિ ન કરવી (તાલીઓ)

આ પ્રમાણે વેદ-ગીતા-સૂત્ર-અને ભાગવતનો પ્રભુના માહાત્મ્યનુ જ્ઞાન થવુ જોઇયે પ્રભુના માહાત્મ્ય જ્ઞાન થવામા જ એ તમામ વેદાદિકનો ઉપયોગ છે તે માહાત્મ્ય જ્ઞાન ભક્તિનું અગ છે, ભક્તિ થવામા એક જાતનુ સાધન છે, માટે જ કહ્યુ છે કે—

माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढ सर्वतोऽधिक । स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्ति र्नचान्यथा ॥

માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ સર્વ કરતા (પ્રભુમા) અધિક સ્નેહ તેજ ભક્તિ કહેવાય છે અને ભક્તિથી જ સસારમાથી મુક્તિ પ્રાપ્ત થાય છે ભક્તિ વિના બીજા કોઇ ઉપાયવડે સસારના દુ ખમાથી નિવૃત્તિ થતી નથી—

આ શ્લોકમા સ્પષ્ટ પ્રતિપાદન છે કે ભક્તિવિના મોક્ષને વાસ્તે પણ બીજો ઉપાય જ નથી તેજ અભિપ્રાયથી શ્રીમદાચાર્ય શરણ નિરૂપણ કરે છે કે-

इदमेव विनिश्चित्य कृष्णो ह्यर्जुन मब्रवीत् । मामेव ये प्रपद्यन्ते माया मेता तरन्ति ते ॥
एवकारेण सर्वेषा मनुपायत्व माह हि । ज्ञानादीना हि सर्वेषा तदधीनत्वत
सदा । विश्वास सर्वतस्त्यक्त्वा कृष्णमेव भजेद्बुध ॥

શ્રીકૃષ્ણે ગીતાજીમા અર્જુનને ઉપદેશ કર્યો છે તેમા આજ્ઞા કરી છે કે मामेव ये प्रपद्यन्ते मायामेता तरन्ति ते જેઓ મારે જ (કૃષ્ણને જ) શરણે આવે છે તેઓ આ માયાને તરી જાય છે આ સ્થળે मामेव કહ્યુ છે, મારૂજ—શ્રીકૃષ્ણનુજ-શરણ નિરૂપણ કર્યું છે. તેથી શ્રીકૃષ્ણનો પણ નિશ્ચય છે કે જ્યા સુધી જીવ શ્રીકૃષ્ણને શરણે જતો નથી ત્યા સુધી બીજા સાધન નકામા છે જ્ઞાન કર્મ પણ ભક્તિનાં અગ છે પણ જ્ઞાન-કર્મવડે ભક્તિ પ્રાપ્ત થાય નહિ તો પછી તેવા જ્ઞાન-કર્મ પણ શા કામના? વસ્તુત તો જ્ઞાન-કર્મ પણ ભગવદાધીન છે, તેનુ ફળ પણ પ્રભુસત્તાધીન છે માટે ઇતર સાધનમાથી વિશ્વાસનો ત્યાગ કરી સુજ્ઞ વિવેકી પુરૂષ સદાસર્વદા શ્રીકૃષ્ણનેજ ભજે છે. (તાલીઓ) શ્રીમદ્વલ્લભાચાર્યજી ભક્તિના સામ્રાજ્યમા પુરાવો આપે છે કે—

न दृष्ट श्रुतपूर्वो वा भजन्कृष्णमनामयम् । न मुक्त सर्वथा यस्माद् गोप्योगावस्तथाऽभवन् ॥

એવુ જોયુ પણ નથી, એવુ શ્રવણ પણ કર્યું નથી કે શ્રીકૃષ્ણને ભજનાર અનામય

ગયા. ભગવાનની ભક્તિ કરનારને પુન સસારમા આવવુ પડતુ જ નથી તેવો એકપણુ ઐતિહાસિક દાખલોજ નથી કે શ્રીકૃષ્ણભક્તને સસાર પ્રાપ્ત થયો હોય—

આ શ્રવણ કરીને કોઇને તેમ શકા થતી હોય કે ત્યારે તો માત્ર ભક્તિનો જ આગ્રહ કરવો જ્ઞાન વગેરે પણુ નકામા જ છે, માટે તે માહાત્મ્ય જ્ઞાન વાસ્તે પણુ પ્રયત્ન વાસ્તે કરવો? તો તે શકાનુ સમાધાન આ પ્રમાણે કરવુ પ્રભુનુ માહાત્મ્ય જ્ઞાન થવુ પ્રભુની સત્તામા છે માટે પ્રભુની કૃપા વાસ્તે આગ્રહ રાખી પ્રભુના માહાત્મ્ય જ્ઞાન વાસ્તે પ્રયત્ન થવામા દોષ નથી, પરતુ જીવ જો પોતાના સાધનપણાનો અભિમાન રાખે તો તેને માહાત્મ્ય જ્ઞાન પણુ થતુ નથી માટે માહાત્મ્ય જ્ઞાન વાસ્તે પણુ ભક્તિની અથવા શરણુની જરૂર રહે છે (તાલીઓ) માટેજ શ્રી ગોપાલ તાપનીય ઉપનિષદ્મા સ્પષ્ટ કહ્યુ છે

मुमुक्षुर्वै शरणं मनुव्रजेत् "મુમુક્ષુએ નિશ્ચય શરણે જવુ,"

એજ પ્રમાણે શ્વેતાશ્વેતર ઉપનિષદ્મા પણુ કહ્યુ છે કે

मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये "હુ મુમુક્ષુ નિશ્ચય શરણે આવુ છુ" (તાલીઓ)

શ્રીમદ્ ભગવદ્ગીતામા પણુ અર્જુન કહે છે કે

शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥

"હે શ્રીકૃષ્ણુ, હુ આપનો શિષ્ય છુ, આપને શરણે આવ્યો છુ મને ઉપદેશ આપો

આ સર્વ નિગૂઢ આશય ધ્યાનમાં રાખી શ્રીમદાચાર્યજી પણુ ઉપદેશ કરે છે કે

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् । श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

"શ્રીકૃષ્ણુની સેવામાં તત્પર દભાદિકથી રહિત શ્રીમદ્ભાગવતના તત્ત્વને સમજનાર ગુરૂને આદરપૂર્વક જીજ્ઞાસુએ ભજવા" આવા ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ગુરૂને શરણે જીજ્ઞાસુએ જવુ. (તાલીઓ)

આ પ્રકારે ગુરૂને અને ગુરૂએ બતાવેલા શ્રીકૃષ્ણુને શરણે રહીને જો માહાત્મ્ય જ્ઞાનાર્થ પ્રયત્ન જીવ કરે તો તેવા પ્રયત્નથી ભગવત્કૃપાથી માહાત્મ્ય જ્ઞાન પણુ થઇ જાય છે અને છેવટે भक्ति सिद्धेर्गरीयसी સિદ્ધિથી અથવા મુક્તિથી પણુ વધારે મહત્ત્વવાળી ભક્તિ પ્રાપ્ત થાય છે (તાલીઓ)

તમે સર્વે ધ્યાનમા લીધુજ હશે કે તમામ સાધનનું મુખ્ય ફળ ભક્તિજછે અને ભક્તિ વિના બીજા સાધનો પણુ નિરર્થક છે માટે સાધન તરીકે તેમજ ફળ તરીકે પણુ ભક્તિનો સ્વીકાર ઉત્તમોત્તમ છે (તાલીઓ)

શ્રીમદાચાર્યજી ભક્તિનુ સામ્રાજ્ય પ્રતિપાદન કરતા આજ્ઞા કરે છે કે भक्तावादरेण प्रकटो जायते हरिः । आत्मानं च ततो दद्यात् सुखे का परिदेवना ॥ ભક્તિમાર્ગમા એ વિશેષ જોવામા આવે છે કે શ્રીહરિ ઘણુાજ આદરપૂર્વક ભક્ત આગળ પ્રકટ થાય અને પોતાના સ્વરૂપના આનદનું દાન ભક્તને કરે છે જ્યા પ્રારભમાં-મધ્યમા અતમાં પરમાનદજ છે ત્યા-ભક્તિમાર્ગમા કોઇપણુ પ્રકારના કલેશનો તો સભવજ કયાથી હોઇ શકે? બીજા સાખ્ય-વગેરે સાધનમા તો પ્રારભમા કલેશ પણુ થાય છે માટે બીજા સાધન મા ભક્તિ ચક્રવર્તિની છે,

શુદ્ધાદ્વૈત જ્ઞાનનુ ફલ દુ ખનિવૃત્તિ માત્ર છે, તે ઉપરાંત જ્ઞાનનું ફલ નથી

અનુભવનો પણ વાસ્તવિક અવકાશ નથી, ભક્તિમા આત્મા સહિત એકાદશ ઇંદ્રિય અને બાહ્ય પરિકર પણ આનન્દરસનુ અવગાહન કરે છે જ્ઞાનમા માત્ર આત્માનુજ કલ્યાણ થાય છે જ્ઞાન કરતા ભક્તિમા અનુગ્રહ પણ વિશેષ હોય છે ભક્તિમા આરભમાજ નિસ્સીમ આનન્દ છે પણ જ્ઞાનમા તો પ્રારભાવસ્થામા અતિ કષ્ટ અને અતમા માત્ર દુ ખનિવૃત્તિ કે બ્રહ્મના ગણિતાનન્દ વિના બીજુ ફળ નથી, શુધ્ધાદ્વૈતીય જ્ઞાની अहं ब्रह्मास्मि આદિ વાક્યવડે અક્ષર બ્રહ્મની ભાવના માત્ર કરે છે પણ ભગવદીય તો तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिका થઈને ભગવાનની સર્વ લીલા પણ સાક્ષાત્ કરવાને સમર્થ થઇ જાય છે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર જ્ઞાન માર્ગમા બાધક પ્રતિબધક છે તે પણ ભક્તિમા સાધક અનુકૂલ થઇ શકે છે, માટેજ શ્રીભાગવતમા કહ્યુ છે કે काम क्रोध भय स्नेह मैक्य सौहृद मेव च नित्य हरौ विदधतो यान्ति तन्मयता हि ते, गोप्य कामात् ઇત્યાદિ શ્લોકમા પણ એ જ તાત્પર્ય છે જ્ઞાનનુ રક્ષણ વૈરાગ્ય આદિથી કરવામા ન આવે તો જ્ઞાનનુ તિરોધન થઇ જાય છે પણ ભક્તિનુ તિરોધન થવાની પણ ભીતિ નથી કેમકે સાક્ષાત્ પ્રભુ પણ ભક્તિનો તિરોભાવ કરી શકતા નથી आनन्द ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ભક્ત કોઇથી પણ ભય પામતો નથી પણ ज्ञानिनामपिचेतांसि देवी भगवती हि सा बलादाकृष्य मोहाय महामाया प्रयच्छति । જ્ઞાનીના ચિત્તને માયાનો ભય રહે છે આ પ્રમાણે ઉત્તમોત્તમ શુદ્ધાદ્વૈત જ્ઞાન કરતા પણ માન વૈદિક માર્ગાદિક ભક્તિનો આટલો ઉત્કર્ષ છે તો केवलेन हि भावेन गोप्यो गाव खगा मृगा न ज्ञान न च वैराग्य प्राय श्रेयो भवेदिह ઇત્યાદિ વાક્યપ્રતિપાદિત સ્વતત્ર રસાત્મક રસભર નિરૂપાધિ ભક્તિમાર્ગનો ઉત્કર્ષ તો સર્વથા અવર્ણનીયજ છે

એ ભક્તિ પણ બે પ્રકારની છે એક આતર અને બીજી બાહ્ય

अच्छिद्रसेवनाच्चैव निष्कामत्वात्स्वयोग्यत । द्रष्टु शक्यो हरि सर्व नोन्यथा तु कथचन ॥

પોતાની યોગ્ય શક્તિ પ્રમાણે નિરતર પ્રભુની સેવા કરવાથી શ્રીહરિના સાક્ષાત્ દર્શન થઇ શકે છે સાક્ષાત્ દર્શન વાસ્તે બીજો કોઇ ઉપાય જ નથી અર્થાત્ યોગ્ય શક્તિ પ્રમાણે, નિષ્કામ વૃત્તિપૂર્વક નિરતર પ્રભુની પ્રેમયુક્ત સેવા કરવી એ આતર સાધન છે,

આતર સાધન કરીને પણ બાહ્ય સાધન ન કરવામા આવે તો હીન-મધ્યમાધિકારીનો અનર્થ થઇ જાય માટે બાહ્ય સાધન પણ કરવા, તે આ પ્રમાણે છે

दयया सर्वभूतेषु सतुष्टया येनकेनचित् । सर्वेन्द्रियोपशान्त्या च तुष्यत्याशु जनार्दन ॥

પ્રાણી માત્રપર દયા રાખવાથી ભગવદિચ્છાથી જે પ્રાપ્ત થાય તેથી સતોષ માનવાથી સર્વ ઇંદ્રિય વશમા રાખવાથી શ્રીકૃષ્ણ સત્વર પ્રસન્ન થઇ જાય છે દયા-સતોષ-અને ઇંદ્રિયનુ સયમન એ ત્રણ બાહ્ય સાધન છે (તાલીઓ)

એક સ્થળે શ્રીવલ્લભાચાર્યજી એવાજ આશયથી બાહ્ય સાધનનો ઉપદેશ કરે છે કે —

स्वधर्माचरण शक्त्या विधर्माच्च निवर्तनम् । इन्द्रियाश्वविनिग्राह सर्वथा न त्यजेत् त्रयम्

યથા શક્તિ સ્વધર્મનુ આચરણ, વિધર્મમાથી એટલે ભગવાનથી વિમુખ કરાનાર જીવ કલ્પિત પાખડ ધર્મમાથી, નિવૃત્તિ અને ઇંદ્રિયરૂપી અશ્વનો નિગ્રહ એ ત્રણ વાત સર્વથા તજવી નહિ. અર્થાત્ આતર સાધનપરજ દૃષ્ટિ રાખીને પણ

સ્વધર્મે મધ્યમાધિકારીએ આચરવા, વિમુખ ધર્મમાંથી નિવૃત્તિ રાખવી, ઇંદ્રિયનુ સયમન રાખવુ એ ત્રણ વાત તો કદાપિ ભૂલવાનીજ નથી (તાલીઓ)

આવા આતર બાહ્ય સાધન યથાશક્તિ કરતા કેવી વૃત્તિ રાખવી તે પણ શ્રીમદાચાર્યજી નિરૂપણ કરે છે

कृष्णे सर्वात्मके नित्य सर्वथा दीनभावना । अहङ्कार न कुर्वीत मानापेक्षा च वर्जयेत् ॥
सर्वथा तद्गुणालाप नामोच्चारणमेव वा । सभायामपि कुर्वीत निर्भयो नि स्पृहस्तत ॥

સર્વના આત્મા શ્રીકૃષ્ણ છે માટે સર્વથા દીનતા રાખવી, અહકાર કરવો નહિ, માનની અપેક્ષા ત્યાગ કરવી સર્વથા પ્રભુના ગુણનો આલાપ કરવો, પ્રભુના નામનો ઉચ્ચાર સભામા પણ કરવો, તેમ કરવામા કોઇ દૈત્ય કે અસુરની બીતિ પણ રાખવી નહિ, કોઇ લૌકિક વૈદિક ફલની સ્પૃહા પણ રાખવી નહિ (તાલીઓ)

વૈષ્ણવો, આ પ્રમાણે સ્વમાર્ગીય ભક્તિનો ઉત્કર્ષ વૈદિક શાસ્ત્રીય રીતિથી હમે આપ આગળ પ્રતિપાદન કર્યો સ્વમાર્ગની આવી ઉત્તમતાનુ અવગાહન કરી નિજ માર્ગ કેવો સર્વદેશીય છે તેનો વિચાર રાખી શ્રીમદાચાર્ય ચરણે પ્રતિપાદન કરેલી ભક્તિમા જે પ્રમાણે આપ સર્વનુ ચિત્ત આવા કરાળ કલિકાલમા રહી આવ્યુ છે તેજ પ્રમાણે પ્રતિક્ષણ આપ સર્વનુ ચિત્ત શ્રીમત્પ્રભુચરણકમળમાજ રહે એવો અ ત કરણથી આપ સર્વને આશિર્ષ આપી હવે હમારા ભાષણની સમાપ્તિ કરીએ છીએ (તાલીઓ)

બીજા સભાસદોના ભાષણોનો સાર.

શ્રીમદ્ શ્રી અનિરૂદ્ધાચાર્યજીનુ ભાષણ થઇ રહ્યા પછી નડીઆદની પાઠશાળાના શાસ્ત્રી વે શા સ વિષ્ણુશર્માએ ગુરૂભક્તિ વિષે કેટલુક વ્યાખ્યાન કર્યું અને શ્રીમદ્ દેવકીનદનાચાર્યાશ્રિત પ ડિત શકર દયાલુએ બાલ્ય અવસ્થામા લીધેલા પરિશ્રમ વાસ્તે મહારાજશ્રીને અ ત કરણથી ધન્યવાદ આપ્યો સાક્ષરોત્તમ નગીનદાસ પુરુષોત્તમ સઘવીએ યથા પ્રસગ સનાતન ધર્મના ઉત્કર્ષ સબધી કેટલાક ઉદ્ગાર કાઢ્યા પછી મગનલાલ ગણપતરામ શાસ્ત્રીએ મહારાજશ્રીના વ્યાખ્યાનનો ઉપસહાર કરી, વેદ શ્રીમદ્ભગવદ્ગીતા, તત્ત્વસૂત્ર અને શ્રી ભાગવતના વિશેષ પ્રમાણો આપી ભક્તિનું સામ્રાજ્ય પ્રતિપાદન કરી, ભક્તિના મર્યાદા અને પુષ્ટિ એવા બે ભેદ નિરૂપણ કરી બ ને પ્રકારની ભક્તિ યથાધિકાર શ્રીમદાચાર્ય ચરણે ઉપદેશેલી હોવાથી શ્રીમદાચાર્યજી મર્યાદા અને પુષ્ટિ માર્ગના આચાર્ય અને ચૂડામણિ છે એમ વ્યક્ત કરી, નિરોધનું સ્વરૂપ સ્પષ્ટ કરી, શ્રીમદનિરુદ્ધાચાર્યજીને અનેકશ ધન્યવાદ આપ્યા હતા ત્યારબાદ શેઠ ગિરિધરભાઇ જેઠાભાઇએ વૈષ્ણવ પરિષદ્ના ઉદ્દેશોની પ્રશસા કરી મહારાજશ્રીનાજ્ઞાન-ચાતુર્ય અને સૌજન્ય વાસ્તે ધન્યવાદ આપ્યો હતો સમાપ્તિમા શેઠ ધર્મસિંહભાઇએ સમયાનુસાર પ્રાચીન કીર્તન ગાયુ હતુ

શેઠ ચતુર્ભુજ મોરારજી જે પી એ મહારાજશ્રીનો સારી રીતે સત્કાર કર્યા પછી મહારાજશ્રીનો અને શેઠ ચતુર્ભુજ મોરારજી વગેરેનો ઉપકાર માની સભા વિસર્જન થઇ હતી.

ગોસ્વામી શ્રીમદ્ અનિરુદ્ધાચાર્યજીએ દુઃસંગ વિજ્ઞાન વિષે આપેલું વ્યાખ્યાન.

શેઠ અમરચંદ માધવજીના પુત્ર ભાઇ અમરતલાલે કરેલો ઉપક્રમ.

વૈષ્ણવ બન્ધુએ, આજે સર્વ આપ જે હમારી આમન્ત્રણ પત્રિકાનો આદર કરી અનેક પ્રવૃત્તિનુ વિસ્મરણ કરી, અત્યન્ત પરિશ્રમ લઇ, અત્ર આવ્યા છો તેથી હમે આપ સર્વના પરમ ઉપકારપાત્ર થયા છીએ શ્રીમદ્ અનિરૂદ્ધાચાર્યજી મહારાજ આવી સ્વલ્પ અવસ્થામા વેદશાસ્ત્ર અને સાંપ્રદાયિક ગ્રન્થોનુ અધ્યયન કરી, શ્રવણ કરી, મનન કરી, જે ઉત્તમોઉત્તમ સિધ્ધાતપર આવ્યા છે તે સિધ્ધાતનો ઉપદેશ કરવા બધ્ધપરિકર થયા છે તે અત્યન્ત સ્તુત્ય છે આપણા સપ્રદાયના આચાર્યોને એમની વૃત્તિ અનુકરણ કરવા જેવી છે એમ કહેવામા કોઇ પણ રીતે અતિશયોક્તિ કહેવારો નહિ અધ્યયન કરવુ, એ આચાર્યોનુ પ્રથમ પરમ કર્તવ્ય છે, પરમ ધર્મ છે અધ્યયન કરીને પણ પોતાના શિષ્યોને સરલ ભાષામા પોતાના સિધ્ધાતનુ મર્મ સ્પષ્ટ સમજાવવુ, શુદ્ધ સ્પષ્ટ ઉપદેશ કરવો એ એમનુ દ્વિતીય કર્તવ્ય છે એ બન્ને કર્તવ્યમા એ આચાર્યશ્રીની દક્ષતા જોઇ, એમના ચાતુર્યનો અનુભવ કરી, આપણે સર્વ અત કરણપૂર્વક જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે એ મહારાજશ્રીનુ અધ્યયનાદિ વિષયમા બીજા સર્વ આચાર્યો યુક્ત અનુકરણ કરે તો આપણા ઉજ્જ્વલ સિદ્ધાતની વિજય પતાકા દશ દિગન્તમા ફરફરે એમ આશા રાખવામા આવે તો તે આપણી આશા નિષ્કારણ નજ કહેવાય શ્રીમદાચાર્ય શ્રી અનિરૂદ્ધલાલજીએ એક ભાષણ સસ્કૃતમા અને ચાર ભાષણ ગુર્જરગિરામા આપી આપણા સપ્રદાયનો ઉત્કર્ષ સિધ્ધ કર્યો છે એ સમ્પ્રદાયના આચાર વિચાર પાળવામા કેવા દુસગ પ્રાપ્ત થાય છે અને એ દુસગથી આપણે આપણુ પરિત્રાણ–

રક્ષણ—કેવી રીતે કરી શકીએ તે આજે શ્રી અનિરૂધ્ધાચાર્યજી આપણને ઉપદેશ કરે તે શ્રવણ કરી, તેનુ મનન કરવુ, અને મનન કરીને દુ:સંગમાથી બચવાના જે ઉપાયો આપ પ્રતિપાદન કરે તે ઉપાયનો સમાશ્રય આપણે સર્વેએ સત્વર કરી ઉત્તમોત્તમ ફળપ્રાપ્તિમા વિલમ્બ થવા દેવો જોઈએ નહિ

વૈષ્ણવો, મે આજે આપનો ઘણો વખત લીધો, આપ સર્વ મહારાજ-શ્રીના વચનામૃતનુ પાન કરવા અત્યન્ત ઉત્સુક વયાજ હશો માટે તન્મયતાથી આચાર્યશ્રીના વચનસુધાનુ પાન કરી આપ સર્વ ત્રિવિધ તાપનુ ઉપશમન કરી અમૃતપદ પ્રાપ્ત કરો, એવી અભિલાષા પ્રકટ સૂચવી, હુ આપ સર્વની અનુજ્ઞા લઈ બેસી જાઉં છું

મહારાજશ્રીનું ભાષણ.

દુ:સંગ વિજ્ઞાન પ્રકાર નિરૂપણ.

પરમ ભાગ્યવાન્ વૈષ્ણવો, ભક્તિ સગુણ નથી, પણ નિર્ગુણ છે, એમ વૈદિકમન્ત્રથી સ્પષ્ટ કર્યું ભક્તિનો સર્વોત્કર્ષ સિદ્ધ કર્યો ભક્તિ સપ્રમાણ છે નિરૂપાધિ છે—ઉપાધિ રહિત છે, એમ પણ પ્રતિપાદન કર્યુ. સર્વ અષ્ટાદશ વિદ્યાનું તત્ત્વ ભક્તિ છે એમ નિરૂપણ કર્યુ ભક્તિ વિના—પ્રભુ ભક્તિ વિના, અન્ય કોઈ આર્ય—સુધર્મ હોઇ શકે નહિ, એ પણ દિગ્દર્શન આપ સર્વને કરાવ્યુ અનેકાનેક દૃષ્ટિ બિન્દુથી ધર્મવિચાર અનેક પ્રકારે થઇ શકે છે આપણા દૃષ્ટિ બિન્દુથી ધર્મના ત્રણ ભાગ માનના લૌકિક, વૈદિક અને ભગવદ્ધર્મ એમ ત્રિવિધ ધર્મ છે આ લોક સિદ્ધ કરનાર સર્વ ધર્મનો સમાવેશ લૌકિક ધર્મમા થાય છે, તે લૌકિક ધર્મ સર્વથી હીન છે લૌકિક કરતા વૈદિક ધર્મ ઉત્કૃષ્ટ છે સદાચાર પૂર્વક વર્ણાશ્રમ ધર્મનુ રક્ષણ કરવુ એ વૈદિક ધર્મનુ પરમ રહસ્ય છે ભગવાનની વાણીમાથી જે વૈદિકી અથવા માર્યાદિકી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે તે વૈદિક સૃષ્ટિનુ કલ્યાણ વૈદિક ધર્મ વિના કદાપિ થઇ શકતુ નથી. માટે જ શ્રીમદ્વલ્લભા ચાર્યજી પુષ્ટિપ્રવાહ મર્યાદા નામના ગ્રથમા આજ્ઞા કરે છે કે, वेदस्य विद्यमानत्वात् मर्यादाऽपि व्यवस्थिता વેદ માર્ગ વિદ્યમાન હોવાથી મર્યાદામાર્ગ પણ એક પ્રવાહથી જુદો માર્ગ છે એમ વ્યવસ્થા થાય છે આગળ શ્રીમદ્વલ્લભાચાર્યજી પ્રતિપાદન કરે છે કે इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः। सोऽकामयत ઇત્યાદિ શ્રુતિમા નિરૂપણ કરેલી સામાન્ય ઇચ્છા માત્રથી મન

વડે લૌકિક આસુર પ્રાવાહિક સૃષ્ટિ શ્રીહરિએ પ્રગટ કરી, વાણીવડે શ્રીહરિએ વેદ માર્ગ પ્રકટ કર્યો અને શ્રીઅંગ વડે પુષ્ટિ માર્ગ પ્રકટ કર્યો, એ નિશ્ચય છે એમા લેશ માત્ર પણ સંદેહ નથી ફલ નિરૂપણ કરતા પણ શ્રીમદાચાર્યજી સ્પષ્ટ આજ્ઞા કરે કે મૂલેચ્છાત ફલં લોકે વેદોક્ત વૈદિકેઽપિ ચ પ્રવાહમાર્ગસ્થને લૌકિક ફલ મૂળ ઇચ્છા માત્રથીજ પ્રાપ્ત થાય છે અને વેદોક્ત ફલની પ્રાપ્તિ વૈદિક માર્ગનું અવલંબન કરનારને થાય છે અર્થાત્ માર્યાદિકી સૃષ્ટિનુ કલ્યાણ થવા સારૂ તેને વેદ વિના ઇતર ઉપાય નથી માટે વૈદિક માર્યાદિક જીવોએ સદાચારપૂર્વક વર્ણાશ્રમ ધર્મનુ પ્રતિપાલન કરી, યથાશક્તિ અગ્નિહોત્રાદિ પંચ નિત્ય નિષ્કામ યજ્ઞનુ આચરણ કરી, સર્વ વૈદિક કર્મ ઈશ્વર સમર્પણ કરી, જગત્ માત્ર જીવ માત્ર બ્રહ્મનો અંશ છે એમ અખંડ શુદ્ધ અદ્વૈત વેદાંત સિદ્ધાંતનુ શ્રવણ મનન અને નિદિધ્યાસ કરી, સમાપ્તિમા બ્રહ્મ સાયુજ્ય પ્રાપ્ત કરવુ યુક્ત છે વૈદિક ધર્મનો પ્રારંભ વર્ણાશ્રમરૂપ આચારથી જ થાય છે અને તેનુ સામાન્યશ પર્યવસાન આ પ્રમાણે બ્રહ્મ સાયુજ્યમાં થાય છે આ વૈદિક માર્યાદિક જીવપર પણ પ્રભુ દયા કરે—અનુગ્રહ કરે તો બ્રહ્માનન્દમાથી પણ એ જીવનો પુન ઉદ્ધાર કરી અપ્રાકૃત અલૌકિક દિવ્ય દેહ, પ્રાણ, ઇંદ્રિય, અંતકરણનુ દાન કરી ભગવદ્‌ભક્તિરસનો વ્યાપી વૈકુંઠ ધામમા અનુભવ કરાવે છે માર્યાદિક વૈદિક માર્ગની વિરલ સમાપ્તિ વર્ણાશ્રમ ધર્મપૂર્વક, પ્રભુ માહાત્મ્ય જ્ઞાન પૂર્વક, પ્રભુ ભક્તિમા જ થાય છે એવા વૈદિક ભક્તને પણ પ્રભુભક્તિ પ્રાપ્ત થાય છે ત્યારે તે મર્યાદામાર્ગીય પુષ્ટિ ભક્ત કહેવાય છે દેવર્ષિ નારદ આદિ ભક્ત મર્યાદામાર્ગીય પુષ્ટિ ભક્ત કહેવાય છે વૈષ્ણવો! આપે ધ્યાનમા લીધુ હશે કે મર્યાદાના માર્ગનો પ્રારંભ વર્ણાશ્રમ ધર્મથી થાય છે છતા તેનું પણ વાસ્તવિક પર્યવસાન તો ભગવદ્‌ભક્તિમાજ થાય છે, અર્થાત્ આ વૈદિક ભક્ત ક્રમશ ક્રમશ દૈહિક ધર્મમાથી આત્મધર્મનુ અવલંબન કરે છે, અને તેમા પણ કૃપાવિશિષ્ટ વૈદિક જીવ ભગવદ્ધર્મનું અવલંબન કરે છે પરતુ આ વૈદિક મર્યાદા, સાધન, પ્રમાણ, આર્ય માર્ગથી અત્યત વિલક્ષણ પણ એક માર્ગ છે જેને આપણા શ્રીમદાચાર્યજી "પુષ્ટિ માર્ગ" સંજ્ઞા આપે છે જ્યા મર્યાદા માર્ગની સમાપ્તિ થાય છે ત્યાથી એ પુષ્ટિ માર્ગનો પ્રારંભ થાય છે વૈદિક માર્ગનુ પર્યવસાન પ્રભુ ભક્તિમા થયુ, પરતુ પુષ્ટિ માર્ગનો તો પ્રારંભ ભગવદ્ધર્મથીજ થાય છે અસાધારણ ભગવત્કૃપાપાત્રનો પુષ્ટિ માર્ગમા અંગીકાર પ્રભુ કરે છે એ ઉત્તમોત્તમ પુષ્ટિભક્તનો ભગવદ્ધર્મ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ છે

લૌકિક ધર્મ કરતા વૈદિક ધર્મ ઉત્તમ છે પરતુ ભગવદ્ધર્મ સર્વોત્તમ, ઉત્તમો ત્તમ છે, ઉત્કૃષ્ટોત્કૃષ્ટ છે ભગવદ્ભક્તિ વિના ઇતર કોઇ આર્યસુધર્મ હોઇજ ન શકે એ હવે આપના ધ્યાનમા આવ્યુ હશે આ પ્રકારે આર્યસુધર્મ રૂપ ભગવદ્ભક્તિ ભગવદ્ધર્મ આચરણ કરવામા, સામાન્ય કૃપાપાત્રોને કેટલાક દુ સગ પ્રાપ્ત થાય છે. તે દુ સગ કેવા પ્રકારના છે અને તે દુ સગમાથી કયે પ્રકારે બચી શકાય એ સર્વ વિચાર કરવો હવે પ્રાપ્ત થાય છે, માટે આજના વ્યાખ્યાનનો વિષય દુ સગવિજ્ઞાન પ્રકાર નિરૂપણુ રાખવામા આવ્યો છે,

દુ સગમાથી જીવનુ રક્ષણુ કરવાને માટે વેદ, ગીતા, સૂત્ર, સમાધિભાષા પ્રવૃત્ત થયા છે એ સર્વ સિદ્ધાન્તનુ મથન કરી શ્રીમદાચાર્યજીએ દુ સગનુ વર્ણન નિબધ સુબોધિન્યાદિ મહાગ્રથોમા અને શ્રી કૃષ્ણાશ્રય આદિ લઘુ ગ્રથોમા કર્યું છે શ્રીમદ્રૂકપતિ શ્રીવલ્લભાધીશની અગાધ વાણીમા જે જીવનો પ્રવેશ ન થઇ શકે તેના ઉપર પણુ શ્રીમદ્ગોસ્વામી શ્રી હરિરાયજીએ દુ સગ વિજ્ઞાન પ્રકાર નિરૂપણુ નામનો સ્વતત્ર ગ્રથજ કર્યો છે એ આખા ગ્રથનુ વ્યાખ્યાન કરી દુ સગનુ સ્વરૂપ આપ સર્વને યથાર્થ સમજાવી દુ સગમાથી આપ સમસ્ત વૈષ્ણવોનુ પરિરક્ષણુ કરવુ એ હમારૂ પરમ કર્તવ્ય છે, હમારો પરમ ધર્મ છે, પરતુ આજે તેટલો બધો અવકાશ આપ સર્વને નથી, માટે યથાસમય યથાવકાશ ઉપયુક્ત શ્લોકોનુ તે ગ્રથમાથી ગ્રહણુ કરી, સુક્તિ પ્રયુક્તિથી હવે દુ સગ વિજ્ઞાનના પ્રકારનુ નિરૂપણુ આજે કરીશુ એ દુ સગ વિજ્ઞાનનો પ્રકાર નિરૂપણુ કરવામા, હમે કોઇપણુ વ્યક્તિપર કે કોઇ પણુ સ્થાપર દ્વેષથી પ્રવૃત્ત થતા નથી પરતુ હમારા શ્રીમદાચાર્યજીના પુષ્ટિ માર્ગમા જે જીવનો શરણુ મત્રથી અને બ્રહ્મસબધથી અગીકાર થઇ ચુકયો છે, તે નિજભક્તોને પ્રભુ પ્રાપ્તિ કરવામાં વિઘ્ન ન થાય, નિજજનોની સર્વ ભ્રાન્તિ નિવૃત્ત થઇ જાય, એજ આકાક્ષાથી હમે આ વિષયપર પ્રવૃત્ત થયા છીએ

પૂર્વોક્ત ગ્રથમા શ્રીમદ્વલ્લભાધીશને વદન કરી શ્રી હરિરાયજી ઉપક્રમ કરે છે કે

अथ श्रीवल्लभाचार्यकृपया स्फुरति हृदि ।
स्वीयानामभ्रमार्थाय किंचिदत्र निरूप्यते ॥

શ્રીમદાચાર્યચરણુની કૃપાથી હદયમા સ્ફૂર્તિ થાય છે, હદયમા જે સિદ્ધાન્ત સ્ફુરાયમાન થાય છે, તે સિદ્ધાંત, નિજજનોની ભ્રાન્તિ નિવૃત્ત કરવા, અત્ર કાઇક નિરૂપણુ કરવામા આવે છે શ્રીમદ્ભગવદ્ગીતાના ષોડશાધ્યાયમાં

द्वौभूतसर्गौ लोकेऽस्मिन् શ્લોકમાં દૈવી અને આસુરી બે પ્રકારના જીવો બતાવેલા છે અને એજ ગીતા શાસ્ત્રના એજ અધ્યાયમાં दैवी संपद्विमोक्षाय निबंधायासुरीमता એમ આજ્ઞા કરી, શ્રીકૃષ્ણચંદ્રે જ વ્યવસ્થા કરી આપી છે કે આસુર પ્રાવાહિક જીવને બંધ—સંસાર બંધ—પ્રાપ્ત થાય છે અને દૈવ જીવને મોક્ષ પ્રાપ્ત થાય છે પ્રાવાહિક આસુરી જીવો મુક્તિના અધિકારીજ નથી એટલે તે જીવો વિષે વિચાર કરવાની આવશ્યકતા નથી માત્ર દૈવી જીવ મોક્ષરૂપ પુરૂષાર્થ સિદ્ધ કરવામાં અધિકારી છે માટે એ દૈવી જીવ સંબંધી વિચાર કરવો પ્રાપ્ત થાય છે દૈવ જીવ પણ મર્યાદા અને પુષ્ટિ એમ બે પ્રકારના છે તેમાં જેમનો અંગીકાર વૈદિક મર્યાદા માર્ગમાં છે તેને પ્રાય સાયુજ્ય પ્રાપ્તિ પર્યન્ત ફળ પ્રાપ્ત થાય છે પરંતુ જે દૈવશિરોમણિ પરમ કૃપાપાત્ર ભક્તનો અંગીકાર ભક્તિમાર્ગમાં થયેલો છે તે જ શ્રીપુરૂષોત્તમને પ્રાપ્ત કરી શકે છે શ્રીમદ્ભાગવતમાં સ્પષ્ટ છે કે मुक्तिं ददाति कर्हिचित्स्म न भक्तियोगम् । दैवेष्वपि च जीवेषु यदंगीकरणं पुन भक्तिमार्गे त एवात्र प्राप्स्यन्ति पुरुषोत्तमम् ઇત્યાદિ મહાનુભાવી શ્રીહરિરાયજીના વચન પણ આ વિષયમાં પ્રમાણ છે વૈદિક ધર્મ માત્રમાંજ કે વૈદિક શુદ્ધ અખંડ બ્રહ્મમાં રમાજ જે માર્યાદિક જીવો નિમગ્ન રહે છે તેને બ્રહ્મ સાયુજ્ય ઉપરાંત ફળ કદાપિ પ્રાપ્ત થતું નથી. બ્રહ્મ સાયુજ્યના પણ અધિકારી સર્વ વૈદિક જીવો નથી જેઓ સકામ કર્મનું આચરણ કરે છે તેઓને માત્ર સ્વર્ગ પ્રાપ્તિજ થાય છે માટેજ શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણચંદ્રે આજ્ઞા કરી છે કે

> त्रैविद्या मां सोमपा पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।
> ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान् दिवि देवभोगान् ॥
> ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
> एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामा लभन्ते ॥

સ્વર્ગમાં પણ તે ફલનો ઉપભોગ કરી પુણ્ય ક્ષીણ થઇ જાય છે એટલે પાછા મનુષ્ય લોકમાં પડે છે અર્થાત્ સકામ કર્મ કરનારને સંસાર જ પુનઃ પુનઃ પ્રાપ્ત થાય છે પરંતુ સકામ કર્મમાંથી નિવૃત્ત થઇ, નિષ્કામ કર્મનું આચરણ જો તે વૈદિક માર્યાદિક જીવ કરે, અર્થાત્ જે કર્મ કરે તે સર્વ કર્મનું સમર્પણ શ્રીહરિને કરે, यज्ञो वै विष्णुः શ્રુતિનો અભિપ્રાય યથાર્થ સમજી ब्रह्मार्पणं ब्रह्म हवि શ્લોકમાં જે કર્મ કરવાનું પ્રકરણ નિરૂપણ કરેલું છે તે પ્રકારે કર્મ કરે તો मुच्यु अर्ज्यते इति स्वर्गं એમ આત્માનન્દરૂપ સ્વર્ગ

પ્રાપ્તિ થાય છે એટલે નિષ્કામ કર્મ કરનારને સત્ત્વગુણોદયરૂપ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે માટે જ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સ્વર્ગનો અર્થ તત્ત્વદીપ નિબધમા દ્વિતીય સર્વનિર્ણય પ્રકરણમા આત્માનન્દ કર્યો છે अत आत्मसुख वाक्ये वाच्य तत्तु स्वतो भवेत् शुद्ध सत्त्वगुणोद्रेद स्वर्गो सत्वगुणोदय अतस्तदेव हि फल कामाभावेऽपि सिध्यति। નિષ્કામ કર્મ આચરનારની રાજસ તામસ વૃત્તિ શાત પડી જાય છે અને સત્ત્વગુણનો ઉદય થઇ જાય છે સત્વગુણનો ઉદય થવાથી આત્મસુખ રૂપ સ્વર્ગની પ્રાપ્તિ નિષ્કામ કર્મ કરનારને થાય છે અર્થાત્ નિષ્કામ કર્મ કરનારની પુનરાવૃત્તિ સસારમા થતી નથી અર્થાત્ રાજસ તામસ વૃત્તિથી પરાભવ પામી જઇ જીવ સકામ કર્મ કરે તો એ વૈદિક કર્મ માર્ગમા, વૈદિક ધર્મ માર્ગમા, સકામ વૃત્તિ જ મોટો દુ સગ છે માટે વૈદિક કર્મ માર્ગસ્થ જીવોએ સકામવૃત્તિરૂપ દુ સગનો ત્યાગ કરી, નિષ્કામ ધર્મ આચરણ કરી, સત્વગુણનો ઉદય સિદ્ધ કરી, આત્મસુખ પ્રાપ્ત કરવુ

વૈદિક કર્મમાર્ગીય દુ સગનુ નિરૂપણ કર્યુ હવે વૈદિક જ્ઞાનમાર્ગીય દુ સગનો વિચાર કરીએ શ્રીમદ્ ભગવદ્ગીતામા જ્ઞાનના ત્રણ પ્રકાર અષ્ટાદશાધ્યાયમા નિરૂપણ કર્યાં છે તામસ, રાજસ અને સાત્વિક એમ ત્રણ પ્રકારનુ જ્ઞાન છે.

यत्तु कृत्स्नवदेकस्मिन् कार्ये सक्तमहैतुकम् ।
अतत्त्वार्थवदल्प च तत्तामसमुदाहृतम् ॥

આ સ્થળે અમૃત તરગિણી નામની આપણા સપ્રદાયની ટીકામા આ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે

यत् एकस्मिन् कार्ये भक्ते लीलास्वरूपे वा कृत्स्नवत् पूर्णवत् न तु सर्वलीलासामान्यादिविशिष्टाविर्भूतभगवदनुभवानन्दभगवद्रूपत्वेन सक्तम् असक्तम् । अहेतुक भगवदाकारत्वेन तत्स्मारकानन्दानुभवोपपत्तिरहितम् । अतत्त्वार्थवत् भगवदाविर्भाववियुक्तम् । अल्प परिच्छिन्न स्वरूपत फलतश्च तज्ज्ञान तामस निष्फल विपरीतफल वा उदाहृतम् ॥

જે જ્ઞાન આવિર્ભાવક્રમમા ઉપયુક્ત ન થાય, નિષ્ફળ થાય અથવા જે જ્ઞાનમા અત્યત અભિનિવેશથી વિપરીત ફળ પ્રાપ્ત થાય એવુ એકદેશીય જ્ઞાન તામસ કહેવાય છે, જે અપૂર્ણ હોય છે, એકદેશીય હોય છે, છતા તેનેજ પરિપૂર્ણ માને છે તેને તામસ જ્ઞાન કહે છે જે જ્ઞાનમા ભગવત્સબધ નથી તે જ્ઞાન તામસ જ્ઞાન થઈ જાય છે જે જ્ઞાન ભગવદાનન્દનુ સ્મ

રણુ કરાવી ભગવાન્ તરફ જવામાં ઉપયુક્ત નથી તેના જ્ઞાનને તામસ જ્ઞાન કહે છે જીવમાં જે ભગવદાનન્દ ગુપ્ત (તિરોહિત) થઇ ગયો છે તે ભગવદાનન્દનું પ્રાકટ્ય કરવાને જે જ્ઞાન સમર્થ નથી તે જ્ઞાન તામસ કહેવાય છે જે જ્ઞાનનું સ્વરૂપ અને જે જ્ઞાનનું ફલ, અલ્પ, પરિચ્છિન્ન છે, તે જ્ઞાન તામસ કહેવાય છે સામવેદના છાંદોગ્ય ઉપનિષદ્મા સપ્તમ પ્રપાઠકમા દ્વાવિંશ ખંડમા કહ્યુ છે કે

यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति ।

જે ભૂમા છે, જે પુષ્કળ છે, જે અપરિચ્છિન્ન છે, જે દેશથી, કાળથી, વસ્તુથી, સ્વરૂપથી પરિચ્છેદ રહિત છે એવો અપરિચ્છિન્ન સર્વાત્મભાવરૂપ પદાર્થ સુખરૂપ છે. અલ્પમા કાંઇ સુખજ નથી શ્રીમદ્વલ્લભાચાર્યજી આજ્ઞા કરે કરે છે કે ભગવાનના માહાત્મ્યનુ જ્ઞાન લેવુ એ વાસ્તવિક માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભગવદ્ભજન કરવામા તામસ જ્ઞાન એ પ્રકારે પ્રતિબંધક છે.

प्रपचमेव मिथ्येत्युक्त्वा शुद्ध भजन वारयन्ति तथान्ये जीवं व्यापकमुक्त्वा ॥

કેટલાક તામસ જ્ઞાનીઓ મોટા મોટા મોહક ગ્રંથો લખી એવો ઉપદેશ કરે છે કે આ જગત્ બ્રહ્મરૂપ નથી, બ્રહ્મનો અંશ નથી પણ મિથ્યા છે આ જગત્ તો માત્ર જીવની અવિદ્યાવડે ભાસે છે એમ તેઓ કહી લોકને મોહ કરે છે પરંતુ શુદ્ધ ચિત્ત પૂર્વક આપ વિચાર કરશો તો આપ સર્વનો વિનિશ્ચય થશે કે બ્રહ્મ સત્ય છે માટે બ્રહ્મની ઇચ્છામાથી બ્રહ્મની વાણીમાથી અથવા બ્રહ્મના અંગમાથી જે આ જગત્ પ્રસક્ષ અવિર્ભાવ પામ્યુ છે તે મિથ્યા નથી પણ બ્રહ્મરૂપ છે, બ્રહ્મનો અંશ છે માટેજ વેદમા છાંદોગ્ય ઉપનિષદ્માં ષષ્ઠ પ્રપાઠકમાં ઉદ્દાલક મુનિએ નવ વાર ઉપદેશ કર્યો છે કે

ऐतदात्म्यमिदं सर्वं तत्सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो

હે શ્વેતકેતુ! આ સર્વ જગત્ આત્મ્ય છે, આત્મારૂપ છે, પરમાત્મારૂપ ભગવદ્રૂપ છે, અને જગત્ ભગવદ્રૂપ હોવાથીજ સત્ય છે, મિથ્યા નથી જેમ જગત્ પણ બ્રહ્મરૂપ હોવાથી સત્ય છે તેમ તું પણ બ્રહ્મનો અંશ હોવાથી બ્રહ્મરૂપ છે.

આ સ્થળે જગત્ અને જીવ સર્વનુ આત્મત્વ પ્રતિપાદન કરી પદાર્થમાત્રનું બ્રહ્મત્વ પ્રતિપાદન કર્યું છે તેને બદલે માત્ર આખા વાક્યમાથી तत्त्वमसि વાક્ય ઉપાડી લેવુ, અને तत्त्वमसि વાક્યનો પણ અભિધા મુખ્ય શક્તિથી જે અર્થ થાય તે ન કરતા, તે तत्त्वमसि વાક્યવડે પણ ભાગત્યાગ લક્ષણા કરી જીવનો

અને બ્રહ્મનો માયિક અભેદ સિદ્ધ કરવો, જગતનુ સત્યત્વ આચ્છાદન કરી નાખી તેને અસત્ય કહેવુ, મિથ્યા કહેવુ, માયામાત્ર કહેવુ, એ બ્રાંતિ તામસ જ્ઞાન કહેવાય છે ભગવદ્ગીતામા ममैवांशो जीवलोके जीवभूत सनातन ઇત્યાદિ વાકયમા અને તત્ર સૂત્રમા अशो नानाव्यपदेशात् ઇત્યાદિ સૂત્રમા જીવને સ્પષ્ટ બ્રહ્મનો અશ જણાવ્યો છે છતા જીવને બ્રહ્મનો અશ ન માનતા જીવને જ બ્રહ્મમાની જીવ કરતા અધિક બ્રહ્મ નથી એમ બીજા તામસ જ્ઞાની ઉપદેશ કરે છે વસ્તુત જીવ તો બ્રહ્મનો અશમાત્ર છે અશ હોવાથી જીવ બ્રહ્મથી ભિન્ન નથી પણ તેથી જીવ અને બ્રહ્મ સમાન જ છે એમ કુતર્ક કરવો યુક્ત નથી સૂત્રકાર પોતે જ પ્રતિપાદન કરે છે કે अधिक तु भेदनिर्देशात् બ્રહ્મ પ્રકટ પૂર્ણ સદ્રૂપ ચિદ્રૂપ આનદરૂપ હોવાથી, પરિપૂર્ણ હોવાથી, સર્વથી અધિક છે. જગત્ અને જીવ બને કરતાં બ્રહ્મનુ આધિકય સ્પષ્ટ સૂત્રમા નિરૂપણ કર્યાં છતા, જગત અને જીવરૂપ અશ કરતા અશી બ્રહ્મનુ આધિકય પ્રતિપાદન કરેલુ હોવા છતા, તામસ જ્ઞાની એમ બતાવે છે કે જીવ કરતાં કોઈ અધિક ઉપરિ બ્રહ્મ જ નથી જીવ સ્વત જ બ્રહ્મ છે અને બ્રહ્મ સર્વવ્યાપક છે એટલે જીવ પણ સર્વવ્યાપક છે. એ ભ્રાંત કલ્પના છે તત્ર સૂત્રમા અવિરોધાધ્યાયના તૃતીય ચરણના ઓગણીસમા उत्क्रान्तिगत्यागतीना સૂત્રથી લઈ ૩૨ મા સૂત્ર પર્યંત બારમા અધિકરણમા સૂત્રકારે જીવ બ્રહ્મવત્ સર્વવ્યાપક નથી પરતુ જીવ તો અણુમાત્ર છે એમ સિદ્ધ કર્યાં છતા જીવને વ્યાપક મનાવી તે તામસી જ્ઞાની ભગવન્માહાત્મ્ય જ્ઞાનમા પ્રતિબધ કરે છે શ્વેતાશ્વતર ઉપનિષદ્મા પષ્ઠાધ્યાયમા સ્પષ્ટ કહ્યુ છે કે न तस्य कार्य करण च विद्यते न तत्सम श्चाभ्यधिकश्च दृश्यते। परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च। બ્રહ્મની બરોબર કોઇ નથી, બ્રહ્મની અધિક પણ કોઈ નથી છતા જીવને બ્રહ્મની બરોબર માને છે તામસજ્ઞાની બ્રહ્મપ્રતિપાદક વાકય જીવને લગાડી જીવને વ્યાપક માને છે તે યોગ્ય નથી. જીવ વ્યાપક નથી પરતુ અણુમાત્ર છે એમ સ્પષ્ટ ઉપનિષદ્મા કહ્યુ છે बालाग्रशतभागस्य शतधा कल्पितस्य तु भागो जीव स विज्ञेय । વાલના અગ્ર ભાગના શતભાગ–સો ભાગ કરી તેનો એક ભાગ લઇ તેના પાછા શતભાગ સો ભાગ કરીએ એટલો પરમાણુ જીવ છે અર્થાત્ બ્રહ્મવત્ જીવ સર્વવ્યાપક નથી પરતુ માત્ર અણુ છે, પરમાણુ છે અન્યત્ર પણ સ્પષ્ટ કહ્યુ છે કે एषोऽणुरात्मा चेतसा वेदितव्य એ જીવ માત્ર અણુ છે અને ચિત્તથી જ તેનુ જ્ઞાન થઇ શકે છે. વૈષ્ણવો! તામસ જ્ઞાની જગત્‌ને મિથ્યા બતાવે છે અને જીવને વ્યાપક બનાવે છે માટે જગત્‌ને મિથ્યા બતાવનાર અને જીવને વ્યાપક માનનાર તામસ

જ્ઞાનીઓનુ તામસ જ્ઞાન ભગવન્માહાત્મ્યજ્ઞાનમા પ્રતિબંધક હોવાથી તે તામસ જ્ઞાનનો ત્યાગ કરવો જ યુક્ત છે ભગવદ્ભક્તિમા આ તામસ જ્ઞાન કરતા બીજો કોઈ મોટો પ્રતિબંધ જ નથી માટે આ તામસ જ્ઞાનરૂપ દુ સગનુ સ્વરૂપ વિસ્તાર પૂર્વક પ્રતિપાદન કર્યું જગતને મિથ્યા માનનાર અને જીવને વ્યાપક માનનાર જ્ઞાન વાસ્તવિક નથી તામસ છે એમ વિનિશ્ચય કરી તમે સર્વ તામસ જ્ઞાનના વિક્ષેપ અને આવરણથી નિત્ય દૂર જ રહેશો એમ હમે આશા રાખીયે છીયે

આ તામસ જ્ઞાન બે પ્રકારનુ છે એક અત્યત અવૈદિક અને બીજુ વેદાર્થના આભાસ રૂપ જે અવૈદિક લોક છે તે તો વેદને પણ પ્રમાણ માનતા નથી એટલે તેમનું જ્ઞાન કેવળ લૌકિક પ્રાવાહિક છે, એ તામસ જ્ઞાન આત્યંતિક પ્રાવાહિક છે, માટે તે અવૈદિક પ્રાવાહિક લૌકિક તામસ જ્ઞાનની ઉપેક્ષા જ કરવી યોગ્ય છે

બીજા તામસી જ્ઞાની વેદને માનવાનો ડોલ કરે છે, પણ વેદના શુદ્ધ નિર્દોષ અર્થનું આચ્છાદન કરી નાંખી, ઢાંકી નાખી, પોતાના કલ્પિત અર્થ વૈદિક મત્રમાથી મારી મચડીને કાઢે છે, અક્ષરહત્યા કરે છે, વર્ણહત્યા કરે છે, પદહત્યા કરે છે, વાક્યહત્યા કરે છે, બ્રહ્મહત્યા કરે છે વેદાર્થરૂપ બ્રહ્મહત્યા કરનાર તામસ જ્ઞાનમા માયાવાદ, ન્યાય, સાખ્ય ઇત્યાદિ સર્વ કલ્પિત શાસ્ત્રનો સમાવેશ થાય છે આ સર્વ વાદી વેદને પ્રમાણ માને છે પણ વેદમા પ્રભુનું માહાત્મ્યજ્ઞાન સ્પષ્ટ છે છતા તે ન બતાવતા માયાનું પરમાણુનુ કે પ્રકૃતિનુ માહાત્મ્ય બતાવે છે માટે એ સર્વ ભ્રાન્ત છે શ્રીમદ્વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે,

केचिदज्ञातिविमलप्रज्ञा श्रौतार्थबाधनम् ।
कृत्वा जगत्कारणता दूषयन्ति हरौ परे ॥
अनाद्यविद्यया बद्ध ब्रह्म तत्किल कारणम् ।
स्वाविद्यया ससरति मुक्ति कल्पितवाक्यत ॥
एव प्रतारणाशास्त्र सर्वमाहात्म्यनाशकम् ।
उपेक्ष्य भगवद्भक्तै श्रुतिस्मृतिविरोधत ॥
यस्मा तदादरो मुख्यो फल वैमुख्यतरतम ॥

માયાવાદ વિષે આ પ્રમાણે નિર્ણય આવી શ્રીમદાચાર્યજી બીજા ન્યાય સાખ્ય આદિ મોહક તામસ શાસ્ત્ર વિષે અભિપ્રાય આપે છે કે,

मोहार्थान्यन्यशास्त्राणि कृत्वैव द्वापरे तदिच्छया ।
देवादीं कल्पितान्येव तदुक्तं सर्वतो मृषा ॥

वेदमार्गविरोधेन येषां चरणमस्ति हि ।
तेऽपि पाषण्डिनो ज्ञेया नास्त्यर्थे वेदवेदिनः ॥

ત્યારે પ્રકૃતિવાદ, માયાવાદ, અવિદ્યાવાદ, પરમાણુવાદ, પણ આટલા તામસ છે તો આજ કાલના અત્યંત પ્રાકૃત બ્રાહ્મણો સ્વામીનો વેષ ધારણ કરી, ઈશ્વર નિરાકાર છે, ઈશ્વરને મૂર્તિજ ન હોય, આકારજ ન હોય, ઈત્યાદિ કુતર્ક કરે છે તે કુતર્ક માત્ર અત્યંત તામસ જ્ઞાનનુજ પરિણામ છે એ સુસ્પષ્ટ છે.

વૈષ્ણવો ! આ તામસ જ્ઞાન ભગવત્પ્રાપ્તિમા અત્યંત પ્રતિબન્ધ છે માટે આપ કોઈ પણ જ્ઞાનીનો સંગ કરો તેની પહેલા તેનુ જ્ઞાન તામસ છે કે રાજસ છે કે સાત્વિક છે તેની પરીક્ષા કરી નિશ્ચય કરવો. એ નિશ્ચય કરવામા આપે માત્ર બે પ્રશ્ન ધ્યાનમા રાખવા પ્રથમ પ્રશ્ન કરવો કે જગતને વસ્તુત મિથ્યા માનો છો? જો ઉત્તર એમજ મળે કે જગત્ વસ્તુત. મિથ્યાજ છે તો નિશ્ચય કરી લેવો કે એ પુરુષનુ જ્ઞાન તામસ છે માટે આપણા ઉપયોગમા લેશ માત્ર પણ આવે તેમ નથી બીજો પ્રશ્ન એમ કરવો કે જીવ સર્વવ્યાપક છે? જો ઉત્તર એમજ મળે છે કે જીવ પણ સાક્ષાત્ બ્રહ્મ છે, એટલે બ્રહ્મ વ્યાપક હોવાથી જીવ પણ સર્વવ્યાપક છે તો પછી જીવને વ્યાપક માનનાર જ્ઞાન તામસ છે એમ સમજી તે જ્ઞાનની ઉપેક્ષા કરવી. વૈદિક સિદ્ધાંત જગતને સત્ય ભગવત્કાર્ય ભગવદ્રૂપ માને છે, અને જીવને પણ ભગવદંશ માની, જીવને સર્વ વ્યાપક ન માનતા, માત્ર પરમાણુ માને છે, એની વિસ્મૃતિ કરવી નહિ.

તામસ જ્ઞાનમા ઘણા જન્મ પર્યન્ત અથડાયા પછી પુરુષને રાજસ જ્ઞાન પ્રાપ્ત થાય છે એ રાજસ જ્ઞાન તામસ જેટલુ હીન નિકૃષ્ટ નથી, પણ મધ્યમ છે શ્રીકૃષ્ણ શ્રીભગવદ્ગીતામા રાજસ જ્ઞાનનુ સ્વરૂપ બતાવે છે કે,

पृथक्त्वेन तु यज्ज्ञानं नानाभावान् पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानं विद्धि राजसम् ॥

વસ્તુત સર્વ પદાર્થ બ્રહ્મમાથી આવિર્ભાવ પામ્યા છે, પ્રકટ થયા છે એ સર્વ વસ્તુ બ્રહ્મનોજ અંશ હોવાથી બ્રહ્મરૂપ છે એ પ્રમાણે સાત્વિક જ્ઞાન પર્યન્ત ન પહોચતા જે એમ બતાવે છે કે બ્રહ્મ પૃથક્ છે, જીવ પૃથક્ છે, જગત્

પૃથક્ છે તે જ્ઞાન રાજસ કહેવાય વસ્તુ માત્ર બ્રહ્મનો અશ છે અને જેમ સુવર્ણખંડ અને સુવર્ણ પૃથક્-ભિન્ન-કહેવાય નહિ તેજ પ્રમાણે બ્રહ્મ અને બ્રહ્મના અશરૂપ જીવ-જગત્ પૃથક્ નથી, ભિન્ન નથી વસ્તુ માત્ર બ્રહ્મનો અશ છતા તે સર્વને બ્રહ્મથી પૃથક્ માનવુ એ રાજસ જ્ઞાન છે એ રાજસ જ્ઞાન પણ મધ્યમ છે માટે તેથી પણ ઉત્કૃષ્ટ સાત્વિક જ્ઞાન પ્રાપ્ત કરવુ શ્રી કૃષ્ણ સાત્વિક જ્ઞાનનું સ્વરૂપ આ પ્રમાણે કહે છે

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।
अविभक्तं विभक्तेषु तज्ज्ञानं विद्धि सात्विकम् ॥

સર્વ પદાર્થ બ્રહ્મનો અશ હોવાથી બ્રહ્મરૂપ છે ભિન્ન પદાર્થમા પણ અભેદ બુધ્ધિ રાખવી ભિન્ન પદાર્થ પણ સમસ્ત બ્રહ્મનોજ અશ છે, બ્રહ્મનુ માહાત્મ્ય છે અવિકૃત અવ્યય વિકાર રહિત બ્રહ્મનીજ આ સર્વ નામરૂપાત્મક લીલા છે પદાર્થ માત્ર અવિકારિ બ્રહ્મનાજ રૂપાતર છે એમ સર્વત્ર બ્રહ્મના અશરૂપે કરીને બ્રહ્મબુધ્ધિ રાખવી એ જ્ઞાન સાત્વિક છે એ સાત્વિકજ્ઞાન જ પરમ પુરૂષાર્થ સિધ્ધ કરવામા ઉપયુક્ત છે એ સાત્વિક જ્ઞાન એટલુ બધુ સુદુર્લભ છે કે શ્રીકૃષ્ણ ગીતામા સ્પષ્ટ આજ્ઞા કરે છે કે,

बहूना जन्मनामंते ज्ञानवान्मा प्रपद्यते ।

અનેક જન્મને અતે આવુ સાત્વિક જ્ઞાન પ્રાપ્ત કરી તે સાત્વિક જ્ઞાની મા પ્રપદ્યતે મારે શરણે આવે છે વૈષ્ણવો શુદ્ધ નિર્દોષ સાત્વિક જ્ઞાન તે એજ કે જેવડે બ્રહ્મના માહાત્મ્યનું જ્ઞાન થઈ બ્રહ્મને શરણે જ્ઞાની આવે છે હુ સાક્ષાત્ બ્રહ્મ છુ મારા વિના અધિક કોઈ બ્રહ્મ જ નથી, એ મિથ્યા જ્ઞાન તામસ છે

આપે જોયુ હશે કે વૈદિક માર્ગમા કર્મ-જ્ઞાન અને ભક્તિ એમ ત્રણ માર્ગ છે વૈદિક કર્મ માર્ગમા સકામ બુદ્ધિ પરમ દુ સગ છે અને વૈદિક જ્ઞાન માર્ગમા તામસ જ્ઞાન અને રાજસ જ્ઞાન દુ સગ છે હવે વૈદિક ભક્તિ માર્ગમા કેના કેવા દુ સગ આવે છે તેનો વિચાર કરીએ

એક જ સર્વ ભવનસમર્થ પ્રભુની અનેક શક્તિ છે તે શક્તિઓમા જ્ઞાન અને ક્રિયા એ શક્તિ મુખ્ય છે ક્રિયાશક્તિવડે જે માર્ગમા જીવનુ કલ્યાણ થાય છે તે માર્ગ વૈદિક કર્મ માર્ગ કહેવાય છે ભગવાનની બીજી મુખ્ય શક્તિ જ્ઞાનશક્તિ

છે. એ જ્ઞાનશક્તિથી જે માર્ગના જીવનું કલ્યાણ થાય તે માર્ગ વૈદિક જ્ઞાનમાર્ગ કહેવાય છે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ વિશિષ્ટ ભગવાન્-ધર્મી-જે માર્ગમા જીવોનુ કલ્યાણ સાધન ક્રમથી કરે છે તે માર્ગ વૈદિક ભક્તિ માર્ગ કહેવાય છે વૈદિક ભક્તિ માર્ગમા ભગવત્પ્રાપ્તિમા કેટલાક બાહ્ય અને આતર પ્રતિબંધ આવે છે તે સર્વ દુ:સગરૂપ છે માટે તે બાહ્ય અને આતર બને દુ:સંગનો વૈદિક ભક્તિ માર્ગમા સર્વથા ત્યાગ કરવો પ્રભુના શ્રવણાદિ કરવામા જે જે પ્રતિબંધ આવે તે સર્વેને દુ:સગ માની તેમનો પરિત્યાગ કરવો

વૈષ્ણવો ! આપે જોયુ હશે કે લૌકિક કે પ્રવાહી માર્ગ તો સાક્ષાત્ દુ:સગરૂપ છે એટલે તે માર્ગમાં તો કોઈ પણ રીતે પરમ પુરુષાર્થ જ સિદ્ધ થતો જ નથી વૈદિક માર્ગનુ અવલંબન કરવાથી વૈદિક રીતિનો પરમ પુરુષાર્થ સિદ્ધ થાય છે. તે વૈદિક માર્ગમા પણ કર્મ માર્ગમા સકામતા દુ:સગ છે જ્ઞાન માર્ગમા રાજસ અને તામસ જ્ઞાન દુ:સગ છે અને વૈદિક ભક્તિ માર્ગમાં શ્રવણાદિ સાધન કરવામાં જે બાહ્ય અને આતર પ્રતિબંધ આવે છે તે દુ:સંગ છે તે સર્વેનો ત્યાગ કરી, દુ:સંગનો પરિત્યાગ કરી, ભગદ્વાણીમાથી પ્રકટ થયલા દૈવી જીવો ભગવત્નિ:શ્વાસરૂપ વેદ માર્ગનો અગીકાર કરી મુક્ત થઈ જાય છે. વૈદિક મર્યાદા માર્ગના કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણે માર્ગમા જે જે પ્રતિબંધ આવે છે, જે દુ:સગ પ્રાપ્ત થાય છે, તે સર્વ પ્રકાર નિરૂપણ કર્યો પ્રાચીન સનાતન વૈદિક કર્મ-જ્ઞાન અને ભક્તિ માર્ગ લુપ્તિત થઈ ગયા હતા તે સર્વ કર્મ-જ્ઞાન ભક્તિ માર્ગને શુદ્ધ કરી પ્રાચીન વૈદિક કર્મ-જ્ઞાન અને ભક્તિ માર્ગ પ્રકટ કરનાર શ્રમદાચાર્યજી વૈદિક મર્યાદા માર્ગના પણ આચાર્ય છે જે દૈવી જીવો ભગવદ્વાણીમાથી પ્રકટ થયા છે તે દૈવી જીવનો ઉધ્ધાર ભગવદ્વાણીમાથી જ થવો જોઈએ માટે એવા દૈવી જીવોને માટે વૈદિક કર્મ-જ્ઞાન અને ભક્તિ માર્ગને નિષ્કટક કરી, શુધ્ધ, સનાતન વૈદિક કર્મ-જ્ઞાન-ભક્તિ માર્ગ પ્રકાશ કર્યો એ ત્રણે વૈદિક માર્ગમા કેવા કેવા પ્રતિબંધ આવે છે તે પ્રકાર પણ નિરૂપણ થયો.

હવે જે સામાન્ય દૈવી જીવ નથી પણ દૈવી જીવમા પણ શિરોમણિ છે એવા દૈવશિરોમણિ જીવ, જે ભગવાનની વાણીમાત્રમાથી પ્રકટ થયા નથી પણ જે સાક્ષાત્ ભગવાનના શ્રી અગમાથી, સાક્ષાત્ ભગવાનના પરમાનદ રસાત્મક સ્વરૂપમાથી ભૂતલપર વ્યુચ્ચરણ પામ્યા છે, એવા દૈવશિરોમણિ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ ઉત્તમોત્તમ પુષ્ટિ જીવ સંબધી વિચાર કરીએ. એ પુષ્ટિમાર્ગીય સર્વ જીવ ભગ-

વાનના સાક્ષાત શ્રી અગમાથી પ્રકટ થયા છે એમા જરા પણ સદેહ નથી કારણ શ્રુતિજ સ્વત નિરૂપણ કરે છે કે यमेवैष वृणुते तेनैव लभ्य स्तस्यैष आत्मा वृणुते तनू स्वाम् ॥ એ આનદાત્મક પરમાનદરૂપ પરમરસરૂપ પુરૂષોત્તમ જે જીવનુ વરણ કરે છે, અગીકાર કરે છે, તે વૃત અગીકૃત જીવને જ એ રસરૂપ પુરૂષોત્તમની પ્રાપ્તિ થાય છે એ જીવ સાક્ષાત્ ભગવાનનુ તનુ છે, અગ છે, માટે જ, પ્રભુ એનુ વરણ કરે છે, એનો અગીકાર કરે છે એ અગરૂપ પરમ દૈવિશિરોમણિ પુષ્ટિ ભક્તને જ વાસ્તે સાક્ષાત્ પરિપૂર્ણ પ્રભુ ભૂતલપર પ્રકટ થઇ પોતાના રસરૂપ રસાત્મક રસઘન રસપ્રચુર પરમાનદરૂપ સ્વરૂપવડેજ પરમ પુરૂષાર્થ સિધ્ધ કરી આપે છે મર્યાદિક વૈદિક માર્ગમા સાધનદ્વારા પ્રભુ કલ્યાણ કરે છે પરતુ આ અલૌકિક અપ્રાકૃત ઉત્તમોત્તમ ઉત્કૃષ્ટોત્કૃષ્ટ પરમદિવ્ય પુષ્ટિમાર્ગમા સર્વસાધનનો પરિત્યાગ કરી અત્યત નિસાધન જીવ પ્રભુને શરણે આવી અનન્ય ભગવદાશ્રયજ કરે છે એવા વિરલ અનન્ય ભગવદાશ્રિત દૈવિશિરોમણિ પુષ્ટિભક્તનુ કલ્યાણ પરમચતુર પ્રભુ વૈદિક સાધનની અપેક્ષા રાખ્યા વિના સાક્ષાત્ ભગવદૂબલથીજ કરે છે વૈદિકભક્તિ માર્ગમા સાધનની આવશ્યકતા રહે છે પણ સ્વતત્ર પુષ્ટિભક્તિ માર્ગમા ભગવદાશ્રય વિના, સાક્ષાદ્ ભગવાન્ વિના, બીજા કશાની જરૂર નથી સ્વતત્ર નિરપેક્ષ પુષ્ટિસ્થ પુરૂષોત્તમમા શુ સામર્થ્ય નથી કે જીવના સાધનની અપેક્ષા પ્રભુ રાખે? વૈદિક ભક્તિમાર્ગમા જીવનો પરમ પુરૂષાર્થ વેદદ્વારા પ્રભુ સિધ્ધ કરે છે, પરતુ સ્વતત્ર પુષ્ટિ ભક્તિમાર્ગમા પ્રભુ સાધનદ્વારા પુરૂષાર્થ સિધ્ધ કરતા નથી પણ સાક્ષાતજ કરે છે જે માર્ગમા કોઇ પણ સાધનની અપેક્ષા રાખ્યા વિના સર્વ-ભવનસમર્થ પરિપૂર્ણ પ્રભુ શરણે આવેલા અનન્ય ભક્તનુ કલ્યાણ સાક્ષાત્ પ્રત્યક્ષ કરે છે તે માર્ગનુ નામ પુષ્ટિ માર્ગ કહેવાય છે માટેજ શ્રીહરિરાયજી પુષ્ટિમાર્ગલક્ષણ નામના ગ્રથમા પ્રથમ શ્લોકમા આજ્ઞા કરે છે કે,

सर्वसाधनराहित्य फलाप्ता यत्र साधनम् ॥

પુષ્ટિમાર્ગમા પરમ સાધન એજ છે કે સાધનમાત્રથી રહિત થવુ, સાધન માત્રનો પરિત્યાગ કરવો, નિરતર પ્રભુનુ શરણ રાખવુ, પ્રભુનો આશ્રય રાખવો.

વૈષ્ણવો, આવા સર્વવિશિષ્ટ પુષ્ટિમાર્ગમા જ્યારે નિસાધનતા પરમ સાધન છે ત્યારે ત્યા ભગવાનપર પ્રભુપર કર્તુ અકર્તુ અન્યથાકર્તુ ઇશ્વરપર, પુરૂષોત્તમપર, વિશ્વાસ ન રાખી ભગવાન્પર વિશ્વાસ ન્યૂન કરી, પૂર્ણભગવદ્વ્યતિરિક્ત વિભૂ-

ત્યાદિની ઉપાસના કરવી, એજ પરમ દુ સગ છે, એ દુ સગમાથી ભક્તોને બચાવવા માટે શ્રીમદ્વલ્લભાચાર્યજી વિવેકધૈર્યાશ્રય ગ્રથમાં પ્રથમજ શ્લોકમા સ્પષ્ટ આજ્ઞા કરે છે કે,

विवेकस्तु हरि सर्वं निजेच्छात करिष्यति ।

સર્વ જીવમાત્રના અને વિશેષે કરીને ભગવદાશ્રિત ભક્તના સર્વે દુ ખમાત્ર હરણ કરનાર હરિ સર્વ નિજેચ્છાથીજ કરે છે એનુ નામ વિવેક આ વિવેકમાથી ભ્રષ્ટ કરાવનાર અન્યોપાસના અન્યાશ્રયજ પરમ દુ સગ છે માટેજ શ્રી ગુસાઇજી આજ્ઞા કરે છે કે

अन्यसबधगधोऽपि कधरामेव बाधते

અર્થાત્ રસાત્મક પરમાનન્દ સ્વરૂપ વિના બીજા કોઇનો પણ લેશ માત્ર સબધ તો શુ પણ સબધની ગ ધ લાગી જાય તો તે સબધની ગધમાત્રથી ગલુ કપાવાનો સમય આવી જાય છે માટે, વૈષ્ણવો ! ભગવદાશ્રય રાખી અન્યાશ્રયરૂપ પરમ દુ સગથી મુક્ત થઇ જાઓ ગમે તેવુ આધિભૌતિક, આધ્યાત્મિક આધિદૈવિક કષ્ટ આવે તો વિવેક રાખો, ધૈર્ય રાખો, આશ્રય રાખો, પ્રભુનુ શરણુ રાખો પુષ્ટિમાર્ગમા ઘણા પાખડી ઉત્પન્ન થશે એમ સર્વજ્ઞ શ્રીમદાચાર્યજીને વિદિતજ હતુ માટે શ્રીકૃષ્ણાશ્રયમા સ્પષ્ટ કહ્યુ છે કે पापडप्रचुरे लोके कृष्ण एव गतिर्मम જગત્ માત્ર પાખડવ્યાપ્ત થઇ ગયુ છે માટે શ્રીકૃષ્ણ વિના બીજુ કોણ શરણ થઇ શકે ? એજ સ્તોત્રમા આગળ એવી આજ્ઞા કરી છે કે लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम "કેટલાક લાભ વાસ્તે, કેટલાક પ્રતિષ્ઠાદિ વાસ્તે, કેટલાક દ્રવ્યાદિ અર્થ સિદ્ધ કરવા વાસ્તે પ્રયત્ન કરે છે એવી સ્થિતિમા સર્વદા શ્રીકૃષ્ણજ મારો આશ્રયરૂપ થાઓ"

વૈષ્ણવો, ચાતક વ્રત ધારણ કરો, ચાતકને સામાન્ય જલ લેશ માત્ર ઉપયોગમા આવતુ નથી સર્વત્ર જલાશય પરિપૂર્ણ હોય છે તો પણ ચાતક તે જલાશયમાથી બિંદુમાત્ર પણ ગ્રહણ કરતુ નથી પરતુ સ્વાતિમા, શુભ મુહૂર્તમા, સુદર નવ ઘન જે વૃષ્ટિ કરે છે તે પ્રાપ્ત કરવાની પ્રચુર ઉત્કટ આકાક્ષામા આર્તિમા પોતાના દિવસ વ્યતીત કરે છે ગમે તેનો ઉપદેશ સાભળી આવ્યા માટે તેથી પુષ્ટિમાર્ગનુ ફળ પ્રાપ્ત થાય એમ ભ્રાતિ હોય તો તે કાઢી નાખજો ચાતકને નવ ઘનના સુદર જલ વિના સર્વ નિરર્થક છે, તેમજ પુષ્ટિમાર્ગસ્થ ભગવદીયને પ્રાવાહિક માર્યાદિક ઉપદેશ માત્ર દુ સગરૂપ છે તે દુ સ

ગમાથી મુકત થઇ, પ્રાવાહિક માર્યાદિક ઉપદેશની ઉપેક્ષા કરી, તેમા પણ સતામ, રાજસ-તામસ, અન્યાસક્તિ પ્રકટ કરાવનાર અસત્ય ઉપદેશની વિશેષ ઉપેક્ષા કરી, પુષ્ટિમાર્ગીય ગુરુના, શ્રીમદાચાર્યજીએ નિરૂપણ કરેલા દશ આદિ દોષ રહિત ગુરુના, તથા તેમના કૃપાપાત્ર સદ્વૈષ્ણવના કામ-ક્રોધ- લોભ, મોહ-મદ-મત્સર આદિ દોષથી રહિત નિ સ્વાર્થ ભક્તના જ ઉપદેશ શ્રવણ કરવા. બીજા પ્રાકૃત રાજસ તામસ ઉપદેશ શ્રવણ કરવાથી ચિત્તમા અનેક વિક્ષેપ પ્રકટ થતા, પ્રભુ પ્રાપ્તિ રૂપ ફળમા વિલબ થાય છે માટે જ શ્રીમદાચાર્યજીએ જલભેદ નામના ગ્રન્થમા સ્પષ્ટ આજ્ઞા કરી છે કે

सर्वानेव गुणान्विष्णो र्वर्णयन्ति विचक्षणा

तेऽमृतोदा समाख्यातास्तद्वाक्पान सुदुर्लभम् ॥

જે ભગવદીય નિરતર સર્વ વ્યાપક બાહ્યાભ્યતર રસાવિષ્ટ ભક્તિરસમકર પ્રચુર પ્રભુના જ સર્વ ગુણ ગાય છે તે અત્યત વિચક્ષણ કહેવાય છે ૨૦ પ્રકારના જલમા જેમ અમૃતોદક શ્રેષ્ઠ કહેવાય છે તેમ તેવા ભગવદીયના ઉપદેશ અમૃતોદક હોવાથી શ્રેષ્ઠ કહેવાય છે જેમ અમૃતની વૃષ્ટિ સદાસર્વદા થતી નથી પણ કવચિતજ થાય છે તેમ તે વચનામૃત પાન અત્યત દુર્લભ છે

પરમ ભાગ્યવાન્ વૈષ્ણવો, આપ સર્વ શ્રીકૃષ્ણના અધરામૃતના અધિકારી છો, એ અધરામૃતરૂપ ફળ પ્રાપ્તિમા જે ઉપદેશ ઉપયોગી થઈ પડે એવા વિરળ અમૃતરૂપ ઉપદેશનુ જ શ્રવણ કરવાની મતિ આપ સર્વને દાન કરે, પ્રાવાહિક માર્યાદિક દુસગમાત્રથી પ્રભુ આપના પ્રમેય બળથી આપ સર્વ નિ સાધન જીવનુ રક્ષણ કરે, અને સત્વર ફળ પ્રાપ્તિમાં વિલમ્બ દૂર કરી શ્રીકૃષ્ણાધરામૃતનુ કૃપા કરી આપ સર્વને પાન કરાવી દે એમ અત કરણપૂર્વક પ્રભુચરણ સમીપ પ્રાર્થના કરી આજનુ નિરૂપણ હમે સમાપ્ત કરીએ છીએ

પંડિત શ્રી ગટ્ટૂલાલજી ધર્મપુસ્તકાલયમાં મળતાં ધર્મ સંબંધી પુસ્તકોની યાદી.

સંસ્કૃત.	ન્યોછાવર.	ટપાલ ખર્ચ.
સપ્રકાશ તત્ત્વાર્થદીપનિબંધ સંપૂર્ણ (શ્રીમદ્વલ્લભાચાર્યજી કૃત)	૪- ૦-૦	૦-૪-૬
પ્રાભંજન (કોટાવાળા ગોસ્વામી શ્રી કનૈયાલાલજી મહારાજ કૃત)	૩- ૦-૦	૦-૩-૬
મારુતશક્તિ (પ્રાભંજનની ટીકા પંડિત શ્રી ગટ્ટૂલાલજી કૃત)	૫- ૦-૦	૦-૫-૦
વિષ્ણુસહસ્રનામ મૂળ રેશમી પૂઠું .. .	૦- ૨-૦	૦-૦-૬
" " સાદું પૂઠું . .	૦- ૧-૬	૦-૦-૬
" " કેવળ કાગળનું પૂઠું	૦- ૧-૦	૦-૦-૬
શ્રીમદ્ભગવદ્ગીતા (બાલબોધની ટીકા) .	૧- ૦-૦	૦-૨-૦
" (તત્ત્વદીપિકા ટીકા વૈષ્ણવ સાંપ્રદાયિક)	૦- ૮-૦	૦-૧-૦
" પદ્ય રત્ન મૂળ . . .	૧- ૦-૦	૦-૧-૦
" મૂળ ગૂજરાતી લિપિમાં મોટા અક્ષરો .	૦- ૩-૦	૦-૧-૦
ગૂજરાતી.		
આર્ય સમુદાય (શ્રી ગટ્ટૂલાલજી કૃત માસિકનો સંગ્રહ)...	૫- ૦-૦	૦-૪-૦
દશાવતાર સ્તોત્ર (સટીક) . .	૦- ૧-૦	૦-૦-૬
ધર્મબોધ (શ્રી ગટ્ટૂલાલજી કૃત)	૦-૧૦-૦	૦-૦-૬
પ્રહ્લાદાખ્યાન (કવિ ભાણદાસ કૃત) .	૦- ૧-૦	૦-૧-૦
શ્રીમદ્વલ્લભાચાર્યજી જીવન ચરિત્ર . ..	૦- ૪ ૦	૦-૦-૦
વૈષ્ણવગુરુધર્મ દર્શ (ગમદાસ કાશીદાસ મોદીકૃત) .	૦- ૬-૦	૦-૦-૬
વૈષ્ણવોપદેશ (શ્રીનાથજીના ટીકાયત શ્રી ગોવર્દ્ધનલાલજી કૃત)	૦- ૨-૦	૦-૦-૧
શ્રીમદ્ ભાગવત (પ્રેમાનંદ કૃત કવિતા) ..	૫- ૦-૦	૦-૮-૦
" ભાષાન્તર ગુજરાતી પ્રેસનું નવું ..	૪- ૮-૦	૦-૮-૦
" " " "	૨- ૮-૦	૦-૬-૦
શ્રીમદ્ ભગવદ્ગીતા ભાષાન્તર .	૦- ૨-૦	૦-૦-૬
સંસ્કૃત ગુજરાતી.		
શ્રીમદ્ભાગવત (આનંદબોધિની ટીકા સાથે) . ..	૬- ૦-૦	૦-૮-૦
શ્રીમદ્ભગવદ્ગીતા (સુબોધિની ટીકા સાથે.)	૦- ૮-૦	૦-૧-૦
" (સમશ્લોકી શ્રી ગટ્ટૂલાલજી કૃત)	૧- ૦-૦	૦-૧-૬
શ્રીકૃષ્ણોપનિષદ્ સટીક . .	૦- ૪-૦	૦-૦-૬
ધર્મપટ અંક ૧, ૨	૦- ૦-૬	૦-૦-૬
દ્રવ્યશુદ્ધિ (ગોસ્વામિ શ્રી પુરુષોત્તમજી મહારાજ કૃત)	૧- ૮-૦	૦-૨-૦
આન્નાયનિર્ણય (શ્રીનિર્ભયરામ ભટ્ટ કૃત) . .	૦- ૮-૦	૦-૧-૦
ષોડશગ્રંથ (શ્રીમદ્વલ્લભાચાર્યજી કૃત) ..	૦-૧૨-૦	૦-૧-૦
" (પદચ્છેદ, અન્વય અને ટીકા સાથે)	૨- ૦-૦	૦-૨-૦

ધર્મ પુસ્તકાલય,
ભુલેશ્વર-મુંબઈ.

અંબાશંકર નારણજી શાસ્ત્રી.
લાયબ્રેરીયન ધર્મ પુસ્તકાલય

ગણેશ સહસ્ત્ર નામાવલિ (સં)	૦—૧—૬	૦—૦—૬
ગાયત્રીભાષ્ય (સ ગૂ) શ્રીમદ્વલ્લભાચાર્યજીકૃત	૦—૧—૦	૦—૦—૬
ગીતા ગૂજરાતી ભાષાંતર	૦—૧—૦	૦—૦—૬
ગૂજરાતી સુબાક્ષરોની પટ (ગૂજરાતી)	૦—૮—૦	૦—૨—૦
✓ ગૂજરાતી ત્રીજી ચોપડી હોપકૃત	૦—૩—૦	૦—૧—૦
✓ ,, પાચમી ચોપડી ,,	૦—૬—૦	૦—૧—૦
✓ ,, છઠ્ઠી ચોપડી ,,	૦—૭—૦	૦—૧—૬
✓ ,, સાતમી ચોપડી ,,	૦—૯—૦	૦—૨—૦
ગૂજરાતી વહેમ (શા પુરુષોત્તમ કહાનજી ગાંધી)	૦—૧—૦	૦—૦—૬
ગોકુલનાથજીના વચનામૃત	૦—૦—૩	૦—૦—૬
ગોદાવરી માહાત્મ્ય (સિંહસ્થ)	૦—૬—૦	૦—૧—૦
✓ ગોપીગીત (સ. ગૂજરાતી)	૦—૧—૦	૦—૦—૬
✓ ઘટખર્પર કાવ્ય (સ) પંડિત શ્રી ગટ્ટુલાલજીકૃત	૦—૧૦—૦	૦—૧—૦
ચંદ્રકાંત (વાર્તા) પ્રથમ ભાગ	૨—૮—૦	૦—૩—૦
,, ,, બીજો ભાગ	૨—૮—૦	૦—૩—૦
,, ,, ત્રીજો ભાગ	૨—૮—૦	૦—૩—૦
ચાણાક્યની ચતુરાઇ (ગૂ) ,,	૧—૦—૦	૦—૨—૦
ચોર્યાંશી વૈષ્ણવની વાર્તા (વ્રજ) મુબઇછાપ	૪—૦—૦	૦—૮—૦
જમનાજીના ચાલીસ પદ (વ્રજ ગૂજરાતી હરફે)	૦—૧—૦	૦—૦—૬
તત્વદીપનિબંધ (સપ્રકાશ મ ત્રણે પ્રકરણ) શ્રીમદ્વલ્લભાચાર્યજીકૃત સંપૂર્ણ	૪—૦—૦	૦—૫—૦
તત્વદીપનિબંધ (આવર્ણભંગસાથે સ શાસ્ત્રાર્થપ્રકરણ તથા વ્રજ ભાષામા તાત્પર્ય સાથે	૨—૦—૦	૦—૨—૦
તુકારામ ચરિત્ર (ગૂજરાતી)	૦—૮—૦	૦—૧—૦
દત્તાત્રેય સહસ્ત્ર નામાવલિ	૦—૨—૦	૦—૦—૬
દશાવતાર સ્તોત્ર (પંડિત શ્રીગટ્ટુલાલજીકૃત)	૦—૧—૦	૦—૦—૬
દીનદયાળ પંડિતના વ્યાખ્યાનનો સાર	૦—૦—૩	૦—૦—૬
દેવી સહસ્ત્ર નામાવલિ	૦—૧—૬	૦—૦—૬
દૃષ્ટિ સંરક્ષણ (ડાક્ટર બુસેન) ગુજરાતી	૦—૮—૦	૦—૧—૦
ધર્મસિંધુ (સ ગૂજરાતી)	૬—૦—૦	૦—૮—૦
દોલોત્સવ શાસ્ત્રાર્થ (સપ્રમાણ) વ્રજ	ભેટ	૦—૦—૬
નિર્ણયસિંધુ (સ. ગૂજરાતી)	૭—૦—૦	૦—૧૦—૦

ધર્મબોધ પંડિત શ્રી ગટ્ટુલાલજી કૃત	૦—૧—૦	૦—૦—૬
ધર્મપટ ૧, ૨ (સત્ય-ધર્મ-સ્વરૂપ)	૦—૦—૬	૦—૦—૬
નંદદાસકૃત પંચી મંજરી (વ્રજ)	૧—૦—૦	૦—૨—૦
નીતિનિદર્શન (પંડિત શ્રી ગટ્ટુલાલજીકૃત)	૦—૨—૦	૦—૦—૬
નીતિની શીખામણો (શા ચુનીલાલ બાપુજી મોદી કૃત)	૦—૨—૦	૦—૦—૬
નાટ્યકથારસ (સેક્સપીયરના નાટકોની વાર્તા)	૧—૦—૦	૦—૪—૦
પ્રહ્લાદાખ્યાન (ભાલણદાસકૃત) ગૂજરાતી	૦—૧૦—૦	૦—૧—૦
પુરુષાર્થ ચિંતામણી (સં)	૨—૦—૦	૦—૪—૦
પુરુષોત્તમ સહસ્રનામ (સં) શ્રી વલ્લભાચાર્યજી કૃત	૦—૧—૦	૦—૬—૦
પુષ્ટીમાર્ગીય પદસંગ્રહ ભાગ ૧, ૨, ૩ વ્રજ	૯—૦—૦	૧—૦—૦
પ્રભંજન (સં) કોટાવાળા શ્રી કનૈયાલાલજી કૃત	૨—૦—૦	૦—૪—૦
બાલમુકુંદ સ્તોત્ર (સં) પંડિત શ્રી ગટ્ટુલાલજી કૃત	૦—૪—૦	૦—૦—૬
બૃહત્કથાસાર લંબક ૧ (પંડિત શ્રીગટ્ટુલાલજીકૃત) ગૂજરાતી	૧—૮—૦	૦—૦—૨
બૃહત્સ્તોત્ર સરિત્સાગર ભાગ ૧ લો	૨—૪—૦	૦—૩—૦
,, ભાગ ૨ જો (શ્રીવલ્લભ સંપ્રદાયસ્તોત્ર સંગ્રહ)	૩—૦—૦	૦—૪—૦
બાળબોધ મૂળાક્ષરોનો પટ (દેવનાગરી)	૦—૮—૦	૦—૨—૦
બાલવાચન (ગૂજરાતી તથા બાળબોધ)	૦—૧—૦	૦—૦—૬
ભુશુંડ ચરિત્ર (પંડિત શ્રીગટ્ટુલાલજી કૃત) ગૂ	૦—૨—૦	૦—૦—૬
ભગવદ્ગીતા ગૂ સુબોધિની ટીકા ચાર ચિત્રોસાથે	૦—૮—૦	૦—૧—૦
ભગવદ્ગીતા (સં તત્ત્વ બોધિની ટીકા)	૦—૮—૦	૦—૧—૬
ભગવદ્ગીતા (સં બાલબોધિની ટીકા)	૧—૦—૦	૦—૧—૬
ભગવદ્ગીતા (સં શંકરાનંદી ટીકા) પોથી	૫—૦—૦	૦—૮—૦
,, ,, ,, પુસ્તકરૂપે	૨—૦—૦	૦—૪—૦
,, ગૂજરાતી ટીકા શંકરાનંદી અનુસાર	૨—૮—૦	૦—૪—૦
ભક્તિ પોષણ (દયારામ કૃત) ગૂ	૦—૨—૦	૦—૦—૬
ભગવદ્ગીતા (મૂળ ગૂજરાતી અક્ષરે)	૦—૩—૦	૦—૧—૦
ભાગવત (મૂળ સં ગૂટકો)	૧—૪—૦	૦—૪—૦
ભાગવત (પ્રેમાનંદ કૃત કવિતા બદ્ધ) ગૂ	૫—૦—૦	૦—૮—૦
ભાગવત (ગૂજરાતી ભાષાંતર)	૨—૮—૦	૦—૩—૦
મહારાણી વિક્ટોરીઆ ચરિત્ર	૦—૨—૦	૦—૦—૬
ભારતશક્તિ પ્રભંજન સહિત (સં) પં શ્રી ગટ્ટુલાલજીકૃત	૫—૦—૦	૦—૮—૦
લઘુકૌમુદી (સં વ્યાકરણ)	૦—૩—૦	૦—૧—૦

વલ્લભાચાર્ય ચરિત્ર (ડા. ગોવર્ધનદાસકૃત) ગૂ	૦—૪—૦	૦—૧—૦
,, (રા બ લલ્લુભાઇ પારેખ કૃત) ગૂ	૨—૦—૦	૦—૪—૦
વલ્લભાખ્યાન બાલબોધ તથા ગુજરાતી દરેકનો	૦—૮—૦	૦—૪—૦
વલ્લભ વિલાસ પ્રથમ ભાગ (વ્રજભાષા)	૦—૧૦—૦	૦—૧—૦
વલ્લભસ્તુતિ રત્નાવલી (સ.) પંડિત શ્રીગટ્ટૂલાલજી કૃત	૧—૬—૦	૦—૨—૦
વિનાયક (ગણપતિ) માહાત્મ્ય	૦—૮—૦	૦—૧—૦
વિષ્ણુ સહસ્ર નામાવલિ	૦—૧—૩	૦—૦—૬
વેદાંત ચિંતામણી (સ) પંડિત શ્રીગટ્ટૂલાલજી કૃત	૦—૮—૦	૦—૧—૦
વૈષ્ણવ ધ્યા ...	ભેટ	૦—૦—૬
વૈષ્ણવોપદેશ (શ્રીગોવર્ધનલાલજી ટીકાયત કૃત)	૦—૨—૦	૦—૦—૬
વૈષ્ણવ વિદ્યા ...	૦—૦—૩	૦—૦—૬
વૈષ્ણવ ગુરુધર્મ કર્મ (રા રામદાસ મોદી કૃત)	૦—૬—૦	૦—૧—૦
વૈષ્ણવી પંચાગ ગુજરાતી (કાર્તિકી)	૦—૦—૩	૦—૦—૬
શિક્ષાપત્ર (સંસ્કૃત તથા વ્રજ) શ્રીહરિરાયજી કૃત...	૩—૦—૦	૦—૩—૦
શુક્લ યજુર્વેદ માધ્યંદિન સંહિતા	૨—૦—૦	૦—૬—૦
ષોડશ ગ્રંથ (શ્રી વલ્લભાચાર્યજી કૃત) સ. ગૂ ...	૦—૧૨—૦	૦—૨—૦
,, પદચ્છેદ અન્વય ટીકા સાથે ,, ...	૨—૦—૦	૦—૩—૦
સંપ્રદાય સ્વરૂપ (પંડિત શ્રીગટ્ટૂલાલજી કૃત) ..	૦—૪—૦	૦—૦—૬
સગ્મકવિતા સંગ્રહ	૦—૨—૦	૦—૦—૬
સર્વોત્તમ સ્તોત્ર (શ્રી ગુસાંઇજીકૃત)	૦—૧—૦	૦—૦—૬
સમશ્લોકી ભગવદ્ગીતા (પંડિત શ્રી ગટ્ટૂલાલજી)	૧—૦—૦	૦—૧—૬
સાહિત્યસાર (સ સટીક અચ્યુતરાયકૃત)	૨—૮—૦	૦—૪—૦
સુમનોવિનોદ (ગદ્યપદ્ય મહ ગૂ લેખો) ...	૧—૦—૦	૦—૧—૬
સુન્દરી ગુણમંદિર (મહાસુખરામકૃત)	૦—૧૦—૦	૦—૩—૦
સુખસાધક (રા રામદાસ મોદી કૃત) ..	૦—૪—૦	૦—૦—૬
સ્નેહલીલા (વ્રજભાષા અક્ષર ગુજરાતી) ..	૦—૧—૦	૦—૦—૬
સિદ્ધાંત માર્તંડ (સ) પંડિત શ્રી ગટ્ટૂલાલજી કૃત	૧—૦—૦	૦—૪—૦
હૃદયદ્રુતસાર (પંડિત શ્રીગટ્ટૂલાલજી કૃત) ગૂ ...	૦—૪—૦	૦—૧—૦
ક્ષાત્રજન સંધ્યા	૦—૦—૬	૦—૦—૬

ધર્મપુસ્તકાલય
ભુલેશ્વર મુંબાઈ. } વ્યવસ્થાપક.